Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री वीतरागाय नमः

# છ ઢાળા પ્રવચન

(ભાગ-૧)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'છ ઢાળા'
ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો
(ઢાળ ૧ તથા ૨)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



❇ પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
❇ વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
❇ ગુરુ ગૌરવ
શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
❇ શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) :
(૦૨૨) ૨૬૧૬૧૫૯૧
❇ શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) :
(૦૩૩) ૨૪૭૫૨૬૯૭

❇ પ્રથમાવૃત્તિ : પ્રત : ૧૦૦૦, ૦૫-૦૯-૨૦૦૯, ઉત્તમ ક્ષમાવણી દિન
❇ પૃષ્ઠ સંખ્યા : ૧૨ + ૨૬૦ = ૨૭૨
❇ પડતર કિંમત : ૧૦૦/- મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી, ૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય

સંસાર પરિભ્રમણમાં જન્મ-મરણ કરતા એવા જીવો નિરંતર માનસિક તથા શારીરિક આતાપથી તપ્તાયમાન થઈ રહ્યા છે. અનંતકાળ થયા છતાં જીવને આ દુઃખથી મુક્ત થવાનો ઉપાય હાથ આવ્યો નથી તેથી અનિચ્છાએ પણ દુઃખી થઈ રહ્યા છે. સુખની ઝંખનામાં ભટકતા જીવો નિરંતર દુઃખપ્રાપ્તિના ઉપાયને જ સેવી રહ્યા છે. આ એક વાસ્તવિકતા છે. જીવને દુઃખ ઉત્પન્ન થવાનું કારણ શું છે તેની પણ ખબર નથી તો તેનાથી મુક્ત કેમ થવું તેના ઉપાયની સૂઝ તો ક્યાંથી હોય ? આવી એક જટિલ વણઉકલેલ પરિસ્થિતિમાં જગતના સર્વ જીવો કાળ પસાર કરી રહ્યા છે.

દુઃખને જ સુખ માનીને સેવન કરતો એવો આ જીવ દુઃખના ઉપાયને જ સાધે છે. સુખનું વાસ્તવિક સ્વરૂપ શું ? દુઃખનું વાસ્તવિક સ્વરૂપ શું ? તે સુખ કેમ પ્રગટ થાય ? ઇત્યાદિ વિષયથી સાવ અજાણ, એ વિષયની અંધકારમય પરિસ્થિતમાં કોઈ મહાભાગ્યે, મહા પુણ્યોદયે, કોઈ મંગલ વેળાએ, દુઃખથી મુક્ત કેમ થવું અને શાશ્વત સુખ કેમ પ્રાપ્ત કરવું તેનો પ્રકાશ કરવા, તે ઉપાય જગતને દર્શાવવા એક દિવ્ય આત્માનું આગમન આ ભરતક્ષેત્રમાં થયું. જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર રહેતો નથી, તેમ એ દિવ્ય દૈદિપ્યમાન, જાજ્વલ્યમાન, અંતર-બાહ્ય પવિત્રતાના પૂંજસ્વરૂપ, અનેકાનેક દિવ્ય ગુણોથી વિભૂષિત આત્માના આગમને સુખ કેમ પ્રગટ થાય તેનો ઉપાય દર્શાવી દુઃખી જીવોની દરિદ્રતાને મિટાવી, શાશ્વત સુખ-સંપત્તિ પ્રદાન કરી. એવા આપણા સૌન વ્હાલસોયા, તારણહાર, જગતઉદ્ધારક, મોક્ષમાર્ગ શિરોમણિ, પુરુષાર્થના ધણી, સુખસંપત્તિ દાતાર, આ કાળનો અંચબો એવા પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં અત્યંત વિનમ્ર ભાવે વંદન હો.

પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાન-ધ્યાનમય જીવનનો એક મુખ્ય ભાગ છે – પ્રવચન. પૂજ્ય ગુરુદેવશ્રીએ વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી તેની સાથે સંકળાયેલ સુખ-દુઃખની જટિલ સમસ્યાનો ઉકેલ કર્યો. આપશ્રીના પ્રવચનો શ્રવણ કરવા, વાંચન કરવા એ જીવનની અચિંત્ય અને સુમંગલ ઘડી છે. એ પ્રવચનોનું પ્રકાશન થવું, ઘરે-ઘરે એ જિનવાણીનો સ્વાધ્યાય થાય, મૂળ મોક્ષમાર્ગ શાશ્વત અખંડપણે જળવાઈ રહે તે હેતુથી પૂજ્યશ્રીના બધા જ પ્રવચનો શબ્દશઃ પ્રકાશિત થાય, એવી પ્રત્યક્ષ બોધસ્વરૂપ, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમર્મ પ્રકાશક, કરુણાસાગર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની મંગળ, પવિત્ર, લોકોત્તર ભાવનાના ફળસ્વરૂપે પ્રસ્તુત ગ્રંથ 'છ ઢાળા પ્રવચન' (ભાગ–૧ થી ૩) પ્રકાશિત કરતાં વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર ગૌરવ અનુભવે છે.

'છ ઢાળા પ્રવચન' (ભાગ–૧ થી ૩માં) પ્રત્યેક ભાગમાં બે ઢાળ ઉપરના પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે મૂળ ગ્રંથકર્તા શ્રી દૌલતરામજી દ્વારા રચિત ગાથાઓ તથા તેની ગુજરાતી ટીકા આપવામાં આવેલ છે. કવિવર શ્રી દૌલરામજીનો સંક્ષિપ્ત જીવન પરિચય અન્યત્ર આપવામાં આવેલ છે તે પાઠકવર્ગે ત્યાંથી વાંચવા વિનંતી છે. પ્રથમ ઢાળમાં ગ્રંથકર્તા કવિવર શ્રી દૌલતરામજીએ સંસાર પરિભ્રમણનું સ્વરૂપ, ચાર ગતિમાં જીવે કેવા કેવા દુઃખ સહન કર્યા તેનું વર્ણન કર્યું છે. ત્યારબાદ બીજી ઢાળમાં સંસાર પરિભ્રમણનું કારણ, સાત તત્ત્વની વિપરીત શ્રદ્ધા, તેના નાશનો ઉપાય ઇત્યાદિ વિષય સાદી તથા સ્પષ્ટ ભાષામાં વર્ણવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનોમાં અનેકવાર ફરમાવે છે કે આ તો ગાગરમાં સાગર ભર્યો છે.

જૈન સંપ્રદાયમાં 'છ ઢાળા'ની કૃતિ લોકપ્રિય છે. ઘણા જૈનોને આ કૃતિ મુખપાઠે છે. પરંતુ પરમ કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્રજી' ફરમાવે છે તેમ 'શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પરંતુ મર્મ તો જ્ઞાનીના હૃદયમાં રહ્યો છે', તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ કવિવરના હૃદયમાં રહેલા ભાવોને સ્પષ્ટ કરી મોક્ષમાર્ગનો ઉદ્યોત કરી મહાન અવિસ્મરણીય ઉપકાર કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો એ માત્ર કોઈ સાધારણ વચનશ્રૃંખલા નથી પરંતુ તેમાં નિહિત અખંડ મોક્ષમાર્ગને જો જીવ હૃદયગત કરે તો આત્મકલ્યાણ થઈ જાય તેવું પ્રબળ નિમિત્તત્વ તેમાં રહ્યું છે. માટે પ્રસ્તુત પ્રવચનો જીવના પરમ કલ્યાણ અર્થે છે એ ઉદ્દેશથી અવધારણ કરવામાં આવે, તેનું વાંચન સ્વાધ્યાય આદિ કરવામાં એવી ભાવના છે.

મૂળ કૃતિ 'છ ઢાળા' સચિત્ર હોવાથી પ્રસ્તુત પ્રવચનોમાં જ્યાં જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ચિત્રોને જોઈને તેનો ઉલ્લેખ કર્યો છે ત્યાં ત્યાં તે-તે ચિત્રો આપવામાં આવ્યા છે. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યાં જે પ્રકારના દષ્ટાંતો આપ્યા છે તેના પણ અમુક ચિત્રો આપવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ભાવ તથા ભાષાપ્રવાહ યથાવત્ જળવાઈ રહે તેનો યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અમુક જગ્યાએ શ્રોતાગણમાં કોઈ વાત કરવામાં આવી હોય કે પૂછવામાં આવી હોય તે સ્પષ્ટ સાંભળી ન શકાય હોય ત્યાં ડોટ ડોટ કરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

છોડી દેવામાં આવેલ છે. જ્યાં જરૂર લાગી ત્યાં વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવેલ છે. વ્યક્તિ નામનું સંબોધન ક્યાંય લેવામાં આવેલ નથી. પ્રત્યેક ભાગમાં બે ઢાળના પ્રવચનો લેવામાં આવ્યા છે.

પ્રસ્તુત પ્રવચનોને ફરી એકવાર સાંભળીને તપાસી જવામાં આવ્યા છે, જેથી કોઈ ક્ષતિ રહી જવા ન પામે. જિનવાણી પ્રકાશનનું કાર્ય અતિ ગંભીર કાર્ય છે તેવી જાગૃતિપૂર્વક ચીવટતાથી તેને તપાસીને પ્રકાશન કરવાનો પ્રયત્ન કર્યો છે તેમ છતાં ક્યાંય અજાગૃતિવશ કે અગંભીરતાવશ કોઈ ક્ષતિ કે ભૂલ રહી જવા પામી હોય તો મા જિનવાણીની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. તથા પાઠકવર્ગને પણ વિનંતી કરવામાં આવે છે કે આ બાબતે કોઈ ક્ષતિ ધ્યાન ઉપર આવે તો જણાવે.

પ્રસ્તુત પ્રવચન પ્રકાશન પ્રસંગે કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના અપૂર્વ પ્રવચનો પ્રકાશિત થાય એવી જેમની મંગળ ભાવના છે એવા સૌમ્યમૂર્તિ, નિષ્કારણ કરુણાશીલ, જ્ઞાનીપુરુષોના હૃદયપ્રકાશક પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઉપકારને હૃદયગત કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રવચનગંગામાં સ્નાન કરી મિથ્યાત્વરૂપી મલિનતાને ધોઈ, નિર્મળ પવિત્ર પરિણતિ અંગીકાર કરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# કવિવર પંડિત શ્રી દૌલતરામજીનો સંક્ષિપ્ત જીવન-પરિચય

પ્રસ્તુત કૃતિ 'છ ઢાળા'ના રચયિતા પંડિત દૌલતરામનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૫ (સન ૧૭૯૮)માં અલીગઢ-હાથરસ મધ્યે સ્થિત 'સાસની' ગ્રામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ 'ટોડરમલ' હતું. તેઓ પલ્લીવાલ જાતિના નરરત્ન હતા અને તેમનું ગોત્ર 'ગંગોરીવાલ અથવા ગંગટીવાલ' હતું. કવિવરના પિતાશ્રી પોતાના નાના ભાઈ શ્રી ચુનીલાલ સાથે હાથરસમાં કપડાનો વેપાર કરતા હતા.

કવિવર દૌલતરામની શિક્ષા અને શિક્ષા ગુરુ સંબંધિત કોઈ ઇતિહાસ મળતો નથી, તેમ છતાં એટલું નિશ્ચિત છે કે તેઓ સંસ્કૃત / પ્રાકૃત ભાષાના મર્મજ્ઞ વિદ્વાન હતા. તેઓ દ્વારા રચિત ગ્રંથોમાં ઉપલબ્ધ જિન-સિદ્ધાંતોની ગંભીરતા આ વાતનું જ્વલંત પ્રતીક છે.

તેમના વિવાહ શેઠ ચિંતામણિ જૈન, છિપૈટી, અલીગઢની સુપુત્રી સાથે થયા હતા. તેમને વિક્રમ સંવત ૧૮૮૩ અને વિક્રમ સંવત ૧૮૮૬માં બે પુત્ર થયા. મોટા પુત્રનું નામ ટીકારામ હતુ અને તેઓ લશ્કરમાં રહેતા હતા. તેમના નાના પુત્ર સંબંધિત કોઈ જાણકારી મળતી નથી.

કવિવર દૌલતરામ હાથરસમાં પિતાશ્રી અને કાકા સાથે કપડાના વેપારમાં સહયોગ કરતા હતા, પરંતુ સ્વાધ્યાયપ્રેમી હોવાને કારણે જેમ-તેમ સમય કાઢીને શાસ્ત્ર અધ્યયન-મનનમાં લીન થઈ જતા હતા. એક વખતની વાત છે કે તેઓ હાથરસના જિનમંદિરમાં ગોમ્મટસારનો સ્વાધ્યાય કરતા હતા, તે જ વખતે મથુરાના પ્રસિદ્ધ શેઠ મણિરામજી જિનદર્શન માટે ત્યાં પધાર્યા. તેઓ તેમના સ્વાધ્યાયથી એકદમ પ્રભાવિત થઈ ગયા અને તેમને હાથરસ છોડીને મથુરા આવવાનો આગ્રહ કરવા લાગ્યા. પંડિત દૌલતરામ તેમની સાથે મથુરા ગયા અને કેટલોક સમય ત્યાં તેઓ આનંદપૂર્વક રહ્યા પણ ખરા,પરંતુ શેઠના વૈભવની ઝાકઝમાળમાં તેમનું મન લાગ્યું નહિ, માટે તેઓ ત્યાંથી પોતાના ઘરે પાછા આવી ગયા.

ઘરે આવ્યા બાદ તેઓએ ફરીને આજીવિકા સંબંધિત વિચાર્યું અને અલીગઢ જઈને છીંટ કપડુ છાપવાનું કામ કરવા લાગ્યા. એમ પ્રતીત થાય છે કે તેઓ આજીવિકા સંબંધિત નિશ્ચિંત નહોતા અને તેમની આર્થિક સ્થિતિ પણ ઠીક નહોતી, માટે તેમને તેમના જીવના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વારંવાર અહીંથી ત્યાં જવું પડતું હતું, પરંતુ સાથે સાથે એ પ્રતીત થાય છે કે તેમની અધ્યાત્મરુચિ અત્યંત પ્રબળ હતી તેથી તેઓ આ ઉદયાધીન પરિસ્થિતિઓથી વિશેષ આકુળિત નહોતા થતા. એમ કહેવાય છે કે, જ્યારે તેઓ છીંટ કપડુ છાપવાનું કામ કરતા ત્યારે તેઓ પોતાની નજીક બાજોઠ ઉપર કોઈ પ્રાકૃત કે સંસ્કૃત ભાષાનો ગ્રંથ બિરાજમાન કરતા અને કપડુ છાપતા છાપતા તેની ગાથાઓ અથવા શ્લોક પણ કંઠસ્થ કરતા જતા. તેમની સ્મરણશક્તિ અને રુચિ એટલી પ્રબળ હતી કે તેઓ એક દિવસમાં ૬૦-૭૦ ગાથાઓ અથવા શ્લોક કંઠસ્થ કરી લેતા.

કવિવર દૌલતરામના જીવનનો આ પ્રસંગ આત્મહિતના અભિલાષી જીવોએ વારંવાર ઊંડાણથી વિચારણીય છે, કેમકે આનાથી વ્યર્થ આર્તધ્યાન આદિ વિકારોથી બચીને વધારેમાં વધારે સમય તત્ત્વાભ્યાસ કરવાની મંગલ પ્રેરણા મળે છે.

અલીગઢ છોડ્યા બાદ કવિવર દૌલતરામ, દિલ્હી આવીને રહેવા લાગ્યા. દિલ્હીમાં તેઓને વિશિષ્ટ સ્વાધ્યાયી અને અધ્યાત્મરુચિસંપન્ન સાધર્મીઓનો એવો સુંદર સમાગમ મળ્યો કે, તેમને બધી ચિંતાઓ વિસ્મૃત થઈ ગઈ અને ત્યાંથી તેઓ બીજે ક્યાંય ગયા જ નહિ, જીવનના અંત સમય સુધી તેઓ ત્યાં જ રહ્યા. એક વાર વિક્રમ સંવત ૧૯૦૧માં મહા વદ ચૌદસના દિવસે દિલ્હીના અનેક સાધર્મી બંધુઓ સાથે તેઓએ તીર્થરાજ સમેદશીખરની યાત્રા પણ કરી હતી.

કવિવર પંડિત દૌલતરામનું સમાધિમરણ લગભગ ૬૮ વર્ષની ઉંમરે, માગશર વદ અમાસ, વિક્રમ સંવત ૧૯૨૩ના દિવસે (૦૭ ડિસેમ્બર, ૧૮૬૬, શુક્રવાર), બપોરે, અત્યંત શાંતભાવે સમાધિપૂર્વક થયું. એમ પણ કહેવાય છે કે, તેમને પોતાના દેહપરિવર્તનના છ દિવસ પહેલા આભાસ થઈ ગયો હતો અને તેમણે બધાની ક્ષમાયાચના કરીને સમાધિભાવ ધારણ કરી લીધો હતો.

(મંગલાયતન દ્વારા પ્રકાશિત 'છ ઢાળા', પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| **પહેલી ઢાળ** | | | |
| ૦૧ | ૧૬.૦૧.૧૯૬૬ | ૧, ૨, ૩ | ૦૦૧ |
| ૦૨ | ૧૭.૦૧.૧૯૬૬ | ૩ થી ૬ | ૦૨૪ |
| ૦૩ | ૧૯.૦૧.૧૯૬૬ | ૭ થી ૧૨ | ૦૪૭ |
| ૦૪ | ૨૦.૦૧.૧૯૬૬ | ૧૨ થી ૧૬ | ૦૭૫ |
| **બીજી ઢાળ** | | | |
| ૦૫ | ૨૨.૦૧.૧૯૬૬ | ૧, ૨, ૩ | ૧૦૧ |
| ૦૬ | ૨૩.૦૧.૧૯૬૬ | ૩, ૪ | ૧૨૫ |
| ૦૭ | ૨૪.૦૧.૧૯૬૬ | ૫, ૬ | ૧૪૯ |
| ૦૮ | ૨૫.૦૧.૧૯૬૬ | ૬, ૭ | ૧૬૯ |
| ૦૯ | ૨૬.૦૧.૧૯૬૬ | ૭ થી ૧૨ | ૧૯૧ |
| ૧૦ | ૨૭.૦૧.૧૯૬૬ | ૧૩ | ૨૧૫ |
| ૧૧ | ૨૮.૦૧.૧૯૬૬ | ૧૩, ૧૪, ૧૫ | ૨૩૫ |

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ–ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપુર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.'

– બહેનશ્રી ચંપાબેન

('બહેનશ્રીનાં વચનામૃત'માંથી સાભાર)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**श्री सर्वज्ञवीतरागाय नमः**

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।।१।।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।।३।।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारक्, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलंम्।।१।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।२।।

☸ ☸ ☸

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

## અધ્યાત્મપ્રેમી કવિવર પંડિત દૌલતરામજીકૃત

# છ ઢાળા

## (સુબોધિની ટીકા)

## પહેલી ઢાળ

### મંગલાચરણ

(સોરઠા)

તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;
શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં;

**અન્વયાર્થ** :– (વીતરાગ) રાગદ્વેષ રહિત, (વિજ્ઞાનતા) કેવળજ્ઞાન (તીન ભુવનમેં) ત્રણ લોકમાં (સાર) ઉત્તમ વસ્તુ (શિવસ્વરૂપ) આનંદ-સ્વરૂપ [અને] (શિવકાર) મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે તેને હું (ત્રિયોગ) ત્રણ યોગની (સમ્હારિકૈં) સાવધાનીથી (નમહું) નમસ્કાર કરું છું.

ભાવાર્થ :– રાગ-દ્વેષરહિત 'કેવળજ્ઞાન' ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ એ ત્રણ લોકમાં ઉત્તમ, આનંદસ્વરૂપ અને મોક્ષ દેનારું છે તેથી હું (દૌલતરામ) મારા ત્રિયોગ અર્થાત્ મન, વચન અને કાયયોગ દ્વારા સાવધાનીથી તે વીતરાગ (૧૮ દોષ-રહિત) સ્વરૂપ કેવળજ્ઞાનને નમસ્કાર કરું છું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, પોષ વદ ૧૦, રવિવાર
## તા. ૧૬--૧--૧૯૬૬, ગાથા ૧ થી ૩, પ્રવચન નંબર–૧

આ એક 'છ ઢાળા' છે. 'છ ઢાળા' એટલે છ પ્રકારના રાગની ચાલ છે અથવા 'છ ઢાળા' એટલે આત્માને મિથ્યાત્વ ને અજ્ઞાન શત્રુને જીતવા માટે એક ઉપાયરૂપ ઢાલ, એને અહીં 'છ ઢાળા' કહેવામાં આવે છે. એક અધ્યાત્મપ્રિય 'દૌલતરામજી' થયા છે એમણે આ રચના કરી છે. અંદર સારા શાસ્ત્રનો એમની શક્તિ પ્રમાણે નિચોડ કરીને ગાગરમાં સાગર ભરી દીધો છે. ટૂંકામાં શાસ્ત્રનું રહસ્ય થોડું થોડું થોડું (કરીને) બધી વાત ઘણી એમાં મૂકી છે. એ પ્રચલિત છે છોકરાઓમાં, આપણે પાઠશાળામાં પણ (પ્રચલિત છે).

ૐ મંગલાચરણ, પહેલી ઢાળ.

'તીનભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;'

તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;
શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં;

આ સોરઠા છે સોરઠા. આમ તો બે-બે વાર બોલે, પણ આ સોરઠા છે (એટલે) આમાં એક જ વાર છે. સોરઠામાં બે વાર નથી. તીનભુવનમેં સાર, તીનભુવનમેં સાર... એમ નથી. ખરો દેશી અર્થ એમ નથી. જેમ હોય એમ કહેવાય ને ત્યાં. એ રાણકદેવી સોગઠા બોલે છે ને! 'મા પર મારા વીર, ચોસલા કોણ ચઢાવશે' રાણકદેવી જ્યારે રાજા મરે છે પછી પર્વત છે ત્યાંથી હેઠે પડે છે. 'ગિરનાર'. ઇ સોરઠા છે ત્યાં. એમ કહે છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;
શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં;

કહો, સમજાણું આમાં ? હેં ? આ દેશી સમજાણું ? એમ કીધું. આ દેશી આમ છે એમ સમજાણું ? એમ કીધું. એમ કીધું છે. એ... દેવાનુપ્રિયા ! શું કીધું ? જુઓ હવે.

'(વીતરાગ)...' 'રાગદ્વેષ રહિત,...' પહેલો શબ્દ માંગલિક તરીકે ત્યાંથી ઉપડ્યો છે. રાગ-દ્વેષ રહિત વિજ્ઞાનતા. વિ–શેષે, જ્ઞાન એટલે કેવળજ્ઞાન. વિજ્ઞાનતા લીધું છે ને ? વિ...જ્ઞાનતા. જ્ઞાન તો છે પણ આ વિજ્ઞાનતા – વિશેષ પૂર્ણ જ્ઞાન. એવું કેવળજ્ઞાન. જુઓ ! માંગલિકમાં કેવળજ્ઞાનના સ્મરણને અહીંયાં કરે છે. સાવધાનીપૂર્વક કરે છે એમ કહે છે, હોં !

વિજ્ઞાન નામ કેવળજ્ઞાન, ત્રણ ભુવનમાં એમ કહીને ત્રણલોક સિદ્ધ કરે છે. આ જગતમાં ત્રણ લોક છે. લોક એક, એના ત્રણ ભાગ છે. ઊર્ધ્વ, મધ્ય અને તીરછો. એવા ત્રણ લોક, એક લોકના ત્રણ ભાગ. એ ત્રણમાં, જુઓ ! ત્રણ લોક છે એમ સિદ્ધ કરે છે. સાર ઉત્તમ વસ્તુ છે. આ કેવળજ્ઞાન, રાગ-દ્વેષ રહિત સ્વરૂપ એ આ જગતની અંદર સારમાં સાર છે. સમજાય છે ? પ્રયોજનભૂત એ એક છે.

આમ વસ્તુ તરીકે તો બધી સાર કહેવાય છે. આમ સમયસાર કહેવાય છે ને ? એ આત્માનો-સમય આત્માના-અર્થમાં છે, અહીંયાં કેવળજ્ઞાનના અર્થમાં સાર છે. સમજાણું કાંઈ ? સમયસાર (અર્થાત્) સમ્યક્ પ્રકારે અય – જ્ઞાનનું પરિણમન, વિકાર રહિત એ આત્મદ્રવ્યની વાત છે. અહીં કેવળજ્ઞાનની પર્યાયને સારમાં સાર પ્રગટ કરવા લાયક છે માટે તેને અહીંયાં સાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ત્રણલોકની અંદર ઉત્તમ પદાર્થ કેવળજ્ઞાન રાગ-દ્વેષરહિત વસ્તુ છે. ઓ..હો...! એ કેવળજ્ઞાન જોઈએ છે ને ? ધર્માત્માને કેવળજ્ઞાન જોઇએ છે.

'શ્રીમદ્' પણ છેલ્લા કળશમાં કહે છે ને ? 'ઇચ્છે છે જે યોગીજન અનંત સુખ સ્વરૂપ' આવે છે ? 'મૂળ શુદ્ધ તે આત્મરૂપ સયોગી જિન સ્વરૂપ.' જુઓ ! ત્યાં એમ લીધું. 'મૂળ શુદ્ધ તે આત્મરૂપ, સયોગી જિન સ્વરૂપ' ત્યાં ઉપાડ્યું, ભાઈ ! ત્યાં કેવળજ્ઞાનને લીધું છે. 'ઇચ્છે છે જે યોગીજન,' અહીં આવશે ત્યારે આમાં આગળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેશે, હોં ! 'ઇચ્છે છે જે યોગીજન અનંત સુખ સ્વરૂપ, મૂળ શુદ્ધ તે આત્મરૂપ.' આત્મપદ. મૂળ શુદ્ધ તે આત્મપદ. પણ એ આત્મપદ પર્યાયવાળું લીધું છે. 'સયોગી જિન સ્વરૂપ.' ભલે સયોગ હો, પણ કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ, બસ ! મોક્ષ થઈ ગયો. સમજાય છે કાંઈ ?

એ આ ત્રણલોકની અંદરમાં ઊર્ધ્વમાં, સ્વર્ગમાં, સર્વાર્થસિદ્ધના વિમાનો, મધ્યમાં ઘણી રચનાઓ, અધોમાં નારકી, ભવનપતિ વગેરેની રચનાઓ એ બધામાં સાર એક જ્ઞાનની વીતરાગતા – પૂર્ણ સ્વરૂપ એ જ જગતમાં સાર છે, એ જ માખણ છે. એ જ આત્માને પ્રગટ કરવા લાયક છે. માટે તે વંદન લાયક છે.

કેવું છે એ કેવળજ્ઞાન ? '(શિવ સ્વરૂપ)...' છે (અર્થાત્) 'આનંદ-સ્વરૂપ...' છે. જ્ઞાન અને આનંદ બે ભેગા નાખ્યાં છે (કેમકે) મૂળ વસ્તુ (છે). બે નાખે છે જ્યાં-ત્યાં. જ્ઞાન અને આનંદ, બસ ! જ્ઞાન અને આનંદ. એ જ્ઞાન આનંદરૂપ છે, સુખરૂપ છે, અતીન્દ્રિય અનાકુળ શાંતરસ સાથે પરિણમતું કેવળજ્ઞાન થાય છે. એટલે એને શિવ – ઉપદ્રવ રહિત, કલ્યાણસ્વરૂપ. કલ્યાણ એટલે આનંદસ્વરૂપ એમ એની વ્યાખ્યા કરી. શિવનો અર્થ તો કલ્યાણસ્વરૂપ છે, શિવનો અર્થ ઉપદ્રવરહિત છે, ક્લેષરહિત છે એટલે કે આનંદસહિત છે એમ. આનંદસ્વરૂપ – એ વીતરાગ કેવળજ્ઞાન આનંદસ્વરૂપ છે. જગતને આનંદ જોઈએ છે ને ? તો કહે છે કે, કેવળજ્ઞાન જ આનંદસ્વરૂપ છે. 'મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે...' એ કેવળજ્ઞાન થયું એટલે એને મોક્ષ થયે છૂટકો. આ ભાવમોક્ષ છે, દ્રવ્યમોક્ષ થઈ જાય છે. 'મોક્ષની પ્રાપ્તિ કરાવનાર...' કેવળજ્ઞાન અને આનંદ  છે.

'તેને હું...' '(ત્રિયોગ)...'નામ 'ત્રણ યોગની...' મન-વચન ને કાયાની. '(સમ્હારિકૈં)...' એટલે 'સાવધાનીથી...' જોયું ? સાવધાનીથી. એ વીતરાગ કેવળજ્ઞાનને, વીતરાગ વિજ્ઞાનને  (નમસ્કાર કરું છે). વીતરાગ વિજ્ઞાન તો છદ્મસ્થમાં પણ હોય છે. સમજાણું કાંઈ ? 'પરમાત્મ પ્રકાશ'માં ઘણે ઠેકાણે આવ્યું છે. વીતરાગ વિજ્ઞાન દશા, મુનિને વીતરાગી વિજ્ઞાન દશા હોય છે. આ તો વીતરાગી વિજ્ઞાન કેવળજ્ઞાનને (કહ્યું છે). જેના ફળરૂપે પૂર્ણ દશા થઈ એને અહીંયાં વીતરાગ વિજ્ઞાન કહેવામાં આવ્યું છે. એને કહે છે, ત્રણ યોગની સાવધાનીથી 'નમસ્કાર કરું છું.' અમારે નમવા લાયક, આદરવા


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાયક, હિતરૂપ ગણીને સાવધાનપણે પ્રગટ કરવા લાયક હોય તો એ વીતરાગ વિજ્ઞાન કેવળજ્ઞાન છે એને જ હું નમું છું. મારું અંતર વલણ કેવળજ્ઞાનની પર્યાયને જ નમન કરે છે. કહો, સમજાય છે ? એટલે એમ કરીને કેવળજ્ઞાન એક પર્યાય છે એમ સિદ્ધ કરી. આત્મદ્રવ્યમાં તાકાત છે પણ કેવળજ્ઞાન પર્યાય પ્રગટ કરે એ એની તાકાત છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવો એક સમયનો પર્યાય, એવી આત્મદ્રવ્યના એક સમયના જ્ઞાનની પર્યાયની તાકાત છે. એમ સામર્થ્ય કરીને એને નમસ્કાર કર્યો છે. એવું સામર્થ્ય ગણીને એને વંદન કરવામાં આવ્યું છે.

ભાવાર્થ :– આમાં ઓલું મૂક્યું છે ને જરી ? ચિત્ર... ચિત્ર. ત્રણલોક મૂક્યા છે, સમજ્યા ને ? જુઓને ! લોક મૂક્યો છે ને ? આ લોક. ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ (તીરછો) બધા એને નમસ્કાર કરે છે, જુઓ ! આપણામાં નથી, ઓલમાં–હિન્દીમાં છે. અહીં કહે છે, જુઓ ! મંથન કરે છે ને ? મંથન કરે ને ? આ ત્રણલોકને મંથન કરે છે. મંથન કરીને કાઢવા યોગ્ય સાર હોય તો, માખણ હોય તો કેવળજ્ઞાન છે એમ કહે છે. કહે છે ને ? એક આ ધ્યાનમાં રહે છે. આ ત્રણ લોક છે એમાં આ રવૈયો. રવૈયો કહેવાય ને ? શું કહેવાય ઇ ? ક્યા કહતે હૈ ? મથાની. મંથન કરવામાં સાર – માખણ કાઢવા યોગ્ય હોય તો વીતરાગ




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાન છે, એમ કહે છે. જુઓ ! ચિત્ર પણ ઠીક આપ્યું છે, હોં ! આપણે નવામાં છે. ઓલી હિન્દીમાં - હિન્દીમાં. આ હિન્દીમાં છે, છે ને અહીં બધે છે. અહીં છે, આ રહી, હોં ! અહીં બધી એક-એક છે. બધી અહીં સાથે રાખી છે. આ તો એમાં ચિત્ર બરાબર નથી, આમાં ચિત્ર જરી ચોખ્ખા છે.

ત્રણલોકરૂપી એક મોટો માખણનો... સમજાય છે ? શું કહેવાય ? ગોળી... ગોળી ! ગોળી ન આવડી તમારી. ત્રણલોકરૂપી ગોળી, એમાં મંથન કરીને કાઢવા યોગ્ય માખણ હોય તો કેવળજ્ઞાન છે એમ કહે છે, લ્યો ! જુઓને ! એ બનાવ્યું છે ને ? શું આ કહેવાય ? જુઓને ! શું કહેવાય ? ગોળી જેવું આ સામુ બનાવ્યું છે ને આ ? મોટું વાસણ... વાસણ જુઓને ! વાસણ જેવો આકાર આપ્યો છે, જુઓને ! હેં ! છે ત્યાં ? વાસણ જેવો આકાર આપી અને એમાં મંથન કરી ત્રણલોકમાંથી આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપનું મંથન કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ સારમાં સાર છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? એને બધા નમસ્કાર કરે છે, જુઓ ! આ બાજુ, આ બાજુ. અને આ મુનિ મંથન કરે છે, જુઓ ! ધ્યાનમાં. મુનિ આપ્યા છે ને ? ધ્યાનમાં. કેવળજ્ઞાન, આ જગતમાં સારમાં સાર વીતરાગ કેવળજ્ઞાન છે. એમ કહીને એક-એક આત્માની કેવળજ્ઞાન દશા વીતરાગતા પ્રગટ થાય છે એમ આસ્થાપણે એ વાતને સિદ્ધ કરીને તેને નમસ્કાર કર્યો છે. સમજાણું કાંઈ ? એક સમયમાં ! આ..હા..હા...! રાગ-દ્વેષની કલ્પના ગઈ, જ્ઞાનની પૂરી પર્યાય થઈ, એમ કહે છે. વીતરાગ વિજ્ઞાનતા કીધું ને ? એટલે રાગ-દ્વેષની વિકારી પર્યાય ગઈ, વીતરાગ પર્યાય થઈ, વીતરાગ સાથે કેવળજ્ઞાન પૂર્ણ દશા તરત પ્રગટ થઈ. એવી એક આત્માની અંદર, એક સમયની અંદર એવી તાકાત છે એમ એની પ્રતીતિ ને શ્રદ્ધા કરીને એ પ્રગટ કરવા માટે તેને વંદન, સત્કાર અને એનો જ અમે આદર કરીયે છીએ.

જુઓ ! ભાવાર્થમાં થોડું લખ્યું (છે). 'રાગદ્વેષ રહિત 'કેવળજ્ઞાન' ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ ત્રણલોકમાં ઉત્તમ,...' સારનો અર્થ ઉત્તમ કર્યો. 'આનંદસ્વરૂપ અને મોક્ષ દેનારું છે...' એ કેવળજ્ઞાન આનંદસ્વરૂપ અને મોક્ષ દેનારું, હોં ! કેવળજ્ઞાન જ મોક્ષ – પૂર્ણ સિદ્ધપદને દેનારું (છે). 'તેથી હું 'દૌલતરામ' મારા ત્રિયોગ...' અથવા એને યાદ કરનારા, કેવળજ્ઞાનને પ્રગટ કરાવાનો કામી. આ પોતે ગ્રંથકાર કહે છે. 'મન-વચન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને કાયયોગ દ્વારા સાવધાનીથી,...' ઘણી જ સાવધાનીથી એવા વીતરાગ કેવળજ્ઞાનને હું (નમસ્કાર કરું છું). જુઓ ! સાવધાનીમાં જરી રાગના અભાવની સાવધાની કરી છે, કીધી છે. 'સાવધાની' શબ્દ વાપર્યો છે ને ? એટલે મોહનો અભાવ, એવી સાવધાની એને પ્રગટ કરીને એવા કેવળજ્ઞાનની પરમાત્મા વીતરાગને હું 'નમસ્કાર કરું છું.' એ કેવા છે વીતરાગ ? અઢાર દોષ રહિત (છે). એને ક્ષુધા નથી, તૃષા નથી, રોગ નથી... એવા આવે છે ને અઢાર દોષ ? (એ) નથી. એવા કેવળજ્ઞાનને નમસ્કાર કરું છું. લ્યો !

## ગ્રંથ-રચનાનો ઉદેશ અને જીવની ચાહના

જે ત્રિભુવનમેં જીવ અનન્ત, સુખ ચાહૈં દુખતૈં ભયવન્ત;
તાતૈં દુખહારી સુખકાર, કહૈં સીખ ગુરુ કરુણા ધાર. ૧.

અન્વયાર્થ :– (ત્રિભુવનમેં) ત્રણે લોકમાં (જે) જે (અનન્ત) અનંત (જીવ) પ્રાણી [છે તે] (સુખ) સુખને (ચાહૈં) ઇચ્છે છે અને (દુખતૈં) દુઃખથી (ભયવન્ત) ડરે છે (તાતૈં) તેથી (ગુરુ) આચાર્ય (કરુણા) દયા (ધાર) કરીને (દુખહારી) દુઃખનો નાશ કરવાવાળી અને (સુખકાર) સુખને આપવાવાળી (સીખ) શિક્ષા-શિખામણ (કહૈં) આપે છે.

ભાવાર્થ :– ત્રણ લોકમાં જે અનંત જીવ (પ્રાણી) છે તે દુઃખથી ડરે છે અને સુખને ચાહે છે તેથી આચાર્ય દુઃખનો નાશ કરવાવાળી અને સુખને આપવાવાળી શિખામણ આપે છે. ૧.

હવે 'ગ્રંથ રચનાનો ઉદ્દેશ અને જીવની ચાહના.' જુઓ ! ઉદ્દેશ શું છે ? અને જીવને મૂળ સુખની ચાહના છે. અનંત પ્રાણીને એમ લેશે, હોં ! નિગોદથી માંડી અનંત જીવને સુખની ચાહના છે. સમજાણું કાંઈ ?

'જે ત્રિભુવનમેં જીવ અનંત, સુખ ચાહૈં દુઃખતૈં ભયવંત.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે ત્રિભુવનમેં જીવ અનંત, સુખ ચાહૈં દુઃખતૈં ભયવન્ત**
**તાતૈં દુઃખહારી સુખકાર, કહૈં સીખ ગુરુ કરુણા ધાર. ૧.**

શબ્દ પણ એવા ગોઠવ્યા છે ને ! ત્રણ ભુવનમાં – ત્રણલોકની અંદર. એક વાત સિદ્ધ કરી. પહેલાં ત્યાં કહ્યું હતું ને – ત્રણલોકમાં સાર. પહેલાં શબ્દમાં કહ્યું હતું 'તીનભુવનમેં સાર'. હવે કહે છે, ત્રણલોકમાં જેટલા જીવો છે – અનંત જીવ છે. સમજાણું ? અનંત જીવ છે. એમાં એમણે જરીક ગતિ મૂકી છે, જુઓ ! ચિત્રમાં આ બાજુ. જીવ અનંત. એમાં મૂક્યું છે – સ્વર્ગનો દેવ, ગતિ છે ને ? અહીંયાં મનુષ્ય, અહીંયાં ઢોર અને નારકી. ચાર ચિત્ર ચિતર્યા છે. ચારેનો નમૂનો આપ્યો છે. દેવ, મનુષ્ય, ઢોર, નારકી. ઓલો મારે છે. એ ત્રણ ભુવનમાં આ ચાર ગતિના જીવો અનંત છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? અનંત જીવ છે. ભલે નિગોદમાં અનંત છે અને બીજા મનુષ્ય, દેવ, નારકી અસંખ્ય છે. એટલે ચાર ગતિના સમુચ્ચય ફોટા એણે પાડ્યા છે.



ત્રણ ભુવનમાં 'જે અનંત પ્રાણી છે,...' તે અનંત પ્રાણીમાં આ ચાર ગતિના જીવોને અહીંયાં ચિત્રમાં જરી બતાવ્યા છે. 'તે સુખને ઇચ્છે છે...' એ સિદ્ધાંત. જગતને સુખની તલાવેલી છે, સુખ જોવે છે. નિગોદથી માંડીને બધા પ્રાણીને સુખ જોવે છે. સુખ જોવે છે પણ સુખ ક્યાં છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



? અને ઉપાય ક્યાં છે ? એની ખબર નથી. સુખ જોવે એક જ સિદ્ધાંત અહીં સિદ્ધ કર્યો. સમજાણું કાંઈ ? સુખને ન ઇચ્છે, તે જડ. 'શ્રીમદ્દે' કહ્યું છે ને ભાઈ એક ઠેકાણે ? દરેક પ્રાણી સુખને જ ઇચ્છે છે. જુઓ ! મરીને પણ સુખને ઇચ્છે છે ને ? મરી જાઉં, ફલાણું પ્રતિકુળતા આવી તો છોડી દઉં, પણ પ્રતિકૂળ છોડી સુખી થાઉં. અહીં એકેન્દ્રિયથી માંડીને બધા પ્રાણી લીધા છે. કેમકે એના આત્મામાં અંદર સુખરૂપ આત્મા છે. સ્વભાવ સુખરૂપ (છે) એટલે સુખની ઝંખના (રાખીને સુખ પ્રાપ્ત કરવા) બહારમાં મથે છે ઇ. દરેકને સુખની ઇચ્છા છે. સમજાય છે કાંઈ ? અને સુખને ચાહે છે. એમ છે ને ? ચાહના છે. દરેક પ્રાણીને સુખની ચાહના છે.

'દુઃખથી ડરે છે...' અસ્તિ-નાસ્તિ કરી. સુખની ભાવના છે, દુઃખથી ડરે છે, દુઃખથી ત્રાસ પામે છે. પણ દુઃખ કોને કહેવું ? અને સુખ કોને કહેવું ? એની એને ખબર નથી માટે અહીંયાં ઉપદેશ શરૂ કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? 'દુઃખથી ડરે છે તેથી (ગુરુ)...' છે ને ? 'આચાર્ય...' મહાસંત મુનિ દિગંબર આચાર્ય. ગુરુ છે ને ? એ જ આચાર્ય સાચા હોય છે. ગુરુ છે ને ? ગુરુ ! ગુણમાં મોટા, જ્ઞાન-દર્શન-ચારિત્રમાં (મોટા) એવા મહાન દિગંબર આચાર્ય (હોય છે). 'દૌલતરામજી'ને અભિપ્રાયમાં એમ છે. મહાન નિર્ગ્રંથ આચાર્ય દિગંબર મુનિ, એ ગુરુ. 'કરુણા કરીને...' દેખો ! દયાનો ભાવ આવે છે. જગતના પ્રાણી દુઃખી દેખી પોતાને જરી રાગ છે (તેથી) કરુણા આવે છે.

'કરુણા ઉપજે જોઈ' 'શ્રીમદ્'માં આવે છે ને ? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ.' અહીંયાં તો 'દૌલતરામજી' એમ કહેવા માગે છે (કે), આચાર્ય મહારાજ દિગંબર સંત મહા નિર્ગ્રંથ મુનિ હતા. વીતરાગ વિજ્ઞાનતા પ્રાપ્ત કરવાના અભિલાષી. વીતરાગ વિજ્ઞાનતા (જે) કેવળજ્ઞાન કીધું, વીતરાગ વિજ્ઞાનતા. એવી વીતરાગ વિજ્ઞાનતાના સાધક, એવા આચાર્ય, સંત, ગુરુ એ શિક્ષા આપે છે. દયા કરીને પાછું. દયા કરીને, હોં ! કરુણાનો વિકલ્પ છે, અરે...! પ્રાણી ! જગતના. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને ? ધર્મના લોભીને દેખીને જરી શુભરાગ થાય છે તો એ આચાર્યો જગતને ઉપદેશ કરે છે. સમજાણું કાંઈ ? ધર્મના લોભી જીવ હોય તો. હેં ?

મુમુક્ષુ :– ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– હા, પણ ગુરુ કહે છે. એમ કે હું મારા ઘરની વાત નથી કરતો, આચાર્ય ગુરુ કહે છે એમ કહે છે. ગુરુએ ઉપદેશ આપ્યો એ હું કહીશ, એમ કહે છે. સમજાણું કાંઈ ? જુઓ ! માથે ગુરુ પહેલા રાખ્યાં એણે. ગુરુએ દયા કરીને. આ...હા...! વીતરાગ વિજ્ઞાનને સાધનારા, જે વીતરાગ વિજ્ઞાનને મેં નમસ્કાર કર્યો એવા વીતરાગ વિજ્ઞાનને સાધનારા, એ વીતરાગ વિજ્ઞાનની દશામાં રહેલા, એ પૂર્ણ વીતરાગને વિજ્ઞાને પ્રાપ્ત કરવાના અભિલાષી. પણ વીતરાગી મુનિ છે અંદરમાં. ત્રણ કષાયનો અભાવ થયો છે અને જ્ઞાનની જેને નિર્મળતા, સ્વસંવેદનની વીતરાગી વિજ્ઞાનતા અંદર પ્રગટી છે – અપૂર્ણ પણ. એવા ગુરુ દયા કરીને, જગત ઉપર કરુણા કરીને (ઉપદેશ આપે છે). અરે...! જગતના પ્રાણી ! ચોરાશીના અવતારમાં અનાદિ કાળથી દુઃખી છે એને હવે કંઈક સુખની ઇચ્છા હોવા છતાં સુખ મળતું નથી એને કરુણા કરીને 'દુઃખનો નાશ કરવાવાળી...' જુઓ ! આ શિક્ષા. શિક્ષાની આ બધી વ્યાખ્યા છે. શિખામણ કેવી ? કે 'દુઃખનો નાશ કરવાવાળી અને સુખને આપવાવાળી...' અસ્તિ–નાસ્તિથી વાત કરી.

એ આચાર્ય, સંતો, મુનિઓ વીતરાગી વિજ્ઞાનના સાધક, એમણે દુઃખને નાશ કરવાવાળી, સુખને આપવાવાળી એવી શિખામણ એટલે ઉપદેશ (આપ્યો છે). એક સિદ્ધાંતમાં કેટલું ભર્યું છે, જુઓ ! વિકારનો નાશ કરવાવાળી. સમજાણું કાંઈ ? અને આનંદને ઉપજાવવાવાળી, નિર્વિકલ્પદશાને ઉપજાવવાવાળી. વિકારને નાશ કરવાવાળી અને નિર્વિકારી દશાને ઉત્પન્ન કરવાવાળી. જુઓ ! એમાં એ વીતરાગતા આવી અંદર. એવી શિખામણ ગુરુ – સંતોએ આપી છે. આ...હા...!

અહીં તો આચાર્ય ઇ કહે છે કે ભઈ ! આ શિખામણ ગુરુએ આપી છે એમાંથી હું આ વાત કરીશ એમ કહે છે. મહા દિગંબર સંતો, આચાર્યોએ ગાગરમાં સાગર ભરી દઈને થોડામાં ઘણું કહીશ. 'દુઃખનો નાશ કરવાવાળી...' આહા...હા...! ઠીક ! અને 'સુખને આપવાવાળી...' જીવો સુખને ઇચ્છે છે માટે સુખને આપવાવાળી. એનો અર્થ એ કે, નિર્વિકારી આત્માની દશા થવાવાળી શિક્ષા નામ શિખામણ. જુઓ ! આ ઉપદેશ ! એ ગુરુનો આ ઉપદેશ (છે). આ ઉપદેશનો સાર કીધો. ઉપદેશ કેવો હોય ? ઓલા 'ઇષ્ટોપદેશ'માં આવે છે ને ? 'ઇષ્ટોપદેશ'(માં) આવે છે કે ઇષ્ટ નામ પ્રિય ઉપદેશ કોને કહેવો ? કે જગતના પ્રાણી પોતાની પર્યાયનું કામ કરે ત્યારે ધર્માસ્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ નિમિત્ત છે, એમ બધા કાર્યમાં એક જગત સાધારણ ઉદાસ નિમિત્ત તરીકે છે, એવો ઉપદેશ તેને ઇષ્ટ ઉપદેશ કહીએ. એમ દુઃખને નાશ કરવાવાળી અને આનંદને આપવાવાળી દશાનો ઉપદેશ તેને સાચી શિખામણ ઉપદેશ કહેવામાં આવે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

એનો અર્થ જ ઇ થયો કે વીતરાગ વિજ્ઞાનતાને – કેવળજ્ઞાનને જે નમસ્કાર કર્યો, એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરાવવાવાળી, વિકારની અભાવ દશા અને નિર્વિકારની ઉત્પત્તિવાળી એવી શિખામણ ભગવાન, સંતોએ ચાર અનુયોગોમાં આપી છે, તે વાત હું કરીશ એમ કહે છે. 'શિક્ષા – શિખામણ આપે છે.' શિક્ષા કોણ લઈ શકે ? સંજ્ઞી પ્રાણી. એ પણ આવ્યું ને ? શિક્ષા કોણ લઈ શકે ? કે એ સંજ્ઞી (પ્રાણી). એ સંજ્ઞી પ્રાણી હોય તે શિક્ષાને લાયક છે અને એને શિક્ષા ગુરુ આપે છે. એનો અર્થ કે જેને એટલું ક્ષયોપશમ જ્ઞાન છે કે (જે) શિખામણ સમજી શકે છે એને એ ગુરુ શિખામણ આપે છે.

'(કહૈં)...' શિક્ષા કહે છે એમ કહીને ગુરુની વાણી પણ... અહીં તો ગુરુ આપે છે ને ? એમ કહે છે ને ? એ વાણી દ્વારા જગતને ઉપદેશ કહે છે. વાણીમાં એ આવશે – દુઃખનો અભાવ થાય અને સુખની પ્રાપ્તિ થાય, બસ ! એમાં આખો મોક્ષમાર્ગ આવી ગયો. સમજાણું કાંઈ ? આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ તે મોક્ષને, આનંદને આપનારી (અને) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાનને નાશ કરનારી, દુઃખનો અભાવ કરનારી એવી શિખામણ સંતોએ, આચાર્યોએ આપી છે એ વાત કરશે.

'ત્રણ લોકમાં જે અનંત જીવ (પ્રાણી) છે તે દુઃખથી ડરે છે...' કોઈ કહે પણ ત્રણલોકમાં એકેન્દ્રિય જીવો છે એ દુઃખથી ડરે છે ? હા, એ અંદર અવ્યક્તપણે દુઃખથી ડરે છે. સમજાણું કાંઈ ? અનંત પ્રાણીથી વ્યાખ્યા લીધી છે ને ? જીવનો સ્વભાવ જ એવો છે એક ન્યાયે જોઈએ તો. કેમકે એ આનંદમૂર્તિ છે એટલે સુખને જ ઇચ્છે છે અને દુઃખથી ખસવા માગે છે એવું એનું સ્વરૂપ જ છે. સમજાણું ? જુઓને ! આ માથે આપદા આવે કે પ્રતિકૂળતા આવે એને દૂર કરવા પણ શરીર છોડીને પણ દૂર કરું એને સુખી થઉં. એનો અર્થ શું થાય છે ? આબરૂ (ન) હોય, પૈસા ન હોય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્ધન હોય એટલી આપદા એને આકરી લાગે છે કે શરીરને છોડવું હળવું લાગે છે. શરીરને છોડવું હળવું લાગે છે અને આપદા આકરી લાગે છે. શરીર રહિત એટલે એકલો રહીને પણ, એકલો રહીને પણ સુખી (થાઉં) એમ થયા છે કે અંદર ? એકલો રહીને – શરીર વિનાનો રહીને પણ હું દુઃખથી રહિત થાઉં. શરીર વિનાનો, બીજા સાધન તો ક્યાંય ગયા. મરે ત્યારે થાય છે ને ? મરી જાય છે, નહિ આમ ? હાય ! દુઃખથી મરી જાઉં, છોડી દઉં. ભાઈ...! શું આ માંડી છે આણે ? હેં ? રખડવાનું છે, કહે છે.

અહીં કહે છે કે, અંદરમાં દેહ રહિત થઈને પણ સુખી થવા માંગે છે એમાં એ અવ્યક્તપણે સિદ્ધ થાય છે કે શરીર વિના એકલો રહું પણ હું સુખી થાઉં. તો એનો અર્થ કે મારા એકલામાં અંદર સુખ છે પણ એને ભાન નથી એટલે શરીર છોડીને પાછો નરક–નિગોદમાં જશે. સમજાણું કાંઈ ? એ તો ખુશી થાય છે. તમે કેમ એવું મોળુ બોલ્યા ? કહો, સમજાણું આમાં ? આમ છોડું, ઝેર પીને મરે. એનો અર્થ એટલો સિદ્ધ થાય છે (કે), શરીરનું સાધન પણ ન રહે તો એકલો હું સુખી થઈશ. એવું અવ્યક્તપણે અંદરમાં બડબડીયા (થાય છે), પણ ભાન નથી, ભાન નથી. મૂઢ ! શરીર રહિત થઈને પછી સુખ ક્યાં છે ઇ ખબર ન મળે પણ સુખને માટે તાલાવેલી ને તડફડિયા તો છે એના. ભાઈ ! હેં ?

મુમુક્ષુ :– નિગોદના જીવને રોગ?

ઉત્તર :– રોગ જ મોટો આખો સદાય રોગ જ છે. નિગોદના જીવને રોગ જ મોટો પડ્યો છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' એ ભ્રાંતિ એને મોટો રોગ પડ્યો છે. નિગોદના જીવને મોટી ભ્રાંતિ – ભ્રમણા (છે). ચૈતન્ય આનંદમૂર્તિ છે એની ખબર નથી (એ) મોટી ભ્રમણા પડી એ મહાદુઃખ છે. કહેશે બધું, જોઓને અહીંયાં.


તેથી આચાર્ય મહારાજ 'દુઃખનો નાશ કરવાવાળી અને સુખને આપવાવાળી શિખામણ આપે છે.' એવી શિખામણ આચાર્ય મહારાજ આપે છે, એમ કીધું. જોયું ? જુઓ ! આમાં લખ્યું છે. જુઓ ! અહીં ગુરુ બેઠા છે, જુઓ ! આ મુનિ, નગ્ન મુનિ, દિગંબર મુનિ. એક ઠેકાણે ક્યાંક લખ્યું છે, હોં ! ગુરુ એટલે દિગંબર મુનિ એવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ પ્રતમાં લખ્યું છે, કોઈ પ્રતમાં છે. ઇ બરાબર છે. અહીં લખ્યું છે ને ? જુઓને અહીં. દિગંબર મુનિ. સામે બેઠા છે જુઓ ! ચાર જણા. સમજાણું ? એને શિખામણ આપે (છે), શિખામણ આપે છે આમ કરીને. એવો બહુ સરસ... દિગંબર મુનિ, મહા મુનિ ! વીતરાગ વિજ્ઞાન સાધક ! એક લંગોટીનો તાણોય જેને નથી. મોરપીંછી, કમંડલ એ તો ઉપચારિક, અપવાદિક ઉપકરણ છે. અંતરમાં મહા આત્માનું સાધન કરી રહ્યાં છે, એમાંથી વિકલ્પ આવ્યો, કરુણા જગત ઉપર આવી છે અને ઉપદેશ થાય છે. કહો, એવી શિખામણ આપે છે. લ્યો ! ઇ પહેલો શ્લોક (પૂરો) થયો. ઓલો પહેલો (શ્લોક હતો ઇ) માંગલિકનો હતો. આ ગ્રંથનો પહેલો શ્લોક છે.




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગુરુ શિક્ષા સાંભળવાનો આદેશ અને સંસાર-પરિભ્રમણનું કારણ

**તાહિ સુનો ભવિમન થિર આન, જો ચાહો અપનો કલ્યાન;**
**મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨.**

**અન્વયાર્થ :–** (ભવિ) હે ભવ્ય જીવો ! (જો) જો (આપનો) પોતાનું (કલ્યાન) હિત (ચાહો) ચાહતા હો [તો] (તાહિ) ગુરુની તે શિક્ષા (મન) મનને (થિર) સ્થિર (આન) કરીને (સુનો) સાંભળો [કે આ સંસારમાં દરેક પ્રાણી] (અનાદિ) અનાદિ કાળથી (મોહ મહામદ) મોહરૂપી જલદ દારૂ (પિયો) પીને, (આપકો) પોતાના આત્માને (ભૂલ) ભૂલી (વાદિ) વ્યર્થ (ભરમત) ભટકે છે.

**ભાવાર્થ :–** હે ભદ્ર પ્રાણીઓ ! જો પોતાનું હિત ચાહતા હો તો, પોતાનું મન સ્થિર કરીને આ શિક્ષા સાંભળો. જેવી રીતે કોઇ દારૂડિયો દારૂ પીને, નશામાં ચકચૂર થઇને જ્યાં ત્યાં ગોથા ખાઇ પડે છે તેવી જ રીતે જીવ અનાદિકાળથી મોહમાં ફસી, પોતાના આત્માના સ્વરૂપને ભૂલી ચારે ગતિઓમાં જન્મ-મરણ ધારણ કરીને ભટકે છે. ૨.

---

બીજો (શ્લોક). 'ગુરુ શિક્ષા સાંભળવાનો આદેશ...' ગુરુ સાંભળવાનું કહે છે. ધ્યાન રાખીને સાંભળ ! કહે છે. બધું છોડી દઈને આ સાંભળવામાં ધ્યાન રાખ, એમ કહે છે. આહા...હા...! 'અને સંસાર પરિભ્રમણનું કારણ.' એનુંય (ચિત્ર) મૂક્યું છે ને ?

**તાહિ સુનો ભવિમન થિર આન, જો ચાહો અપનો કલ્યાન;**
**મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨.**

ભારે ભાષા ! આ છોકરાઓના હાથમાં છે કે નહિ ? હા, એમ કહે છે. આ તો તમારે ઘણી વાર શિખવે છે. પહેલો શબ્દ લીધો છે, 'હે ભવ્ય જીવો !'. અહીં ભવ્યથી ઉપાડ્યું છે. ભવ્ય જીવ, જે મોક્ષને માટે અભિલાષી (છે) અને મોક્ષને લાયક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવ છે એને કહે છે, હે લાયક પ્રાણી ! અહીં સંબોધન કર્યું છે. 'હે ભવ્ય જીવો ! જો પોતાનું હિત ચાહતા હો તો...' એક સિદ્ધાંત અહીં છે. જો તારું હિત ચાહતો હો. એક શબ્દ અહીંથી ઉપાડ્યો છે. તને જો હિતની ચાહના, ભાવના હોય તો. અહીં 'તો' પાછું મૂક્યું છે, હોં ! ચાહો તો, એમ કીધું છે ને ?

'જો ચાહો અપનો કલ્યાન.' તમારે હિત જોઈતું હોય, હિત-હિત. અહિત તો અનંતકાળથી કરી રહ્યો છે. જો ચાહો અપનો હિત તો 'ગુરુની તે શિક્ષા...' મનમેં... જુઓ...! મનમાં સ્થિર કરીને સાંભળો. 'મનને સ્થિર કરીને સાંભળો.' કાયા-બાયા સ્થિર બેઠી હોય કે નહિ, 'મનને સ્થિર કરીને સાંભળો.' એમ કહે છે. ધ્યાન રાખીને સાંભળો. જેમ પ્રિયવાન સંસારની પ્રિય વાર્તા મન સ્થિર કરીને સાંભળે છે, એમ તારા હિતની ઇચ્છા તને હોય, આત્માનું હિત કેમ થાય ? શાંતિ કેમ થાય ? સુખ કેમ થાય ? એવા હિતની કાંક્ષા હોય તો તે ધર્માત્મા ગુરુની શિક્ષા મનને સ્થિર 'આન' – સ્થિર કરીને (સાંભળો). મનને સ્થિર કરીને (અર્થાત્) બીજા વિકલ્પો છોડી દઈને 'સુનો'. આદેશ કર્યો છે.

જુઓ ! અંદર છે ને શબ્દ ? 'આદેશ' શબ્દ માથે (–મથાળામાં) ભર્યો છે. 'ગુરુ શિક્ષા સાંભળવાનો આદેશ'. એ 'આદેશ' શબ્દ વાપર્યો છે. અહીં પણ 'સાંભળો' એમ કીધું ને ? સાંભળો ! એ ઉપર તો મોટું વજન ઘણું છે. ઓલામાં '... પાહુડ'માં 'સૂણો' શબ્દની વ્યાખ્યા બહુ લાંબી કરી છે. 'જયધવલ' ! 'સૂણો' શબ્દની વ્યાખ્યા કરી – સાંભળો ! એમ કહીને ગુરુ જગતને સત્ય વાર્તા સાંભળવાને ઉત્તેજિત કરે છે, સાવધાન કરે છે. બીજી વાત છોડી દે, બીજા વિકલ્પ છોડી દે, અમે જે આ શિક્ષા કહીએ છીએ, એ સાંભળવામાં મન સ્થિર કર. સાંભળવાની બહુ મોટી વ્યાખ્યા કરી છે. એક એક શબ્દ સૂત્ર છે ખરા ને ? '... પાહુડ'માં. સાંભળો ! એટલે બીજા મનના વિકલ્પોને છોડી આ વાત હિતની કહીએ છીએ તે સાંભળવા સાવધાન, તત્પર થા. સાંભળવા સાવધાન, તત્પર થા. કહો, સમજાણું કાંઈ ? આ હિન્દી તો બહુ સાધારણ ભાષા છે. મૂળ ભાષામાં કાંઈ બહુ નથી અને આપણે તો આ ગુજરાતી કર્યું છે.

'આ સંસારમાં દરેક પ્રાણી અનાદિ કાળથી...' આ સિદ્ધ કર્યું. 'જો ચાહો અપનો કલ્યાન' એમ છે ને ? અપનો કલ્યાણ ચાહો એટલે કલ્યાણ એટલે હિત. કલ્યાણની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યાખ્યા જ હિત છે. કલ્યાણની ચાહના હો, હિતની ચાહના હો, આત્માની શાંતિ, સુખની પ્રાપ્તિ કરવાની ચાહના હો તો હિતની વ્યાખ્યા ગુરુ કહેશે, અહીં બીજી વ્યાખ્યા એની પાસે નથી. સમજાણું કાંઈ ? પૈસો કેમ મળે ? છોકરા કેમ તમારે થાય ? એ વાત નથી અહીં શિખામણમાં, કહે છે. હેં ? આ પૈસો-બૈસો આપી દ્યો અમને, મહારાજ ! હાથ મૂકો. આમ ફલાણું થઈ જાય, અમારે આ થઈ જાય પછી અમે નિરાંતે ધર્મ (કરીશું). કહે છે કે શિક્ષામાં એ કોઈ વાત નહિ આવે. અહીંયાં તો કલ્યાણ ઇચ્છતા હોય તો કલ્યાણની વાત મનમાં સ્થિર કરીને સાંભળો. એક વાત કહે છે. કલ્યાણની વાત આવે છે, બીજી વાત અહીં છે નહિ. એમ પોતે ગ્રંથકર્તા આચાર્યના ઉપદેશમાં આમ આવે છે એમ પોતે સાબિત કરીને સાક્ષીથી વાત કરે છે. આહા...હા...!

આ સંસારમાં દરેક પ્રાણી 'મોહ મદ પીઓ અનાદિ' 'મોહ મહામદ પીઓ અનાદિ.' ભાષા જુઓ ! 'અનાદિ કાળથી...' અનાદિ એટલે નિગોદથી માંડીને. શું કીધું ? એ નિગોદના જીવ નિત્યનિગોદમાં પડ્યા છે, જેમાં હજી કેટલાક જીવો એવા છે કે કોઈ 'દિ ત્રસ થયા નથી, ઇયળ થયા નથી, કીડી-મકોડા થયા નથી, માણસ તો ક્યાંથી થાય ? એવા અનાદિના જીવો નિગોદમાં પડ્યા છે ત્યારથી માંડીને અનાદિકાળથી પછી મનુષ્ય થયો, દેવ થયો, ઢોર થયો, પંચેન્દ્રિય થયો આદિ. અનાદિકાળથી (કહીને) એ નવી વાત નથી એમ કહે છે. મોહ દશા નવી નથી, એમ કહે છે. જેમ એનું શુદ્ધ સ્વરૂપ અનાદિ પવિત્ર પડ્યું છે, એમ આ મોહ દશા પણ અનાદિની એની પાસે છે. મોહ દશા પછી નવી વળગી છે એમ છે નહિ.

અનાદિકાળથી, 'મોહ મહામદ...' મોહરૂપી જલદ દારૂ ! જલદ દારૂ !! તેજ દારૂ ! તેજવાળો દારૂ. દારૂ હોય છે ને ? બહુ એવા દારૂ હોય છે, તેજ... તેજદાર હોય છે ને ! પીતા હોય. 'મોહ મહામદ...' – મિથ્યાત્વની વાત જોડે મુખ્ય લેવી છે ને ? મિથ્યાત્વરૂપી મહામોહરૂપી જલદ દારૂ આકરો પીધો છે. અનાદિકાળનો અજ્ઞાની એકેન્દ્રિયથી માંડી... આ..હા..હા...! નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ સહિત ગયો, એ બધા પ્રાણી 'મોહ મહામદ પીયો...' ભ્રમણાનો મોટો મદ પીધો છે – દારૂ, જલદ દારૂ – જલદ દારૂ. દારૂ પીએ છે ને પછી એકદમ આમ આકરો દારૂ (પીધા) પછી કાળજા હળહળી જાય એવા (પછી) ઘેનમાં પડે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પાલેજ'માં મજૂર હોય, મજૂર. દરરોજ પાંચ-પાંચ રૂપિયા, દસ-દસ, સાત-સાત રૂપિયા પેદા કરે. પછી સાંજે જઈને બાર આનાનો દારૂ પી આવે. દુકાને જોડે હતી એનો મોટો હતો, પછી ગાંડો થઈને પડે. આખા દિવસનો થાક લાગ્યો હોય ને, ઇ થાક દેખાય નહિ માટે. આમ અનાદિ અજ્ઞાનીએ મહામિથ્યાત્વના દારૂ પીધા છે. જુઓ ! અનાદિથી મિથ્યાત્વનો દારૂ પીધો છે એણે, હોં ! નવો નથી.

'મોહરૂપી જલદ દારૂ પીને,...' એમ કહીને શું કહ્યું ? અનાદિથી કર્મ એને રખડાવે છે ને કર્મે આ નુકસાન કરાવ્યું છે એમ નથી. એમ કીધું કે નહિ આમાં ? શું કીધું ? તને અનાદિથી કર્મે મારી નાખ્યો છે એમ નથી કીધું. જુઓ ! 'દૌલતરામજી' પણ (એમ કહે છે કે), આ રીતે આચાર્યો કહેવા માગે છે, એમ અમે કહીએ છીએ. શું કહ્યું છે તે ? અનાદિકાળથી મોહ મહામદ પીધો, મિથ્યાત્વરૂપી ઝેર – દારૂ મોટા તેં પીધા છે. કોઈ કર્મે કરાવ્યું છે એમ નહિ એમ કહે છે. ઓ..હો...હો...! પહેલી જ ભૂલમાં આ વાત કરે છે, લ્યો !

ઓલા કહે કે, અનાદિથી દર્શનમોહને લઈને (રખડ્યો). આ ભગવાન પાસે ગયા ને ! નિમિત્ત તો સારું હતું ને ? કેમ સમજ્યો નહિ જો નિમિત્તથી સમજે તો ? ત્યારે કહે, એને દર્શનમોહનું કર્મ પડ્યું (હતું), નિમિત્ત હતું આકરું એને લઈને સમજ્યો નહિ. આહા...હા...! હેં ? એમ ખુલાસામાં (અજ્ઞાનીઓ) કહે છે. હેં ? સમજ્યા વિનાના.

અહીંયાં તો પોતે કહે છે, 'મોહ મહામદ પીયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ' જોયું ! ભૂલ્યાનું કારણ મૂક્યું. મહા મોહરૂપી જલદ નામ તેજ નામ આકરો મિથ્યાત્વનો – ભ્રમણાનો દારૂ પીધો (છે), તેં પીધો છે, તેં કર્યો છે, કોઈએ કરાવ્યો નથી. ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદની મૂર્તિ ! એનાથી વિરુદ્ધ થઈને તેં મિથ્યાત્વનો દારૂ એકેન્દ્રિથી માંડીને, હોં ! જગતના એકેન્દ્રિયના પ્રાણી પણ મોહ મહામદ દારૂ પીધો માટે પડ્યા છે એમ કહે છે. 'ગોમ્ટસાર'માં આવે છે ને ? કલંક – પ્રચુર કલંક, પ્રચુર કલંક ભાવ, ભાવની પ્રચુર કલંકતા, એને લઈને પડ્યો છે, જુઓ ! એ વચન અહીં એણે બીજી ગાથામાં નાખ્યું છે, લ્યો ! સમજાણું કાંઈ ?

કેમ રખડ્યો ? ને કેમ કર્યું ? કે મહા મોહમદ પીધો માટે. કર્મના જોરને લઈને રખડ્યો ને ભ્રાંતિ થઈ, એમ નથી. આહા...હા...! હવે આ 'છ ઢાળા'માં તો આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત નાખી છે, કહો ! હેં ? ઇ પાઠશાળામાં ભણાવે.

જુઓ ! '(આપકો)' 'પોતાના આત્માને ભૂલી...' દેખો ! મિથ્યાત્વના તીવ્ર દારૂ (પીધા). જે પોતાનું સ્વરૂપ નથી તેને (પોતાનું) માની અને પોતાનું જે સ્વરૂપ છે તેને ભૂલી, એમ કીધું, જોયું ? મોહરૂપી દારૂ પીધો એટલે જે પોતાનું સ્વરૂપ નથી તેને માની અને પોતાના સ્વરૂપને ભૂલી, એમ કહે છે, જુઓ ! સમજાણું કાંઈ ? કોને કારણે ? એ ઊંધાં પડેલા તારા મોહને કારણે, એમ કહે છે અહીં તો. આહા...હા...! 'છ ઢાળા'માં આવી વાત !! ગાગરમાં સાગર ભરેલી વાતું કરે અને વળી પાછા નાખે ત્યારે કર્મને લઈને થાય એમ કહે છે, લ્યો ! એ અહીં એમ કહ્યું હશે પણ આ પહેલેથી જ વાત ઉપાડી છે અહીંયાં અને ગુરુ એને શિખામણ આપે એનો અર્થ શું થયો ? એને શિખામણ આપે છે એનો અર્થ (શું) ? કે, તું ભૂલ્યો, તને ભૂલ ટાળવાની વાત કરીએ છીએ. કર્મને કહીએ છીએ અમે ? ભાઈસાહેબ ! કર્મે એને દુઃખ કરાવ્યું છે, ભ્રમણા કરાવી છે. કર્મને કહે, ખસ. ઉપદેશ તો એને આપે છે, જે ભૂલ્યો છે તેને ભૂલ ટાળવાનો ઉપદેશ હોય શકે છે. કર્મ ભૂલ્યું છે ? કર્મે ભૂલાવ્યું છે ? સમજાણું કાંઈ ?

પાછું 'પીયો...' એમ કહ્યું છે ને ? તેં પીધો છે દારૂ. એમ કહ્યું જુઓને ! 'મોહ મહામદ પીયો...' તેં પીધો છે. ઊંધી માન્યતા – મિથ્યાશ્રદ્ધા (અર્થાત્) જે તારી ચીજ નથી એને પરને પોતાનું માનવું એ મહાદારૂ તેં પીધો છે.

મુમુક્ષુ :– જૈન દારૂ પીવે?

ઉત્તર :– એ આ મિથ્યાત્વનો દારૂ પીવે છે. જૈન એટલે શું ? એ દારૂની ક્યાં વાત છે આ. ભાષા કેવી વાપરી છે, જુઓને ! 'મોહ મહામદ' મહા મદ ચઢી ગયો છે અંદર.

આમાં દાખલો આપ્યો છે ને ? હેં ? જુઓ, આપ્યો છે, હોં ! જુઓ, જુઓ ! આ દારૂ પીધો છે. જુઓ ! અહીં. આ ગાંડો થઈ જાય છે, જુઓ ! હાથમાં શીશો છે આ..મ...! અહીં એક બહુ દારૂ પીધો છે ને એ પડે છે. પડે છે પછી કૂતરા બટકા ભરે છે, જુઓ ! એક પડતા પડતા રહી ગયો છે ઇ રાખ્યું, એકે પીધો, પડતા પડતા રાખ્યો અને એક પડ્યો એમ ત્રણ નાખ્યા. સમજાય છે ? એક સ્ત્રી અહીં રાખી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates






છે, ખોળામાં છોકરું રાખ્યું (છે). એ એમ કે મોહમાં પડી છે, એમ. મોહ દારૂમાં. મારો છોકરો, મારો છોકરો. આ મોહમાં આ દારૂ પીને આ..મ... ગાંડો થઈ ગયો છે. છે ચિત્ર ? પહેલો દારૂ પીધો જરી, બીજો આમ લથડતા પગે આવ્યો છે. એ...ઈ...! પંડિતજી ! લથડાયો આમ જરી... સીધો લથડીને પડ્યો છે. પડ્યો અને ઓલો કૂતરો એને બટકા ભરે છે, જુઓ ! પાછળ. સમજાણું કાંઈ ?

આ..હા...! જેમ દારૂ પીને આમ હેરાન હેરાન થાય છે, એમ મહા મિથ્યાત્વના દારૂ પી, આ મારી બાયડી ને આ મારો છોકરો ને આ મારો ધણી ને આ મારું શરીર ને આ મારું આ... એમ કરતાં કરતાં જાય... રખડતો.. રખડતો પડીને હેઠે. દારૂ પીધેલા માણસને પેશાબ-ઝાડા હોય ત્યાં પડી જાય. હેઠે પેશાબ, ઝાડો (હોય) ત્યાં પડી જાય અને કૂતરો આવીને મોઢું ફાડેલું હોય તો પેશાબ કરે એમાં. કહો, સમજાણું આમાં ?

મોહના માર્યા ચાર ગતિમાં રખડે (છે). બાયડી, છોકરાં મને હેરાન કરે, પણ આમ ધક્કા મારે, ગાળ્યું દે, ભાન વિનાના, તમે તો આમ કર્યું, તમને કાંઈ નથી, આ બીજા જુઓને કેવા ! એ મોઢા ફાડીને મોઢામાં પેશાબ નાખે તો ઇ રાજી થાય. અ..ર..ર...! સમજાણું કાંઈ ? ઠીક ચિતર્યું છે, હોં ! મહામદની વ્યાખ્યા તેજ... તેજ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખરાબ (કરી છે). મોહ એટલે મમતા, અહમ્‌ભાવ કર્યો છે, લ્યો ! અને કલ્યાણનો અર્થ કર્યો છે – ભલાઈ અથવા સુખ. એ જો તમને ઇચ્છા હોય તો કહે છે કે, તમે મોહનો દારૂ આત્માને ભૂલીને (પીધો છે તેને છોડો). વાદિ એટલે વ્યર્થ, મફત. ઓલો મોહ છે ને વ્યાખ્યા. વાદિ એટલે મોહ કરીને વ્યર્થ ભટકે છે, મફતનો ભટકે છે. મોહની વ્યાખ્યા જ મફત એ રીતે થાય છે. સ્વરૂપમાં જે નથી એવો નિરર્થક મોહ ઉત્પન્ન કરી અને ભ્રમણાનો સ્વભાવ આત્માનો નથી, રખડવાનો નથી અને મફત–વ્યર્થ ભટકે છે. ચોરાશીના અવતારમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય (ગતિમાં) ભટકે છે.

(ભાવાર્થ :–) 'હે ભદ્ર પ્રાણીઓ ! જો પોતાનું હિત ચાહતા હો...' હિત ચાહતા હો. 'શ્રીમદ્' કહે છે ને ? 'જો ઇચ્છો પરમાર્થ તો,' આવે છે કે નહિ ? હેં ? 'જો ઇચ્છો પરમાર્થ તો' પરમાર્થ ઇચ્છતા હો તો કહીએ છીએ, બાકી ન હો તો (કહેતા નથી). 'કરો પુરુષાર્થ' આવે છે ? 'કરો સત્ય પુરુષાર્થ.' 'જો ઇચ્છો પરમાર્થ તો...' બાકી શું કહીએ ? મોક્ષાર્થી જો હો તો આ તને વાત કરીએ છીએ.

એમ કહે છે, પોતાનું હિત ચાહતા હો તો 'પોતાનું મન સ્થિર કરીને આ શિક્ષા સાંભળો.' શિક્ષા – જે ગુરુ જ્ઞાનથી વાત કરે છે, એ વાતને સાંભળ. જેમાં શિક્ષા રહેલી છે, જેમાં તારું હિત રહેલું છે એને સાંભળ. 'જેવી રીતે કોઈ દારૂડિયો, દારૂ પીને, નશામાં ચકચુર થઈને...' જોયું ! દારૂ પીધો પછી થયો ચકચુર..., 'જ્યાં ત્યાં ગોથા ખાઈ પડે...' ગોથા મારે છે ને એમાં ? જુઓને ! આ (જીવ) પણ જ્યાં ત્યાં ગોથા મારે છે નિગોદમાં ને અહીં ને ત્યાં. બાયડ્યું, છોકરાં, ફલાણા વેપાર-ધંધા, દારૂ પીને જ્યાં ત્યાં ગોથા મારે છે, માળો ! સમજાણું કે નહિ ?

ભાઈ ! આ શરીર ખરે એ પણ મોહનો દારૂ પીને રખડી રહ્યો છે, એમ કહે છે. મોહના દારૂ પીધા છે, શરીર ખરે, પણ શરીર ખરે તો તારે શું છે પણ ? મિથ્યાત્વના દારૂ પીને જ્યાં ત્યાં ભટક્યા ભટક, ભટક્યા ભટક કરે છે. નશા (કરીને) પડે છે ને હેઠે ? આ..મ..! મોઢું ફાડે ને કૂતરો હંગે તો મોઢામાં આવી જાય એને, તોય ગટક કરીને પી જાય. આહા...હા...! મહા મિથ્યાત્વના જોરમાં એવી પ્રતિકૂળતા કે અનુકૂળતા હોય એને રાગ-દ્વેષ કરી, રાગ-દ્વેષ કરીને અંદર વિકારના ઝેર ચડી ગયા છે. મિથ્યાત્વ, મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ મહા મોહ. રાગદ્વેષ તો અસ્થિરતાના છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જ્યાં ત્યાં ગોથા ખાય પડે છે...' જ્યાં-ત્યાં, એમ. પછી કાંઈ મેળ રહે છે દારૂ પીધેલો ક્યાં પડે ? એમ કે ભઈ ! સરખે રહીને પડે કે આ ઠેકાણે પડે. પેશાબ (હોય), અરે...! પાયખાનું બહાર નાખી આવ્યા હોય ત્યાં જઈને પડે. રસ્તામાં ત્યાં એક દારૂખાનું નથી ? 'રાજકોટ'માં. એક ફેરી નીકળ્યા હતા તો એક દારૂ પીને નીકળ્યો હતો, આ..મ. ખેતરમાં ઓલા પાયખાના નાખી આવે ને ? આ શું કહેવાય ? પીપ ભરીને. મ્યુનીસિપાલટીના. ત્યાં રખડે, ખેતરમાં. ભાન નથી કેની કોર જાવું છે ? એ વિષ્ટાનો ઢગલો પડ્યો હોય ત્યાં ફડા..ક દઈને પડે, આમ પડી જાય. સમજાય છે કાંઈ ?

એમ મિથ્યાત્વના દારૂ પીધેલા ચાર ગતિમાં જ્યાં-ત્યાં રખડે, એમ કહેવું છે ને ? જ્યાં-ત્યાં. કોઈ એકેન્દ્રિયમાં, કોઈ પંચેન્દ્રિયમાં, કોઈ નરકમાં, કોઈ દેવમાં. બધા મિથ્યાત્વના દારૂ પીધેલા રખડી રહ્યાં છે. 'તેવી જ રીતે આ જીવ અનાદિકાળથી મોહમાં ફસી,...' મોહમાં ફસ્યો પોતે, હોં ! કર્મે ફસાવ્યો નથી. આવી વાત અહીં કરે એને સમજે નહિ. શું કરવું ? કહો ! હેં ? 'મોહમાં ફસી, પોતાના આત્માના સ્વરૂપને ભૂલી...' લ્યો ! અહીંથી ઊપાડ્યું છે પહેલું, જોયું ! 'ભૂલ આપકો' છે ને ? પોતાના સ્વરૂપને ભૂલ્યો, બસ ! આ એની વાત. મિથ્યાત્વની ભ્રમણામાં અનાદિથી નિગોદથી માંડીને, બધા આવ્યા કે નહિ એમાં ? નવમી ગ્રૈવેયકે દિગંબર મુનિ ગયો, એ પણ મોહના મિથ્યાત્વના દારૂમાં ચકચૂર થઈ, પોતાને ભૂલી ગયો છે, એમ કહે છે. સમજાણું ? 'પોતાના આત્માના સ્વરૂપને ભૂલી...' આપ ભૂલી. 'ભૂલ આપકો ભરમત' 'ચારે ગતિઓમાં જન્મ-મરણ ધારણ કરીને ભટકે છે.' ચોરાશીના અવતારમાં જ્યાં સુખ નથી ત્યાં ભ્રમણાથી સુખ ગોતી અને આત્માના સુખને ભૂલી ચાર ગતિમાં દુઃખમાં ભટકી રહ્યો છે.

---

## આ ગ્રંથની પ્રામાણિકતા અને નિગોદનું દુઃખ

તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;<br>
કાલ અનન્ત નિગોદ મંઝાર, વીત્યો એકેન્દ્રી તન ધાર. ૩.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્વયાર્થ :–** (તાસ) આ સંસારમાં (ભ્રમનકી) ભટકવાની (કથા) કથા (બહુ) મોટી (હૈ) છે (પૈ) તોપણ (યથા) જેની (મુનિ) પૂર્વાચાર્યોએ (કહી) કહી છે (યથા) તે પ્રમાણે હું પણ (કછુ) થોડી પણ (કહું) કહૂં છું [કે આ જીવનો] (નિગોદ મંઝાર) નિગોદમાં (એકેન્દ્રી) એકેન્દ્રિય જીવના (તન) શરીર (ધાર) ધારણ કરી (અનન્ત) અનંત (કાલ) કાળ (વીત્યો) વીત્યો છે - પસાર થયો છે.

**ભાવાર્થ :–** સંસારમાં જન્મ-મરણ ધારણ કરવાની કથા બહુ મોટી છે. તોપણ જે પ્રકારે પૂર્વાચાર્યોએ પોતાના બીજા ગ્રંથોમાં કહી છે, તે પ્રકારે હું (દૌલતરામ) પણ આ ગ્રંથમાં થોડીક કહું છું. આ જીવે, નરકથી પણ નિકૃષ્ટ નિગોદમાં એક ઇન્દ્રિય જીવના શરીર ધારણ કર્યાં અર્થાત્ સાધારણ-વનસ્પતિકાયમાં ઊપજી ત્યાં અનંત કાળ પસાર કર્યો છે. ૩.

---

હવે તો એમ સિદ્ધ કરવા માગે છે કે, 'આ ગ્રંથની પ્રામાણિકતા...' 'મોક્ષમાર્ગ'માં કહે છે ને કે આ ગ્રંથ પ્રમાણ કેમ છે ? એમ આ ગ્રંથની પ્રમાણિકતા સિદ્ધ કરે છે. મારા ઘરની – કલ્પનાની વાત નથી. 'ગ્રંથની પ્રામાણિકતા અને...' પહેલું 'નિગોદનું દુઃખ.' ભ્રમણાને લઈને મહા દુઃખ પામ્યો એ નિગોદના પહેલાં દુઃખથી શરૂ કરે છે. એ મિથ્યાત્વની વ્યાખ્યા પછી કરશે, પણ એ મિથ્યાત્વથી જ અનાદિકાળમાં આ નિગોદમાં રખડ્યો છે. નિગોદમાં પણ મિથ્યાત્વને લઈને રહ્યો છે એમ સિદ્ધ કરે છે પહેલેથી. ઠેઠથી, એકેન્દ્રિય નિગોદથી. એના દુઃખો (કહે છે).

**તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;**
**કાલ અનંત નિગોદ મંઝાર, વીત્યો એકેન્દ્રી તન ધાર. ૩.**

'તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;' જોયું ! એ પણ મુનિ કહે છે એમ હું કહીશ, એમ કહે છે. 'તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;' પોતે જવાબદારી લેતા (કહે છે કે), મુનિએ કહી છે, સંતોએ, વીતરાગ જ્ઞાનીઓએ કહી છે એ વાત હું તમને કહીશ. નિગોદના દુઃખનું વર્ણન પ્રમાણિકપણે ભગવાન કહે છે તે વાત કરીશ. જુઓ ! એમ કરીને પહેલી કડીમાં ગ્રંથનું પ્રમાણિકપણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થાપ્યું. 'તાસ ભ્રમનકી હૈ બહુ કથા,' મિથ્યાત્વની. 'પૈ કછું કહૂં' પણ થોડી કહીશ. 'કહી મુનિ યથા;' જેવી મુનિઓએ કહી છે તેવી વાત હું કહીશ. મારા ઘરની કલ્પનાની કોઈ વાત કરીશ નહિ.

'કાલ અનંત નિગોદ મંઝાર, વીત્યો એકેન્દ્રી તન ધાર.' ત્યાંથી ઊપાડી વાત. અનંત કાળ નિગોદને મંઝાર પડ્યો, ત્યાંથી એકેન્દ્રિય તન ધાર્યાં, એની અંદરમાં અનંતા દુઃખ સહન કર્યાં. ઓ..હો...હો...! એ બધા મિથ્યાત્વને લઈને, એમ સિદ્ધ કરવું છે હોં ! શું ? મિથ્યાત્વને લઈને દુઃખ પામ્યો. સમ્યગ્દર્શનને લઈને સુખ પામે. બસ ! એક જ વાત અહીંયાં કહેવી છે. એવી ભ્રમણાને લઈને નિગોદના દુઃખને પામ્યો.

એ વાત 'તાસ ભ્રમનકી' (અર્થાત્) 'ભટકવાની કથા બહુ મોટી છે...' ભાઈ ! આ..હા..હા...! કહે છે કે, તારા રખડવાની વાતું તો બહુ મોટી છે. 'તોપણ જેવી પૂર્વાચાર્યોએ કહી છે...' દેખો ! મુનિની વ્યાખ્યા કરી. મહા 'કુંદકુંદાચાર્ય' આદિ મહામુનિઓ ! 'સમંતભદ્રાચાર્ય' મહામુનિઓ ! 'પૂજ્યપાદઆચાર્ય' આદિ મહામુનિઓ ! 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' દિગંબર સંતો !! એમણે જે કથા, રખડવાની જે કીધી છે, એ વાત મુનિઓએ કહી છે તે વાત કહીશ. 'તે પ્રમાણે હું પણ થોડી પણ કહું છું.' એમ કહે છે. 'કછુ' કીધું ને ? સંતોએ તો ઘણી કરી છે, વિસ્તારથી કરી છે, (પણ) હું કંઈક થોડી કહીશ.

'આ જીવનો...' '(નિગોદ મંઝાર)' 'નિગોદમાં એકેન્દ્રિય જીવના શરીર ધારણ કરી,...' દેખો ! ચૈતન્ય સ્વરૂપને ભૂલીને એકેન્દ્રિય શરીરને ધાર્યું. અનાદિ એકેન્દ્રિયના શરીરમાં રહ્યો. 'અનંત કાળ વીત્યો છે...' સમજાણું ? 'કાલ અનન્ત નિગોદ' કીધું ને ? 'અનંત કાળ વીત્યો છે–પસાર થયો છે.' નિગોદની અંદર. એક શરીર. શરીર છે ને ? વાણી અને મન તો નથી. એક તન–શરીર ધારીને અનંત કાળ નિગોદમાં રહ્યો, એ મિથ્યાત્વ – ભ્રમણાને કારણે. એ દુઃખ કવું છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, પોષ વદ ૧૧, સોમવાર
## તા. ૧૭--૧--૧૯૬૬, શ્લોક ૩ થી ૬, પ્રવચન નંબર–૨

આ ‘છ ઢાળા’ છે, એની પહેલી ઢાળની ત્રીજી ગાથા ચાલે છે. એક તો માંગલિકની થઈ અને આ ત્રીજી ગાથા ચાલે છે. શું વાત ચાલે છે? જીવ અનાદિથી એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દુર્લભ ભાવના, એની આ વાત ચાલે છે. પાછળથી લેશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. અનંતકાળથી પરિભ્રમણ કરતા કરતા એને આ નરકગતિ, તિર્યંચગતિ, નિગોદગતિ, મનુષ્યગતિ, દેવગતિમાં રખડતાં આગળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ મહાદુર્લભ છે, એ આ વર્ણન કરે છે. ‘સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા’માં આ બોધિદુર્લભ ભાવનાની વ્યાખ્યા છે, ભાઈ! એની ગાથાએ ગાથા છે.

બાર ભાવના છે (એમાં) બોધિદુર્લભ ભાવના (છે) એની ગાથે ગાથાનો અર્થ લગભગ એમણે ત્યાંથી લીધો છે. સમજાણું કાંઈ ? બાર ભાવના છે ને ? એમાં અગિયારમી બોધિદુર્લભ ભાવના છે. દસમી લોક ભાવના છે. ચૌદ બ્રહ્માંડ છે એમાં અનંત વાર રખડ્યો. પછી અગિયારમી બોધિદુર્લભ ભાવના છે, બારમી ધર્મ ભાવના છે. એ બોધિદુર્લભ ભાવનામાં ‘સ્વામી કાર્તિકેયે’ આ પ્રમાણે લીધું છે. એની શૈલી પ્રમાણે એમણે–‘દૌલતરામજી’એ હિન્દુસ્તાની ભાષામાં ગોઠવ્યું છે. જુઓ ! અહીંયાં આવ્યું છે.

ભાવાર્થ છે. ત્રીજી ગાથાનો છે ને? આ ચાલે છે શું ? આમ પરિભ્રમણ કરતા કરતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવું ઘણું દુર્લભ છે. રખડતાં રખડતાં દુઃખ પામતાં આ મનુષ્યભવ અને એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ (થવી) તો મહા મહા અનંત કાળે દુર્લભ છે એ બતાવવા આ દુઃખની વ્યાખ્યા અને મિથ્યાત્વના ફળની બતાવે છે.

‘સંસારમાં જન્મ-મરણ ધારણ કરવાની કથા બહુ મોટી છે.’ પોતે કહે છે કે, ભઈ ! મુનિઓએ, સંતોએ, ભગવાનોએ સંસારમાં જન્મ-મરણ, જન્મવું અને મરવું એના જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જન્મ-મરણને ધારણ કરવાની વાત તો (મળે છે) 'તોપણ જે પ્રકારે પૂર્વ આચાર્યોએ,...' સ્વામી 'કાર્તિકેય' આદિ આચાર્યોએ 'પોતાના બીજા ગ્રંથમાં કહી છે...' તે પ્રકારે હું પણ આ ગ્રંથમાં થોડીક કહીશ. આચાર્યે તો બહુ વિસ્તારથી (વર્ણન) કર્યું છે. સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો એક એકનો ઘણો વિસ્તાર લીધો છે.

'આ જીવે, નરકથી પણ નિકૃષ્ટ નિગોદમાં એક ઇન્દ્રિય જીવના શરીર ધારણ કર્યા...' જુઓ ! નરકથી પણ હલકો નિગોદ જીવ છે. નિગોદના જીવ (અર્થાત્) એક શરીરમાં અનંતા જીવ રહે એને નિગોદના જીવ કહે છે. સમજાણું કાંઈ ? નિત્યનિગોદમાં અનંતકાળ રહ્યો. જેમાંથી કોઈ દિ' ત્રસપણું પામ્યો નહિ. એવા નિગોદમાં અનંત વાર રહ્યો. પણ અહીં ગ્રંથકારને નિગોદમાંથી નીકળશે એવી વાત લેવી છે. આવે છે ને ભાઈ પાછળ ? 'નિકસિ ભૂમિ'. નિગોદથી નીકળી 'નિકસિ ભૂમિ' આવ્યું ને ? એટલે નિગોદમાંથી નીકળનારની વ્યાખ્યા. નિત્ય પડ્યો છે ઇ તો પડ્યો જ છે. સમજાણું કાંઈ ? હજી નિગોદ કોને કહેવા એની શ્રદ્ધા કરાવે છે. એમાં રખડ્યો કેટલો કાળ અને કેટલા દુઃખ સહન કર્યા ?

નિગોદના જીવ એક શરીરમાં અનંતા હોય છે. એને એકસાથે અનંતાને શ્વાસ ભેગો હોય છે. આયુષ્ય ભેગું હોય છે, ઇન્દ્રિય ભેગી (હોય છે) અને પ્રાણ (ભેગા હોય છે). સમજાણું કાંઈ ? એવા નિગોદની અંદર એકેન્દ્રિય શરીર ધારણ કરીને (રહ્યો). 'ગોમટસાર'માં તો એવો એક લેખ છે કે, નિગોદનું એક શરીર અસંખ્યાતા ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે છે. એમાં નિગોદના જીવ જન્મ ને મરે, જન્મે ને મરે, જન્મે ને મરે. ઓહોહો...! આવે છે, એ વાત પહેલા થઈ છે. યાદ છે ને ? એ..ઈ...! 'ગોમટસાર'માં છે.

એક નિગોદનું શરીર, હોં ! એટલો કાળ રહે એમાં એક નિગોદનો જીવ વારંવાર મરે-ઊપજે, મરે-ઊપજે, મરે-ઊપજે છતાં શરીર તો એનું એ રહે. એ શરીરમાં એટલી વાર અસંખ્ય.. અસંખ્ય.. અસંખ્ય અબજો વાર અનંત નિગોદના જીવો જન્મે ને મરે. ક્યાંય એની ખાણની ખબર ન મળે એને. સમજાણું કાંઈ ? શું કીધું ? એક શરીરમાં એટલો કાળ રહે. એ કહેશે, જુઓ !

નરકથી પણ હલકો નિગોદ કાળ છે. 'એક ઇન્દ્રિય જીવના શરીર ધારણ...' કરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અનંતા જીવનું શરીર એક, ઇન્દ્રિય એક, શ્વાસ એક, આયુષ્ય એક. એવા અનંતા જીવ એક શરીરમાં રહે છે, એના દુઃખની પર્યાય શું કહેવી ? કહે છે. જેની હિણી દશા એટલી થઈ ગઈ છે. તત્ત્વનો વિરાધક જીવ, કેટલાક તો અનાદિના તત્ત્વના વિરાધક (છે) અને કેટલાક તત્ત્વના વિરાધક થઈને ત્યાં નિગોદમાં જાય છે. એને ઇતર નિગોદ કહે છે. અને અહીં નિગોદ અનાદિના આત્માના તત્ત્વના સ્વભાવના ભાન વિના ભાવકલંક પ્રહુરા–ભાવ કલંકની પ્રચુરતા, પ્રચુર કલંકને લઈને નિગોદના જીવ એક શરીરમાં અનંતા પડ્યા છે. એના દુઃખ ભગવાન જાણે અને ઇ વેદે. ઇ જીવ છે, હોં ! હંબગ નથી. બટાટા, શકરકંદ, લીલ, ફૂગ (એની) એક આટલી કટકી લ્યો તો (એમાં) અસંખ્યા તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ જીવ થયા, છ મહિના ને આઠ સમયમાં છસે ને આઠ સિદ્ધ થાય, અત્યાર સુધીના અનંત પુદ્ગલ પરાવર્તનના સિદ્ધની જે સંખ્યા (તેના કરતા અનંતા જીવ નિગોદના છે). અનંત પુદ્ગલ પરાવર્તનની જે સિદ્ધની સંખ્યા, વળી અનંત પુદ્ગલ પરાવર્તન આવ્યું પાછું, સમજાણું ? એક પુદ્ગલ પરાવર્તનમાં એના અનંતમા ભાગમાં અનંતી ચોવીશી જાય, એવા એક પુદ્ગલ (પરાવર્તન), એવા અનંતા પુદ્ગલ પરાવર્તન, એમાં એક ચોવીશીમાં પણ છ માસ ને આઠ સમયે છસે ને આઠ મુક્તિ થાય, એવા એવા અનંત પુદ્ગલ પરાવર્તનની મુક્તિની જે સંખ્યા છે એના કરતા નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ ?

ભૂતકાળ કરતાં એમાં કેટલો (કાળ) ગયો ? આહા..હા..! કેટલા જીવો તો એક શરીરમાં, એમાં અનંત વાર રહ્યો. સાચું હશે આ ? હેં ? દુર્લભપણું બતાવે છે. ભાઈ ! તને માણસપણું મળવું... આગળ કહેતા કહેતા કહેશે, એમાં સમ્યગ્દર્શન પામવું, જે જન્મ-મરણના અંતનું કારણ એ તો મહાદુર્લભ (છે), ભાઈ ! આ દુર્લભ સામગ્રી પામીને હવે કાળને – ટાણાને ન ચૂકીશ, એમ કહેવા માગે છે. કહેશે, આગળ હજી બહુ કહેશે. સમજાય છે ?

એ નરકના હલકા કરતાં પણ નિગોદનું એકેન્દ્રિય જીવનું શરીર ધારણ કરે. ‘સાધારણ–વનસ્પતિકાયમાં ઊપજી ત્યાં અનંત કાળ પસાર કર્યો છે.’ એકમાં અસંખ્ય ક્રોડાક્રોડી સાગરોપમનું એક શરીર, એમાં રહ્યો. વળી એ ગયા, એવા એવા અનંતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિગોદના શરીર પણ એણે પલટાવ્યા. સમજાણું કાંઈ ? કોઠીમાં હોય ને ? જેમ કોઠી મોટી હોય ને એક દાણો આવે ને જાય, દાણો આવે ને કોઠી એમ ને એમ રહે. એમ નિગોદનું એક શરીર એટલા કાળ સુધી રહે છે, એમાંથી અનંતા જીવ જાય અને અનંતા આવે, અનંતા જાય અને અનંતા મરે, અનંતા (આવે), શરીર એમ ને એમ રહે. ઓ..હો..હો...! એમાંથી એને નીકળવું, કહે છે, એવો અનંતકાળ પસાર કર્યો. એ ત્રણ વાત થઈ.

## નિગોદનું દુઃખ અને ત્યાંથી નીકળી પ્રાપ્ત કરેલ પર્યાયો

એક શ્વાસમેં અઠદસ વાર, જન્મ્યો મર્યો ભર્યો દુખભાર;
નિકસિ ભૂમિ જલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪.

અન્વયાર્થ :– [નિગોદમાં આ જીવ] (એક શ્વાસમેં) એક શ્વાસમાં (અઠદસ વાર) અઢાર વાર (જન્મ્યો) અને (મર્યો) મર્યો [અને] (દુખભાર) દુઃખોના સમૂહ (ભર્યો) સહન કર્યો. [અને ત્યાંથી] (નિકસિ) નીકળીને (ભૂમિ) પૃથ્વીકાયિક જીવ, (જલ) જલકાયિક જીવ, (પાવક) અગ્નિકાયિક જીવ (ભયો) થયો, વળી (પવન) વાયુકાયિક જીવ [અને] (પ્રત્યેક વનસ્પતિ) પ્રત્યેક વનસ્પતિકાયિક જીવ (થયો) થયો.

ભાવાર્થ :– નિગોદ [સાધારણ વનસ્પતિ]માં આ જીવે એકશ્વાસમાત્ર (જેટલા) સમયમાં ૧૮ વાર * જન્મ અને + મરણ કરીને ભયંકર દુઃખ સહન કર્યું છે. અને ત્યાંથી નીકળી પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને પ્રત્યેક વનસ્પતિકાયિક x જીવ તરીકે ઉત્પન્ન થયો. ૪.

---

* નવીન શરીરનું ધારણ.

+ વર્તમાન શરીરનો ત્યાગ.

x નિગોદમાંથી નીકળીને આ પ્રમાણે પર્યાયો પ્રાપ્ત કરવાનો નિશ્ચિત ક્રમ જ નથી, નિગોદમાંથી એકદમ મનુષ્ય પર્યાય પણ પ્રાપ્ત થઈ શકે છે, જેમકે :– ભરતના બત્રીસ હજાર પુત્રો નિગોદમાંથી એકદમ મનુષ્ય પર્યાય પામી મોક્ષ પણ ગયા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, 'નિગોદનું દુઃખ...' એમાં દુઃખનું વર્ણન કરે છે. આ બોધિદુર્લભ ભાવના વર્ણન કરવામાં 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં આ અધિકાર લીધો છે, એમાંથી એમણે આ લીધું છે. 'ત્યાંથી નીકળી પ્રાપ્ત કરેલ પર્યાયો.'

**એક શ્વાસમેં અઠદસ વાર, જન્મ્યો મર્યો ભર્યો દુખભાર;**
**નિકસિ ભૂમિ જલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪.**

'(નિગોદમાં આ જીવ) (એક શ્વાસમેં)' 'એક શ્વાસમાં...' '(અઠદસ વાર)' 'અઢાર વાર જન્મ્યો અને મર્યો...' એક શ્વાસ. આહા..હા..! અહીં તો એને જરીક પ્રતિકૂળતા આવે ત્યાં રાડ જાય. ભાઈ ! એક શ્વાસમાં, હોં ! અઢાર વાર ત્યાં જન્મ્યો અને મર્યો. અઢાર વાર એક શ્વાસમાં ! એવા અનંત વાર, એવા અનંત શ્વાસોશ્વાસ નિગોદના શરીરમાં રખડવામાં એણે કાઢ્યા છે. આહા..હા...! અહીં જ્યાં આવ્યો ત્યાં માથું ફરી જાય છે. જાણે શું કરવું ને અમારે શું કરવું ને ક્યાં જાવું ? હેં ? પૈસા કાંઈક થોડા થાય ત્યાં આમ થઈ જાય ને વધે ત્યાં તો આમ થઈ જાય. હેરાન કરી નાખ્યો છે ને જીવને ! ભાઈ ! હેં ?

ઇ કહે છે, ભાઈ ! બાપુ ! તારી ઇતિહાસની કથા લાંબી છે. આ કીધી ને, જુઓને ! શું કીધું ? 'પૈ કછુ કહું કહી મુનિ યથા;...' એ તારી કથા મોટી છે, ભાઈ ! જેમ ઓલો બારોટ આવીને એને વાત કરે કે નહિ ? તારા કુટુંબમાં આવા માણસ થઈ ગયા, આવા થયા હતા, આવા થયા, સારા-નરસા બધા કહે ઇ તો. એમ આ સર્વજ્ઞ ભગવાને તારી ભૂતકાળની કથા કીધી છે આ. ગયા કાળમાં કેટલો રહ્યો એ ભગવાને તો મોટું ઘણું કહ્યું છે, સંતોએ તો મહા ઘણું કહ્યું છે પણ એમાંથી હું થોડી થોડી વાત કરીશ.

કહે છે, એક શ્વાસમાં અઢાર વાર જન્મ્યો ને મર્યો. એવા અનંતા જીવ એકસાથે, હોં ! ભેગા જન્મ્યા ને મર્યા. એટલી ભાઈબંધી હશે કે નહિ એને ? જરાય નહિ, લેવા કે દેવા. એક જીવમાં બીજા જીવનો અભાવ. એક જીવની પ્રકૃતિ જુદી, પર્યાય જુદી, દ્રવ્ય-ગુણ જુદા, એના કર્મેય જુદા, બધુંય જુદેજુદું. આહા..હા...! 'જન્મ્યો ને મર્યો અને...' '(દુઃખભાર)' 'દુઃખોના સમૂહ...' ઓ..હો..હો...! નિગોદના દુઃખ, એના દુઃખનું શું કહેવું ? નરકના દુઃખ તો પંચેન્દ્રિય સંયોગની વ્યાખ્યા છે ત્યાં. આના દુઃખો તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાત્વ ને કષાયની ઉગ્ર પરિણતિનું દુઃખ છે અને અમથું દુઃખ(નું) કથન ભલે સંયોગથી શાસ્ત્રકાર કરે, પણ દુઃખનું સ્વરૂપ આનંદથી ઊલટી મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષની ઉગ્રતામાં પરિણમવું એનું નામ દુઃખ છે. વાત તો લોકો સંયોગથી દેખે એટલે સંયોગથી વાત કરશે. આ જન્મ-મરણનું દુઃખ (કીધું એ) જન્મ-મરણનું દુઃખ નથી ખરેખર. જુઓ ! વાત તો ઇ કીધી, જુઓ ! કહે છે ને ? 'એક શ્વાસમેં અઠદસ બાર, જન્મ્યો મર્યો દુઃખભાર;...' દેખો ! જન્મ્યો, મર્યો, દુઃખોના સમૂહ સહન કર્યા. ભાષા શું છે ? જન્મ ને મરણના દુઃખના ભાર સહન કર્યા. એને બતાવવું છે કે, ભાઈ ! આ આત્મા જન્મે ને મરે એમાં કષાયની એટલી તીવ્રતા છે કે વારંવાર એમાં વિકારમાં દુઃખી થઈને વારંવાર પલટો મારે છે.

જે માણસને જેના ઉપર બહુ પ્રેમ હોય ને એ ચીજો બહુ પલટાવ્યા કરે. સમજાણું કાંઈ ? બાઈયું બાસે સાડલાની પચીસ જાત હોય, જોયું છે એના ટ્રંકમાં ? એ દિશાએ જાય ત્યારે બીજું (પહેરે), બેસાવા (માટે) બીજું, સૂવા (માટે) બીજું, આ કરે તો બીજું... આમ પલટાપલટ, પલટાપલટ (કરે), એક દિ'માં કેટલી વાર ફેરવે. આ રાજા મોટા હોય એ જોડા બહુ ફેરવે. લાકડ્યું બહુ ફેરવે. ઘરમાં હોય તો ચંપલ આ, ફરવાના આ, દિશાએ જવું હોય તો આ, ફલાણું હોય તો આ.. (એમ) જુદા જુદા (રાખે). જેના ઉપર રસ છે એને આમ કરું, આમ કરું, આમ ભોગવું, આમ ભોગવું, આમ ભોગવું. કહો, ભાઈ ! જોયું છે કે નહિ ? બાઈયુંના વિચાર કોઈ દિ' જોયા છે ? સવારથી સાંજ સુધીમાં સાડલા કેટલાય ફેરવે તમારે, લ્યો ! ગરીબ માણસને એક હોય તો શું ફેરવે ? ઓલા દસ જાતના, પંદર જાતના પડ્યા હોય તો ફેરવ્યા ફેરવ ઇ તો તમારે. બે ઘડીમાં આ ને બે ઘડીમાં આ. આમ જાણે બાઈ ફરી ગઈ હોય એવું લાગે, લૂગડું ફેરવ્યું એટલે. ભાઈ !

એમ આના સંસ્કાર કહે છે કે, એ શરીરનો એટલો પ્રેમ છે. ચૈતન્યની તો ખબર નથી, રહ્યું છે એક શરીરમાત્ર. શરીરમાત્ર રહ્યું છે. એકત્વબુદ્ધિ એટલી છે એમાં.. એટલી એકત્વબુદ્ધિ છે કે ગુલાંટ મારી મારીને એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. આહા..હા...! એના એક દિવસના કેટલા, શું કાંઈક કહેવાય છે ને એક અંતર્મૂહુર્તના ? ત્રણ હજાર સાતસો ને અઠ્યોતેર ? હેં, શું કહે છે ? બોંત્તેર ? હેં ? તોંતેર, જે આંકડો હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇ. હેં ? કેટલા ? એક અંતર્મૂહુર્તમાં એટલા ભવ કરે, લ્યો ! આંકડો જે હોઈ ઇ. એટલો પ્રેમ છે ને ! ભગવાનઆત્માનો પ્રેમ તો ચાલ્યો ગયો છે. ઉગ્ર પ્રેમ ત્યાં એકત્વબુદ્ધિમાં થઈ ગયો છે. ગુલાંટ ખાય છે આમ ફરી ફરીને. એક શ્વાસમાં અઢાર ભવ, આ તે કંઈ વાત છે ! સમજાય છે કાંઈ ? એવા દુઃખોના સમૂહને જન્મ-મરણની વ્યાખ્યાથી આચાર્યે શાસ્ત્રમાં દુઃખની વ્યાખ્યા કરી છે એટલે 'દૌલતરામજી' પણ એ શૈલીએ વાત કરી છે. નહિતર જન્મવું-મરવું એ તો સંયોગ થયો. જન્મ (એ) સંયોગ અને મરણ એ સંયોગનો વિયોગ, પણ એ વખતે એને ભીંસની, મિથ્યાત્વ અને કષાયની એટલી તીવ્રતા છે કે એના દુઃખના જન્મ-મરણ વખતે ભગવાન જાણે ને ઇ વેદે એટલું દુઃખ છે એને. સમજાણું કાંઈ ?

એની વ્યાખ્યા થોડી આપી છે. ઓલાએ એક ફેરી કહ્યું હતું ને ? કે, ભઈ ! નિગોદના દુઃખને શી રીતે... ભાઈએ આપ્યું છે જરી. એક માણસ હોય એને દરેક અવયવોમાં મજબૂત લૂગડાં ભરાવી દ્યે પછી લોઢાના સળિયાથી એને બાંધે અને પછી એક ઝાડ ઉપર એને ટીંગાડે, બાંધીને. કહો સમજાણું આમાં ? ઇ આમ ઝાડ ઉપર બાંધે. લોચો કરીને, હોં ! બધું બંધ કરીને. પછી હેઠેથી અગ્નિ ઝલાવે અને માથેથી કોરડા મારે. એ તો હજી પંચેન્દ્રિયની વ્યાખ્યા છે, એથી દુઃખ તો અનંતગણું છે. એ તો એક લોકોને જરી એમ લાગે ને કે આમ.. મોઢું સીવી નાખ્યું હોય, પછી આમ ચારે કોર ભીડો મારી, શરીરનો ભીડો (મારી) અને લોઢાના ધગધગતા સળિયાથી બાંધી અને લોઢાના સળિયામાં નાખી માથે ઝાડ ઉપર બાંધે અને પછી પીટે. ઉંહકારો કરી શકે નહિ, અવાજ કરી શકે નહિ, હલી શકે નહિ, કાંઈ નહિ ને એકલી પીડા (સહન કરે). એ તો સંયોગથી વાત છે. સમજાવવું શી રીતે ? પણ ખરેખર તો એને સંયોગીભાવનું દુઃખ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં જરી રાડ નાખે ત્યાં તો હાય.. હાય.. આને સારું થઈ ગયું અને મને ખરાબ થઈ ગયું. આને આ થઈ ગયું, ઓલો ચડી ગયો – નાનો ભાઈ ચડી ગયો ને મોટો ભાઈ રહી ગયો. શૂળીએ ચડ્યો હશે, ત્યાં શું છે ? આહા..હા...!

કહે છે, ભાઈ ! તારા દુઃખોની વ્યાખ્યા ભગવાન પણ પૂરી કરી શકે નહિ. શું કહે ? આત્માના અનંતની વાતનો જેમ પાર નથી એમ એની ઊલટી દુઃખની દશાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વેદન, વેદન હોય એને ખબર પડે. ઇ વેદન બીજો જાણે, કેવળી. શું વેદન ? અપાર જ્યાં આખો આત્મા જ જ્યાં મિથ્યાતત્ત્વ અને મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષમાં એટલો ઘંટાઈ ગયો છે કે જેના અક્ષરના અનંતમા ભાગની પર્યાયનો ક્ષયોપશમ જરી જ્ઞાન, દર્શનનો, વીર્ય બીડાય છે. સમજાય છે કાંઈ ? એવી પર્યાયના નિગોદની દુઃખની દશા, કહે છે કે, મુનિઓએ તો ઘણી કીધી છે પણ હું થોડી કહીશ. સમજાણું કાંઈ ? એમાં અનંત કાળ રહે. નિગોદમાં અનંતા પુદ્‌ગલ પરાવર્તન રહે છે. અનંત કાળ કીધો ને માથે ? ન કીધો એમાં ?

'કાલ અનન્ત નિગોદ મંઝાર,...' અનંત પુદ્‌ગલ પરાવર્તન. એક બાદર નિગોદમાં અમથો રહે, એકલો બાદર નિગોદમાં (રહે) તોપણ સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ (રહે). સૂક્ષ્મ નિગોદમાં રહે તો સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ (રહે). બેમાં ફરતો ફરતો રહે તો અઢી પુદ્‌ગલ પરાવર્તન અને એકેન્દ્રિય આદિમાં જઈને એકેન્દ્રિય-નિગોદ, એકેન્દ્રિય-નિગોદ અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તન (કરે). એને શ્વાસ આવી જાય છે, પણ એવા તો અનંતા કાઢ્યા, એમ કહે છે અહીં તો. કાળ અનંત કીધો ને ? અનંત. ભાષા તો પછી શું મૂકે ? આહા..હા...! અરે...! એમાંથી તું માણસ થયો, ભાઈ ! એમ કહે છે. આ બોધિદુર્લભ – સમ્યગ્દર્શન-જ્ઞાન પામવું અને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો ત્યાગ કરવો એ અનંતે કાળે, આ નીકળવું જ દુર્લભ એમાં આ પામવું તો કેટલું દુર્લભ છે ! સમજાણું કાંઈ ?

'દુઃખોના સમૂહ સહન કર્યા...' લ્યો ! '(અને ત્યાંથી) નીકળીને...' એ વાત લીધી છે. નિગોદમાંથી નીકળીને, અહીં તો વાત લેવી છે. નિત્યનિગોદ જે પડ્યા છે એની વાત નથી. એ તો છે, પડ્યા છે. 'પૃથ્વીકાયિક જીવ,...' એ તો એની એક શૈલીથી વાત કરે છે. શાસ્ત્રમાં, 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પણ ઇ શૈલી છે, ભાઈ ! પૃથ્વીકાયિક આદિ, ભાષા એમ બોલાય ને ? બોલાય છે શું ? પૃથ્વી, અપ, તેજો, વાયુ ને... એમ બોલાય છે ને ? પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય. એ રીતે કથન કર્યું છે. નીકળવાની રીત આવી છે એવું કાંઈ નથી. સમજાય છે કાંઈ ?


કહે છે કે, પૃથ્વીનો જીવ થયો. ઇ કેવો જીવ હશે ? આ ખાણની માટી આવે છે ને ? એક કટકીમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરે એક એક જીવ છે. એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક પૃથ્વીમાં રહે તો સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ ત્યાં રહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ કોને કહે ? અસંખ્યાત અબજ વર્ષ. સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ. પૃથ્વીમાં રહે તો અસંખ્યાતા અબજ વર્ષ રહે છે. પૃથ્વીમાં પૃથ્વી (કાયિક) જન્મે ને મરે, પૃથ્વીમાં જન્મે ને મરે. સીધો પૃથ્વીમાં જ નીકળે એવું કાંઈ નથી, પણ એને શાસ્ત્રની કથનની પદ્ધતિ એકેન્દ્રિયની છે એ પદ્ધતિએ વાત કરી છે. પૃથ્વીકાયિક જીવ.




જળ. આ પાણી.. પાણી એક જળનું બિંદુ છે એમાં અસંખ્ય જીવ છે. એમાં એક એક શરીરે એક એક જીવ પાણીમાં પણ એમ ને એમ મરે ને જન્મે તો સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ રહે છે. એ જીવ ત્યાં (એ) સ્થિતિએ રહે. કાયસ્થિતિ, હોં ! ભવસ્થિતિ થોડી છે. જેમ કે પૃથ્વીકાયિકનું એક શરીર છે એ બાવીસ હજાર વર્ષ છે પણ એમાં ને એમાં મરે ને જન્મે, મરે ને જન્મે તો અસંખ્યાતા અબજ વર્ષ રહે. પાણીમાં એક શરીરમાં રહે તો કેટલું સાત હજાર વર્ષ (રહે) ? સાત હજાર વર્ષ એક શરીરમાં, હોં ! એક જ શરીર, પણ મરે ને જન્મે, મરે ને જન્મે. અસંખ્યાતા ક્રોડાક્રોડ. સમજાણું કાંઈ ? સીત્તેર ક્રોડાક્રોડ, અસંખ્યાતા નહિ. અસંખ્યાત અબજ વર્ષ, અસંખ્યાતા અબજ વર્ષ. કહો, એમાંથી નીકળ્યો અને અગ્નિ થયો.

અગ્નિ.. અગ્નિ. આ ચૂલાની અગ્નિ, દીવાસળીની અગ્નિ થાય છે ને ? ભડકો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ જીવ છે. આટલી કણી દેખાય એમાં અસંખ્ય જીવ છે. એક એકમાં એક એક શરીર છે. એક શરીરને એક એક જીવ છે, એમાં એકમાં રહે તો એનું અમુક આયુષ્ય (હોય છે). ત્રણ અહોરાત્ર. એ બધું ભૂલી ગયા. અને એમાં ને એમાં રહે તો સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ રહે. અસંખ્યાતા અબજ વર્ષ અગ્નિમાં મરે ને ઊપજે, અગ્નિમાં મરે ને ઊપજે, અગ્નિમાં મરે ને ઊપજે. ઓ..હો..હો...! સમજાણું આમાં ? ભાઈ ! હવે માણસપણું તમારું આટલું ક્યાંય રહ્યું.

માળો પણ ટાણું આવ્યું ને ત્યારે ઇ ભૂલી જાય છે. ઓલો દાખલો નથી આવ્યો ? નગરનો એક દાખલો આવ્યો હતો ને ? મારે ગામમાં પેસવું છે. નગર હતું ને નગર ? એને ચાર બારણા (હતા). હવે મારે ગામમાં પેસવું છે. હું આંધળો છું. ત્યારે કહે, તને બતાવવા કોણ આવે ? એનો ગઢ હોય ને ? (એને) હાથ અડાડતો જજે, બારણું આવે ત્યારે ગરી જજે. પણ બારણું આવે ત્યારે ખંજાળવા હાથ જરી લઈ લ્યે. ત્યાં બારણું ચાલ્યું જાય. વળી જ્યાં બીજું બારણું આવે ત્યાં પેશાબ કરવાનું મન થાય, ત્યાં બારણું ચાલ્યું જાય. ગઢમાં પેસવાનો પ્રસંગ જ મળે નહિ. એમ ટાણા આવે ત્યારે કાંઈક મારે આ કરવું છે, કાંઈક મારે આ કરવું છે, ધૂળ મારે આ કરવી છે.

કહે છે, અરે...! અગ્નિકાયના જીવ. આહા..હા...! અસંખ્ય અબજ વર્ષ ત્યાં (રહે). સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની કાયસ્થિતિ, હોં ! વળી વાયુકાય થયો, પવન.. પવન. એ પણ જીવ છે, આ વાયુ. એમાંય સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ રહે છે. એક શરીરનું આયુષ્ય એનું કેટલું છે ? સાત હજાર વર્ષ. એક શરીરમાં સાત હજાર વર્ષ રહે. આમ અસંખ્યાતા અબજ વર્ષ રહે. એની કાયસ્થિતિ વાયરામાં રહેવાની અસંખ્ય અબજ વર્ષ. સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ. આ બધે અહીં તું રહ્યો, કહે છે. ભાઈ ! આ બધી આસ્થા કરાવે છે. આ બધું હતું અને ત્યાં તું (રહ્યો). ભગવાને બારોટ થઈને આ તારી કથા માંડી છે. બાપા ! અહીં તું આટલું રખડ્યો. ભાઈ ! તને સમ્યગ્દર્શન પામવા અનંતકાળે મહાસમાગમ મળવો ને પામવું દુર્લભ (છે). આગળ આગળ વાત કરશે.

પ્રત્યેક વનસ્પતિ. નિગોદમાંથી નીકળ્યો છે ને ? એટલે એક શરીરમાં એક જીવ. આ લીમડો, પીપળો. એક પાંદડું છે એમાં અસંખ્ય જીવ છે. લીમડાના એક પાંદડામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસંખ્ય જીવ. એમાં એક એક શરીરમાં એક એક જીવ. એના દુ:ખો પણ ઘણા. સમજાય છે ? પ્રત્યેક વનસ્પતિકાય. ત્યાં પણ સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ રહે. એક શરીરમાં દસ હજાર વર્ષ, પણ કાયસ્થિતિ મરે ને જન્મે, મરે ને જન્મે તો અસંખ્યાતા અબજો વર્ષ (રહે). સીત્તેર ક્રોડાક્રોડી (સાગરોપમ) રહે. એ લીમડા જેવી પ્રત્યેક વનસ્પતિમાં. દૂધી ને કારેલા ને છે ને બધા ? એમાં મરે ને જન્મે, મરે ને જન્મે તોય સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ (રહે). આહા..હા...!

શાક લેવા ગયો ત્યાં ચાર પૈસાના શેર રીંગણા લીધા. નાનો મૂળો માગી લીધો. છોડી સાથે હતી. એમાં ભાઈ પોતે બેઠો હતો. મફતમાં મૂળામાં ગયો. હેં ? આહા..હા...! એને ખબર ક્યાં છે ? આ કેટલી મોંઘી ચીજ છે. ગરીબને ગોળ મળે તો સંતોષ કરે છે આમ.. આમ.. આમ. આને આવો મનુષ્યનો દેહ મળ્યો એમાં શું કરવાનું છે અને શું પામવાનું છે એની દરકાર નથી. એ માટે આ વાતની શરૂઆત અહીંથી જ માંડી છે બધી, હોં ! 'સ્વામી કાર્તિકેયે' કરી છે એ વાત અહીંયાં પોતે કરે છે. સમજાણું ? એ (અન્વયાર્થ) થયો.

ભાવાર્થ :– 'નિગોદ (સાધારણ વનસ્પતિ)માં આ જીવે એક શ્વાસમાત્ર જેટલા સમયમાં ૧૮ વાર જન્મ અને મરણ કરીને ભયંકર દુ:ખ સહન કર્યું છે.' એ તો નિમિત્તથી વાત કરી. શરીર ધાર્યું ને ગયું, એવા સંયોગથી વાત કરે છે. પણ શરીરનો સંયોગ થતાં એમાં એટલું દુ:ખ છે અને વિયોગ થતાં એટલું દુ:ખ (છે) એ દુ:ખની વ્યાખ્યા બતાવવી છે. સમજાણું કાંઈ ? એક આંગળીનું ટેરવું તૂટી તો રાડ નાખી જાય છે કે નહિ ? તો આખું શરીર તૂટી જાય છે. હાય...! એટલું મિથ્યાત્વ અને કષાયનું જોર છે ને ! દુ:ખી.. દુ:ખી.. દુ:ખી.. ટળવળે છે. ભયંકર દુ:ખ સહન કર્યાં.

'ત્યાંથી નીકળી...' જુઓ ! નિગોદમાંથી નીકળી, એમ હોં ! ત્યાંય ભાઈ પાઠ એવો છે, હોં ! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. એ હમણા જોયું. ઓલામાં જરી લખ્યું છે ને એટલે ઇ જોયું. એનું ઘરનું નથી, લોકો નથી માનતા, માળા ! એણે ઘરનું કાંઈ નથી નાખ્યું. બધા શાસ્ત્રના આધાર સહિત છે, હોં ! જુઓ !

जीवो अणंतकालं वसइ णिगोएसु आइपरिहीणो।

तत्तो णीसरिऊणं पुढवीकायादियो होदि।।२८४।।

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાસ્ત્રની ભાષા છે ઇ પ્રમાણે કર્યું છે. પૃથ્વીકાયાદિક થાય. પૃથ્વી, અપકાય એ શૈલી લીધી છે. સમજ્યા ?

तत्थ वि असंखकालं वायरसुहमेसु कुणइ परियत्तं।
चिंतामणिव्व दुलहं तसत्तणं लहदि कट्ठेण।।२८५।।

જુઓ ! હવે આવશે ને ? એ એમની ભાષા છે. જુઓ !

---

# તિર્યંચગતિમાં ત્રસપર્યાયની દુર્લભતા અને તેનું દુઃખ

**દુર્લભ લહિ જ્યોં ચિન્તામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી;**
**લટ પિપીલ અલિ આદિ શરીર, ધર ધર મર્યો સહી બહુ પીર. ૫.**

અન્વયાર્થ :– (જ્યોં) જેમ (ચિન્તામણી) ચિન્તામણી રત્ન (દુર્લભ) મુશ્કેલીથી (લહિ) પ્રાપ્ત થાય છે (ત્યોં) તેમ જ (ત્રસતણી) ત્રસનો (પર્યાય) પર્યાય (દુર્લભ) મુશ્કેલીથી (લહી) પ્રાપ્ત થાય છે. [ત્યાં પણ] (લટ) ઇયળ (પિપીલ) કીડી (અલિ) ભમરો (આદિ) વગેરેના (શરીર) શરીરો (ધર ધર) વારંવાર ધારણ કરીને, (ભર્યો) મરણ પામ્યો [અને] (બહુ પીર) ઘણી પીડા (સહી) સહન કરી.

ભાવાર્થ :– જેવી રીતે ચિંતામણિ રત્ન બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેવી રીતે આ જીવે ત્રસ પર્યાય પણ ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત કર્યો છે. આ ત્રસ પર્યાયમાં પણ ઇયળ વગેરે બે ઇન્દ્રિય જીવ, કીડી વગેરે ત્રણ ઇન્દ્રિય જીવ અને ભમરો વગેરે ચાર ઇન્દ્રિય જીવ, કીડી વગેરે ત્રણ ઇન્દ્રિય જીવ અને ભમરો વગેરે ચાર ઇન્દ્રિય જીવના શરીર ધારણ કરી મર્યો અને ઘણાં દુઃખો સહન કર્યાં. ૫.

---

હવે, 'તિર્યંચગતિમાં ત્રસપર્યાયની દુર્લભતા...' તિર્યંચગતિમાં ત્રસપર્યાયની દુર્લભતા 'અને તેનું દુઃખ.' અહીં સુધી તો વાત કરી નિગોદના દુઃખ, ત્યાંથી નીકળીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ (થયો). ક્રમે થાય એવું કાંઈ નહિ. કોઈ વખત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય પણ ખરો અને કોઈ વખત સીધો મનુષ્ય પણ થાય, કોઈ વખતે પૃથ્વીપણે થાય, કોઈ વખતે નીકળીને સીધો વનસ્પતિ પણ થાય. પણ ઓલી શાસ્ત્રની શૈલી છે ને પૃથ્વી, પાણી એ શૈલીએ વાત કરી. જુઓ ! આ ભાષા 'સ્વામી કાર્તિકેય'ની છે, ભાઈ !

દુર્લભ લહિ જ્યોં ચિન્તામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી;
લટ પિપીલ અલિ આદિ શરીર, ધર ધર મર્યો સહી બહુ પીર. ૫.

'જેમ ચિન્તામણિ રત્ન મુશ્કેલીથી પ્રાપ્ત થાય...' જુઓ ! ભાષા. ચિંતામણિ રત્ન મહાપુણ્ય હોય ને પ્રાણીને મળે છે. લાભ-અલાભનો અત્યારે પ્રશ્ન નથી. આ તો મહાપુણ્યને લઈને ચિંતામણિ રત્ન જેમ મળે છે, એ ચિંતામણિ પથરો થાય છે. એની દેવ સેવા કરતા હોય છે. એટલે જેને એ મળે એની ઇચ્છા પ્રમાણે (વસ્તુ) મળે, પુણ્યને લઈને. એમ દુર્લભતા બતાવીને (કહે છે) 'તેમ જ (ત્રસતણી) ત્રસનો (પર્યાય)...' ઓ..હો...! હજી તો ત્રસપણું, હોં ! નિગોદમાંથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, પ્રત્યેક (થયો), એમાંથી ત્રસ (થયો) એટલી વાત અહીં કરવી છે. સમજાય છે કાંઈ? હજી આ બધી તિર્યંચની વાત ચાલે છે. નિગોદ એ તિર્યંચ છે ને ? નિગોદ છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ બધા તિર્યંચ છે. હવે એમાંથી કહે છે, ત્રસનું પામવું ચિંતામણિ રત્ન સમાન છે. હજી ત્રસ, હોં ! બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય થવું. ઓ..હો..હો...! સમજાણું કાંઈ ?

'ત્રસનો (પર્યાય)...' એટલે શરીર '(દુર્લભ) મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે.' એ એકેન્દ્રિયમાંથી નીકળી, નિગોદમાંથી નીકળીને પ્રત્યેકમાં આવ્યો, પૃથ્વી આદિમાં આવ્યો, એમાંથી નીકળીને ત્રસ થવું (તે, જેમ) ચિંતામણિ રત્નની પ્રાપ્તિ દુર્લભ છે, એમ ત્રસપણું પામવું દુર્લભ છે. બેઇન્દ્રિય ઇયળ થવું દુર્લભ છે, એમ કહે છે, લ્યો ! આહા..હા...! આચાર્ય 'સ્વામી કાર્તિકેય' પોતે કહે છે, હોં ! એનો દાખલો આપ્યો છે. હમણાં શ્લોક વાંચી ગયા ને ? આહા..હા...! પહેલાના ગૃહસ્થો, પંડિતો ઘરની વાત કરતા નહોતા. બધી આચાર્યોએ કહેલી છે એને ટૂંકમાં સંકેલીને જે કંઈ કહેવાનો આશય હોય એ વાત કરતા, ઘરની એકેય વાત કરતા નહિ. મહા ભવભીરૂ હતા. સમજાણું કાંઈ ?

એ 'ત્રસનો પર્યાય મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. (ત્યાં પણ) ઇયળ...' હજી તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, એકેન્દ્રિય વનસ્પતિ, પૃથ્વી, પાણીમાંથી નીકળીને ઇયળ પામવું એ ચિંતામણિ રત્ન પામવા જેવું છે. આહા..હા...! ચિંતામણિ રત્ન જેમ મુશ્કેલ એમ એકેન્દ્રિયમાંથી ઇયળ થવું મુશ્કેલ (છે). ઇયળ.. ઇયળ, બે ઇન્દ્રિય ! આ છાણામાં થાય છે ને ? એક શરીર ને મોઢું (એમ) બે (ઇન્દ્રિય) હોય છે. સમજાય છે ? એકેન્દ્રિય એટલે એક શરીર–સ્પર્શ જ હોય છે. આને (બેઇન્દ્રિયને) શરીર અને મોઢું બે હોય છે. 'ઇયળ, કીડી...' જુઓ ! ક્રમ લીધો છે, હોં ! કીડી એટલે ત્રણઇન્દ્રિય. એમ ક્રમ લીધો છે. કીડીને ત્રણ ઇન્દ્રિય હોય છે. સ્પર્શ, જીભ અને નાક. એ પણ એકેન્દ્રિયમાંથી બે ઇન્દ્રિય અને બેઇન્દ્રિયમાંથી ત્રણઇન્દ્રિય (પ્રાપ્ત થવી) એ ચિંતામણિની રત્નની દુર્લભતાએ પામે છે. અહીંયાં કહે છે, હીરો થોડોક મળે ત્યાં આમ આમ થઈ જાય છે. ઇ તો કહે છે, આ ચિંતામણિ રત્નની પેઠે આ ઇયળ પામવું મુશ્કેલ છે, એમ કહે છે. તારા હીરાની વાત નથી અહીં. સમજાણું કાંઈ ? ત્યાંથી નીકળીને ભમરો (થયો), એ ચૌઇન્દ્રિય છે. એક એક ઇન્દ્રિય ચડી છે. ભમરાને ચાર ઇન્દ્રિય હોય છે, કાન હોતા નથી. એને આંખ હોય છે. સ્પર્શ, આંખ, નાક, જીભ (એમ) ચાર.

'(આદિ) વગેરેના શરીરો...' એના આ તો એક એક નમુનાનું નામ આપ્યું, હોં ! એવા બેઇન્દ્રિયના જીવો, ત્રણઇન્દ્રિયના જીવો, ચૌઇન્દ્રિયના જીવો એ એકેન્દ્રિયમાંથી થવું મહા ચિંતામણિ રત્નની પેઠે મોંઘું છે. સમજાણું કાંઈ ? '(ધર ધર) વારંવાર ધારણ કરીને,...' જુઓ ! પાછુ એક નહિ, એમાંય ઘણો કાળ રહે છે, એની કાયસ્થિતિ મોટી છે. ત્રસમાં, એક ત્રસની સ્થિતિ બે હજાર સાગર. બે હજાર સાગરોપમ ત્રસમાં રહે. ત્રસ એટલે બધું થઈને, હોં ! બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય (બધું). બે હજાર સાગરોપમ. કેટલા વર્ષ થાય એમાં ? અસંખ્યાતા અબજ વર્ષ. બે હજાર સાગરોપમ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ, એવા એવા બે હજાર સાગરોપમ ત્રસમાં રહે. બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય બધું થઈને, હોં ! સમજાય છે ?

'વાંરવાર ધારણ કરીને, (ભર્યો)...' સંયોગથી વાત કરે છે. સમજાય છે ? આમ તો નિગોદમાંથી નીકળીને... આવે છે ને શાસ્ત્રમાં ? 'ભરત'ના બત્રીસ હજાર પુત્રો. લખ્યું છે ને એમાં ? એકદમ મનુષ્ય (થયા). એ તો કોઈ થાય છે. એ તો સીધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મનુષ્યો પણ થાય, સીધા કોઈ મનવાળા પણ થાય છે, કોઈ મન વિનાના પંચેન્દ્રિય થાય, સીધા થાય, એમાં કાંઈ (નહિ). એ તો એક એને સમજાવવાની શૈલી શાસ્ત્રોમાં હોય એમ વાત મૂકે ને ? દસ હજાર, ઓલા બત્રીસ હજાર, કહો ! સમજાણું ? નીકળ્યા. પણ અહીં તો ઉત્કૃષ્ટ વાત બતાવવી હોય એમાં આવી વાત ન કરે. સમજાણું કાંઈ ? ઉત્કૃષ્ટ વાતમાં દુઃખની શૈલી અને ક્રમ બતાવવો હોય એમાં (દુઃખની) ઉત્કૃષ્ટ વાત કરે. એમ હોય ને ? ઇ બતાવવું હોય ને ? ઓલી વાત શું કરવા અહીંયાં બતાવે ?

કહે છે કે, ધર ધર મર્યો. શરીર ધરી ધરીને મર્યો. એક શરીર ધારણ કર્યું ત્યાં બીજું, બીજું ત્યાં ત્રીજું... આહા..હા...! વસ્ત્ર પલટાવવા પડે તે એને આકરા પડે છે. આ કહે છે, શરીર ધરી ધરીને અનંત વાર મર્યો. ભગવાનઆત્મા આનંદનો કંદ પ્રભુ પોતાને ભૂલી અને પર્યાયમાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષને સેવી આવા શરીરને ધારણ કર્યા. કોણ ત્યાં માન ને ક્યાં અપમાન ? એને કોઈ માનતુંય નહોતું કે આ જીવ છે. એકેન્દ્રિય નિગોદના જીવને કોણ માને છે ? એનેય ક્યાં ખબર છે, અમે જીવ છીએ કે નહિ. આ ત્રસ થયો ત્યારે વળી જરી ગતિ કરવા મંડ્યો. આમ વીર્યની ગતિ. એ તો શરીરની ગતિ. કર્મચેતના.. કર્મચેતના. એકેન્દ્રિયમાં તો એકલી મુખ્યપણે કર્મફળચેતના જ છે. પાપના ફળ જ એકલા ભોગવે છે. એકલા દુઃખને ભોગવે છે. ત્રસમાં મુખ્યપણે કર્મચેતના ગણવામાં આવી, બાકી ફળ તો ભોગવે. અહીં ભોગવવાની વાત લીધી છે. અહીં તો કર્મફળચેતના ભોગવવાની દુઃખની વ્યાખ્યા લેવી છે અહીં તો.

‘(મર્યો) મરણ પામ્યો...’ કોણ મરણ પામ્યો ? કે, જીવ મરણ પામતો નથી. શરીર ધારણ કરી કરીને મર્યો, એમ કીધું ને ? શરીનો સંયોગ થયો એ શરીર છૂટ્યું, શરીર (મળ્યું) એ છૂટ્યું, એનું નામ મર્યો, એમ. ‘(અને) (બહુ પીર) (સહી).’ ‘ઘણી પીડા સહન કરી.’ ઘણી પીડા. ઇયળ, કીડી, મકોડા... આહા..હા...! આવડી લાંબી ઇયળ હોય એના ઉપર એક પચાસ મણનો મોટો ઘણ પડ્યો હોય, ઇયળ અડધી દબાણી હોય અને અડધી આઘે રહી ગઈ હોય. હેં ? મણ, બે મણ લોઢું હોય કે નહિ ? લાંબી ઇયળ નથી થતી ? આમ લાંબી હોય એના ઉપર પાંચ મણનો પથરો પડ્યો. અડધી અહીં, અડધી અંદર. સંયોગથી વાત ચાલે છે, હોં ! એને પીડા છે વિકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને એકત્વતાનું. આહા..હા...! આ શરીર હેઠેથી નીકળે નહિ, અહીંથી મરે નહિ. ઇ આમ ટળવળી, ટળવળી, ટળવળી, ટળવળીને મરે. આ બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિયની વાત છે, હોં !

આ માખ્યું જુઓને ! મધમાખી. માથે એવી ભેગી કરી હોય. વાઘરી હેઠે અગ્નિ, ધૂમાડો કરે. મોટી અગ્નિ ! હડ.. હડ.. હડ અગ્નિ કરે. હટ ભાગી જાય. મધ લેવા માટે કરે. એવા દુઃખો, પીડા, ઘણી પીડા સહન કરી, કહે છે. આહા..! જુઓને ! આ ગોળના ઓલામાં–વાઢમાં, ગોળના વાઢમાં એવી માખ્યું પડે ફટ.. મરી જાય. હેં ? કીડ્યું, એવી કીડ્યું નીકળી હોય ને.. ધગધગતા અગ્નિમાં (પડે), ધગધગતા કડાયા હોય ને, કડાયા હેઠે ? એટલા બધા તેલમાં કોણ ત્યાં જોવા જાય ? આમ હડ.. હડ.. (સળગી જાય). ઉધઈ.. ઉધઈ ! એવી સુંવાળી ઉધઈ હોય છે. બહાર નીકળે અને તડકો આકરો લાગે તો સડ.. સડ થઈ જાય, ધાણીની પેઠે સડ.. સડ.. થઈ જાય. એવી '(બહુ પીર સહી)...' એ ટૂંકા શબ્દમાં (કહે છે), બાપુ ! બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિયમાં ક્યાંય સુખની ગંધ નથી.

ભાવાર્થ :– 'જેવી રીતે ચિંતામણિ રત્ન બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેવી રીતે...' આ તો મુશ્કેલીથી પ્રાપ્ત થાય (એમ કહ્યું એમાં) એટલી દુર્લભતા બતાવવી છે, હોં ! આ દુર્લભ છે ને ? આ બોધિદુર્લભ છે. 'આ જીવે ત્રસ પર્યાય પણ ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત કર્યો છે.' નિગોદથી નીકળી પ્રત્યેક ને એમાંથી નીકળીને ત્રસ ઘણા મહા પુણ્ય કર્યા ત્યારે બહાર આવ્યો છે.

'આ ત્રસ પર્યાયમાં ઇયળ વગેરે બે ઇન્દ્રિય જીવ, કીડી વગેરે ત્રણ ઇન્દ્રિય જીવ અને ભમરો વગેરે ચાર ઇન્દ્રિય જીવના શરીર ધારણ કરી મર્યો અને ઘણાં દુઃખો સહન કર્યા.' આહા..હા...! કોને પોકાર કરવા જાય ? ફરિયાદ ચાલે ત્યાં ? આ મને મફતના મારી નાખે છે, અમે અમથા ફરીએ છીએ. કીડી, મકોડા પાણીમાં પડે, અગ્નિમાં (સળગે), કહો, સમજાય છે ? કીડી. કીડીને પાંખુ આવે ને અને પાણીમાં પડે, ફટ દઈને..! પડતા પડતા મોટી પાંખ્યું લાંબી હોય તો ક્યાં પડવું એને ખબર ન હોય. ઇ તો પડતા પડતા આમ અગ્નિ હોય તો ત્યાં પડી જાય. પાંખોનો ભાર થઈ જાય ને, પાંખોનો ? આ નથી થાતા, ઓલા જીવડા ચોમાસામાં (થાય છે ને) ? .... એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં નીકળતા હતા, ખૂણામાં એક ફેરી, તમે હતા કે નહિ ? તમે હતા. ઓલે ખૂણે ખબર છે ને ? ઘણા વર્ષ પહેલા. એકસાથે નીકળતા. અંદરથી નવા નવા ફટ ફટ (નીકળે). બહારથી કાગડા ને પારેવા તૈયાર હોય. પટ (ચાંચ) મારે એટલે ઓલું વચલું કલેવર ખાય જાય અને ઓલી પાંખ છૂટી પડી જાય. પણ એને ને ? ઇ કહે છે કે, અનંતી વાર તારે થયા છે, એમ અહીં કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, ભમરા, માખ્યું, પતંગિયા કચરાય જુઓને રસ્તામાં. મોટા મોટા આવડા પતંગિયા હોય, મોટા આવડા ! બસ ચાલે, બસ. ઘણીવાર રસ્તામાં ચેપાયેલા દેખીએ છીએ. આવડા આવડા મોટા, હોં ! પીળા ચેપાય ગયેલા.

હવે તિર્યંચગતિમાં અસંજ્ઞી અને સંજ્ઞીનો ક્રમ લીધો પાછો. તિર્યંચ ગતિમાં પણ મન વિનાના પંચેન્દ્રિય થાય છે અને મનવાળા થાય છે એવા પણ તેં ભવ અનંતા કર્યા. ઇ શાસ્ત્રમાં આમાં–'સ્વામી કાર્તિકેયે' આ ક્રમ લીધો છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ જ કહે છે કે, તું હવે કાળ મળ્યો માટે અવસર ચેતી લે, એ માટે તો આ વાત કરે છે. મોંઘું, બાપુ ! માણસપણા મોંઘા, એમાં ધર્મ પામવો, સાંભળવું મોંઘું. આહા..હા...! જુઓને ! આ બહારની પદવી માટે ધમાધમ ચાલતી હશે કે નહિ ? હેં ? ઓલો કહે હું પદવીમાં આવું, ઓલો કહે હું આવું. અરે..! પણ ઇ ક્યાં બાપા તારી પદવી ? ભાઈ ! શું મળ્યું છે ને શું મેળવવું છે એ આખું રહી જાય છે. આવા માંડ માંડ ભવ મળ્યા.

---

## તિર્યંચગતિમાં અસંજ્ઞી અને સંજ્ઞીનાં દુઃખો

કબહૂં પંચેન્દ્રિય પશુ ભયો, મન વિન નિપટ અજ્ઞાની થયો;
સિંહાદિક સૈની હૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬.

અન્વયાર્થ :– [આ જીવ] (કબહૂં) કયારેક (પંચેન્દ્રિય) પંચેન્દ્રિય (પશુ) તિર્યંચ (ભયો)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયો [તો] (મન વિન) મન વગર (નિપટ) અત્યંત (અજ્ઞાની) મૂર્ખ (થયો) થયો [અને] (સૈની) સંજ્ઞી [પણ] (હ્વૈ) થયો [તો] (સિંહાદિક) સિંહ વગેરે (ક્રૂર) ક્રૂર જીવ (હ્વૈ) થઇને (નિબલ) પોતાથી નબળાં, (ભૂર) ઘણાં (પશુ) તિર્યંચો (હતિ) હણી-હણી ખાધાં.

ભાવાર્થ :– આ જીવ ક્યારેક પંચેન્દ્રિય અસંજ્ઞી પશુ પણ થયો તો મન વિનાનો હોવાથી અત્યંત અજ્ઞાની રહ્યો; અને કોઇક વખત સંજ્ઞી થયો તો સિંહ વગેરે ક્રૂર-નિર્દય થઇ, પોતાનાથી નિર્બલ અનેક જીવો મારી નાખીને ખાધા અને ઘોર-અજ્ઞાની થયો. ૬.

---

કબહૂં પંચેન્દ્રિય પશુ ભયો, મન વિન નિપટ અજ્ઞાની થયો;
સિંહાદિક સૈની હ્વૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬.

એ બધી શૈલી લીધી છે. 'આ જીવ ક્યારેક પંચેન્દ્રિય...' વિકલેન્દ્રિયમાંથી નીકળે ને ? બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિયમાંથી નીકળ્યો. એ તો ક્રમ લીધો છે. એ તો પાધરો કો'ક પંચેન્દ્રિય પણ થાય, એનું કાંઈ નહિ. સમજાય છે કાંઈ ? કોઈ વખતે. તેથી કહ્યું ને 'ક્યારેક પંચેન્દ્રિય...' થયો અને પાંચ ઇન્દ્રિય મળી. કાન પણ મળ્યા. ઓલા ભમરા સુધી ચાર ઇન્દ્રિય હતી, પછી કાન મળ્યા. પાંચ ઇન્દ્રિય મળી પણ '(મન વિન) મન વગર...' '(નિપટ અજ્ઞાની)' મન ન મળે એટલે અત્યંત 'મૂર્ખ થયો...' લ્યો ! મન ન મળે ત્યાં શિક્ષા ગ્રહણની તાકાત ન મળે. મૂર્ખ.. મૂર્ખ.. મૂર્ખ.. થયો, મન વિના નિપટ અજ્ઞાની રહ્યો. ગમે એ મોટો મન વિનાનો પ્રાણી હોય એને શિખામણ આપો તો શું ગ્રહણ કરવાની શક્તિ છે ? તેથી કહે છે, મન વગર નિપટ.

મોટા ભરફોદા થાય છે, હોં ! પંચેન્દ્રિય. સર્પો કેટલાક મન વિનાના હોય છે. કેટલાક, હોં ! મોટા મોટા હાથી થાય એવા, હોં ! મન વિનાના સાધારણ દેખાવ. મન વિનાના અસંજ્ઞી માછલા (થાય). આ તો ઘણા સંજ્ઞી છે પણ મન વિનાના પાધરા અધ્ધર માછલા થાય. મન ન હોય, અસંજ્ઞી. ભાન ન મળે. મળી પાંચ ઇન્દ્રિય. મળી મૂર્ખતા અને અજ્ઞાનદશા. આહા..! એમાંથી કહે છે કે, આ મનુષ્યપણું અને એમાં દુર્લભ (ભવમાં) સમ્યગ્દર્શન પામવું એ મુશ્કેલ છે. પામ્યો તો હવે ચૂકીશ નહિ એમ હજી આગળ કહેશે. હેં ? આવે છે ને પાછળ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'(સૈની) સંજ્ઞી (પણ) થયો...' આ મન વિનાનો હતો એમાંથી મરીને વળી પંચેન્દ્રિય મનવાળો થયો, મન મળ્યું. 'સિંહ વગેરે ક્રૂર જીવ થઈને...' દેખો ! સિંહ થયો. ક્રૂર ! હરણિયાને તો આમ ફટાક પકડે. જરીયે દયા હશે સિંહને ? ક્રૂર આમ મોટુ મોઢું. મારીને ચીરીને ...

ભગવાનનો જીવ પણ જુઓને ! 'મહાવીર' ભગવાનનો જીવ આવે છે ને દસમા ભવમાં ? હરણિયા ઉપર આમ થાપ મારે છે. આ..મ મારે છે. આહા..હા..! એમાં વળી મુનિ નીકળ્યા અને (બોધ આપે છે), 'અરે...! જીવ અરે...! શું કરો છો આ તમે ? તમે તો દસમા ભવમાં તીર્થંકર થવાના. અમે સર્વજ્ઞ કેવળી પાસે સાંભળ્યું છે. આ શું કરો છો ? પંચેન્દ્રિયનો પંચેન્દ્રિય મારે ? આ ગજબ શું



છે આ ?' (સિંહ) આમ થંભી જાય છે. જુઓ ! હજી તો દસમે ભવે તીર્થંકર થવાના છે ઇ હરણને મારે છે. આવા ભવ ભાન વિના ક્રૂર થઈને (કર્યા). સિંહ ક્રૂર (થઈને) આમ બટકા ખાય. એક કોર ઘેટા ઓલી કોર લીલું ખડ મોઢે ખાતા હોય. પાછળ સિંહ પૂંઠે ખાય. એનો એવો સ્વભાવ હોય.

આ મોટા રાજા જાય છે ને ? શું કરવા ? શિકાર ! માચડા બાંધે. ત્યાં ઘેંટાને બાંધે, પાડાને બાંધે અને સિંહ આવે. ઓલું ઘાસ નાખ્યું હોય ઇ ઘેટું ખાતો હોય અને પાછળથી સિંહ કાપે. એક વાણિયાને જોવા લઈ ગયા. (એક શેઠ) હતા. દરબાર લઈ ગયા, શેઠ ! ચાલો તો ખરા. એ જાણે કે ના ક્યાં પાડવી. ત્યાં અંદર ઓલા માચડામાંથી જોયું બહારમાં ઓલો પાડો બાંધેલો અને દીપડો, સિંહ આવે એને મારે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ કહે, 'ભાઈ ! આ અમારે ન જોવાય.' (એક) શેઠ હતા. (એ કહે), 'અમારે આમ ન હોય, અમારું આ કામ નહિ.' (ત્યારે દરબાર કહે છે), અરે...! માળા વાણિયા વેવલા એટલું જોઈ ન શકો ? આહા..હા...! બાપા ! અત્યારે શું થાતું હશે ઇ ભગવાન જાણે. હેં ? અત્યારે નરકમાં એની રાડ્યું અને એની પીડા, એ ભગવાન જાણે અને એ ભોગવે. ... શું થાશે હવે ? ભવિષ્યમાં થાવું હોય એ (થાશે). ગોલણ ગાડાં ભરે. આ હાથે કરીને આ હાથે ભોગવીએ. અમે ક્ષત્રિય કહેવાઈએ. વાણિયા વેવલા નથી અમે કે અમે બી જાઈએ. બહુ સારી વાત છે, ભાઈ ! મરીને જાઈશ ત્યાં વેવલાથી પણ હલકો થઈને મરીને દુઃખી થઈશ. એની એક સમયની પીડા એક સેંકડની એની પીડા ઇ જાણે. એટલું વર્ણન ભગવાન કરે. અને અત્યારે ત્યાં હેઠે પડ્યો છે. મોટા મોટા રાજાઓ મરીને નરકમાં પડ્યા છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે, 'સિંહ વગેરે ક્રૂર જીવ થઈને પોતાથી નબળાં,...' પ્રાણીને મારે. આહા...! નહોતું હમણાં એક ફેરી આવ્યું ? સિંહ અને અજગરની લડાઈ. સિંહ અને અજગર. અજગર તો મોટો જબરો, સિંહને લીધો ભરડો. સિંહનો અજગરે આમ ભરડો લીધો. વચ્ચે પેટમાંથી. ઓલો છૂટવા માટે મહેનત કરે, મહેનત કરે. ચોવીસ કલાક. એવો ભરડો લીધો કે સિંહને લોહી કાઢી નાખ્યું. મરી ગયો. મર્યો એટલે કાઢી નાખ્યો. અજગર... અજગર. મોટો જબરો હતો, સિંહને મારી નાખ્યો. અહીં કહેશે ને ? નબળા, સબળાનું કહેશે, પછી કહેશે. સબળવાળો આમ નિર્બળને મારી નાખે છે. અજગર થાય છે ને ? મોટા મોટા અજગર. એની આંખ્યુંમાં એવું હોય છે (કે) આમ મોટા ઘોડા ચાલ્યા હોય ઇ ખેંચાય જાય. અજગરમાં એવું હોય. મોટા અજગર ચાલે શી રીતે ? દોડીને ક્યાં જાય ? કુદરતે એની આંખ્યું એવું કર્યું કે, આમ કરે ત્યાં નાના નાના ઘોડા એના પેટમાં ખેંચાય આવે. મોઢામાં આવી જાય અને પછી ખાય. ઓ..હો..હો...! એવા અનંત વાર સંજ્ઞી પંચેન્દ્રિય ક્રૂર થયો તો નબળાને મારી, ચીરીને ખાધા. અહીં તો વ્યાખ્યા સંયોગથી કરવી છે ને ? ખાય શકે કે નહિ, ઇ વળી અહીં નક્કી નથી કરવું, હોં પાછું. આહા..!

'નબળાં ઘણાં તિર્યંચો હણી–હણી ખાધાં.' પાઠ શું છે ? જુઓ ! હેં ? હણી નાખ્યા. લ્યો ! અત્યારે સિદ્ધ શું કરવું છે ? વાત સમજવી જોઈએ ને! હેં ? આવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ કર્યા ત્યારે ઓલો હણાણો એમાં દુઃખ થયું, એમ કહે છે. ભાષા શું કહે પણ ? જુઓ ! આ હણી નાખ્યા. એ આવ્યું કે નહિ આમાં ? અરે...! ભગવાન ! 'સૈની હ્વૈ ક્રૂર, નિબલ પશુ હતિ' એક શબ્દ 'ખાયે ભૂર.' બીજો શબ્દ. ઘણા હણી–હણીને ખાધાં. લ્યો ! ખાઈ શકે છે કે નહિ ? અહીં તો સંયોગથી એને દુઃખની વ્યાખ્યા બતાવવી છે. ક્રૂર સિંહ થયો એટલે મારીને ખાધા. મોઢું પકડે, પેટ (પકડે). મોટી ભેંસ હોય ને ? સિંહ એનું આળ પકડે, આળ ખાય. પડે ને આમ હેઠે નાખે.

(એક ભાઈ) કહેતા હતા ને ? એક ફેરી બે સિંહ આવ્યા હતા એના ગામમાં. ભેંસને પકડી, મોટી ભેંસ. એના આઉ ખાતા હતા. બે સિંહ બેઠા હતા. પોતે જોવા ગયા, શું કરે છે ? એક સિંહને જોયો, આમ જોયું ત્યાં બીજો. સવાર પડી ત્યાં બેય ચાલ્યા ગયા. ભેસનું આઉ ખાઈ ગયા હતા. તરફડી તરફડીને મરી ગઈ. આળ.. આઉ જ ખાય, માલ અંદરનો. આહા..હા...! આખું શરીર પડ્યું રહ્યું. ક્રૂરતા કરી. સમજાણું ? કહે છે, 'ઘણાં તિર્યંચો હણી–હણી ખાધાં.' એક, બે નહિ પાછા, એમ કહે છે. ઘણા જોવે કે નહિ એને ? સિંહ આદિને તો ઘણા જોઈએ. અજગરને કેટલાય પશુ આદિ જોઈએ.

ભાવાર્થ :– 'આ જીવ ક્યારેક પંચેન્દ્રિય અસંજ્ઞી પશુ પણ થયો તો મન વિનાનો હોવાથી...' જુઓ ! આવી પણ એક દશા હોય છે. મન વિના પંચેન્દ્રિય પણ થાય છે. પંચેન્દ્રિય થાય અને મનુષ્ય થાય એવું કાંઈ નથી. 'અત્યંત અજ્ઞાની રહ્યો;...' 'છ ઢાળા'માં બધી વાત બહુ સારી કરી છે. પહેલી દુર્લભ ભાવનાથી વર્ણવીને વસ્તુનું વર્ણન કરશે. 'અને કોઈક વખત સંજ્ઞી થયો...' મનવાળો થયો, સિંહ વગેરે. સિંહ, હાથી, ઘોડા, વાઘ, નાગ એ બધા ક્રૂર થયા. ક્રૂર નિર્દય થયા. નિર્દય. મગરમચ્છ દરિયામાં હોય, મોટા મગરમચ્છ નાનાને ગળે. શું કહે છે ? મચ્છગળાગળ નથી કહેતા ? હેં ? મચ્છગળાગળ કહે છે ને ? મોટો મચ્છ જ નાનાને ગળે આખો. દેડકું હોય એણે મોઢામાં મચ્છરને પકડ્યું હોય, એ દેડકાને નાનો સર્પ પકડે, નાનાને ઓલો મોટો પકડે. એમ ને એમ ચાલ્યું જાય. દેડકાએ એક માખીને મારવા, ખાવા મોઢામાં પકડી હોય, એ દેડકાને બીજા મોટા (સર્પે) પકડ્યો હોય, એને પછી એનાથી મોટાએ પકડ્યો હોય. આવી પીડા અને આવા ભવ જીવે અનંત વાર કર્યા. બારોટ જેમ એની પૂર્વની

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કથા માંડે એમ ભગવાને તારી કથા માંડી છે, લે ! મુનિ જેમ કથા કહે એમ કથા કહીશું. ભાઈ ! આહા..હા...!

'સિંહ વગેરે ક્રૂર–નિર્દય થઈ, પોતાનાથી નિર્બળ...' પોતાથી જે હલકા પ્રાણી નિર્બળ છે (એવા) 'અનેક જીવો મારી નાખીને...' લ્યો ! મારી નાખીને એટલે એવા મારી નાખવાના ભાવ થયા અને એની ક્રિયા થઈ. શબ્દ શું બોલે ? વ્યવહારથી વાતું બધી વ્યવહારની જ હોય વધારે. સમજાવવું હોય તો એમ કહે કે, ના, ના. એણે મારી નથી નાખ્યા. એણે ભાવ કર્યો હતો. એમ કહે ત્યાં ? અહીં બતાવવું છે શું ? જન્મ-મરણ કર્યાં માટે દુઃખી થયો, એમ કીધું, લ્યો ! શરીરનો સંયોગ-વિયોગથી એમ વ્યાખ્યા કરી. વ્યાખ્યા કરે ત્યારે એને સમજાવવું છે શું ?

'ઘોર અજ્ઞાની થયો.' મારીને ખાધા. માંસ ખાધા. સમજાય છે ? સિંહ એવા હોય છે કેટલાક, ક્રૂર. થોડું વાગ્યું હોય તો કપટ કરે. જ્યાં લેવા આવે ત્યાં એને જ મારે. પકડે, ગળે. થયું હતું ને અહીં ? 'ગોંડલ'નું નહિ ? ફટાયાનો દીપડો હતો મોટો. આમ પડ્યો હતો. ત્યાં એક જણ ગયો તો (એને ખાઈ ગયો). હાય.. હાય...! જોડે રહેલા માણસ શું કરે ? ક્રૂરતા.. ક્રૂરતા.. ક્રૂરતા...! ક્રૂર એનું મોઢું જ ક્રૂર હોય. દીપડા આ..મ (હોય). ઇ આવશે. આમાં ઇ વાત તો રહી ગઈ, હોં ! હેં ? ચિત્રમાં રહી ગઈ. એક વાતમાં કંઈ બધી હોય છે ? ચિત્ર છે કે નહિ આમાં ? હેં ? જુઓ !

ઓલામાં કીધું છે ને ? ઇ એકેન્દ્રિય નિગોદની વ્યાખ્યા કરી. લ્યો ! પછી ઓલો જન્મ્યો, મરણને પ્રાપ્ત થયો. જુઓ ! પૃથ્વી, પાણીના દાખલા આપ્યો છે, હોં ! માણસ રાખ્યો છે. પછી આ બતાવ્યું જુઓ ! આ. એમ કહે છે. ચિંતામણિ ત્રસ પર્યાય, એમ કહીને ફૂદડા ને એવા દાખલા આપ્યા છે. આ



please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બતાવે છે, જુઓ ! આવું પામવું દુર્લભ છે. એમ એમાં ફોટો મૂક્યો છે, હોં !

એમાંથી સિંહ લીધો, જુઓ હવે આ. આ સિંહ. આ હરણને ઊંધો પાડીને મારે છે, જુઓ ! આમ કરીને. અહીં પંખી રાખ્યું છે, અહીં એક સર્પ રાખ્યો છે હેઠે, આમ કરીને. સર્પ ઉપર ચડીને ઓલાને મારવા જાય અને ઓલી કાબર જાણે સર્પને મારું, સર્પ જાણે એને મારું. સમજાય છે ? એવા ક્રૂર. અહીં સુધી આવ્યું છે ને હજી તો ? 'સિંહાદિક સૈની હ્વૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર.' ભૂર નામ વારંવાર, એકાકાર. સર્પને મારે. એવા પાપ અનંત વાર કર્યાં અને અનંતા દુઃખો સહન કર્યાં પણ ક્યાંય એને આરો આવ્યો નહિ.




છ ગાથા કીધી, લ્યો ! સાતમી ગાથા (આવશે). આમાં દાખલા ઠીક આપ્યા છે, હોં ! ચિત્તાનું કર્યું છે, હોં ! આ શ્વાસનો દાખલો આપ્યો છે. આ શ્વાસ.. શ્વાસ. એક શ્વાસમાં (અઢાર વાર). ઠીક ! આ નિગોદ, ઠીક !

✲

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, પોષ વદ ૧૩, બુધવાર
## તા. ૧૯--૧--૧૯૬૬, ગાથા ૭ થી ૧૨, પ્રવચન નંબર–૩

આ 'છ ઢાળા'માં પહેલી ઢાળ ચાલે છે. છ પ્રકારના દેશી પણ છે અને છ પ્રકારના કથનની વિધિ પણ ફેર છે, દરેકમાં ભિન્ન છે ને ? દરેક ઢાળમાં. પહેલી ઢાળમાં ત્યાંથી લીધું છે. નિગોદથી માંડીને દુઃખનું વર્ણન કર્યું છે. કેમ કર્યું ? એ બીજી ઢાળમાં આવશે. બીજી ઢાળ છે ને ? એમાં આવશે. જુઓ ! 'ઐસે મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ...' બીજી ઢાળનો પહેલો શ્લોક છે ને ? વર્ણવવાનો હેતુ શું છે ? કે, અનાદિનો અજ્ઞાની આત્મા, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રને વશ થઈને ચાર ગતિમાં દુઃખોને સહન કરે છે. એ વાત સિદ્ધ કરવી છે.

આત્માના ભાન વિના, આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અંતર એનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના (દુઃખ સહન કર્યાં). તેથી 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં બોધિદુર્લભ ભાવનામાં જ આ વ્યાખ્યા છે. અનંતકાળ ચોરાશીના અવતારમાં, અહીં લીધું છે નિગોદથી, 'સ્વામી કાર્તિકેયે' પણ એ રીતે લીધું છે. નિગોદથી નીકળી અને કોઈ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો થાય, ત્યાંથી કોઈ પશુ મન વિનાના થાય, કોઈ મનવાળા પશુ થાય, ત્યાંથી મરીને નરકમાં જાય, ત્યાંથી મરી કોઈ મનુષ્ય થાય, ત્યાંથી મરીને કોઈ દેવ થાય. એમ એવી રીતે ભાઈએ વર્ણન લીધું છે. આ શૈલી આચાર્યની શૈલી છે એ શૈલી અહીંયાં લીધી છે.

આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એના અંતરના સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના એણે ચોરાશીના અવતાર અનંતકાળથી એક એકમાં અનંત વાર જન્મ્યો ને મર્યો. એના દુઃખનું વર્ણન કરે છે. એ દુઃખો મળ્યા કેમ ? કે, મિથ્યાદર્શન, જ્ઞાન ને ચારિત્રને લઈને. એથી બીજી ઢાળમાં (એમ કહ્યું કે), 'ઐસે મિથ્યાદગ–જ્ઞાન–ચર્ણ, વશ...' એમ કહ્યું ને ? 'ભ્રમત ભરત દુઃખ જન્મ મર્ણ; તાતૈં ઇનકે તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન.' આ પહેલી ઢાળમાં દુઃખનું વર્ણન બતાવવાનો હેતુ કે, મિથ્યાદર્શન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનને કારણે આવા દુઃખો સહન કર્યા માટે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છોડ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અંગીકાર કર. એ બતાવવા માટે આ વાત કરી છે.

---

## તિર્યંચગતિમાં નિર્બળતા તથા દુઃખો

**કબહૂં આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન;**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭.**

અન્વયાર્થ :– [આ જીવ તિર્યંચગતિમાં] (કબહૂં) કયારેક (આપ) પોતે (બલહીન) કમજોર (ભયો) થયો [તો] (અતિદીન) અસમર્થ થવાથી (સબલનિ કરિ) પોતાનાથી બળવાન પ્રાણીઓ વડે (ખાયો) ખવાયો [અને] (છેદન) છેદાવું, (ભેદન) ભેદાવું, (ભૂખ) ભૂખ, (પિયાસ) તરસ, (ભારવહન) બોજો ઉપાડવો, (હિમ) ઠંડી, (આતપ) ગરમી [વગેરેના] (ત્રાસ) દુઃખો સહન કર્યાં.

ભાવાર્થ :– જ્યારે આ જીવ તિર્યંચગતિમાં કોઇ વખત સ્વયં નિર્બલ પશુ થયો તો પોતે અસમર્થ હોવાથી પોતાનાથી બળવાન પ્રાણીઓ દ્વારા ખવાઇ ગયો અને તે તિર્યંચગતિમાં છેદાવું, ભેદાવું, ભૂખ, તરસ, ભારવહન કરવો, ઠંડી, ગરમી વગેરેના દુઃખો પણ સહન કર્યાં. ૭.

---

હવે આપણે અહીંયાં છ ગાથા પૂરી (થઈ છે), સાતમી આવી છે. તિર્યંચગતિના નિર્બળતાના દુઃખો.

**કબહૂં આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન;**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭.**

શું કહ્યું ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું કે અનાદિથી નિગોદના દુઃખો એણે અનંત સહન કર્યા. એક શ્વાસમાં અઢાર ભવ ધારણ કર્યા, આવી ગઈને એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત ? ત્યાંથી કદાચિત્ કોઈ મર્યો તો એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાં આવ્યો. એમાંથી ત્રસપણું પામવું તો મહારત્નની પેઠે દુર્લભ કહ્યું ને અંદર ? ચિંતામણિ રત્ન પામવું જેમ દુર્લભ છે એમ એકેન્દ્રિયમાંથી ત્રસપણું પામવું મહાદુર્લભ છે. એ બધી શૈલી વર્ણવી છે એ શાસ્ત્ર પ્રમાણે વર્ણવી છે. સમજાણું કાંઈ ?

અહીંયાં હવે કહે છે કે, એમાંથી તિર્યંચમાં આવ્યો. નિગોદમાંથી (નીકળી) મનવાળો પ્રાણી થયો. એમાં કેવા દુઃખો સહન કર્યા એ વાત કરે છે. '(આ જીવ તિર્યંતગતિમાં) ક્યારેક (આપ) પોતે કમજોર થયો...' મિથ્યાદર્શન, જ્ઞાનને કારણે ઢોરમાં અવતર્યો. સમજાણું કાંઈ ? એ કારણ આ બતાવવું છે અંદર. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાનને કારણે આવા તિર્યંચમાં અવતર્યો, બળહીન થયો–કમજોર (થયો) '(તો) અસમર્થ થવાથી પોતાનાથી બળવાન પ્રાણીઓ વડે ખવાયો...' સંયોગથી દુઃખનું કથન કર્યું છે, હોં ! સમજાણું કાંઈ ? જુઓ ! આમાં છે. છે ને આમાં ? ચિહ્ન ઓલું આપ્યું છે, શું કહેવાય ? ચિત્ર. બળહિન જે હરણ છે, જુઓ ! ભાગે છે. એને ચિત્તો પાછળ પકડે છે. આમ.. એમાં સામે ઝાડ આવે છે. આમાં સામે ઝાડ છે. સમજાણું ? હરણના ભવ કર્યા. મિથ્યાશ્રદ્ધા,




મિથ્યાજ્ઞાન દ્વારા નિગોદમાંથી નીકળીને પંચેન્દ્રિય થયો ત્યાં દીનતાને કારણે સિંહે માર્યો. સમજાણું કાંઈ ? અને પછી વિશેષ કહેશે, જુઓ !

'બળવાન પ્રાણીઓ વડે ખવાયો...' ખવાયો એટલે ? એનું શરીર ખાય ગયા. શરીર ખાય ગયાથી વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ ? શરીર ખવાણું. કોણે ખાધું ? જુઓ ! શરીર ખાય શકે છે ને બીજા ? ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates





મુમુક્ષુ :– ના, સાહેબ !

ઉત્તર :– તો આ શું ખવાયું ? એ તો દુઃખનું સંયોગથી વર્ણન કરે છે કે, નિર્બળ પ્રાણીને સબળ પ્રાણીએ મહા પ્રહાર કરીને માર્યા, વિંધ્યા, પાણી છાંટ્યા, ઉંદરને આમાં પકડે છે ને ? પાંજરામાં. પાંજરામાં ઉંદર પકડી અને પછી ઉપરથી નાખે ઊના ઊના ધગધગતા પાણી. ધગધગતા પાણી, હોં ! નજરે જોયા છે, ત્યાં અમારે 'પાલેજ'માં. મુસલમાનની દુકાન છે. અનાજની દુકાન એટલે ઉંદર બહુ થાય. એનો એક માણસ ઉંદર પકડીને નીકળ્યો હતો. ત્યાં ઉપરથી ધગધગતા પાણી નાખતો. એવા દુઃખો (સહન કર્યા). હવે ક્યાં જાવું ઉંદરને ? એ તો સંયોગથી વર્ણન કરે છે. રાગ.. રાગ એકત્વબુદ્ધિ છે ને ? શરીર ને રાગ હું છું, શરીર ને રાગ હું છું. ચિદાનંદ ભગવાનઆત્માની ખબર નથી. એથી એવી એકત્વબુદ્ધિને લઈને ત્યાં ખવાયો, રંધાણો, માર્યો એવા દુઃખો અનંત વાર ત્યાં સહન કર્યા. કહો, સમજાણું ?




'છેદાવું,...' લ્યો ! છે ને એમાં આની કોર ? જુઓ ! અહીં છેદે છે. આ ઢોરને નથી છેદતા ? નથ બાંધે છે, બાંધીને નપુંસક કરે છે, ઇન્દ્રિય કાપે છે. એ આમ કરીને (છેદે). ભગવાનઆત્મા પોતાની શાંતિનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદ સ્વભાવ, એને અનાદિથી ભૂલી અને આવા દુ:ખો એણે સહન કર્યાં. સમજાણું ?

'ભેદાવું,...' ભેદાય. કટકા કર્યાં. લ્યો ! શિકારી અથવા કસાય લોકોએ પકડીને જુઓને ! ખટાખટ કટકા કરે છે. 'રાજકોટ'માં કસાઈના ઘર પાસેથી દિશાએ જવા નીકળીએ ને ? ખટ ખટ આમ કાપતા હોય. એવા દુ:ખો આત્માને ભૂલી શરીર ને રાગની એકતામાં, આસ્રવ ને અજીવની એકતામાં, અત્યારે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ ? આસ્રવ અને અજીવથી ભિન્ન છે એના ભાન વિના એની એકતામાં આવા દુ:ખો અનંત વાર સહન કર્યાં. એનો વિશેષ ખુલાસો આગળ કરશે.




વળી, 'ભૂખ,...' લાગી, ભૂખ – ક્ષુધા. ઢોરને ક્ષુધા કેટલી લાગે, જુઓને ! સમજાણું ? મળે નહિ. બિચારા કૂતરા તો.. 'કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટક્યા, ત્યાં ભૂખના વેઠ્યા ભડકા' આવું પહેલા 'પાલેજ'માં સાંભળતા, ભાઈ ! 'પાલેજ'માં એવી વાતું હોય ને ? ત્યાં બીજી આવી તત્ત્વની વાત ક્યાં હતી ? એમાં એક સાધુ 'પાલેજ'માં આવતા. પછી આવું પહેલું ગાતા. લ્યો, પહેલું સાંભળેલું આ. 'કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટક્યા, ત્યાં ભૂખના વેઠ્યા ભડકા રે... ભૂધરજી તમને ભૂલ્યો.' ભૂધરજી એટલે ભગવાનને





please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભૂલ્યો, એમ. ત્યાં દેરાવાસીનું દેરાસર છે ત્યાં ઉતરે. પછી અમે રાત્રે જઈએ. આ વાત કરતા. તત્ત્વની વાત તો હતી નહિ. આવા દુઃખો સહન કર્યા એમ (કહે). અહીં પણ એમ હતું, 'દામનગર'. નારકીના ચિત્ર બતાવે. જૂના પહેલાના સાધુ હોય ને ? જુઓ ! હુકા પીવે તો આમ થાશે, બીડી પીવે તો આમ થાશે, પરસ્ત્રીને ભોગવશો તો આમ થાશે. ઓલાને આમ દુઃખો બતાવે. પણ ઇ દુઃખ બતાવવાનો હેતુ શું છે ? હેં ? મિથ્યાશ્રદ્ધા આત્માના ભાન વિના એણે વિકાર અને સંયોગની ચીજને પોતાની માની સ્વભાવને ભૂલી ગયો, એ ભૂલમાં એણે આવા અનંત ભ્રમણ કર્યા.

'તરસ,...' આ પાણીની તરસ, આ ઢોરની વાત છે, હોં ! અત્યારે. 'બોજો ઉપાડવો,...' માથે ભાર (ઉપાડવો). જુઓ ! અહીં કર્યું છે ને ? જુઓ ! એટલો ભાર છે તો બળદ આમ પડી જાય છે. 'કલકત્તા'માં સો-સો મણ ભાર ભરે છે, નહિ ? હેં ? ખબર છે. લાંબા ગાડા ને એટલા ભાર ભરે, બોજો ભરે. ભાર-વહન, છેદન–કપાવું, માથે દબાવું એવા દુઃખો અનંત વાર સહન કર્યા.




'ઠંડી,...' જંગલમાં ઠંડી પડે અને એ હરણના નાના બચ્ચા.. હા..ય.. ઠંડીમાં શેકાય જાય. 'ગરમી...' ગરમી એવી પડે કે આમ ઝીણા ત્રસ મરી જાય. જુઓને ! આ ચકલા ને કાબરું નથી આવતી ? ઉનાળામાં ચકલા, કાબરું આમ હાંફે. હાંફીને મરી જાય, બહુ ગરમી લાગે. એવા દુઃખો દરેક જીવે અનંત વાર સહન કર્યા. ચાર ગતિમાં આમાં તિર્યંચ ગતિની વાત છે. 'દુઃખો સહન કર્યા.' લ્યો ! સમજાણું ?

ભાવાર્થ :– 'જ્યારે આ જીવ તિર્યંચગતિમાં કોઈ વખત સ્વયં નિર્બળ પશુ થયો તો પોતે અસમર્થ હોવાથી પોતાનાથી બળવાન પ્રાણીઓ દ્વારા ખવાઈ ગયો અને તે તિર્યંચગતિમાં છેદાવું, ભેદાવું, ભૂખ, તરસ, ભારવહન કરવો, ઠંડી, ગરમી વગેરેના દુઃખો પણ સહન કર્યા.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## તિર્યંચના દુઃખની અધિકતા અને નરકગતિ પ્રાપ્તિનું કારણ

વધ બંધન આદિક દુખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;
અતિ સંકલેશ ભાવતૈં મર્યો, ઘોર સ્વભ્રસાગરમેં પર્યો. ૮.

અન્વયાર્થ :– [આ તિર્યંચગતિમાં જીવે બીજાં પણ] (વધ) હણાવું, (બંધન) બંધાવવું (આદિક) વગેરે (ઘને) ઘણાં (દુખ) દુઃખો સહન કર્યાં, [તે] (કોટિ) કરોડો (જીભતૈં) જીભથી (ભને ન જાત) કહી શકાતાં નથી. [આથી કરીને] (અતિ સંકલેશ) ઘણા માઠાં (ભાવતૈં) પરિણામોથી (ભર્યો) મરણ પામીને (ઘોર) ભયાનક (સ્વભ્રસાગરમેં) નરકરૂપી સમુદ્રમાં (પર્યો) જઇ પડયો.

ભાવાર્થ :– આ જીવે આ તિયંચગતિમાં હણાવું, બંધાવું વગેરે ઘણાં દુઃખો સહન કર્યાં જે કરોડો જીભોથી પણ કહી શકાય તેમ નથી. અને અંતે એવા અત્યંત માઠાં પરિણામો (આર્તધ્યાન)થી મર્યો કે મહામુશ્કેલીથી પાર કરી શકાય તેવા સમુદ્રસમાન દુસ્તર નરકમાં જઇ પહોંચ્યો. ૮.

---

'હવે તિર્યંચના દુઃખની અધિકતા અને નરકગતિ પ્રાપ્તિનું કારણ.' ત્યાંથી નરક લીધું છે, ભાઈ ! 'સ્વામી કાર્તિકેયે' એમ લીધું છે. નિગોદથી તિર્યંચ અને તિર્યંચથી નરક.

વધ બંધન આદિક દુખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;
અતિ સંકલેશ ભાવતૈં મર્યો, ઘોર સ્વભ્રસાગરમેં પર્યો. ૮.

'(આ તિર્યંચગતિમાં જીવે બીજાં પણ) હણાવું, બંધાવવું,...' જુઓને આ શિકારી લોકો અથવા કસાઈખાનામાં. 'વગેરે ઘણાં દુઃખો સહન કર્યાં;...' એ તિર્યંચના દુઃખોને ગ્રંથકાર કહે છે, કરોડો જીભથી અમે કહીએ તો કહી શકાતું નથી. કરોડો જીભથી કહીએ તો એના દુઃખો (કહી શકાતા નથી). ભૂલી ગયો, પણ ભૂલી જાય ને ? માણસ થાય ત્યાં ભૂલી જાય ને ? 'કરોડો જીભથી કહી શકાતાં નથી.' એવા તિર્યંચના દુઃખ. કાપે, કટકા કરે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકવાર 'ધંધૂકા'માં એક મોટી ગાયને બરાબર શણગારીને ગામમાં ફેરવી હતી. એ ગાયને રાતમાં આખી બાંધીને પૂરી. મોઢું બંધ કરીને બાંધી. મુસલમાનોએ કર્યું હતું. 'ધંધુકા'માં મુસલમાનોએ (કર્યું હતું). પછી ઝીણા ઝીણા ઝીણા કટકા કરી કાપી નાખી. એને પછી વહેંચી દીધું. આહા..હા...! સમજાણું કાંઈ ? એવા દુઃખો ઢોરના, આત્માના ભાન વિના (સહન કર્યા). હું કોણ છું ? મારી જાત શું છે ? મારે શું જોઈએ ? મારે શું પ્રાપ્તિ કરવી અને શું છોડવું ? એના ભેદજ્ઞાનના ભાન વિના આવા અનંતા અવતારમાં આવા દુઃખો ભોગવ્યા.

એક જાણો કહેતો હતો, અમારે ભાઈ કહેતા. પારસી લોકો એના પાડોશી હતા. ભૂંડના પગને લોઢાના સળિયા સાથે બાંધી, ભૂંડને જેમ શકરીયું શેકે, શકરીયા, એમ ભૂંડને અગ્નિમાં નાખી દીધું. શેકાય પછી ખાય. આહા..હા...! આખા ભૂંડને એમ ને બાફીને આમ જીવતું નાખે. પછી અગ્નિ ઉપર નાખે. એવા દુઃખો ભાઈ એણે જોયા નથી, સાંભળ્યા નથી, એને ખબર નથી. અહીં જરીક દુઃખ ને પ્રતિકૂળતા થાય ને



અપમાન થાય.. હેં ! તરત તીખો થઈ જાય. હેં.. અમારું અપમાન ! પણ મફતમાં આવા દુઃખો ઘણીવાર સહન કર્યા. મફતમાં મૂળામાં વેંચાઈ ગયો. તારી કિંમત કાંઈ નથી. ધર્મની કિંમત કર્યા વિના તેં આવા દુઃખો સહન કર્યા. કહે છે, કરોડ જીભથી પણ કહી શકાય નહિ. જુઓ ! અંદર છે ને ? બે બળદ કર્યા છે, હોં ! વધ–બંધન પછી આવશે.

મુમુક્ષુ :– ... કેમ યાદ નહિ રહેતું હોય ?

ઉત્તર :– જન્મ્યા પછી છ મહિનામાં શું થયું હતું યાદ રહે છે ? અહીં જન્મ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી મહિનામાં પહેલા હતા કે નહિ ? હેં ? માંના ખોળામાં બેસીને રોતા હતા, ઉં..ઉં.. કરતા હતા ઇ બધું યાદ છે ?

મુમુક્ષુ :– નથી. આ કહે છે.

ઉત્તર :– પણ તમને ખબર નથી ને ! એમ આ અહીં કહે છે. જુઓને ! કાલે ઓલો છોકરો ઉંઆ.. ઉંઆ.. કરતો હતો, બહુ રોતો હતો ને ? આ છોકરાને, બાળકને કાંઈ ભાન ન મળે. એને અનુકૂળ શું, પ્રતિકૂળ શું એની ખબર ન મળે. બાળપણામાં દુઃખ ઘણું છે, હોં ! આગળ આવશે. બાળપણામાં ઘણું દુઃખ, અંદર ભાન ન મળે, આકુળતા (થાય). આમ બેસવું હોય તો આમ સૂવડાવે, આમ સૂવડાવે તો આમ બેસાડે. કાંઈ ખબર ન મળે એને બિચારાને. દુઃખ.. દુઃખ.. દુઃખ, ઘણું દુઃખ છે બાળપણામાં. સમજાણું ? એ દુઃખની ખબર છે અત્યારે ? શું હતું ? ત્યાં તમારી ડોસીએ શું કર્યું હતું 'આંકડિયા'માં ? (યાદ નથી) એટલે નહોતું ? એમ અનાદિનું આ છે. એની મા કહીને યાદ કરે, એમ અહીં ભગવાન કહીને યાદ કરે છે, એમ એને યાદ કરાવે છે. કહો, ભાઈ ! આહા..હા...!

કહે છે, એવા દુઃખો ઘણાં સહન કર્યા. 'અતિ સંક્લેશ ભાવતૈં મર્યો.' તિર્યંચની વાત છે. સમજાય છે ? ઘણા સંક્લેશ. જુઓ ! એનો દાખલો આપ્યો છે. જુઓ ! અહીં. ગાય.. ગાયનો. એક ગાય છે ને મરતા એને (ખાય છે). અહીંયાં એક ગાય હતી. અમે (એક ભાઈના) મકાનમાં હતા. એમાં થયું હતું એને ઓલું.. શું કહેવાય




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ? હડકવા. ગાય મોટી. હડકવા, લ્યો ! બે દિ' ફર્યા ફરે. અમારે તો ઊંચું મકાન ને હેઠે ફરતી હતી. જોડે જ ઓલો પાછળ એક વડ છે ત્યાં પડી અને પછી પંખીઓ અને કૂતરાઓ આવીને છોલે અને રાડેરાડ બરાડા (પાડે). મરી ગઈ. બે દિ' નહિ પાણી, નહિ આહાર. એવા દુઃખો અનંત વાર (સહન કર્યા). અહીં તો સંયોગથી વર્ણન કરે છે. ભિન્ન ભિન્ન સંયોગમાં એની દુઃખની એકતા કેવી હોય છે એમ બતાવીને મિથ્યાદર્શનના ફળ તરીકે આવા (દુઃખો) વેઠવા પડ્યા છે એમ કહે છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ?

સંક્લેશથી મર્યો. એ ગાય, એ બધા જુઓને ઘણા. ઉપરથી આ ઉંદર હોજમાં પડે. આ હોય છે ને ? મિલના પાણી ઊના ધગધગતા (હોય) એમાં પારેવા પડે. પારેવા બિચારા. સર્પ મોટા નીકળ્યા હોય ઇ પડે. ઇ બળી જાય, આમ.. હાય.. હાય.. ભડથા ! એવા ભવો તિર્યંચમાં સંક્લેશ ભાવે ઘણા કર્યા. ત્યાંથી મરીને 'ઘોર (સ્વભ્રસાગરમાં)...' લ્યો. ત્યાંથી તિર્યંચમાંથી નરકમાં ગયો, એવી શૈલી ઉપાડી છે. એ ઢોર મરીને ત્યાંથી એવા ભૂંડા પરિણામ કર્યા, ભૂંડા–માઠા, કે મરીને ગયો નરકમાં. 'ભયાનક નરકરૂપી સમુદ્રમાં જઈ પડ્યો.' 'સ્વભ્રસાગર' એને ઉપમા આપી નરકરૂપી દરિયામાં જઈને પડ્યો. ઢોરમાંથી નીકળીને નારકી થયો.

એક ઘેંટાને તો પીઠમાંથી લોઢાનો ધગધગતો સળિયો નાખી અને મોઢામાં કાઢતો હતો. જીવતું ઘેંટુ ! પીઠમાંથી લોઢાનો ધગધગતો સળિયો નાખી, લૂગડે પકડી આમ પીઠમાંથી મોઢે (બહાર કાઢ્યો). ઇ કેવી પીડા હશે ! પીડા એકતાની છે મૂળ તો, પણ સંયોગની સ્થિતિથી વર્ણન બીજું કરે શું શાસ્ત્રકાર ? નિમિત્તથી, સંયોગથી, વ્યવહારથી બધું વર્ણન કરે. એ દશા ભૂલી ગયો. ભગવાન આનંદકંદ પ્રભુ છે. જેની નજરુંમાં અતીન્દ્રિય આનંદ આવે એવો એ આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદની શ્રદ્ધા ને જ્ઞાનને ભૂલી આવા દુઃખો અનંત વાર સહન કર્યા. સમજાય છે કાંઈ ? 'મહામુશ્કેલીથી પાર કરી શકાય તેવા સમુદ્રસમાન દુસ્તર નરકમાં જઈ પહોંચ્યો.' ગયો નકરની અંદર.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# નરકભૂમિ અને નદીનું દુ:ખ

તહાં ભૂમિ પરસત દુખ ઇસો, બિચ્છૂ સહસ ડસે નહિં તિસો;
તહાં રાધ-શ્રોણિતવાહિની, કૃમિકુલકલિત દેહદાહિની. ૯.

અન્વયાર્થ :– (તહાં) એ નરકમાં (ભૂમિ) જમીન (પરસત) સ્પંર્શવાથી (ઇસો) એવું (દુખ) દુ:ખ [થાય છે કે] (સહસ) હજારો (બિચ્છૂ) વીંછીઓ (ડસે) ડંખ મારે તો પણ (નહિં તિસો) એના જેવું દુ:ખ થતું નથી. [વળી] (તહાં) ત્યાં [નરકમાં] (રાધ-શ્રોણિતવાહિની) લોહી અને પરુ વહેવડાવનારી [એક વૈતરણી નામની નદી છે] જે (કૃમિકુલકલિત) નાના નાના ક્ષુદ્ર કીડાઓથી ભરેલી છે અને (દેહદાહિની) શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી છે.

ભાવાર્થ :– એ નરકની જમીનનો સ્પર્શ માત્ર કરવાથી નારકીઓને એટલું દુ:ખ થાય છે કે, હજારો વીંછીઓ એકી સાથે ડંખ મારે તોપણ તેટલું દુ:ખ થતું નથી. વળી એ નરકમાં પરુ, લોહી અને નાના નાના કીડાઓથી ભરેલી અને શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી એક વૈતરણી નદી છે; જેમાં શાંતિલાભની ઇચ્છાથી નારકી જીવ પ્રવેશ કરે છે પણ ત્યાં તો તેની પીડા વધારે ભયંકર થઇ પડે છે.

(જીવોને દુ:ખ થવાનું મૂળ કારણ તો તેની શરીર સાથેની એકત્વબુદ્ધિ અને મમતા જ છે. જમીનનો સ્પર્શ વગેરે તો માત્ર નિમિત્ત-કારણ છે.) ૯.

---

હવે 'નરકભૂમિ અને નદીનું દુ:ખ' વર્ણવે છે. લ્યો, હવે ઇ આકરી વાત પાછી (આવી).

તહાં ભૂમિ પરસત દુખ ઇસો, બિચ્છૂ સહસ ડસે નહિં તિસો;
તહાં રાધ-શ્રોણિતવાહિની, કૃમિકુલકલિત દેહદાહિની. ૯.

જુઓ ! અહીંયાં દાખલો આપ્યો છે, જુઓ આ ! હજારો વીંછી વળગાડ્યા છે, જુઓ ! એક ઠાકરિયો વીંછી સરખાઈનો કરડે તો રાડ નાખી જાય અને તરત બે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘડીમાં મરી જાય. એવા ત્યાં નરકની અંદર નારકીઓ બીજા વીંછીઓ મહા આકરા કરી અને આખા શરીરને (વળગે). જુઓ ! આ દેખાવ કર્યો, જુઓ આ ! એક તો નારકીઓ નપુંસક છે. આ બધા માંસ ખાય, દારૂ પીવે, શિકાર કરે, લંપટિયો બધા એ મરીને ત્યાં નરકમાં અનંત વાર ગયા. દરેક જીવ અનંત વાર ત્યાં નરકની અંદર ઊપજ્યો. હજારો વીંછી એને કરડે એનું દુઃખ ન હોય એથી અનંતગુણું દુઃખ ત્યાં છે. આહા..હા...! કહો, ભાઈ ! શું છે અહીં તમને ?

'એ નરકમાં જમીન સ્પર્શવાથી એવું દુઃખ (થાય છે...)' જમીનને અડવાથી, હોં ! સ્પાર્શવાથી અનંતગણું દુઃખ થાય. જાણે હજારો વીંછી કરડતા હોય, હજારો આકરા ઝેરીલા વીંછી આમ ડંખ મારે તો હાય... હાય..! એવા એક એક ઠેકાણે દોડે જુઓ ! આ બધા દાખલા આપ્યા છે. વીંછી.. વીંછી.. વીંછી.. વીંછી.. ચારે કોર.




અનાદિકાળનો આત્મા પરિભ્રમણમાં રહ્યો, મોક્ષમાં તો ગયો નથી. મોક્ષ એટલે પોતાની શુદ્ધતા તો પામ્યો નથી. ત્યારે ઇ રહ્યો ક્યાં ? ઇ પહેલું વર્ણન કરે છે. સમજાણું કાંઈ ? કેમ રહ્યો ? કે, મિથ્યાદર્શનને લઈને. મૂળ તો કારણ મિથ્યાદર્શનને લઈને. સમજાણું કાંઈ ? તેથી પછી એનું ક્રમવર્ણન કરશે. મિથ્યાદર્શન, કુદેવ, કુગુરુ, ગૃહીત-અગૃહીતનું પછી સમકિતનું પછી જ્ઞાનનું પછી ચારિત્રનું. એમ કરીને છ ઢાળ પૂરી કરશે. બાર ભાવના છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નરકના જમીનની સ્પર્શ એવી તીખી તીખી છે, એ કાંઈ ડાભનો અથવા ગોખરુનો એક કાંટો આટલો જરી વાગે, ચૂંભે ત્યાં એને આમ થઈ જાય છે. એથી અનંતગુણી જમીન તીખી નરકની છે. એવી તીખી જમીન છે અને નારકીજીવ જે છે, અહીંથી મરીને જ્યાં નારકી ઊપજે છે એના જે માથે ઊપજવાના સ્થાન છે ઇ આમ ઊંધા છે, આમ. આમ ઊંધા (છે). ત્યાં ઊપજે એવો પડે હેઠે. ઇ ઊપજે ત્યાં પણ તીખા શસ્ત્રો ભરેલા છે. આકરા અંદરથી (છે), એમાં ઊપજે. હાય.. હાય...! બીલમાં ઊપજ્યા ભેગો હેઠે નરકમાં. હેઠે છત્રીસ પ્રકારના શસ્ત્રો હોય છે. ઊંચા શસ્ત્રો આવે છે ને ? ઊંચા ઘણા પ્રકારના આકરા તીખા શસ્ત્રને અડે ત્યાં કપાઈ જાય એવા. એમાં નારકી ઉપરથી પડે ફડાક દઈને હેઠે. કહો, સમજાણું કાંઈ ? આ રાજા, મહારાજા માંસ ખાનારા ને આ બધા લંપટીઓ હોય છે ને ? માંસ, દારૂ ખાનારા, મધના ખાનારા એ બધા મરીને ત્યાં નરકના મહેમાન થાય છે. હેં ? આહા..હા...!

અનાદિનો છે, ઇ ક્યાં નવો આત્મા છે ? શરીર આવા નવા નવા ધાર્યા છે. અનાદિથી એણે આવા ભાન વિના નરકની અંદરમાં એવા દુઃખો સહન કર્યા કહે છે, એમાંથી કપાય, છેદાય, ભેદાય. આહા..હા...! રાડ નાખી જાય પછી. એમ કરતાં હજારો વીંછીઓ ડંખ મારે તો એના જેવું દુઃખ થતું નથી. એના જેવું દુઃખ થતું નથી એટલે શું ? ઓલા હજારો વીંછીના દુઃખ કરતા આ ઘણું દુઃખ (છે), એમ કહે છે. એટલું બધું અહીં દુઃખ છે કે ઓલું હજારો વીંછીનું તો એની પાસે ગણતરી નહિ. એટલું દુઃખ નરકમાં છે. પણ આનંદને ભૂલીને તીવ્ર મિથ્યાત્વ સેવ્યા હોય, જેટલો આનંદ, સહજાનંદ પ્રભુઆત્મા છે એની દૃષ્ટિના ભાન ન મળે, એના જ્ઞાન ન મળે, એટલી ઊંધાઈ અનંતી કરી છે, ઊંધાઈ એટલે એના દુઃખમાં અનંતપણું જ અંદરમાં આવે. પોતે આનંદમૂર્તિ છે. એનાથી વિરુદ્ધ એક વિકલ્પ રાગ, દેહ, વાણી, મન એના અભિમાન–આ અમારા, આ અમે, એ મિથ્યાશ્રદ્ધામાં એણે આવા દુઃખ અનંત વાર સહન કર્યા. સમજાણું ?

એમાંથી (એને એમ થાય છે કે), લાવને નદીમાં જાઉં. એમ વિચાર થાય. બહુ દુઃખ લાગે, બહુ દુઃખ લાગે. હાય.. હાય...! રાડ નાખે, અરે..રે...! આ દુઃખ તે શું હશે ? અહીં મોટા રાજા હોય, મહેલમાં સૂતા હોય, મખમલની પથારીમાંથી જઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાં પડે હેઠે. સમજાણું ? અબજોપતિ મોટા મિલના માલિક હોય, મહા કરોડોપતિ હોય, મહા અધર્મ કર્યા હોય, દેડકા અનેક માર્યા હોય, અનેક માંસાદિ ખાતા હોય, દારૂ પીતા હોય, ખાનગી માછલા ખાય. આહા..હા...!

'રાજકોટ'માં એક વાણિયો કહેતો હતો, મહારાજ ! કેટલાક વાણિયા એવા છે કે બહાર કૂકડાને લઈ (જઈ .એમ કહે), શેરો કરજો, હોં ! કૂકડાનો સારો શેરો કરજો. વાણિયો કહેતો હતો. આહા..હા...! એમ પાછો રગડવો હોં ! કહો. આવા પાપ, કાળા કેરના ! કૂકડાને મારી અને રવાનો શેરો કરે ને સરખો ? ઘરે બાયડી તો કરવા દ્યે નહિ, વાણિયાના ઘરે, એટલે બીજાને ત્યાં પરબાર્યા બહાર કરે. હવે આવા કાળા કેર કરે ને મરીને નરકે જાય. એ કાંઈક કિંમત ભરીને જાય છે ને ? કે મફત જાય છે ? હેં ? કિંમત આપીને જાય છે. આહા..હા...!

અહીં એક રસની પીડા થઈ હોય, રસ થાય છે ને ? રસ. શું કહે છે ? રસની પીડા. એ પીડા વીંછી કરડે એવી, હોં ! એ પીડા દૂઝતા ન હોય ને એમ ને એમ.. શું કહેવાય એનું નામ ? ઇ પીડા.. પીડા.. પીડા.. પીડા.. ઇ કહેતા હતા, આ પીડા વીંછીની પીડાથી વધારે છે. પૂંઠમાં હેઠે નીકળે તો લોહી જાય નહિ. પીડા.. પીડા.. પીડા...! મોટો .... એમાંથી. નરકની તો એથી અનંતગુણી છે. આહા..હા...! કોના માન કરવા ને કોનાથી અધિકપણે થવું, મનાવવું ? સમજાણું કાંઈ ?

એમાં બહુ દુઃખ થાય (એટલે) '(રાધ–શ્રોણિતવાહિની) લોહી અને પરુ વહેવડાવનારી...' વૈતરણી નદી. એ ખરેખર તો નારકીઓ વૈતરણી નદીનું રૂપ ધારણ કરે છે. નરકના બીજા નારકીઓ હોય એ શરીરનું વૈતરણી નદીનું પ્રવાહી રૂપી ધારણ કરે. એમાં ઓલા બીજા આવીને પડે. સમજાણું ? માંહોમાંહે નારકીઓ જ એવું કરે. 'લોહી અને પરુ વહેવડાવનારી (એક વૈતરણી નામની નદી છે) જે (કૃમિકુલકલિત) નાના નાના ક્ષુદ્ર કીડાઓ...' મગરમચ્છ, ક્ષુદ્ર કીડાઓ એ પણ નારકીઓ થાય, હોં ! અંદર. બીજા નારકીઓ એવા થાય. ઓલો નારકી આવે (એટલે) બટકા ભરે, કટકા કરે, છેદે. હાય... હાય...! બહારથી અહીંયાં આવ્યા (એટલે) જાણે નદી છે એટલે શીતળતા થાશે. ત્યાં તો આહા..હા...! પોકાર.. પોકાર.. અરે..રે...! ક્યાં જાવું ? 'કીડાઓથી ભરેલી છે અને શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી છે.' લ્યો ! સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates






શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી એવી નદી મહાદુઃખ (ઉત્પન્ન કરનારી છે).

ભાવાર્થ :– ‘એ નરકની જમીનનો સ્પર્શ માત્ર કરવાથી નારકીઓને એટલું દુઃખ થાય છે કે, હજારો વીંછીઓ એકી સાથે ડંખ મારે તોપણ એટલું દુઃખ થતું નથી. વળી એ નરકમાં પરુ, લોહી અને નાના નાના કીડાઓથી ભરેલી અને શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી એક વૈતરણી નદી છે;...’ આ બધું આચાર્યે કહેલું છે, હોં ! ભગવાને જોયેલું એવું સાંભળેલું, એવું કહ્યું છે. ‘જેમાં શાંતિલાભની ઇચ્છાથી નારકી જીવ પ્રવેશ કરે છે પણ ત્યાં તો તેની પીડા વધારે ભયંકર થઈ પડે છે.’ મૂળ તો એકત્વબુદ્ધિનું (દુઃખ) છે. જુઓ ! અંદર લખ્યું છે. વાત તો સંયોગથી બતાવાય ને બધી ? ખાવું, ખાય છે, પીવે છે, કટકા કરે, બટકા ભરે ઇ બધા સંયોગ છે. વસ્તુ તો પ્રભુઆત્મા પોતાની જ્ઞાનજાતને, આનંદજાતને ભૂલી દેહ–શરીર, વાણી, પુણ્ય-પાપના વિકલ્પો એમાં એકત્વ થાય છે એની તારતમ્યતાના દુઃખોનું આ બધું વર્ણન છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## નરકનાં સેમરવૃક્ષ, શરદી અને ગરમીનાં દુઃખ

**સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર;**
**મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીતઉષ્ણતા થાય. ૧૦.**

**અન્વયાર્થ :-** (તત્ર) તે નરકમાં (અસિપત્ર જ્યોં) તરવારની ધાર માફક તીક્ષ્ણ (દલજુત) પાંદડાવાળા (સેમર તરુ) સેમરનાં ઝાડ [છે, જે] (દેહ) શરીરને (અસિ જ્યોં) તરવારના માફક (વિદારૈં) ફાડી નાખે છે. [અને] (તત્ર) ત્યાં [એ નરકમાં] (ઐસી) એવા પ્રકારની (શીત) ઠંડી [અને] (ઉષ્ણતા) ગરમી (થાય) થાય છે [કે] (મેરુ સમાન) મેરુ પર્વત જેવડો (લોહ) લોઢાનો ગોળો પણ (ગલિ) ગળી જઇ (જાય) શકે છે.

**ભાવાર્થ :-** એ નરકમાં ઘણાંય સેમરનાં ઝાડો છે, તેનાં પાંદડાં તરવારની ધાર જેવાં તીક્ષ્ણ છે. જ્યારે દુઃખી નારકી ઝાડના પાંદડાંઓ તેની ઉપર પડી, તે નારકીઓના શરીરને ચીરી નાખે છે. અને એ નરકોમાં એટલી ગરમી થાય છે કે એક લાખ જોજનની ઊંચાઈવાળા સુમેરુપર્વત જેવડો લોઢાનો પિંડ પણ * ઓગળી જાય છે, તથા એટલી ઠંડી પડે છે કે સુમેરુ સમાન લોઢાનો ગોળો પણ ગળી x જાય છે.

---

* मेरुसम लोहपिंडं, सीदं उण्हे विलम्मि पक्खित्तं ।
  ण लहदि तलप्पदेसं, विलीयदे मयणखंडं वा ।।

(ત્રિલોકપ્રજ્ઞપ્તિ, દ્વિતીય મહાધિકાર)

*** અર્થઃ-** જેવી રીતે ગરમીમાં મીણ પીગળી જાય છે, (પાણીની માફક ચાલવા લાગે છે) તેવી રીતે સુમેરુ જેવડો લોઢાનો ગોળો ગરમ બિલની અંદર ફેંકવામાં આવે તો વચમાં જ ઓગળવા માંડે છે.

X मेरुसम लोहपिंडं, उण्हं सीदे विलम्मि पक्खित्तं ।
  ण लहदि तलप्पदेसं, विलीयदे लवणखण्डं वा ।।

x અને જેવી રીતે ઠંડ-વરસાદમાં મીઠું ઓગળી જાય છે-પાણી ફેંકવામાં આવે તો વચમાં જ ઓગળવા લાગે છે. પહેલી, બીજી, ત્રીજી અને ચોથી નરકની ભૂમિઓ ગરમ છે. પાંચમી નરકમાં ઉપરની ભૂમિ ગરમ તથા નીચે ત્રીજો ભાગ ઠંડી અને છઠ્ઠી તથા સાતમીની ભૂમિ ઠંડી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દસમી.

સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર;
મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીતઉષ્ણતા થાય. ૧૦.

આ પણ શાસ્ત્રનો પાઠ છે, હોં ! તે નરકમાં જીવે અનંત વાર મિથ્યાદર્શનને લઈને નરકની યોનિમાં ધારણ કર્યા. કહે છે કે, 'તરવારની ધાર માફક તીક્ષ્ણ પાંદડાવાળા સેમરનાં છાડ...' એના શરીરને વિદારી નાખ્યા. માથે પડ્યા. હેઠે જરી ઠંડક લેવા જાય, નદીમાંથી નીકળીને નારકી બહાર જ્યાં ત્યાં માથેથી તરવારની ધાર જેવા પાંદડા (પડે). પચીસ-પચીસ મણના લોઢાના ગોળા જેવા એના ફળ હોય (એ) માથે પડે. સમજાણું ? એ તરવારની માફક વિદારી નાખે છે.

'(એ નરકમાં) એવા પ્રકારની ઠંડી...' એવી ઠંડી હોય છે (કે), એક લાખ જોજનનો ગોળો મેરુ જેટલો હોય, આ મેરુ પર્વત છે ને ? એક લાખ જોજનનો મેરુ પર્વત છે. એક જોજન બે હજાર ગાઉનો, એવો લાખ જોજનનો મેરુ, એવડો એક લોઢાનો ગાળો કરે, એવી ઠંડી ત્યાં છે કે એ ગોળાના રજકણો એક ક્ષણમાં વીંખાય જાય. મેરુ જેટલો લોઢાનો ગોળો જેની ઠંડીમાં એ ગોળો નાખે, હજી તો આમ નાખે, હેઠે ન પોગે ત્યાં એના બધા રજકણો ઓગળી જાય, ગળી જાય, પાણીની પેઠે ખલાસ થઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા...! એમાં સાગરોપમ રહેવાનું. ભૂલી ગયો પણ ઇ, નહિ ? ભાઈ ! આહા..હા...! એક રાત આકરી જાય તોય એને કેવું લાગે છે ? અરે..! કોઈ નહિ ને રાત આકરી એવી ગઈ, તરફડિયા મારી મારીને ગઈ. સવાર કાઢી ઇ મારું મન જાણે છે. એમ કહે છે ને કેટલાક ? ભાઈ !

માસ્તર એક ફેરી કહેતા હતા, હોં ! માસ્તર એકલા રહેતા, ઇ એક ફેરી કહેતા હતા. આખી રાત એવું થાય છે. સહુ સૂતા હોય. સૂતા હોય ને જાગે તોય એને કરે શું પણ અંદર ? એ માણસની વાત તો સાધારણ છે. અહીં તો નરકની અંદર લોઢાનો ગોળો ટીપીને મેરુ જેવડો એક કરે, ઇ ઉષ્ણતામાં નાખે તો જેમ ઘીનો લોચો ઓગળી જાય એમ એની ગરમીમાં એ ઓગળી જાય. (મેરુ પર્વતની) ઊંચાઈ જેટલો પિંડ પણ ઓગળી જાય. 'એટલી ઠંડી પડે છે કે સુમેરુ સમાન લોઢાનો ગોળો પણ ગળી જાય છે.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જેવી રીતે લોકોમાં કહેવાય છે કે ઠંડીથી હાથ ઠુંઠવાઈ ગયા,...' નથી કહેતા ? એવા ત્યાં શરીર ઠંડીને લઈને ઠુંઠવાઈ જાય. અને 'હીમથી ઝાડ અથવા અનાજ બળી...' જાય છે. હીમ પડતાં અનાજ પણ બળી જાય છે ને ? હીમ પડે એટલે આ રીંગણી બહુ બળે. હીમ પડે ને ? રીંગણા.. રીંગણા. બધા સડ.. સડ.. સડ થઈ જાય. એટલી ઠંડી નરકમાં (છે). ઉધઈના શરીર જેમ તડકો લાગે ને તડ.. તડ થઈ જાય એમ આ ત્યાંના નારકીના શરીરો સડ.. સડ થઈ જાય. સમજાણું ? પણ પાછા ભેગા થઈ જાય, કટકા ભેગા થઈ જાય. ઓ..હો..હો...! ભગવાન યાદ કરાવે છે આ. આહા..હા...! મિથ્યાદર્શનના ફળથી વાત કરી. મિથ્યાશ્રદ્ધા-ગૃહીત મિથ્યાત્વ કે અગૃહીત મિથ્યાત્વ. ગૃહીત અજ્ઞાન કે અગૃહીત અજ્ઞાન અને મિથ્યાચારિત્ર એવા સેવ્યા અનંતકાળમાં, કોઈ દિ' એણે સમ્યગ્દર્શન શું છે ? કેમ પ્રાપ્ત થાય ? એની રીત પણ કોઈ દિ' પકડી નહિ. આહા..હા...!

કહે છે, 'ઘણાંય સેમરનાં ઝાડો છે, તેનાં પાંદડાં તરવારની ધાર જેવાં તીક્ષ્ણ છે, જ્યારે દુઃખી નારકી છાયા મળવાની ઇચ્છાથી તે ઝાડ નીચે જાય છે, ત્યારે તે ઝાડના પાંદડાઓ તેની ઉપર પડી, તે નારકીઓના શરીરને ચીરી નાખે છે.' એટલી ગરમી કે લાખ જોજનનો ગોળો પણ ગળી જાય. લ્યો ! એ 'લોઢાની અંદર એકદમ ઉગ્ર ઠંડીના કારણે ચીકણાઈ ઓછી થવાથી તેનો સ્કંધ વીખરાઈ જાય છે.' એટલી પીડા.. એ ઠંડીની. અનંતી ઉષ્ણતા, અનંતી ઠંડી. જુઓને ! આ હીમ પડે તો આ આખા ઝાડ બળી જાય છે. રીંગણાના ઝાડમાં રીંગણા આમ થઈ જાય. જાણે અગ્નિ પડી હોય એવું થઈ જાય. એવી ઠંડીની પીડા, આ શરીર બધા આમ મડદાં જેવા રહે. સમજાણું કાંઈ ? વરસાદમાં મીઠું ઓગળી જાય એમ મેરુ સમાન લોઢાનો ગોળો ઓગળી જાય. એ દસમી (ગાથા પૂરી) થઈ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## નરકમાં અન્ય નારકીઓ, અસુરકુમાર તથા પ્યાસનાં દુઃખ

**તિલ-તિલકરૈં દેહકે ખંડ, અસુર ભિડાવૈં દુષ્ટ પ્રચણ્ડ,**
**સિન્ધુનીરતૈં પ્યાસ ન જાય, તોપણ એક ન બૂંદ લહાય. ૧૧.**

**અન્વયાર્થ :–** [એ નરકમાં નારકી જીવ એકબીજાના] (દેહકે) શરીરના (તિલ-તિલ) તલના દાણા જેવડા (ખંડ) ટુકડા (કરૈં) કરી નાખે છે, અને (પ્રચંડ) અત્યંત (દુષ્ટ) ક્રૂર (અસુર) અસુરકુમાર જાતિના દેવ, [એકબીજા સાથે] (ભિડાવૈં) લડાવે છે; [તથા એટલી] (પ્યાસ) તરસ [લાગે છે કે] (સિન્ધુનીરતૈં) સમુદ્રભરના પાણી પીવાથી પણ (ન જાય) છીપી શકતી નથી (તોપણ) છતાં (એક બૂંદ) એક ટીપું પણ (ન લહાય) મળી શકતું નથી.

**ભાવાર્થ :–** તે નરકોમાં નારકી એકબીજાને દુઃખ આપ્યાં કરે છે, અર્થાત્ કૂતરાંની માફક હંમેશા અંદરોઅંદર લડે છે અને ઝઘડા કર્યા કરે છે. તે એકબીજાના શરીરના ટુકડે-ટુકડા કરી નાંખે છે છતાં પણ, તેનાં શરીર પાછા મળી જવાથી * પારાની માફક ફરીને જેવું અને તેવું થઇ જાય છે. સંક્લિષ્ટ પરિણામવાળા અમ્બ અને અમ્બરીષ વગેરે જાતિના અસુરકુમાર દેવ પહેલી, બીજી અને ત્રીજી નરક સુધી જઇ ને ત્યાંના તીવ્ર દુઃખી નારકીઓને, પોતાના અવધિજ્ઞાનથી વેર બતાવીને અથવા ક્રૂરતા અને કુતૂહલથી, અંદરોઅંદર લડાવી મારે છે અને પોતે આનંદીત થાય છે. તે નારકી જીવોને એટલી બધી તરસ લાગે છે કે જો મળે તો એક મહાસાગરનું પાણી પણ પી જાય તોપણ તરસ છીપે નહિ; પરંતુ પીવાને પાણીનું એક ટીપું પણ મળતું નથી. ૧૧.

---

'નરકમાં અન્ય નારકીઓ, અસુરકુમાર તથા પ્યાસનાં દુઃખ' જુઓ ! (ચિત્રમાં) અહીં કાપે છે, જુઓ ! છે ને ? અગિયાર આવે છે ને ઇ ? ઝાડ ને એ બધું કર્યું છે, હોં ! કટકા કટકા કરે છે. જુઓ ! હાથ કપાય જાય છે. ઓલા માથેથી પડે છે ને સેમરના પાંદડાં ? કાંડુ કપાઈ જાય, પગ કપાઈ જાય,



Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અડધું માથું કપાઈ જાય, નાક કપાઈ જાય, કાન કપાઈ જાય. એક તો શ્રદ્ધા કરાવે છે કે આવું અનંત વાર થયું છે. આ હંબગ (કલ્પના) વાત નથી, હંબગ નથી. તને એવા અનંત વાર થયા, બાપા ! ભૂલી ગયો તું એટલે કંઈ વસ્તુ ચાલી જાય ? અનાદિનો આત્મા (છે). આહા..હા...!

મુમુક્ષુ :– રવિવાર?

ઉત્તર :– નરકને એક સમયનો રવિવાર ન આવે. અનંત અનંત દુઃખ. એણે નિરંતર ભૂંડા પરિણામ કરેલા, નિરંતર ભૂંડા ભાવ કર્યા એના ફળ નિરંતર જ હોય. આહા..હા...! સમજાણું કાંઈ ? એવું અહીંયાં લખ્યું છે. અહીંયાં નારકી કર્યા છે ને ? મારકાપ કરે છે. જુઓ ! હાથ કપાઈ ગયો છે. નારકી-નારકી માહોંમાહેં. ઓલો અસુરદેવ ઊભો છે. પછી નારકી નારકીને (મારે) છે. ઓલો ઓલાનું માથું કાપે, ઓલાનો હાથ કાપે, ઓલાનું ઓલું કાપી નાખે છે. છે ? અહીં થાય છે ને માણસને ? માણસ-માણસમાં નથી થાતું ? કાપી નાખે, ચીરી નાખે. ઓ..હો..હો...!




(સંવત) ૧૯૯૪માં એક બ્રાહ્મણ હતા. (એક ભાઈ) કહેતા. કાઠિયો અને બ્રાહ્મણોને ખેતર માટે મોટી લડાઈ થઈ. કાઠી અને બ્રાહ્મણ મોટો લઠ જેવો, હોં ! તેર ઘા માર્યા. કટકા બધા, હોં ! લોચા થયા, લોચા. લોહી તો આમ ચાલ્યા જાય. બજારમાં નીકળ્યો તો આમ લોહીના લબચકા જાય. વીર્યવાળો માણસ ને એમ ને એમ ત્યાંથી ઘરે જઈને પછી પડ્યો. લોહી જાણ, લોહી જાણ આ તો અનંતમા ભાગની પીડા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નરકની અંદર તો બાપુ ! એથી અનંતગુણી, ભાઈ ! અનંતાનુબંધીનો કષાય તીવ્ર છે ને ! હેં ? અનંતાનુબંધીનો ક્રોધ, અનંતાનુબંધીનો લોભ... આહા..હા...! મિથ્યાત્વરૂપી અનંત એને અનુબંધ કરીને જે વિકાર ઉત્પન્ન કરે છે (એના ફળમાં) એના સંયોગમાં રાડેરાડ પોકારે છે. એક ઘડીનું પણ સુખ નથી.

ધર્મ પામવો દુર્લભ છે. આવી આવી ગતિમાં રખડતાં એ ધર્મ કાંઈ પામ્યો નથી. આચાર્ય મહારાજે બોધિદુર્લભ ભાવનામાં આ બધું વર્ણન કર્યું છે. 'સ્વામી કાર્તિકેય'. ધર્મ એ કંઈ લૌકિકમાં સાધારણ માને એવી ચીજ નથી. અલૌકિક આત્મા અંદર, ભગવાનઆત્મા, એકલો જ્ઞાનનો સાગર પ્રભુ છે. જેમ એ દુઃખના સાગરમાં નરકમાં રખડ્યો છે, એવો જ ભગવાન અંદર જ્ઞાનનો સાગર છે. એ જ્ઞાનના સાગરમાં.. ઓલાપણે ક્યાંક આવ્યું છે ને ? સવારનું યાદ આવ્યું. 'પરખે ગુણની થેલી' એવું ક્યાંક આવ્યું હતું, હોં ! ક્યાંક આવ્યું હતું. સવારમાં વળી એવું યાદ આવ્યું. 'પરખે ગુણની થેલી' ક્યાંક આવ્યું છે ખરું, ભજનમાં ક્યાંક, ગમે ત્યાં. શી ખબર પડે ? ઘણા ઠેકાણે હોય છે. આ ગુણની થેલી આત્મા. રૂપિયાની થેલી ભરી હોય કે નહિ ? ચોખાની થેલી, રૂપિયાની થેલી એમ આ ગુણની થેલી. એકલા અનંત રત્ન - જ્ઞાન, દર્શન, આનંદની થેલી આત્મા છે. પરખે (એટલે) એની પરીક્ષા કરે તો એને સમ્યગ્દર્શન થાય તો એને જન્મ-મરણ મટે, તો આ દુઃખો મટે, નહિતર મટવાના નથી. કહો, સમજાણું કાંઈ ? 'પરખે ગુણની થેલી'. ઇ પરીક્ષા કર, બાપા ! આવું તો તેં ભાન વિના બધું કર્યું. દુનિયાની પરીક્ષા કરી. હીરા, માણેકની કરી ને આ કરી પણ આત્માની પરીક્ષા કરી નહિ.

કહે છે, '(એ નરકમાં નારકી જીવ એકબીજાના) (દેહને)...' જુઓ ! 'શરીરના તલના દાણા જેવડા ટુકડા કરી નાખે છે,...' કટકા, કટકા, કટકા... સમજાણું કાંઈ ? એક ફેરી એક માણસ 'મુંબઈ'માં રસ્તામાં જતો હતો. ત્યાં એક માણસ ભજીયા કરતો હતો. કસાઈ.. કસાઈ ! એ પચીસ, પચાસ, સો કૂકડાના ઇંડા, આવડા-આવડા બચ્ચા નાના. એને જરી આમ લોટ નાખે એટલે નજીક આવે. આખું હાથમાં લઈ ઓલા ટાંગા તોડી નાખી ચણાનો લોટ વીંટી, એક બચ્ચાનું એક ભજીયું (કરતો હતો). એક માણસ નીકળ્યો (એણે જોયું) આ શું કરે છે ? એક એક આટલું બચ્ચું. ઇંડું તુટી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયું ને કૂકડાનું આટલું ઝીણું બચ્ચું. ટાંગા તોડી નાખે. આખું લઈ ચણાના લોટ(માં તળી નાખે). કિંમત લે. રૂપિયાના શેર, આ તો પહેલાની વાત છે, હોં ! પચાસ-સાંઈઠ વર્ષ પહેલાની. લ્યો ! આ તિર્યંચના આવા તો પ્રત્યક્ષ દુઃખ છે, ઇ આગળ કહેશે, હોં ! ઇ તો તમે પ્રત્યક્ષ દેખો છો. સમજાણું કાંઈ ? ભૂલી જાય છે.

(અહીંયાં કહે છે), તલ તલ જેટલા ટુકડા કરે. 'અત્યંત ક્રૂર અસુરકુમાર જાતિના દેવ, (એકબીજા સાથે ભિડાવેં)...' જુઓ ! આપ્યું છે, ભીડાવે છે, જુઓ ! અહીં કાછિઓ નવરા હોય છે ને ? સાંજે બેસીને પછી પાડાને લડાવે, કૂકડાને લડાવે. લોહીજાણ કૂકડા થાય, પાડા થાય અને પછી બેઠા બેઠા દેખે. એમ આ અસુરકુમાર પણ નારકીઓને માહોંમાહેં ભીડાવે. બેઠા (બેઠા) દેખે. કાઠી સમજો છો ? કાઠી હોય છે ને ? બેસે આમ નવરા, કાંઈ કામ નહિ. પાડા લાવીને પછી માથામાં મારે. લોહીજાણ એકબીજા, હોં ! અડધા મડદાં જેવા થઈ જાય. દેખે. એમ નારકીઓને માહોંમાહેં લડાવીને અસુરકુમાર ભીડાવે, અંદર ભીંસ કરે. આહા..હા...! અસુરકુમાર એકબીજાને લડાવે.

'એટલી તરસ (લાગે છે કે) સમુદ્રભરના પાણી પીવાથી પણ છીપી શકતી નથી...' આખો સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય જોજનમાં પાણી ભર્યું છે. છેલ્લો સમુદ્ર છે ને ? અસંખ્ય જોજનમાં મીઠું પાણી ભર્યું છે, હોં ! એને આપે તો કડાયામાં એક બિંદુ પડે એટલી તૃષા એને લાગે. એટલું પાણી (પીવાની તૃષા લાગે) પણ એક બિંદુ મળતું નથી. તૃષા એટલી (કે) આખો દરિયો આપે તોય તૃષા છીપે નહિ. આ અતિશયોક્તિ હશે ? કારણ છે, પ્રભુ ! તારા સ્વરૂપમાં અનંત શાંતિ, આનંદ (છે) એનાથી વિરુદ્ધ પડેલો કષાયભાવ, એવો તીવ્ર.. એવો તીવ્ર.. એવો તીવ્ર.. કે જેની તૃષાના દુઃખોનો (પાર નથી). તૃષા તો સંયોગથી વાત કરી છે, પણ એમાં એટલી તૃષ્ણા ને એટલી મમતાના પરિણામ થયા છે. હાય.. હાય...! અરે...! આ પાણી વિના કેવી રીતે કાઢ્યા ? ૩૩ સાગર કાઢ્યા. કેટલા ?

એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ. હવે ઇ તો પણ આટલું છે ત્યાં, ૩૩ સાગર એટલે (શું) ? એવા તો અનંત ૩૩ સાગર એક નરકે કર્યા. સમજાણું કાંઈ ? અને એક નરકે પણ જાય અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વળી પાછો જાય એમ ઉપરાઉપર જાય તો પહેલી નરકમાં આઠ વાર જાય, ભાઈ ! સમજાણું કાંઈ ? પહેલી નરક છે ને ? ત્યાંથી નીકળીને બીજી વાર, ત્રીજી વાર ઉપરાઉપર જાય તો પહેલી નરકે આઠ વાર જાય. બીજી નરકે ઉપરાઉપર સાત વાર જાય. ત્રીજીએ છ વાર, ચોથીએ પાંચ વાર, પાંચમીએ ચાર વાર, સમજાણું ? છઠ્ઠીએ ત્રણ વાર અને સાતમીએ બે વાર. સાતમી નરકનો નારકી ઉપરાઉપર બે વાર જાય. ૩૩ સાગરના દુઃખ ભોગવી, વળી ઢોર થાય, વળી મરીને ત્યાં જાય. સમજાણું કાંઈ ? ભગવાનના જ્ઞાનમાં મિથ્યાદૃષ્ટિના આવા ભવો એણે અનંતવાર કર્યા.

પહેલી નરકમાંથી માંડ એક સાગરથી નીકળે ત્યાં વળી બીજી વાર જાય. એક અંતર્મુહૂર્તનો ઢોર આદિનો ભવ કરે, હોં ! ભાઈ ! પહેલી નરકમાં એક સાગરોપમના દુઃખ. જઘન્ય દસ હજાર વર્ષ. ઉત્કૃષ્ટ એક સાગર. જેની દસ ક્રોડાક્રોડી પલ્યોપમની સ્થિતિ. એટલી પીડા દુઃખની કે જેમાં ઠંડી (એટલી) કે એક મેરુ પર્વત (જેવડો) લોઢાનો ગોળો ગળી જાય. એમાં એણે એક સાગર ગાળ્યો. ત્યાંથી નીકળીને અંતર્મુહૂર્તનો કોઈ તિર્યંચ થયો. સમજાય છે ? મચ્છ. અંતર્મુહૂર્તે ત્યાં પાછો આવ્યો. એવા એવા ઉપરાઉપર પહેલી નરકના આઠ ભવ (કરે). સમજાણું કાંઈ ? એમ બીજી નરકની ત્રણ સાગરની સ્થિતિ છે ને ? સાત ભવ ઉપરાઉપર (કરે). ત્યાંથી મરીને ઢોર ને ઢોરમાંથી ત્યાં આવે, માણસમાં આવે અને માણસ મરીને ત્યાં જાય. આહા..હા...!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ તો કહે છે. બાકી સમજી લે, આત્માનું જ્ઞાન કર, આત્માની કિંમત કર, બીજી કિંમત છોડી દે. એ માટે તો આ વાત ચાલે છે. શરીર મારા ને પૈસા અમારા ને ધૂળ અમારી.. આગળ કહેશે, હજી તો. સમજાણું ? કો'કને કાંઈક વધારે પૈસા થઈ ગયા તો એની બળતરા, પોતાને ઓછા થાય તો એની બળતરા, કો'કને છોકરો હોય અને એને સારો થાય તો એની બળતરા, પોતાનો છોકરો ખરાબ હોય તો એની બળતરા. આ તો બળતરાની કેટલી વાત કરવી આને ? ભાઈ ! બાપ લખે કે, ભઈ ! આવું ન કરો. તો ઇ કાંઈ માને ? છોકરા સ્વતંત્ર છે કે નહિ ? પાપ કરવામાં.

મુમુક્ષુ :– કહ્યું કરે ને!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– કોણ કહ્યો કરતો હતો ? કોઈ કરે નહિ. એ તો એને ઠીક લાગે તો માને. તમને માને છે ઇ ?

કહે છે, ઓ..હો..હો...! એ નરકના દુઃખ.. આ..હા...! આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે, એક. એવા એક વાર નહિ, એવા અનંત વાર નારકીના ભવ કર્યા ને અનંત વાર ઢોરમાં આવીને, માણસમાં આવીને ત્યાં ગયો. ભાઈ ! પણ ભૂલી ગયો માળો, નહિ ? આ બંગલા દેખીને. આહા..હા...! ભાઈ ! પણ તું છો કે નહિ ? છો તો અનાદિનો છો કે નવો છો ? તો અનાદિનો છો તો ક્યાંક રહ્યો છો કે નહિ ? ક્યાં રહ્યો છો ? પહેલી વાત તો ઇ માંડી છે અહીં તો. મિથ્યાદર્શનને લઈને ક્યાં રહ્યો છો ? રહ્યો છો કે નહિ ? તું છે કે નહિ ? રહ્યો ક્યાં ? આવા નરકની અંદરમાં. આહા..હા...!

તલ તલ જેટલા કટકા કરે. સમજાય છે ? છતાં પાછા એ કટકા ભેગા થઈ જાય. એવો સ્વભાવ છે કે નહિ ? ભેગા થઈ જાય એવો સ્વભાવ છે. છતાં એક બિંદુ પાણી ન મળે. તૃષા (એટલી) લાગે (કે) અસંખ્યાતા પાણીના દરિયા આવે તોય તૃષા છીપે નહિ. એટલી તૃષા (અને) મળે નહિ એક બિંદુ. કહો, આ સાચી વાત હશે આ ? હેં ? ભાઈ ! એના આનંદકની અનંતતા શું કહેવી ? એમ એની ઉલટી દુઃખની અનંતતા શું કહેવી ? એમ વર્ણવે છે અહીં તો. સમજાણું કાંઈ ? અનંતાનુબંધી શબ્દ વાપર્યો છે ને ? ઇ કારણ છે. ભગવાનઆત્મા અનંત શાંત અને આનંદનો રસ છે એને ભૂલીને પર મારા અને હું એનો, એવો અનંત સંસારના વિકારની તીવ્રતાના પરિણામ કષાય, એની તૃષાના દુઃખો અનંત જ હોય છે. આહા..હા...! પણ કોઈ માપ કરતાય આવડે નહિ, શું કહે ? સમજાણું કાંઈ ?

ટુકડેટુકડા કરે છે, પાછા મળી જાય છે. 'સંક્લિષ્ટ પરિણામવાળા અમ્બ અને અમ્બરીષ...' ત્યાંના દેવો છે. પરમાધામી. જેમ અહીં જેલર હોય છે ને ? એમ ત્યાં હોય છે. ત્રણ નરક સુધી હોય, હોં ! પછી તો નારકી માહોંમાહે (લડે). 'દેવ પહેલી, બીજી, ત્રીજી નરક સુધી જઈને ત્યાંના તીવ્ર દુઃખી નારકીઓને, પોતાના અવધિજ્ઞાનથી વેર બતાવીને અથવા ક્રૂરતા અને કુતૂહલથી, અંદરોઅંદર લડાવી મારે...' જો, આ તારા બાપને પૂર્વે આમ કર્યું હતું, હોં ! તને ખબર નથી. તને પણ પૂર્વે મારી નાખ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો. જુઓ ! આ ફલાણું તને કર્યું હતું. તને ત્યાં કૂવામાં હડસેલી દીધો હતો. અગ્નિમાં નાખી દીધો હતો, શેકી નાખ્યો હતો, જો આ. ઇ આ માણસ, જો આ નારકી. એમ કરીને અસુરકુમાર માહોંમાહેં લડાવે. કૂતરા જેવા. કૂતરા ભેગા થાય છે, જોયા ને ? આહા..હા...! એક કૂતરીને આઠ કૂતરા વળગ્યા હતા એક ફેરી આમ. ચૂંથી નાખે, ચૂંથી નાખે કૂતરા. એમ કૂતરાની જેમ નારકીઓ માહોંમાહેં વળગે.

'પોતે આનંદિત થાય છે.' કોણ ? ઓલા દેવ ખુશી થાય. આહા..હા...! એક ફેરી 'ચમાર' ગામ અમારે ત્યાં છે ને ? 'પાલેજ' પાસે. અત્યારે 'નદીપુરા' નામ આપ્યું છે. 'પાલેજ'થી ચાર-છ ગાઉ (દૂર) છે. એક ફેરી ગયા હતા. એક ગોરો આવ્યો હતો. બાર હરણ. એક હરણને માર્યું આમ. માર્યું પછી આમ કૂદ્યો. એવો ખુશી.. એવો ખુશી.. એવો ખુશી.. આ..હા...! જુઓને ! આ તે કાળા કેર (કરે છે). 'ચમાર' નામનું ગામ હતું. 'પાલેજ'થી 'ભરૂચ' વચ્ચે આવે. ત્યાં એક ફેરી ગયા હતા. ત્યાં વાત કરતા હતા, એક ગોરો આવ્યો હતો. હરણને માર્યું. બધા મુસલમાન, આખું ગામ મુસલમાન. હરણને માર્યો ને આમ ઓલો હરણ ઉછળ્યો (તો) પોતે ભેગો કૂદ્યો. આ..હા..! આ નારકી જેવા છે કે નહિ ? શું છે ? આથી તો અનંતગુણી પીડા ત્યાં નરકમાં છે. એવા જીવો ત્યાં ખુશી થાય છે. કોણ ? ઓલા મારનારા, લડાવનારા. આ..હા...!

'નારકી જીવોને એટલી તરસ લાગે છે કે જો મળે તો એક મહાસાગરનું પાણી પણ પી જાય...' મળે નહિ એક બિંદુ. છે ને ? 'તોપણ એક ન બૂંદ લહાય.' પાણીનું એક બિંદુ પણ મળતું નથી. આહા..હા...! એટલી તૃષા ! અહીં તો એક જરી એને થાય તો તરફડિયા મારે. કોઈ પાણી લાવતા નથી, આટલું આટલું કરીએ તો કોઈ સંઘરતા નથી, અમારું વચન ... સુધી તો બધા પાળતા, પણ આ હવે જરી અમારું શરીર મોળું પડી ગયું ત્યાં થઈ રહ્યું ? અમે ચાલ્યા ગયા ? મરી ગયા ? એમ કહે કે નહિ ? કહીએ છીએ, કહે છે. મેં તો બીજાની વાત કરી છે, હોં ! બીજાની વાત હતી. આમ જરી એક બે-ચાર વાર બોલાવે ને જવાબ ન આપ્યો (તો કહે), એલા અમારું વચન શું છે ? અત્યાર સુધી તમે આ બધું કરતા ને અમે મોળા પડ્યા, ખાટલે પડ્યા ત્યાં આમ કરો છો ! આહા..હા...! કહો, ભાઈ ! હેરાન થઈ ગયો ભ્રમણામાં અજ્ઞાની મૂઢ. ભાન નથી કે હું મારે લઈને દુઃખી છું, કોઈને લઈને નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા નરકની અંદરમાં.. આહા..હા...! એક બિંદુ પણ મળે નહિ. આહા..હા...! સમજાણું ?

એ અહીં ભીડાવે છે, જુઓ ! એ શું કહે છે ? ચિર-પ્યાસ. પેટમાં તૃષા લાગી છે ને ? ઓલો આવીને ભાલો મારે છે. ભાલો મારે છે, જુઓ ! અહીં કાપી નાખે છે, અહીં ભાલો મારે છે. હાય.. હાય...! મને તૃષા લાગી છે. તો (પેલો) કહે, લે ! લોઢાના ધગધગતા પાણી કરી પાય. લોઢાના ધગધગતા પાણી ! જેમ કથીરના હોય ને કથીર ? ઊનો ઊનો રસ. અરે..! તેજાબ. એથી અનંતગુણો તીખો તેજાબ બનાવી ઓલા એને મોઢામાં પાય. કહો, ભાઈ ! હેં ? આ બધું વેઠ્યું છે એણે. અહીં જરી થાય ત્યાં એં.. એં.. થઈ જાય છે. બાપા ! અને સાચી શ્રદ્ધા કરવી હોય તો કહે, અરે...! આમ થશે, અરે..! ફલાણું થશે, દુનિયા નડશે, જગત નડશે, આમ નડશે. આવું કરવા જઈશું તો આપણા છોકરા નહિ પરણવા દ્યે, છોડીયું નહિ દ્યે, ફલાણું નહિ રહે, ઢીકણું નહિ દ્યે, એકલા થઈ જશું. મરી ગયો, માળો ! આહા..હા...!




ઓલો હાથ જોડે છે, હોં ! જુઓ ! આમ હાથ જોડે છે, ભાઈસાહેબ ! રહેવા દે ને ! એનું મોઢું આવું, એવા હશે ? ભૂતડા જેવા. અસુરકુમાર એને ભીડાવે, મારે. લાઢોનો તીખો (રસ) કરીને (કહે), લે, પી આ. ભાઈસાહેબ ! મને તો તરસ લાગી છે. અહીં ક્યાં પાણી હતા અત્યારે ? આ તો આ છે. હાય.. હાય...! કહે છે, એવા દુઃખો અનંત વાર સહન કર્યાં. સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# નરકની ભૂખ, નરકનું આયુ અને મનુષ્યગતિ પ્રાપ્તિનું વર્ણન

તીન લોકકો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;
યે દુખ બહુ સાગર લૌં સહૈ, કરમ જોગતૈં નરગતિ લહૈ. ૧૨.

અન્વયાર્થ :– [એ નરકોમાં એટલી ભૂખ લાગે છે કે] (તીન લોકકો) ત્રણ લોકનું (નાજ) અનાજ (જુ ખાય) ખાઇ જાય તોપણ (ભૂખ) ભૂખ (ન મિટે) મટે નહિ, [પરન્તુ ખાવાને] (કણ) એક દાણો પણ (ન લહાય) મળતો નથી. (યે દુખ) એવું દુઃખ (બહુ સાગર લૌં) ઘણા સાગરોપમ કાળ સુધી (સહૈ) સહન કરે છે, (કરમજોગતૈં) કોઇ વિશેષ શુભકર્મના યોગથી (નરગતિ) મનુષ્યગતિ (લહૈ) પામે છે.

ભાવાર્થ :– એ નરકોમાં એટલી તીવ્ર ભૂખ લાગે છે કે જો મળે તો એકસાથે ત્રણે લોકનું અનાજ ખાઇ જાય તો પણ ભૂખ મટે નહિ, છતાં ત્યાં ખાવાને એક દાણો પણ મળી શકતો નથી. એ નરકોમાં એ જીવ ઘણાં તીવ્ર દુઃખો ઘણા સમય (ઓછામાં ઓછા દશ હજાર વર્ષ અને વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમ કાળ) સુધી ભોગવે છે. કોઇ શુભકર્મના ઉદયથી એ પ્રાણી મનુષ્યગતિને પામે છે. ૧૨

---

હવે 'નરકની ભૂખ, નરકનું આયુ અને મનુષ્યગતિ પ્રાપ્તિનું વર્ણન.' હવે ત્યાંથી માણસ લ્યે છે. જોયું ? નરકમાંથી માણસ, એવી રીતે શૈલી છે. સમજાય છે ? ઓલામાંય એમ છે.

તીન લોકકો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;
યે દુખ બહુ સાગર લૌં સહૈ, કરમ જોગતૈં નરગતિ લહૈ. ૧૨.

આવા દુઃખો જ્યાં સહન કર્યાં. નરકોમાં એટલી ભૂખ લાગે (કે) ત્રણલોકના અનાજને 'ખાઈ જાય તોપણ ભૂખ મટે નહિ.' ત્રણલોકનું અનાજ કીધું. આખી દુનિયાનું અનાજ પકવીને જો આપે તોય એની ભૂખ મટે નહિ. ઓ..હો..હો...! બધી અનંતતાની જ વાત. બાપુ ! પણ તું અનંત સ્વરૂપ છો ને ! એની વિરુદ્ધમાં ગયો તો અનંતું જ બધું વેદન હોય. સમજાય છે ? સંયોગ ભલે થોડા હોય, પણ અંદર પ્રતિકૂળતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વેદના અનંતી જ હોય. આહા..હા..!

'ખાવાને એક દાણો પણ મળતો નથી...' આટલી ભૂખની પીડા. ત્રણલોકનું અનાજ રાંધીને આપે તો સ્વાહા (થઈ જાય). અગ્નિમાં જેમ કણ નાખે એમ સ્વાહા થઈ જાય. પણ એક કણ મળે નહિ. 'એવું દુઃખ (બહુ સાગર લૌં)...' બહુ સાગર – ૩૩-૩૩ સાગર. પહેલી નરકમાં એક સાગર, ત્રણ સાગર, સાત સાગર એમ કરતાં કરતાં દસ, સત્તર, બાવીસ, તેંત્રીસ (સાગર એટલા કાળ) સુધી સહન કરે. એમ કરતા કોઈ વાર કદાચિત્ એવા શુભભાવ થઈ જાય, કોઈ વિશેષ શુભ પરિણામ, સમજ્યા ને ? એને લઈને નરગતિ, મનુષ્ય ભવ મળે. હવે એ મનુષ્યભવમાં પણ કેવા દુઃખો મિથ્યાદર્શનને લઈને, આત્મભાન વિના પામ્યો એનું વર્ણન કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, પોષ વદ ૧૪, ગુરુવાર
## તા. ૨૦-૧--૧૯૬૬, ગાથા ૧૨ થી ૧૬, પ્રવચન નંબર–૪

૧૨મી ગાથાનો ભાવાર્થ. શું ચાલે છે આ ? અનાદિકાળથી મિથ્યાદર્શનને જોરે મિથ્યાદર્શન–મિથ્યાશ્રદ્ધા(ને કારણે), આત્માના સ્વરૂપના ભાન વિના એણે અનંત વાર મિથ્યાત્વ સેવીને ચાર ગતિના દુઃખો અનંતા સહન કર્યા. એમાં નિગોદથી ગ્રંથકારે ઉપાડ્યું છે, આચાર્યે (પણ) નિગોદથી ઉપાડ્યું છે. નિગોદના અનંતા દુઃખો (સહન કર્યા), ત્યાંથી નીકળીને તિર્યંચ(માં આવ્યો) એના પણ અનંતા દુઃખો (સહન કર્યા). અહીંથી–તિર્યંચમાંથી નારકીની વાત છે. છેલ્લી વાત છે, જુઓ !

'એ નરકોમાં એટલી તીવ્ર ભૂખ લાગે છે...' ભૂખ એટલી છે 'કે જો મળે તો એકસાથે ત્રણે લોકનું અનાજ ખાઈ જાય... છતાં ત્યાં આવાને એક દાણો પણ મળી શકતો નથી.' અહીં જરી પા કલાક, દસ મિનિટ મોડું થાય તો થનગનાટ થઈ જાય. ભાઈ ! ઊનાનું ટાઢું થઈ જાય. ત્યાં અનંતવાર એવા દુઃખો સહન કર્યા. એક અનાજનો


ચિર ક્ષુધા

કણ મળે નહિ અને ત્રણલોકના અનાજ આપે તો એક બિંદુની પેઠે ખલાસ થઈ જાય. એટલી ક્ષુધા (લાગે છે). આહા..હા...! આ અતિશયોક્તિ નથી, હોં ! કોઈ એમ માને (તો) આ અતિશયોક્તિ નતી. મિથ્યાશ્રદ્ધાના ફળમાં એવા અનંતવાર (દુઃખ સહન કર્યા). અનાદિકાળનો (આત્મા) છે. અનંત વાર દુઃખ સહન કર્યા, જુઓ !

'એ નરકોમાં એ જીવ ઘણાં તીવ્ર દુઃખો ઘણા સમય...' શાસ્ત્ર તો એમ કહે છે કે, પહેલી નરકનું દસ હજાર વર્ષનું આયુષ્ય છે, ઇ દસ હજાર વર્ષે અનંત વાર ઊપજ્યો. પહેલી નરકમાં દર હજાર ને એક સમયના આયુષ્યે અનંત વાર ઊપજ્યો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ? એમ દસ હજારને બે સમયે અનંત વાર ઊપજ્યો, એમ ત્રણ, ચાર, પાંચ, છ, સાત... સંખ્ય, અસંખ્ય, અંતર્મૂહુર્ત પાછા એના સમયે સમયે તે એક સાગરની સ્થિતિના જેટલા સમય થાય એટલા એક એક સમયે અનંત વાર નરકમાં ઊપજ્યો છે. સમજાણું કે નહિ આમાં ?

નરકની અંદર એક દસ હજારનું આયુષ્ય અને સાતમીનું ઉત્કૃષ્ટ (આયુષ્ય) તેંત્રીસ સાગર, તો એક એક સમયે એક દસ હજાર (વર્ષ) અનંત વાર, દસ હજાર ને એક સમય અનંત વાર, બે સમય અનંત વાર, ત્રણ સમય અનંત વાર, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, અંતર્મુહૂર્ત એનાથી ... કરતા કરતા પલ્યોપમ ને સાગરોપમ ને એમ જાય તેંત્રીસ (સાગર). એટલા સમય થાય એ સમય સમયની સ્થિતિએ દરેક જીવે અનંતવાર પરિભ્રમણ કરનાર ઊપજ્યો છે. કહો, સમજાણું કાંઈ ? એમાંથી કોઈવાર શુભભાવ થઈ આવે.. સમજાય છે ? તો 'શુભકર્મના ઉદયથી એ પ્રાણી મનુષ્યગતિને પામે છે.' એમાંથી શુભકર્મને કારણે મનુષ્યગતિ(માં ઊપજે). શુભકર્મ એટલે મૂળ ભાવ એનો. શુભભાવ થયા એનાથી મનુષ્યપણું પામે. હવે મનુષ્યપણાના દુઃખનું વર્ણન. ત્રણનું દુઃખ થઈ ગયું. નિગોદ, એમાંથી તિર્યંચ, એમાંથી આ નારકી. નારકી... નારકી !

---

## મનુષ્યગતિમાં ગર્ભનિવાસ અને પ્રસવકાળનાં દુઃખો

જનની ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાઇ ત્રાસ;
નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩.

અન્વયાર્થ :– [મનુષ્યગતિમાં પણ આ જીવ] (નવ માસ) નવ મહિના સુધી (જનની) માતાના (ઉદરમાં) પેટમાં (વસ્યો) રહ્યો [ત્યારે તે ઠેકાણે] (અંગ) શરીર (સકુચતૈં) સંકોચીને રહેવાથી (ત્રાસ) દુઃખ (પાઇ) પામ્યો [અને] (નિકસત) નીકળતી વખતે (જે) જે (ઘોર) ભયંકર (દુખ) દુઃખ (પાયો) પામ્યો (તિનકો) તે દુઃખોને (કહત) કહેતાં (ઓર) અન્ત (ન આવે) આવી શકતો નથી.

ભાવાર્થ :– મનુષ્યગતિમાં પણ આ જીવ નવ મહિના સુધી તો માતાના પેટમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ રહ્યો. ત્યાં પણ શરીર સંકોચીને રહેવાનું હોવાથી ઘણું દુઃખ પામ્યો, જેનું વર્ણન પણ થઇ શકતું નથી. કોઇ કોઇ વખતે માતાના પેટમાંથી નીકળતી વખતે, માતાનું અથવા પુત્રનું અથવા બન્નેનું મરણ પણ થઇ જાય છે. ૧૩.

---

'મનુષ્યગતિમાં ગર્ભનિવાસ અને પ્રસવકાળના દુઃખો'.

**જનની ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાઇ ત્રાસ;**
**નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩.**

'(મનુષ્યગતિમાં પણ આ જીવ) નવ મહિના સુધી માતાના (ઉદરમાં)...' એક વારે રહ્યો. સમજાય છે કાંઈ ? એકવાર રહ્યો એટલે ? નવ મહિના સુધી એક વાર, બીજી વાર નવ (મહિના), એમ અનંત અનંત વાર નવ મહિના સુધી મનુષ્યના ગર્ભવાસમાં રહ્યો. શાસ્ત્ર તો એમ કહે છે કે, માતાના પેટમાં છોડ તરીકે રહે તો એક જ ભવમાં બાર વર્ષ સુધી ત્યાં રહે. દાખલો છે કોઈ ? તમે ડૉક્ટરે નથી જોયો ? પુસ્તકમાં આવે છે પણ કાંઈ બોલતા નથી. બે-ત્રણ વર્ષ, છ મહિના વધારે વર્ષ, બે વર્ષ નથી આવતું ? આવે છે. ત્રણ વર્ષ તો અમે જોયું છે, ત્રણ વર્ષ તો અમે જોયું છે. 'સીતાપુર'માં એક બાઈ હતી. ત્રણ વર્ષ સુધી એમ ને એમ બાળક પેટમાં. શાસ્ત્ર તો બાર વર્ષ કહે છે. આ તો અમારે તો ત્યાં દાખલો હતો. અહીં 'સીતાપુર' છે ને ? 'વઢવાણ કેમ્પ' પાસે. ઘણા વર્ષ પહેલા ગયેલા. એ બહેન વ્યાખ્યાનમાં આવેલા બિચારા. પછી એ કહે, આ કેવા પાપનો ઉદય હશે ? મહારાજ ! સવા ત્રણ વર્ષ થયા. સવા ત્રણ વર્ષ થયા ! માતાના પેટમાં એકનો એક (જીવ) સવા ત્રણ વર્ષ (રહ્યો). શાસ્ત્ર તો કહે છે કે, એકવાર એક ભવની સ્થિતિ પેટમાં બાર વર્ષની હોય. એક ભવની અને કાયસ્થિતિ ચોવીસ વર્ષની હોય. ઇનો ઇ જીવ મરીને પાછો ત્યાં જાય ને વળી છળ લે તો બાર વર્ષ રહે. છોડ એટલે પ્રસવ ન થાય એ, એમ ને એમ રહે ઇ. માતાના પેટમાં એમ ને એમ રહે ઇ છોડ કહેવાય. નવ મહિને જન્મ થાય ઇ તો બધાને સાધારણ છે. ઇ આવે છે, 'ભગવતી સૂત્ર'માં આવે છે, આમાં શાસ્ત્રમાં આવે છે. આટલા વર્ષમાં સાંભળ્યું નથી ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :-

ઉત્તર :- હા, ઘણાને થાય છે. સાંભળ્યું છે. આ તો 'ભગવતી સૂત્ર'માં (આવે છે), છોડ એટલે એમ ને એમ જીવ ત્યાં રહે. બાર વર્ષ સુધી એક શરીર. મરે નહિ. બાર વર્ષે જન્મ થાય. અને કદાચિત્ બાર વર્ષે બહાર નીકળી જાય અને પાછો ઇનો ઇ જીવ ત્યાં જન્મે, વળી બાર વર્ષ બીજા. ચોવીસ વર્ષ સુધી માતાના પેટમાં એક કાયસ્થિતિપણે રહે.

મુમુક્ષુ :- વધે નહિ ??

ઉત્તર :- નહિ, એટલું જ વધે. વધે નહિ. એટલું ને એટલું રહે. પેટ ક્યાંથી ફાટે ? તમને ડૉક્ટરને પણ ખબર નથી ? આવે છે, આવે છે, શાસ્ત્રમાં આવે છે. અમે તો પહેલું 'ભગવતી' વાંચ્યું (સંવત) ૧૯૭૧, પહેલા ૧૯૭૧માં 'ભગવતી' વાંચ્યું. '૭૧, કેટલા વર્ષ થયા ? હેં ? ૫૧. ત્યારથી અમને તો ખબર છે. હેં ? આવે છે, આવે છે. અહીં તો શ્વેતાંબરના એકે એક જોયા છે. બધે ઠેકાણે છોડ (હોય છે). ઘણા દાખલા પણ છે. બાર વર્ષ સુધી એક માતાના પેટમાં રહે. વળી, આ ડૉક્ટર કહે છે, વધે નહિ ? મોટો છોકરો થઈ જાય ને ! ના, ના. એમાં સંકોચાયને (રહે). જુઓ ! અહીં કહેશે, જુઓ !

'જનની ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાઇ ત્રાસ;' જુઓ ! આમાં ઇ લખ્યું છે. આ દાખલો આપ્યો છે ને ? જુઓ ! અહીંયાં. 'અંગ સકુચતૈં'. સંકોચ કરીને આમ (પડ્યો છે). માના પેટમાં હોય છે ને ? આમ. આહા..હા...! (ઊંધું માથુ) આમાં તો સરખું નથી કર્યું. ઊંધે માથે નવ મહિના, બાર-બાર વર્ષ (સુધી રહે). બાર-બાર વર્ષ ! અને એક સાથે (ઉપરા ઉપર ઊપજે તો) ચોવીસ વર્ષ (રહે). એક માતાના પેટમાં એનો એ જીવ ચોવીસ વર્ષ રહે. તેથી દેવો તો કેટલાક.. આગળ દેવમાં આવશે. દેવને કેટલાકને, મિથ્યાદૃષ્ટિ દેવ છે એ દેવનું આયુષ્ય જ્યારે મહિના લગભગ બાકી રહે ત્યારે એને ખ્યાલ આવે (કે), માલા કરમાય, વસ્ત્ર, આભૂષણ કરમાય. અરે...! હું ક્યાં જઈશ ? અર..ર...! આ માણસના પેટમાં નવ મહિના ! આહા..હા...! દેવ ! એમાં કેટલાક વૈમાનિક દેવ હોય, હોં ! અહીં મિથ્યાદૃષ્ટિની વાત છે ને ! સમ્યગ્દૃષ્ટિની અહીં વાત નથી. અહીં વૈમાનિકની પણ મિથ્યાદૃષ્ટિની વાત લ્યે છે. ભાઈ ! નવ અનુદિશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને અનુત્તરની વાત નહિ લ્યે. એનું કારણ છે કે, એ સમ્યગ્દૃષ્ટિ છે. અહીં તો મિથ્યાદૃષ્ટિની વાત છે. મિથ્યાદૃષ્ટિ સુધીની મર્યાદાની વાત લેવી છે ને અહીં. આગળ નહિ લ્યે, સમ્યગ્દૃષ્ટિની વાત નહિ લ્યે. ઉપર પછી સમ્યગ્દૃષ્ટિ છે, નવ અનુત્તર, નવ અનુદીશ ને પાંચ વૈમાનિક. સમજાય છે ? શું કહેવાય ઇ ? અનુત્તર વિમાન. અનુદિશ, અનુત્તર વિમાન. સમજાણું કાંઈ ?

એમાં રહે તો દેવની એવી પણ ભાવના કોઈ વાર થઈ જાય, મિથ્યાદૃષ્ટિ છે તો હાય.. હાય...! રોવે, બહુ રોવે. અર..ર..ર...! અહીંથી જશું. આ કરતાં તો એકેન્દ્રિયમાં ઊપજીએ તો સારું ! એવા વિચાર (કરે), એકેન્દ્રિયના વિચારમાં હેલોળે ચડે તો પાધરો એકેન્દ્રિયમાં (જાય). વૈમાનિકનો દેવ, બીજા દેવલોક સુધીનો મરીને એકેન્દ્રિયમાં જાય. એવા અનંતા અવતાર એવા ભાવે કર્યા છે. મિથ્યાદર્શનને લઈને, એક આત્માનું ભાન નહિ. સમજાણું કાંઈ ? મિથ્યાદૃષ્ટિ સહત વ્રતાદિ પણ અનંતવાર કર્યા. એના ફળમાં એ સ્વર્ગ આદિ મળ્યા અને ત્યાંથી પાછા મરીને એકેન્દ્રિયમાં અવતર્યો, એકેન્દ્રિયમાં. હાય.. હાય...! સવા નવ મહિના રહેવું. એમાં વળી કો'કને એમેય ખબર પડે કે બાર બાર વર્ષ સુધી અંદર છોડ રહેવું. આ કરતાં તો એકેન્દ્રિયમાં જવું સારું. એકેન્દ્રિયમાં ઉપજ્યો અનંત વાર. અહીં ક્યાં એને કાંઈ ખબર ન મળે. ખબર નથી એટલે વસ્તુની સત્તા ચાલી જાય ?

કહે છે, 'સકુચતૈં...' જુઓ ! અંદર સંકોચ કર્યો છે ને ? પેટમાં નવ મહિના સુધી 'શરીર સંકોચીને રહેવાથી (ત્રાસ)...' (પામ્યો). એક થોડું અહીં શરીર બે કલાક સંકોચીને પડ્યું રહે તો એ.. આમ અકડાઈ જાય છે, એ.. અકડાઈ જાય છે. ઓલો બાળક નવ મહિના સુધી પડ્યો છે. હજી બાળકનું શરીર કોમળ, કોમળ, કોમળ. કહો, શ્વાસેય ક્યાંથી લેતો હશે ? અંદર ને અંદર. આવા ભવ એણે અનંત વાર કર્યા,




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! એક આત્માની ઊંધી શ્રદ્ધા(ને કારણે). ઇ છેલ્લે કહેશે, હોં ! ક્યારે આત્માને પામે ? આવી શ્રદ્ધા ને આવા ઊંધા જ્ઞાનમાં મનુષ્ય થાય ત્યારે પછી એ.. ઇ નીચે કહેશે.

'નિકસત જે દુઃખ પાયે ઘોર,...' એમાંથી 'નીકળતી વખતે જે ભયંકર દુઃખ પામ્યો...' આહા..હા...! જુઓ ! એ જ લીધું છે, હોં ! માતાને સુવાડી છે અને છોકરાનો




જન્મ થાય. આહા..હા...! શાસ્ત્ર કહે છે કે, માતાએ જન્મ આપ્યો. (એની) નજર તો પછી જશે પણ અનિત્યતાએ એને ગોદમાં લઈ લીધો છે. અનિત્યતાએ એને ગોદમાં લઈ લીધો. હવે ક્યારે નાશ થઈ જશે (એની ખબર નથી). સમજાણું કાંઈ ? અનિત્ય.. અનિત્ય. એની નજર ન જાય ત્યાં મરી પણ જાય. આ છોકરો જન્મે કેવોક છે (એમ) નજર જ્યાં જાય ત્યાં મરી પણ જાય. એવી સ્થિતિ, આ સ્થિતિ. એવા મનુષ્યના ગર્ભના દુઃખો, જન્મના દુઃખો. ત્રાસ.. ત્રાસ, અનંત વાર થયા. મનુષ્યપણું પામ્યો પણ ધર્મ પામવાની દરકાર કરી નહિ. સમ્યગ્દર્શન વીતરાગ પરમેશ્વરે કહ્યું (એ પામ્યો નહિ). જે જે મંડળમાં જન્મે એનાથી અધિકપણે જીવવું એવા (ભ્રમમાં) મરી ગયો. બીજા કરતા કાંઈક આપણે મોટા થઈએ, ઊંચા થઈએ, આ થઈએ, ઢીકણાં થઈએ એવામાં મરી ગયો એમાં. જે મંડળ, જે સમુદાય, જે સગપણ, જે સગાં, જે કુટુંબ, જે નાત, જે ફલાણું.. ફલાણું. એ બધામાં કાંઈક કાંઈક આપણું જીવન ઠીક હોય એના કરતાં વધુ (સારું હોવું જોઈએ). પણ આત્મા 'णाणसहावाधियं मुणदि आदं' આત્મા જ્ઞાનસ્વભાવે રાગથી અધિક–ભિન્ન છે એવા અધિકપણાના ભાન એણે કર્યા નહિ. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– પ્રગતિ થાયને?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– પ્રગતિ શેની ? ઊંધાઈની ? ભાન ન મળે એને પ્રગતિ શેની કરવાની ? બહારની પ્રગતિ કરવાની કરી છે. આ કરતા વધીએ ને આના કરતા આ વધીએ. અધિક (થઈએ), કાં પૈસામાં વધીએ, કાં આબરૂમાં વધીએ કાં ઢીકણામાં વધીએ. છોકરા ઠીક થાય પછી નિરાંતે ખાઈએ. પચાસ વર્ષના આપણને થાઈએ અને ચાર છોકરા થાય (પછી) એ.. નિરાંતે પાછળના ચાલીસ વર્ષ પદ્માસને બેસીને ખાઈએ. મૂઢ જીવ પણ આવો જ્યાં-ત્યાં આમ ગરી ગયો. કહો, સમજાણું કાંઈ ?

અધિક. આ તો મગજમાં શું આવ્યું ? કે, જ્યાં જ્યાં એ અવતરે, માણસ થયો ત્યાં પણ બહાર આવીને બીજા કરતાં અધિકપણે કોઈ રીતે શરીરની મોટાઈએ, વાણીની મોટાઈએ, પંડિતાઈની મોટાઈ, મૂર્ખાઈના ઓલામાં.. એવી (રીતે) અનંત અનંત વાર (અભિમાન કર્યા). મકાનની મોટાઈએ, લૂગડાંની મોટાઈએ, પહેરવેશની મોટાઈએ, કંઠની મોટાઈએ, ગાવાની મોટાઈએ, નાચની મોટાઈ.. ઘણા પ્રકાર છે કે નહિ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હો, હોય છે. એમાં ખોટી વાત શું છે ? એનાથી એ એનું અધિકપણું માને છે ને ! આહા..હા...!

એક ભગવાનઆત્મા ‘णाणसहावाधियं मुणदि आदं’ અધિક એટલે જુદો. એની વાત છે, હોં ! પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર એનાથી ભગવાનઆત્મા જુદો છે. એના અનંત અનંત ગુણથી ભરેલી થેલી આત્મા છે, ગુણની થેલી છે. એવો ભગવાનઆત્મા, જેમાં અનંતી ખાણ પડી છે. અરે...! એક રત્નની થેલી હાથ આવે તો કાઢવા ઉતાવળો થાય. હેં ? ભગવાનઆત્મા એક સમયમાં અનંત આનંદના રત્નની થેલી, ગુણી છે. ગુણી.. ગુણી ! ગુણી કહે છે ને ? શું કહે છે ? બોરા ! આ ચોખા ને ઇ ભરે છે ને ? આહા..!

કહે છે કે, એવા આત્માની એણે દરકાર કરી નહિ. ઇ છેલ્લો શબ્દ કહેશે, હોં ! છેલ્લો કહે છે ને ઇ ? (સોળમી ગાથા કહે છે ને) ? ‘સમ્યગ્દર્શન બિન દુઃખ પાય.’ ઇ. સમજ્યા ને ? ‘કૈસે રૂપ લખે અપનો’ આવશે, જુઓ ! ૧૪મી (ગાથામાં) આવશે. ‘કૈસે રૂપ લખે અપનો’ જુઓ ! એમ કહે છે. આમાં આ પંચાતમાં પડ્યો એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા કોણ ? મારું સ્વરૂપ (શું) છે ? નવરો ક્યાં છે ઇ, માળો ! ભાઈ ! સાચું છે કે નહિ ?

'ભયંકર દુઃખ પામ્યો તે દુઃખોને કહેતાં અંત આવી શકતો નથી.' ઓલામાં દુઃખને કીધા હતા. ક્રોડો જીભથી પણ તિર્યંચના દુઃખનો કહેવાનો પાર આવે નહિ. અહીં તો કહે છે કે, માણસના આ દુઃખનો પણ પાર આવે નહિ. કેમકે આત્માના આનંદ સ્વરૂપથી ઊંધી દૃષ્ટિના રાગ-દ્વેષના ભાવમાં ફસાઈ ગયો, ભીંસાઈ ગયો. એના દુઃખની વાત શું કહેવી ?

ભાવાર્થ :– 'મનુષ્યગતિમાં પણ આ જીવ નવ મહિના સુધી તો માતાના પેટમાં જ રહ્યો. ત્યાં પણ શરીર સંકોચીને રહેવું હોવાથી ઘણું દુઃખ પામ્યો,...' ઇ તો સંકોચથી વાત કરી છે, હોં ! નિમિત્તથી વાત કરી છે. મૂળ તો ત્યાં કષાય અને મિથ્યાત્વનું જોર છે ને એનું એને દુઃખ છે, પણ એના ભિન્ન ભિન્નના નિમિત્તો ભિન્ન ભિન્ન છે (તો) ભિન્ન ભિન્ન નિમિત્તથી એનું કથન કર્યું છે. નહિતર દુઃખની વ્યાખ્યા તો એક જ છે કે, આત્મા સ્વરૂપને ભૂલીને મિથ્યાદૃષ્ટિથી રાગ ને શરીરને એકપણે માને બસ, એ જ મહાદુઃખ છે. સમજાય છે કાંઈ ? અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા એની એકતામાં અતીન્દ્રિય આનંદ છે. એને રાગ-દ્વેષ ને વિકારની એકતામાં અનંતું દુઃખ છે. શાસ્ત્રકાર નિમિત્તથી કથનો (કરે છે) અને અજ્ઞાની નિમિત્તથી દુઃખને ભાળે છે. આ વીંછી આવે એને ભાળે છે કે, આ દુઃખ આવ્યું. પણ એ વખતે કષાય થાય છે એનું દુઃખ છે એને એ જાણતો નથી એટલે આચાર્યોએ સંયોગ ને નિમિત્તથી કથન (કરીને) જગતને – સંયોગથી માનનારને એ રીતે સમજાવ્યું છે. સમજાણું કાંઈ ?

'કોઈ કોઈ વખતે માતાના પેટમાંથી નીકળતી વખતે, માતાનું અથવા પુત્રનું...' જુઓ ! મરણ થાય. કાપીને કાઢે. કાઢે છે કે નહિ ? કર્યું છે તમે ? પ્રસવ ન થાય એટલે કાપી નાખે, કટકા કરીને કાઢે. પછી બાઈ મરી જાય ને કાં એ મરી જાય. અંદર જો રહી જાય ને અંદર મરી જાય તો બાઈ મરી જાય. ઝટ કાઢો. છરી નાખીને છોકરાના ઝીણા કટકા કરે. આહા..હા...! કહો ! એક બાઈને તો જેટલા પ્રસવ થાય એ કટકા કરીને કાઢવા પડતા. એક ગામમાં બાઈ છે. જેટલા બાળક આવે એટલા કટકા કરીને કાઢે. ડૉક્ટર કહે, હવે બંધ રાખો. આ જેટલા છોકરા થયા (બધાને)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કટકા કરીને જ કાઢવા પડે. એવો જ કોઈ પાપનો ઉદય લઈને આવેલ. છોકરા એવું લઈને આવેલા (કે) કટકા કરીને જ કાઢવા પડે. આ દશા ! અનંત વાર એવા કટકા થઈને (બહાર) આવ્યો, વળી ત્યાંથી ફટ (મરીને) બીજે જાય પાછો. એવા અવતાર ભગવાનઆત્માના સ્વરૂપની કિંમત કરી નહિ, પોતાના આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની મહત્તાની કિંમત આવી નહિ અને મિથ્યાત્વભાવમાં પર વસ્તુની કિંમત ને બડાઈ ને મોટપ આવી, આ એના ફળમાં (આ રીતે) રખડ્યો, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ચૌદ (ગાથા).

---

## મનુષ્યગતિમાં બાલ્ય, યુવા, વૃદ્ધાવસ્થાનાં દુઃખો

બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણીરત રહ્યો;
અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪.

અન્વયાર્થ :– [મનુષ્યગતિમાં જીવ] (બાલપનેમેં) બાળપણામાં (જ્ઞાન) જ્ઞાન (ન લહ્યો) પામ્યો નહિ [અને] (તરુણ સમય) જુવાનીમાં (તરુણીરત) જુવાન સ્ત્રીમાં લીન (રહ્યો) રહ્યો [અને] (બૂઢાપનોં) ઘડપણ (અર્ધમૃતકસમ) અધમૂઉ જેવું [રહ્યું; આવી હાલતમાં] (કૈ) કેવી રીતે [જીવ] (આપનો) પોતાનું (રૂપ) સ્વરૂપ (લખૈ) વિચારે-દેખે.

ભાવાર્થ :– મનુષ્યગતિમાં પણ આ જીવ બાલ્યાવસ્થામાં વિશેષ જ્ઞાન પણ ન પામ્યો, જુવાનીમાં જ્ઞાન તો પામ્યો પણ સ્ત્રીના મોહ (વિષયભોગ)માં ભૂલી ગયો અને ઘડપણમાં ઇન્દ્રિયોની શક્તિ ઘટી ગઇ અથવા મરણપર્યંત પહોંચે તેવો રોગ લાગુ પડયો કે જેથી અધમૂઆ જેવો પડયો રહ્યો. આવી હાલતમાં આ પ્રાણી ત્રણે અવસ્થામાં આત્મસ્વરૂપનું દર્શન (પિછાણ) ન કરી શક્યો. ૧૪.

---

'મનુષ્યગતિમાં બાલ્ય,...' અવસ્થા. 'યુવા, વૃદ્ધાવસ્થાનાં દુઃખો.'

બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણીરત રહ્યો;
અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...! જુઓ ! અહીં માણસમાં ઇ લીધું, ભાઈ ! ઓલામાં હજી દુઃખ જ વર્ણવ્યું હતું. અહીં કહે છે...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, એટલે લીધું. ત્યાંય તે મનુષ્ય છે ને ? '(મનુષ્યગતિમાં જીવ) બાળપણમાં...' 'બાળપણ ખેલમેં ખોયા, જુવાનીમાં સ્ત્રીમાં મોહ્યો, બુઢાપન દેખકર રોયો.' અમારે ત્યાં 'પાલેજ'માં નાની ઉંમરમાં (જોયું હતું). મુસલમાનનો રોજાનો દિ' (આવે) છે ને ? આ શું કહે ? ઇ રાત્રે ફકીર આવે, નીકળે ઇ આમ બોલતા. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, બુઢાપા દેખકર રોયા.' બુઢાપો (આવ્યો), હાય..! હાય..! હવે?

'બાળપણામાં જ્ઞાન પામ્યો નહિ...' વિશેષ જ્ઞાન ન પામ્યો. શબ્દ જ્ઞાન એટલે એના ઉઘાડ હોય પણ જ્ઞાન સાચું પામ્યો નહિ. એટલે આ વિદ્યા પણ બરાબર ભણ્યો નહિ. એમાં ને એમાં રમતમાં કાળ ગાળ્યા. બાળપણમાં રમતમાં કાળ ગાળ્યા, લ્યો ! જુઓને, આ દડા રમવા ને આ રમવા ને તે રમવા ને ધૂળ રમવી. કેટલો કાળ જાય? એક એક સમય આવો ચિંતામણિ રતન જેવો મળ્યો છે, મનુષ્યના દેહનો એક સમય ચિંતામણિ રતન આપે તો મળે નહિ, એવો મળ્યો. ખેલકૂદ, નાચ, હા.. હો...! ઓલા દડા શું કહેવાય ઇ ? ફૂટબોલ ! આ ઊંચો કેટલો ઉછળ્યો ? કેટલો ઉલળ્યો ? શું છે પણ આ ? તું અંદરમાં ઉલ્લળી ગયો. વખત તારો આવો ચાલ્યો જાય છે. આહા..હા...! અનંતકાળે માંડ આંખ્યું વીંચાણી અને બહાર આવ્યો અને એમાં આ મનુષ્યપણું શું થયું એની તને ખબર ન મળે.

કહે છે, અને 'જુવાનીમાં જુવાન સ્ત્રીમાં લીન...' 'તરુણીરત' એમ કહ્યું છે ને ? તરુણી એટલે સ્ત્રી, જુવાન સ્ત્રી. પોતે જુવાને અને જુવાન સ્ત્રી. થઈ રહ્યું, બેય સામેસામું જોયા કરે અને આખો દિ' એક જ વાત. સમજાય છે ? એક (જાણો) માંડ માંડ પરણેલો તો ઇ ઘરે જ બેસી રહે. એની સામું જ જોયા કરે. ઓલી કળશા કરે સવારમાં, શું કહેવાય આ ? સવારમાં કળશા કરે છે ને ? રાતના વાસી હોય એને સાફ કરે. આ લાકડાના શું કહેવાય ઓલા ? કૂચા નાખીને. એટલું કૂચો ઝટ કહેતાય તમને આવડતું નથી ? અહીં અમે તો ભૂલી ગયા હોઈએ, કેમ ? ઓલા કૂચા નાખીને આમ આમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com


Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘસવા બેસે ને ? ઓલો ધણી સામું જોયા કરે. આમ જાય તો સામું જોયા કરે. આખો દિ' સામું જોવે. જાણે માંડ માંડ રતન મળ્યું છે. કોણ જાણે શું હશે ? ચાલ્યું જશે કે શું થશે ? આહા..હા...! આવા પાપી ! મનુષ્યપણું મળ્યું, કહે છે, તરુણીમાં રત (રહ્યો).

એક જણાએ ઘરઘરણું કર્યું. સમજાય છે ? મોટી ઉંમરે ઘરઘરણું કર્યું. વહુ મરી ગઈ એટલે વિષયને માટે એટલા વલખાં (મારે). ઓલી બાઈ કહે પણ હું ચાલી નહિ જાઉં, આપણે પરણ્યા છીએ. સમજાય છે ? એક એક રાતમાં ભોગમાં બાર બાર વાર ! બાર બાર વાર (ભોગ લે). એકદમ ક્ષય થયો. અમારે તો ઘણા દાખલા આવ્યા હોય ને ? ઘણા નજરે પડ્યા હોય કે નહિ ? આહા..હા...! ઝાઝા દાખલા ઉત્કૃષ્ટ દેવાના હોય ને ! ઓલા સાધારણ તો... સમજાય છે ? આહા..હા...! મરી ગયો. કહે છે, તરુણીરત. તરુણીરત કીધું ને ? સ્ત્રીમાં રત થઈ ગયો, જાણે કે આહા..હા...! આવું મળશે કે નહિ ? તલ્લીન.. તલ્લીન.. તલ્લીન. એક એક અવયવ (જોયા કરે). શું છે ? આ તો હાડકા, માંસના ચૂંથણા છે અને એમાં સુખ છે ? તારી રાગની એકાગ્રતા છે એને તું માને છો. ત્યાં ક્યાં ધૂળમાં (સુખ) હતું ?

'જુવાનીમાં...' '(તરુણ સમય)' સમય છે ને ? એટલે જુવાનીના કાળમાં એમ લેવું, લ્યોને. તરુણ સમય – જુવાનીના કાળમાં – જુવાનીના સમયે. 'જુવાન સ્ત્રીમાં લીન રહ્યો...' '(બુઢાપનો) ઘડપણ...' જ્યાં આવ્યું 'અધમૂઉં જેવું (રહ્યું)...' લ્યો ! આહા..! સમજાણું ? એટલા વિષય સેવે કે વીર્યને ઠેકાણે લોહી નીકળે. એટલા વિષય સેવે. એટલા ગૃદ્ધ થઈ જાય. આત્મા શું છે ? ક્યાં છે ? કોણ છે ? એ સમજવાની દરકાર ન મળે. સમજાય છે આ ? આવા જીવો સાંભળ્યા, બધા જોયેલા છે. બધા નામઠામની ખબર છે. આ..હા...! છેવટે લોહી પડે. શરીરમાં વીર્ય રહે નહિ (એટલે) લોહી પડે, તોપણ મૂકે નહિ. ક્ષય થઈને મરી જાય.




કહે છે કે, જુવાનીમાં આવી સ્થિતિ પામ્યો. બુઢાપો


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates






અર્ધ મૂઆ જેવું. જુઓ ! આમાં દાખલા આપ્યા છે ને ? જુઓ ! આમાં આપ્યો છે, હોં ! જુઓ ! આ બાળપણું. એક પગ ઊંચો રાખ્યો છે. ખેલે છે, ખેલે છે. છે ? ભાઈ ! છે કે નહિ એમાં ? શું કર્યું છે ? એક છોકરો ઊભો (રાખ્યો છે એણે) આમ પગ ઊંચો રાખ્યો છે. રમે છે. સમજ્યા ને ? લ્યો. (બીજા ચિત્રમાં) તરુણી–સ્ત્રીએ હાથ ઝાલ્યો છે, એણે હાથ ઝાલ્યો છે. જુઓ ! આમ રમે છે. (બીજામાં) સ્ત્રીએ હાથ ઝાલ્યો અને (ત્રીજામાં) વૃદ્ધાવસ્થામાં લાકડી ઝાલીને આમ.. આમ (ચાલે છે). .... શરીર, આ દશા ! પછી મશ્કરી કરે, છોકરાઓ મશ્કરી કરે. બાપા ! શું ગોતો છો ? એ.. જુવાની ગોતીએ છીએ, બાપા ! ડોસી હતા ને બિચારા ? ડોસી હોય છે ને ? બિચારા આમ (વાંકા) ગયા હોય. આ..મ ચાલતા ચાલતા (જતા હોય). એમાં વીસ વર્ષનો




જુવાન છોકરો (મળે). મોટું શરીર લઠ્ઠ જેવું, ગોરા જેવું (હોય). (એને પૂછે કે), મા ! શું ગોતો છો ? (એટલે કહે), બાપુ ! જુવાની ગોતીએ છીએ, ભાઈ ! તારી જેવી અમારે જુવાની હતી, હોં ! પણ આ ચાલી ગઈ જુવાની, હોં ! બાપા ! તું ઓલું નહિ કરીશ, હોં ! હવે જુવાન છે ઇ મશ્કરી કરે. ભાઈ ! હેં ? આહા..હા...! ફાટેલી જુવાની હોય, મશ્કરી કરે. ઓલી વૃદ્ધ બિચારી આ..મ લાળ પડતી હોય, લાકડી આમ આમ માંડ રાખે નહિતર તો આમ ઢળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય. આમ લાકડી કરીને માંડ માંડ ચાલતા હોય. બાપુ ! એવા અવતાર અનંત વાર (કર્યા), અનંત વાર કર્યા છે. પાછું આ કો'કની વાત નથી ચાલતી. આહા..હા...! માળું શરીર જરીક ઓલું મળે ત્યાં એમ થઈ જાય કે, આપણે કાયમ રહેનાર રહીએ છીએ.

કહે છે, '(આવી હાલતમાં) (કૈસે) (જીવ) પોતાનું સ્વરૂપ (લખે)...' જુઓ ! ઓ..હો..હો...! 'કૈસે રૂપ લખે આપનો.' ભાઈ ! અહીંથી ઉપાડ્યું છે, જુઓ ! આમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યામાં અહીંથી ઉપાડ્યું છે, એમ મારું કહેવું છે. એમ નથી કે ઓલો શુભભાવ કેમ કરે ને ફલાણું કેમ કરે ? અહીંથી ઉપાડ્યું (છે), દેખો અહીંયાં. ગ્રંથકાર 'દૌલતરામજી' એમ કહે છે કે, મનુષ્યપણામાં બાળપણામાં ખેલમાં ખોયો, (જુવાનીમાં) તરુણીમાં મોહ્યો અને વૃદ્ધાવસ્થામાં (અધમૂઓ થઈને રહ્યો) આમાં પોતાનું રૂપ કે દિ' લખે ? પોતાનું સ્વરૂપ જાણવું એનું નામ જ સમ્યગ્દર્શન છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? જુઓ ! પોતે અહીંથી લખે છે, ભાઈ ! 'કૈસે રૂપ...' આવ્યું કે નહિ ? 'કૈસે રૂપ લખે આપનો.' એમ કીધું. સ્વરૂપ કોણ છે ? રાગ કોણ છે ? શુભરાગ કોણ છે ? એમ જાણે શુભરાગ કર્યો નથી? સમજાણું કાંઈ ? અનંત ભવમાં શુભરાગ કર્યો નથી? ઇ તો અહીંથી લેશે. મનુષ્ય મરીને સ્વર્ગે જાશે, ત્યાંથી લેશે. મનુષ્યમાંથી દેવ લશે. શુભભાવ તો અનંતવાર કર્યો છે. પણ કહે છે કે, આવું મનુષ્યપણું પામીને આત્મા સ્વરૂપે ભગવાન, એ અખંડાનંદ શુદ્ધ ચિદાનંદ વીતરાગમૂર્તિ આત્મા છે એના સ્વરૂપને કેવી રીતે લખે ? લખે એટલે 'જાણે'. આવી સ્થિતિમાં બાળપણું આમ ગયું, તરુણીમાં આમ ગયો, વૃદ્ધાવસ્થામાં આમ ગયો. પૈસા મળ્યા ત્યાં પૈસામાં ગયો, ન હોય ત્યાં નિર્ધનમાં રોયો. આમ ને આમ એણે અનંતવાર હોળી સળગાવી છે. સમજાણું કાંઈ ?

જુવાન અવસ્થા હોય ને એમાં પાંચ, પચીસ લાખ મળ્યા હોય (તો) હું પહોળો ને શેરી સાંકડી ! ઓ..હો..હો...! જોડેવાળાને દબાવે. 'ખાલી કરો, આઠ છોકરા છે, અમારે મકાન જોશે.' (ત્યારે કહે), 'ભાઈસાહેબ ! પણ અમારી મકાનની કિંમત પ્રમાણે કાંઈ આપશો ? (એટલે પેલો કહે), ખાલી કરવું છે કે નહિ ? સફારશ તારી નહિ પોગે, કોર્ટમાં અમારી સફારશ પોગશે.' ઠીક, બાપુ ! ભાઈ ! આહા..હા...! શું કરવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે પણ તારે આ ? આવા ઝગડા જ ઊભા કરવા છે કે આત્મા શું એનો કાંઈક જાણવાનો પ્રયત્ન કરવો છે ? આવી સ્થિતિમાં કહે છે, કૈસે-કેવી રીતે ઇ '(આપનો) પોતાનું સ્વરૂપ (લખૈ)...' આહા..હા...! ભારે વ્યાખ્યા નાખી અહીં. ચૌદમી (ગાથામાં) નાખી, લ્યો, ભાઈ ! હેં ?

મુમુક્ષુ :–

ઉત્તર :– ના, ના. આવી રીતે પડ્યો એમાં ક્યાંથી કરે ? એમ (કહે) છે. સલવાય ગયો. બાળપણામાં, યુવાનીમાં, લક્ષ્મીમાં, મોહમાં, કુટુંબમાં, કબીલમાં, દેશમાં, ધંધામાં, ઓલામાં, મોટા કરવામાં. વખત મળ્યો ઇ વખત ગાળ્યો ત્યાં. હવે આમાં આત્માનું રૂપ-સ્વરૂપ કે દિ' ઓળખવા માગે ? એમ કહે છે. આત્મા કોણ છે ? એની શું ચીજ છે ? એમાં શું વસ્તુ છે ? ને આ વિકારાદિ શું મારાથી પ્રત્યક્ષ છે ? એ જાણવાની દરકાર (કરી નહિ). 'કૈસે રૂપ લખે આપનો.' પોતાની જાતને જાણવા ઇ કેમ મથે એમાં ? અહીં બહારમાં મથ્યો છે એમાં. કહો, બરાબર છે કે નહિ ? આહા..હા...! નિર્ધનપણું હોય ત્યારે એમ માને કે, ભઈ ! અમારી પાસે સાધન (નથી એટલે) રળવા (માટે) કાળ જોઈએ. પૈસા મળ્યા ત્યારે કહે, બાપા ! પૈસાવાળાને કેમ નિવૃત્તિ મળે ઇ તમને ન ખબર પડે. આવા ને આવા અભિમાનીઓ. એક જણો કહેતો હતો, કીધું ને ઇ ? તે દિ' તો સાંઈઠ લાખ હતા. (ઇ કહે), મહારાજ ! ઇ તો અમારા જેવો વખત હોય તો ખબર પડે. અરે...! મરી ગયા પણ તમે આમાં. શું થઈ ગયું હવે તારી પાસે સાંઈઠ લાખ ને બે કરોડ ને પાંચ કરોડ ધૂળમાં ? મરવા વખતે નિવૃત્તિ મળશે ને ટાંગા પડ્યા (રહેશે), એ...! એમ કરીને. આમાં ને આમાં (વખત જાય). કાં મિલ ને કાં જીન ને કાં પ્રેસ ને કાં સંચા. બહારમાં એમાં ગુંચાઈ ગયો, ગુંચાઈ.

કહે છે, અરે...! આવું મનુષ્યપણું પામ્યો ત્યાં આણે લખ્યું, જુઓ ! મનુષ્યપણામાં, હોં ! આહા..હા...! બીજા કરતા અમારી પેઢી સારી ચાલે છે. બીજા કરતા અમે ઊંચા છીએ. અમે પૈસા, મૂડી વધારી છે. અમારા છોકરા કહ્યાગરા એવા બીજાને નથી. અમારી જેવું સાધન (કોઈને નથી), બહુ સરખાઈ, હમણા અમારે બહુ સરખાઈ છે. શેની ? ધૂળની. ભાઈ ! (એમને) તો કાંઈ ન મળે, હૂતો ને હૂતી, બે (જણા છે). પણ ઓલા ઝાઝા હોય એને માને, બધા એમ કહે છે. આહા..હા...! 'કૈસે રૂપ લખે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આપનો.' વાહ..! મનુષ્યપણું પામીને અહીં સલવાઈ ગયો. ભાઈ ! ઇ વળી મગજમાં આવ્યા. આહા..હા...!

(ભાવાર્થ) :– 'મનુષ્યગતિમાં પણ આ જીવ બાલ્યાવસ્થામાં વિશેષ જ્ઞાન પણ ન પામ્યો,...' એમ. વિદ્યા-બિદ્યા શીખ્યો નહિ, વિશેષ જ્ઞાન નહિ. મૂઢ જેવા મૂરખ રહ્યા. કીધું નહોતું એક છોકરાને ? ત્રીસ વર્ષની ઉંમર, દશ વર્ષ ભણાવ્યો તો સો એકડા શીખ્યો હતો. સો એકડા. નિશાળે દશ વર્ષ ભણાવ્યો તો સો એકડા શીખ્યો. એલા પણ આ દસાશ્રીમાળી વાણિયો ને તું આ ? (સંવત) ૧૯૭૦ના પોષ મહિનાની વાત છે. કેટલા વર્ષ થયા ? બાવન થયા. 'અમરેલી'ના અપાસરામાં ઉતર્યા હતા. દઈડાનો છોકરો હતો. દઈડા.. દઈડા છે. પાસેનું ગામ છે. ઇ છોકરો મજૂરી કરતો હતો. કો'ક છોકરો હતો, નાનો હતો. તે દિ'ની બાવન વર્ષ પહેલાની વાત છે. એલા પણ આ શું કરે છે તું ? આ ત્રણ આનાના તબકડા તાણે છે. ત્રણ આના, અઢી આના હશે, તે દિ' તો કોણ જાણે (કેટલા હશે) ? આમ માથે (ઉપાડે). ... ચોરણી પહેરેલી. એલા તું દસાશ્રીમાળી વાણિયો છો ? તો કહે, હા. તો આ શું ? મારા બાપે દસ વર્ષ નિશાળ(માં) ભણાવ્યો, સો એકડા આવડે છે, કહે. આહા..હા...! એવો મૂઢ પણ અનંતવાર થયો. ઇ કંઈ એને માટે એકની વાત નથી. એવા અનંતા અનંતા માણસના અવતાર કર્યા. ટાણાં આવ્યા ત્યારે ભૂલી ગયો. એને બુદ્ધિ નથી, અમારે તો બુદ્ધિ છે, અમે તો બુદ્ધિવાળા છીએ. શેની બુદ્ધિ છે ? રખડવાની ? આ રળવાની ને આ ફલાણી વ્યવસ્થા કરવાની, અમારા હાથમાં વ્યવસ્થા આવે, અમારા હાથમાં દોર આવે તો દુકાન સરખી ચાલે, આના હાથમાં આવે તો આ તો બધું ડૂબાડી દેશે.

મુમુક્ષુ :– બને છે?

ઉત્તર :– બને, ધૂળમાંય બનતું (નથી), એ તો પુણ્યને લઈને બને છે. ભાઈ ! શું હશે ? અમારા હાથમાં દુકાનનો દોર લઈએ તો રીતસર ચાલે. એમાં અમારી પેદાશ ઓછી થાય નહિ, વધ્યે જ જાય. ધૂળમાં વધતી હશે તારે લઈને. એ તો પૂર્વના પુણ્ય હોય તો વધે, તેં શું કર્યું એમાં ? માળા આવા ને આવા અભિમાનમાં મરી ગયા. આત્મા શું છે, ઓળખવાનો અવસર લેતો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જુવાનીમાં જ્ઞાન તો પામ્યો પણ સ્ત્રીના મોહ (વિષયભોગમાં) ભૂલી ગયો...' લ્યો, એમ કીધું. જાણપણું કર્યું, વાંચ્યું, વિદ્યા (પ્રાપ્ત કરી), ભોગમાં ભૂલી ગયો (કે), આ વખતમાં મારે આ આત્માની ઓળખાણ, ધ્યાન, જ્ઞાન કરવાનું છે. 'ઘડપણમાં ઇન્દ્રિયોની શક્તિ ઘટી ગઈ...' શિથિલ થઈ ગઈ. ભઈ ! નથી સંભળાતું, કાન બહેરા થઈ ગયા. આંખે સૂઝતું નથી, મોતિયા આવ્યા. છે કે નહિ પણ ? મોતિયા આવ્યા, કાંઈ સૂઝતું નથી, ઘણું વાંચવાનું મન થઈ જાય છે, પણ ખરે ટાણે વાંચ્યું નહિ, હોં ! અને અત્યારે વાંચવાનું મન થાય ત્યારે આંખ્યું ન મળે. ઓ..ય..! માળા ! ભાઈ ! તમારે તો આંખ્યું છે ને સૂતા સૂતા વાંચવું હોય તો વાંચી શકાય એવું છે. નવરા કે દિ' છે પણ ?

મુમુક્ષુ :– એને શું કામ છે ?

ઉત્તર :– આ ચિંતા કરવાનું. કેમ ? ભાઈ ! આપણે એની ખરી વાત કરીએ છીએ કે નહિ ? ચિંતા કરવાનું. છોકરો શું કરતો હશે ? ને ઓલો .. શું નામ છે બીજાનું ? ઇ શું કરતો હશે ? (આ ભાઈના) છોકરા ક્યાં વધી ગયા ને કેટલા કર્યા ? એ ચિંતા.. ચિંતા.. ચિંતા... હોળી ચિંતામાં (સળગે છે).

કહે છે, એ ભૂલી ગયો. 'વિષય' શબ્દે તો પાંચે ઇન્દ્રિયના વિષયો છે, હોં ! સ્ત્રીનો ભોગ (છે) પણ પાંચે ઇન્દ્રિયના વિષયમાં (ભૂલી ગયો). આબરુ મેળવવી, કીર્તિ મેળવવી, રૂપ જોવા.. આમ ને આમ ગયો. 'ઘડપણમાં ઇન્દ્રિયોની શક્તિ ઘટી ગઈ અથવા મરણપર્યંત પહોંચે તેવો રોગ લાગુ પડ્યો...' ત્યાં રોગ લાગુ પડ્યો. એવો કોઈ ટી.બી. લાગુ પડી ગયો, હાય... હાય...! સાંઈઠ વર્ષ પછી... સાંઈઠ વર્ષે, સીત્તેર વર્ષે અત્યારે ટી.બી. થાય છે. લ્યો ! હેં ? આ ભાઈને ટી.બી. હતો નહિ ? (એ ભાઈને) ટી.બી. હતો, પોણોસો વર્ષે ટી.બી. (થયો). એ તો હવે ડૉક્ટર ના પાડે છે, હવે કાંઈ લેશો નહિ, હોં ! શું ખાવું ? માખણ-બાખણ (ખાઓ). ભાઈસાહેબ અમે ગરીબ માણસ ક્યાંથી (લાવીએ) ? પૈસાવાળા તો વળી ખાય. ખાય તો એમાં ત્યાં ને ત્યાં એની લોલુપતા હોય, ક્યારે સાજા થઈએ ? ક્યારે સાજા થઈએ ? સાજા થઈને પાછો કાંઈ ધર્મ કરવો છે એમ નથી. સાજા થઈને પાછું દુકાને જઈને સરખાઈનું બેસવું છે. હેં ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કહે છે, જુઓને ! અર્ધમૂઓ થયો, અર્ધમૂઓ. હેં ? અર્ધમડદાં જેવો, એમ કહે છે. એ હાલતમાં 'રોગ લાગુ પડ્યો કે જેથી અધમૂઆ જેવો પડ્યો રહ્યો.' ખાટલામાં પડ્યો રહ્યો. લૂગડું ઢાંકીને પડ્યો હોય. એક વૃદ્ધ માણસ હતો. બે-બે વર્ષ, ત્રણ-ત્રણ વર્ષ (ખાટલામાં). બીજો રોગ નહિ, હોં ! પણ અવસ્થાને લઈને પછી ચાલી શકે નહિ, લૂગડૂં ઢાંકીને પછી પડ્યા હોય. ખાવાનું ટાણું હોય ત્યારે આપે, પણ લૂગડું ઢાંકીને પડ્યા રહે. અને પછી કોઈ વખતે ખીજાય, સરખાઈનું ન મળ્યું હોય તો એવા ખીજાય, એવા ખીજાય.. આ..હા...! પછી અંદર છોકરાઓ પણ મારે. અમે જોયા છે, હોં ! લૂગડું ઢાંકીને રાખીને મારે. બોલશો નહિ. ઓલો ડોસો ગાળ્યું દે, માળો ! એવી આકરી ગાળ્યું દે. .... એના છોકરાના છોકરા ઘરે (હોય) અને ગાળ્યું દે. .... છોકરા બાપને ... શું કરે પણ ? ભાઈ ! આહા..હા...! અરે...! આમ ને આમ એના વખત ગયા. પછી એને આર્તધ્યાન (થાય). અર..ર...! અમે તમને પાળ્યા, પોષ્યા, મોટા કર્યા, અમે આમ કર્યા, તેમ કર્યા અને હવે તમે આમ (કરો છો) ? પણ તું આટલી ગાળ્યું (આપે છે). મા-સમાણી ગાળ્યું (આપે). એવો ગાળ્યું (આપે), હોં ! સાંભળી જાય નહિ. અને બજારમાં દુકાન એટલે લોકો બહાર નીકળે તો સાંભળે એટલી શરમ લાગે, છોકરાના છોકરા ઘરે, એને અંદરથી મારે. કહો, 'અધમૂઆ જેવો પડ્યો રહ્યો.'

'આવી હાલતમાં પ્રાણી ત્રણે અવસ્થામાં...' જુઓ ! હવે કહે છે. બાળપણામાં આત્માનું જ્ઞાન શી રીતે કરે ? યુવાનીમાં (સ્ત્રીમાં મોહ્યો), વૃદ્ધાવસ્થામાં (અધમૂઓ થયો). (એમાં) 'આત્મસ્વરૂપનું દર્શન (પિછાણ) ન કરી શક્યો.' લ્યો ! આત્માનું શું સ્વરૂપ છે ? ભગવાનઆત્મા ! એની કિંમત એણે ટાંકી નહિ. બીજાની કિંમતમાં મરી ગયો પણ આની કિંમત કરી નહિ.

## દેવગતિમાં ભવનત્રિકનું દુઃખ

કભી અકામનિર્જરા કૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ;
વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત-વિલાપ કરત દુખ સહ્યો. ૧૫.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્વયાર્થ :– [આ જીવે] (કભી) કોઇ વખત (અકામનિર્જરા) અકામનિર્જરા (કરે) કરી [તો મર્યા પછી] (ભવનત્રિક) ભવનવાસી, વ્યન્તર અને જ્યોતિષીમાં (સુર-તન) દેવપર્યાય (ધરૈ) ધારણ કર્યા, [પરંતુ ત્યાં પણ] (વિષયચાહ) પાંચે ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપ (દાવાનલ) ભયંકર અગ્નિમાં (દહ્યો) બળી રહ્યો [અને] (મરત) મરતી વખતે (વિલાપ કરત) રડી રડી (દુખ) દુઃખો (સહ્યો) સહન કર્યાં.**

**ભાવાર્થ :– જ્યારે કોઇ વખત આ પ્રાણીએ અકામનિર્જરા કરી ત્યારે મરીને તે નિર્જરાના પ્રભાવથી (ભવનત્રિક) ભવનવાસી, વ્યન્તર અને જ્યોતિષી દેવોમાંથી કોઇ એકનું શરીર ધારણ કર્યું. ત્યાં પણ અન્ય દેવોના વૈભવો દેખી પાંચે ઇન્દ્રિઓના વિષયોની ઇચ્છારૂપ અગ્નિમાં બળી રહ્યો, તથા મંદારમાલા કરમાઇ જતી દેખીને અને શરીર તથા આભૂષણોની કાન્તિ ક્ષીણ થતી દેખીને પોતાનું મરણ નજીક છે એમ અવધિજ્ઞાન દ્વારા જાણતાં 'હાય ! હવે આ ભોગ મને ભોગવવાને નહિ મળે !' એવા વિચારથી રો-રો કરીને ઘણાં દુઃખો સહન કર્યાં. ૧૫.**

**અકામ નિર્જરા એમ સાબિત કરે છે કે કર્મના ઉદય પ્રમાણે જ જીવ વિકાર કરતો નથી પણ ગમે તેવા કર્મોદય હોવા છતાં જીવ સ્વયં પુરુષાર્થ કરી શકે છે.**

---

'દેવગતિમાં ભવનત્રિકનું દુઃખ' લ્યો ! માણસના દુઃખનું એટલું સાધારણ વર્ણન કર્યું. બાકી તો ઘણા પ્રકારના દુઃખો છે ને ? માણસના ઘણા પ્રકારના (દુઃખ છે). છેદાય, ભેદાય, આંગળા તૂટે, કોઢ થાય. જુઓને ! ઘણા રોગ થાય છે ને ? પીડાય. કંઠમાં આ થાય.. શું કહેવાય ? કેન્સર. હેં ? આહા..હા...! કેન્સરની ખબર પડે, પેટમાં ભૂખનો પાર ન હોય અને અહીં કેન્સર, પાણી ઉતરે નહિ. હમણા કો'ક કહેતું હતું. પાણી ઉતરતું નથી. અહીંયાં પાણી જતા દુઃખે છે. પેટમાં ભૂખનો પાર ન મળે, અહીં પાણી નાખે તો (બળે), પાણી ઠંડું હોય, ગમે ઇ (હોય) પણ બળતરા થાય. ઓલું આળું થઈ ગયું હોય ને ? આળું. બાપા ! એ અવસ્થા ગઈ. આત્મા કોણ છે ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન, એ આત્માના સ્વરૂપની કિંમત જેની વાણીમાં પૂરી આવતી નથી. એવો આત્મા કોણ આ તે અંદર છે ? ઓ..હો...! એના સ્વરૂપને જાણવા, પીછાણ કરવાની દરકાર કરી નહિ. આમાં ક્યાં કરે ? કહે છે, ત્યાં સલવાણો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં. ભાઈ ! પુસ્તક છપાવે એમાં રોકે, વળી છપાણા હોય એને ખપે ત્યાં સુધી રોકે, વળી ખપ્યા પછી એની મૂડી સાચવવામાં રોકાય, ભાઈઓને કાંઈક વાંધા ઊઠે એમાં રોકાય. માળા, રોકાવાના સાધન કેટલા ? ભાઈ ! અહીં તો ઓલું માણસનું પૂરું કરે છે ને એટલે જરી (લીધું). માણસમાં ઘણા ઘણા દુઃખો (વેઠ્યા).

ઓ..હો...! એક બાઈ તો તે દિ' (સંવત) ૧૯૮૨ના ચોમાસામાં 'પોરબંદર'માં હતી. અમારું ચોમાસુ હતું ને ? એક બાઈ હતી, ઓલી કોર હતી, દેરાસરની કોર. સાડા ત્રણ વર્ષથી આમ ઊંધી પડી રહેતી હતી. બહુ દુઃખ ! રાડ નાખે ! મહારાજ ! દુઃખ સહ્યા જતા નથી. આમ ને આમ ઊંધે માથે, હોં ! કંઈ ગમે ઇ હશે. સાડા ત્રણ વર્ષથી.

એક સાધુ 'જામનગર' હતો, દેરાવાસી સાધુ. હાથમાં ઇયળો પડી હતી. દેરાવાસી સાધુ હતો, ગયા હતા, એની પાસે ગયા હતા. બિચારા (કહે), મહારાજ ! સાંઈઠ વર્ષની મોટી ઉંમર હતી, રૂપાળુ શરીર હતું, પણ કોણ જોવે ત્યાં ? પછી કરે (કોણ) ? એક માણસ રાખી મૂક્યો હતો. શિષ્ય હતો પણ શું કરે ? હવે સહન થતું નથી. સહન થતું નથી માટે શું કરશો ? કીધું. એમાં કાંઈ મરી ગયે છૂટકો છે ? એ તો આયુષ્ય પૂરું થશે ત્યારે થશે. શરીરમાં ઇયળો પડી, હોં ! દેરાવાસી સાધુ. ઇયળો પડી. કારણ કે બહુ ઘસાય ને ? ઇયળ પડી. રૂપાળું શરીર હતું. એમાં મરી ગયા. એવા એવા માણસના અનંત અવતાર કર્યા. સમજાણું કાંઈ ? એકની વાત નથી. એવા એવા જેટલા જેટલા દાખલા આપીએ એવા અનંતવાર મનુષ્યપણામાં એણે અવતાર ધારણ કર્યા છે. હવે કહે છે, ત્યાંથી કદાચિત્ (બહાર નીકળે છે).

'દેવગતિમાં ભવનત્રિકનું દુઃખ' આવ્યું, હોં ! પંદરમી (ગાથા).

કભી અકામનિર્જરા કૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ;
વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત-વિલાપ કરત દુખ સહ્યો. ૧૫.

અહીં આપ્યું છે બધું, હોં ! ચિત્ર આપ્યા છે. ભવનપતિમાં જન્મે ને આ બધા છે ને ? '(આ જીવે) કોઈ વખત અકામનિર્જરા કરી...' અકામનિર્જરા એટલે સમજાય છે ? ઇચ્છા વિના ખાવાપીવાનો ભાવ છે છતાં મળતું નથી. એમાં કોઈ રાગની મંદતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates






કરે, આ સ્ત્રી વિધવા થાય અને ભાવ હોય છતાં મળે નહિ ને એમાં વળી કોઈ રાગની મંદતા કરે તો અકામનિર્જરાથી ભવનપતિ, વ્યંતરદેવ થાય. એવી અનંતવાર અકામનિર્જરા કરી. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ ત્રણેના કારણો જુદા જુદા છે, પણ બધા હોય મિથ્યાદષ્ટિ. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં જન્મનારા મિથ્યાદષ્ટિ હોય, સમ્યગ્દષ્ટિ ત્યાં જન્મે નહિ. એવા ભવનત્રિકની અંદર (જન્મે). ભવનત્રિક એટલે ભવનપતિ, વ્યંતર ને જ્યોતિષ.

'કોઈ વખત અકામનિર્જરા કરી ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષીમાં (સુર-તન)...' સુર નામ દેવનું શરીર ધારણ કર્યું. '(પરંતુ ત્યાં પણ) (વિષયચાહ) પાંચે ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપ...' વિષયની ચાહ. દેવીઓના વિષય, એમાં વ્યંતર થયો તો કુતૂહલ કર્યાં. કુતૂહલ કર્યાં, કો'કના દેહમાં પેસીને (દેહમાં પેસે નહીં, ફક્ત લોકવાયકા છે.) ધુણાવે છે ને ? ધુણે, ધુણાવે એવા કુતૂહલ કરીને જિંદગી ગાળી. કુમાર કહેવાય ને ? એને કુમાર કહે છે. સમજાય છે ? જુવાન છોકરા જેમ રમતુંમાં કાળ ગાળે એમ એ અસુરકુમાર આદિના દેવો, વ્યંતરના દેવો રમતુંમાં કાળ ગાળે. વિષયની ચાહના, રમતમાં કાળ ગુમાવે. મરીને પછી જાય, ઢોરાદિમાં ચાલ્યા જાય. સમજાણું કાંઈ ? એવા અનંતીવાર ભવનપતિ(ના અવતાર કર્યા). એની એક સાગરની સ્થિતિ છે. દસ હજાર (વર્ષનું) આયુષ્ય છે, દસ હજારને આયુષ્યે અનંતવાર જન્મ્યો, પાછો એક સમયનું આયુષ્ય વધારે (પ્રાપ્ત કરીને) એમાં જન્મ્યો. ભવનપતિ, વ્યંતર દરેકમાં (એ રીતે જન્મ્યો). દસ હજાર વર્ષના આયુષ્યે ભવનપતિમાં અનંતવાર જન્મ્યો, એક સમયના અધિક આયુષ્યે અનંતવાર જન્મ્યો, બે સમય અધિક (અનંતવાર જન્મ્યો). એવા અકામનિર્જરાના ફળ તરીકે આવા અવતાર કર્યાં. એમ વ્યંતર, ભૂતડા થાય છે ને ? સમજાણું ?

નીચે નરકના પાસડા છે. પહેલી નરકમાં દસ ઠેકાણે ભવનપતિ છે. સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસુરકુમાર, નાગકુમાર આદિ. નીચે નરક અને વ્યંતર ઉપરના ભાગમાં છે. એમાં અનંતવાર એક એક પણે જન્મ્યો છે. વ્યંતરદેવો દુઃખી છે એમ નથી, હોં ! ત્યાં બહારનું મોટું સાધન છે પણ કુતૂહલ કરી હાથમશ્કરી કરવાના ધંધા (કર્યા કરે). નથી અત્યારે ઓલા માણસો થતા ? હાથ કરનાર નથી (હોતા), શું કહેવાય છે ? મશ્કરા. 'રાજકોટ'નો એક બ્રાહ્મણ આવ્યો ? બસ ! વાક્યે વાક્યમાં એની મશ્કરી જ હોય. હાસ્યવૃત્તિ, હાસ્ય જ કરે. હમણાં એક આવ્યો હતો ઇ પણ હાસ્ય કરે. ઇ જ શીખ્યા હોય. મોટા રાજા, મહારાજાની સભા ભેગી કરી એવા શબ્દો બોલે, પોતે મરકે નહિ, ભાષા એવી બોલે (કે) વાક્યે વાક્યે દાંત જ આવે. એવા મરીને વ્યંતર થયા હોય, કોઈ શુભભાવ હોય ને અકામનિર્જરાથી (ત્યાં જઈને) ત્યાં પણ પાછા એવા ને એવા ઢોલકા વગાડે. સમજાણું કાંઈ ? વ્યંતરમાં એવું ને એવું કર્યા કરે. આહા..હા...!

નપુંસક થાય છે. આ જુઓને નથી થાતા ? મુસલમાન ને બધા નપુંસક ઢોલકા વગાડે. પૈસા માગવા માટે વગાડે છે ને ? ઇ આમાં છે ને ? ક્યાંક આવશે. આમાં આવશે ઇ. સ્ત્રી, પુરુષ ને નપુંસકનું આવે છે ને ? આવે છે, આવે છે, આમાં ચિત્ર આવે છે. ઇ નપુંસક બરાબર ઠીક કર્યો છે. અમારે ત્યાં 'પાલેજ'માં બહુ મુસલમાનો આવતા હતા. મુસલમાન આવે, માંગવા આવે, માંગવા. મુસલમાને ચોરણી પહેરી હોય, પછી એવા બોલે, ભૂંડા પણ બોલે, પૈસા લેવા માટે. છ આના, આઠ આના લે. પૈસો–બૈસો ન લે.

કહે છે, એવા દેવો... અહીં પણ એવા અકામનિર્જરામાં કોઈ રાગ મંદ થઈ ગયા હોય અને એમાં અવતરે. ત્યાં પણ પાછી એની એ કુતૂહલતાની વૃત્તિને કરે. ત્યાં વિષયચાહ દાહમાં બળ્યા બળ્યા (કરે). સમજાય છે ? '(દાવાનલ) ભયંકર અગ્નિમાં બળી રહ્યો...' કઈ અગ્નિ ? વિષયની ચાહ, ચાહના, ચાહના. 'મરતી વખતે રડી રડી દુઃખો સહન કર્યા.' ઇ ભવનપતિ, વ્યંતર મરતા હાય.. હાય ક્યાં જાશું ? રોવે. કોઈ સુખ ન હોય, અપમાન ઘણા હોય. દેવમાંય રોવે. પોકે મૂકે ત્યાં. અરે..રે...! હવે અમારું કોઈ ધણી નહિ. અમે આ દેવોની સાથે, અમારા ઇન્દ્ર સાથે ઘણાં કામ કર્યા, મરવાના ટાણાં આવ્યા, કોઈ અમને સહાય નહિ. રોવે, પછી રોવે. હાય.. હાય.. ક્યાં જાશું ? એવા અવતાર એ આત્માના જ્ઞાન અને આત્માના સમ્યગ્દર્શન વિના, આત્મસ્વરૂપની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પીછાણ વિના અનંતવાર આવા અવતાર મિથ્યાદર્શનને લઈને કર્યા.

'જ્યારે કોઈ વખત આ પ્રાણીએ અકામનિર્જરા કરી ત્યારે મરીને તે નિર્જરાના પ્રભાવથી (ભવનત્રિક) ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાંથી કોઈ એકનું શરીર ધારણ કર્યું.' ત્રણનું કંઈ એકસાથે ન હોય, એમ. 'ત્યાં પણ અન્ય દેવોના વૈભવો દેખી...' જુઓ ! બીજા દેવના વૈભવ દેખી 'પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપ અગ્નિમાં બળી રહ્યો,...' અને અહીં જેમ બીજાના વૈભવ દેખીને બળે છે ને ? સળગે છે ને ? મારી પાસે પચાસ હજાર, આની પાસે પાંચ લાખ, મારી પાસે બે લાખ, આની પાસે દસ લાખ. એમ ને એમ હોળી સળગે જ છે. ત્યાં દેવમાં પણ એમ બળતરા છે. ઓલા દેવ રૂપાળા બહુ હોય, મોટી પદવીના દેવ હોય (એની હેઠે નોકર હોય). ઓ..હો..હો...! અમે નોકર, આ મોટા દેવ. આણે શું કર્યું ? અમારા હાલ કર્યા એ બળતરા.

અહીં બે ભાઈઓ હોય અને એમાં (એક) પાંચ કરોડ, દસ કરોડનો (ધણી) થઈ જાય તો ઓલાને બળતરા થાય. ગામમાં એક મુસલમાન વધી જાય એની બળતરા એને ન હોય. હેં ?

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, ઇ બહારનો આદમી છે, એમ કહે. બહારના આદમીને લઈને (ન બળે), ઘરના આદમી (જોઈને બળે). ડૉક્ટર ઠીક કહે છે. કારણ કે બહારના આદમી સાથે આપણે શું પરોવડ હોય ? તમારે શું ? દીકરો ન મળે. સૌના છોકરા રળે. પણ એક જો વધી ગયો હોય તો હવે નહીં રહું ભેગો તમારે પેદાશ મોટી (છે), સરખાઈ છે માટે અમે ભેગા નહિ. એ...ય બળતરા થાય. અરે...! આને પાંચ લાખ ભેગા થયા. અમારે તો આખી જિંદગીમાં એક એકને પાંચ લાખ આવે એવું તો થયું નહિ. એ.. બળતરા થાય.

'મંદારમાળા કરમાઈ જતી દેખીને...' લ્યો ! એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષને પણ અહીંયાં માળા હોય, હોં ! શરીર પ્રમાણે માળા, માળા ફૂલની માળા (હોય). કોઈ એવી માળા કરમાઈ જતી દેખીને. એવી માળા જ એને હોય. નથી અત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટા મોટા (ભાણસો પહેરતા) ? આખા શરીર પ્રમાણે મોટી લાંબી માળા હોય. ઇ કરમાય ત્યારે દેખાય કે, પુણ્ય ફર્યાં. આયુષ્ય પૂરું થઈ ગયું. ઓ..હો...! આ દેવો કહેતા કે, ઇ કરમાય ત્યારે આયુષ્ય પૂરું થાય.

'શરીર તથા આભૂષણોની કાંતિ ક્ષીણ થતી દેખીને...' લ્યો ! શરીર પણ ક્ષીણ થતું દેખાય. અંદર દેખાય એવું, હોં ! હાય.. હાય..! બસ ! ઉપડ્યા હવે.

મુમુક્ષુ :– માળા.

ઉત્તર :– એવું હોય છે કાંઈક. મોટા શુભભાવવાળાને હોય છે. મોટી માળા આખા શરીર પ્રમાણે (હોય). પોતાની કાંતિ ક્ષીણ દેખી, આભૂષણની પણ કાંતિ મંદ દેખાય, જુઓ ! પુણ્યને લઈને, જુઓ ! આભૂષણ શાશ્વત છે. પણ આભૂષણ શાશ્વત (હોવા) છતાં ઓલા પુણ્ય ઘટ્યા ને ? પુણ્યનો દેખાવ આમ મંદ દેખાય. જુઓ ! ખુબી જુઓ ! આભૂષણો શાશ્વત છે. ઇ ક્યાં ત્યાં તમારા અહીંના ઘડેલા છે. એની આંખમાં જ એવું દેખાય. કર્મનો ઉદય મંદ થઈ ગયો, હવે અહીંથી મરીને જાવું છે. આભૂષણો એવા દેખાય. જુઓને ! અહીં દાગીના પહેરે ત્યારે કેવા પહેરે છે ? જુઓને ! સરખા કરીને આમ આમ આમ આમ લટકતા લવીંગ્યા. લટકતા લવીંગ્યા, અહીં નાખે આ, અહીં નાખે. ઓલા મારવાડી તો વળી શું કરે. નથી કરતા ? મારવાડી નહિ ? એમાં કાંઈક સરખું ન હોય ને એમાંથી કાંઈક પડી ગયું હોય તો હાય.. હાય...! અને એ જ આમ માથે વાગ્યું હોય. શોભામાં ઊભા... કહે છે, આવા (અવતાર) અનંતવાર કર્યાં.

એની શોભા મંદ દેખી 'પોતાનું મરણ નજીક છે એવા અવધિજ્ઞાન દ્વારા...' અવધિ એટલે વિભંગ. મિથ્યાદષ્ટિને તો વિભંગ હોય છે. સમજ્યા ? એ વિભંગજ્ઞાન દ્વારા જાણતો 'હાય ! હવે આ ભોગ મને ભોગવવાને નહિ મળે !' હાય.. હાય.. હવે અહીંથી ચાલ્યા જશું. અબજો વર્ષ અહીં રહ્યા, અસંખ્ય વર્ષ રહ્યા. હવે ? ચાલો, ઉપડો બીજે, મુદત પૂરી થઈ ગઈ. જુઓ ! દેવો પણ હાય.. હાય.. કરે છે. માણસ હાય.. હાય.. કરે ને દેવ પણ હાય.. હાય.. કરે છે. નારકી હાય, મનુષ્ય હાય, દેવ ને ઢોર. નિગોદ તો બિચારા હાય ક્યાં કરી શકે છે ? મહાદુઃખમાં ગરકાવ થઈ ગયા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'એવા વિચારથી રો-રો કરીને ઘણાં દુઃખો સહન કર્યા.' લ્યો ! સમજાણું ? ભવનત્રિકનું (ચિત્ર) કર્યું છે, હોં ! એવા અવતાર ભવના કર્યા. 'અકામ નિર્જરા એમ સાબિત કરે છે કે કર્મના ઉદય પ્રમાણે જીવ વિકાર કરતો નથી...' એવું ક્યાંથી આવે ? કર્મના ઉદય પ્રમાણે હોય તો આ ઇચ્છા મંદ કરીને પુણ્ય બાંધે શી રીતે ? જેટલા કર્મનો ઉદય (છે) એ પ્રમાણે અહીં વિકાર થાય તો આ અકામ નિર્જરા સિદ્ધ થતી નથી. લોકો સમજ્યા વિના કહે છે. 'ગમે તેવા કર્મોદય હોવા છતાં જીવ સ્વયં પુરુષાર્થ કરી શકે છે.'

## દેવ ગતિમાં વૈમાનિક દેવોનું દુઃખ

**જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;**
**તઁહતેં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ. ૧૬.**

અન્વયાર્થ :– (જો) જો (વિમાનવાસી) વૈમાનિકદેવ (હૂં) પણ (થાય) થયો [તો ત્યાં] (સમ્યગ્દર્શન) સમ્યગ્દર્શન (વિના) વિના (દુખ) દુઃખ (પાય) પામ્યો [અને] (તઁહતેં) ત્યાંથી (ચય) મરીને (થાવર તન) સ્થાવર જીવનું શરીર (ધરૈ) ધારણ કરે છે, (યોં) આવી રીતે [આ જીવ] (પરીવર્તન) પાંચે પરાવર્તન (પૂરે કરે) પૂરાં કર્યા કરે છે.

ભાવાર્થ :– આ જીવ વૈમાનિક દેવોમાં પણ ઉત્પન્ન થયો તોપણ ત્યાં તેણે સમ્યગ્દર્શન વિના દુઃખો ઉઠાવ્યાં અને ત્યાંથી પણ મરીને પૃથ્વીકાયિક વગેરે સ્થાવરો xશરીર ધારણ કર્યાં, એટલે કે ફરીને તિર્યંચ ગતિમાં જઇ પડયો આ રીતે આ જીવ સંસારમાં અનાદિ કાળથી રખડયા કરે છે, અને પાંચ પરાવર્તન કરી રહ્યો છે.

'દેવ ગતિમાં વૈમાનિક દેવોનું દુઃખ' હવે છેલ્લો મોટો દેવ.

**જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;**
**તઁહતેં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ. ૧૬.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ ! આમાં દેખાવ કેવો આપ્યો છે, જોયો ? એક દેવ છે ને ઇ મરીને વનસ્પતિમાં જાય છે, જુઓ ! દેખાણું ? આની કોર આ દેવ છે. એ મરીને.. લીટો કરીને આ વનસ્પતિમાં જાય છે. છે ? ભાઈ ! વૈમાનિકનો દેવ, મોટું બે સાગરનું આયુષ્ય હોય. બે સાગરોપમ. અસંખ્યાતા અબજ વર્ષનું પલ્યોપમ અને એવા દસ ક્રોડાક્રોડ પલ્યોપમનો સાગર, એવા બે સાગર, એ મરીને જુઓ ! આ ઝાડમાં ઊપજ્યો, જુઓ !



આ ઝાડ. વનસ્પતિના ઝાડનું ક્યાંક સારું ફૂલ હોય ને ? ત્યાં મરીને અવતરે, ફડાક.. દઈને ! આહા..હા...! અવતરે ને ? આ (જીવ) અવતર્યો હશે કે નહિ ? આ અવતર્યો એની તો વાત ચાલે છે. અનંતવાર દેવ મરીને એકેન્દ્રિય થયો. હાય.. હાય...! એવા અનંત અવતાર મિથ્યાદર્શનના પ્રભાવથી કર્યા.

'જો વૈમાનિકદેવ પણ થયો (તો ત્યાં) સમ્યગ્દર્શન વિના...' સમ્યગ્દર્શન વિનાના જીવની વાત છે, હોં ! વૈમાનિકદેવમાં સમ્યગ્દષ્ટિ છે એ તો પછી એકાવતારી થઈને મોક્ષ જાય. સમ્યગ્દર્શનવાળા (દેવની) વાત આમાં નથી. 'સમ્યગ્દર્શન વિના દુઃખ પામ્યો ત્યાંથી મરીને (થાવર તન) સ્થાવર જીવનું શરીર ધારણ કરે...' એકેન્દ્રિય થાય, એકેન્દ્રિય ! આ..હા...! પૃથ્વીમાં ઊપજે, હીરા-માણકેમાં ઊપજે. પાણીમાં ઊપજે. ઊંચા સારા પાણી હોય ને ? સ્વાતીબિંદુ આદિ. મોતી પાકે ને થાય ને ? એમાં ઊપજે. ફૂલમાં અવતરે. સારા ચંપાના, ગુલાબના ફૂલ હોય ને ? દેવ મરીને ત્યાં અવતરે. એકેન્દ્રિય વનસ્પતિ થાય. એવા અવતાર અનંતવાર કર્યા. કહો, સમજાણું ?

'(પરીવર્તન) પાંચે પરાવર્તન (પૂરા કરે)...' લ્યો, આ છેલ્લો શ્લોક છે ને ! આ રીતે નિગોદ, તિર્યંચ, મનુષ્ય, દેવ. અનંતવાર દ્રવ્યે બધા રજકણો ગ્રહ્યા એવા અનંતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવતાર દ્રવ્યે કર્યા. ક્ષેત્રમાં અનંતા અવતાર કર્યા. કાળે એક એક સમયે અનંતા અવતાર કર્યા. અનંતી ચોવીશીમાં એક એક ચોવીશીના એક સમયે અનંતા અવતાર કર્યા. એમ એક ભવના અનંત અવતાર અને ભાવના અનંત અવતાર. ભાવ એટલે શુભાશુભભાવ. એ શુભાશુભભાવના પણ અનંતા અવતાર કર્યા. સમજાણું કાંઈ ? ભવ અનંતા, ભાવ અનંતા, દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ દરેકમાં અનંતા અનંતા ભવ કર્યા. જેટલા રજકણો છે એટલા લીધા, છૂટ્યા. અનંતવાર. ક્ષેત્રમાં એક એક ક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો ને મર્યો. અનંતી ચોવીશીમાં એક એક ચોવીશી પહેલેથી શરૂ કરો તો એક સમયે જન્મ, બીજે સમયે જન્મ, ત્રીજે સમયે એવા અનંતવાર જન્મ, અનંતવાર મરણ એક એક ચોવીશીએ. એમ એક એક ભવ (ગતિ)માં અનંત ભવ અને એક એક શુભ-અશુભમાં અનંતા ભાવ. એવા અનંતી વાર શુભભાવ, અનંતી વાર અશુભભાવ કર્યા અને પરિવર્તન પૂરા કર્યા, એમ અહીં છેલ્લું કહે છે. આ રીતે ચાર ગતિના દુઃખો મિથ્યાદર્શનના પ્રભાવે, આત્મદર્શન વિના સમ્યગ્દર્શન પામ્યા વિના એણે આવા ચાર ગતિના અનંતા દુઃખો અને પરિભ્રમણ પૂરા કર્યા, લ્યો !

ભાવાર્થ :– 'આ જીવ વૈમાનિક દેવોમાં પણ ઉત્પન્ન થયો તોપણ ત્યાં તેણે સમ્યગ્દર્શન વિના દુઃખો ઉઠાવ્યાં અને ત્યાંથી પણ મરીને પૃથ્વીકાયિક વગેરે સ્થાવર...' વગેરે એટલે પૃથ્વી, પાણી અને વનસ્પતિ, ત્રણ જ. ત્રણ લેવા. 'શરીર ધારણ કર્યા, એટલે કે ફરીને તિર્યંચ ગતિમાં જઈ પડ્યો. આ રીતે આ જીવ સંસારમાં અનાદિ કાળથી...' આ પહેલી ઢાળમાં પૂરું કર્યું. આ રીતે 'અનાદિ કાળથી રખડ્યા કરે છે અને પાંચ પરિવર્તન કરી રહ્યો છે.' બધા દુઃખોની વ્યાખ્યા આવી ગઈ. હવે ઇ પછી બીજી ઢાળમાં પાધરું લેશે. 'ઐસે મિથ્યાદગ' એમ લશે, લ્યો ! છે ? આ રીતે ચાર ગતિના અનંત વાર ભવો મિથ્યાદર્શનને કારણે, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને કારણે (કર્યા). એ માટે પહેલી આ વાત કરી. રખડ્યો છે મિથ્યાદર્શનને લઈને. માટે મિથ્યાદર્શન આદિનું શું સ્વરૂપ છે એ બીજી ઢાળમાં કહેશે. (વિશેષ કહેશે...)

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# બીજી ઢાળ

**(પદ્ધરિ છંદ)**

**સંસાર (ચતુર્ગતિ)માં પરિભ્રમણનું કારણ**

**ઐસે મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;**
**તાતૈં ઇનકો તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧.**

**અન્વયાર્થ :–** [આ જીવ] (મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણવશ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને વશ થઇ ને (ઐસે) આ પ્રકારે (જન્મ-મર્ણ) જન્મ અને મરણના (દુખ) દુઃખોને (ભરત) ભોગવતો થકો [ચારે ગતિઓમાં] (ભ્રમત) ભટકતો ફરે છે. (તાતૈં) તેથી (ઇનકો) એ ત્રણને (સુજાન) સારી રીતે જાણીને (તજિયે) છોડી દેવાં જોઇએ. [માટે] (તિન) એ ત્રણનું (સંક્ષેપ) સંક્ષેપથી (કહૂં બખાન) વર્ણન કહું છું તે (સુન) સાંભળો.

**ભાવાર્થ :–** આ ગાથા ઉપરથી એમ સમજવું કે મિથ્યા-દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ જીવને દુઃખ થાય છે અર્થાત્ શુભાશુભ રાગાદિ વિકાર તથા પર સાથે એકપણાના શ્રદ્ધા-જ્ઞાન અને એવા મિથ્યા આચરણથી જ જીવ દુઃખી થાય છે, કેમ કે કોઇ સંયોગ સુખ-દુઃખનું કારણ થઇ શકતું નથી; એમ જાણીને સુખાર્થીએ એ મિથ્યાભાવોનો ત્યાગ કરવો જોઇએ. એટલા માટે જ હું અહીં સંક્ષેપથી એ ત્રણનું વર્ણન કરું છું. ૧.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧, શનિવાર
## તા. ૨૨-૧--૧૯૬૬, ઢાળ-૨, ગાથા ૧ થી ૩, પ્રવચન નંબર-૫

આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' છે. એની પહેલી ઢાળ પૂરી થઈ. બીજી ઢાળ. ઢાળ(ને) ચાલ પણ કહેવામાં આવે છે અને ઢાળ એટલે મિથ્યાદર્શન આદિથી આત્માના સ્વભાવનું રક્ષણ કરવા આડમાં છ ઢાળ કહેવામાં આવે છે. પહેલી ઢાળમાં ચાર ગતિના દુઃખોનું વર્ણન કર્યું. ઇ દુઃખ કેમ ભોગવ્યું ? એમ કહે છે.

'સંસાર (ચતુર્ગતિમાં) પરિભ્રમણનું કારણ.' એટલે ચાર ગતિ છે એમ પાછી સિદ્ધ કરી. પહેલી વાત આવી ગઈ છે. નિગોદ, ત્યાંથી નીકળી તિર્યંચ થયો, ત્યાંથી નરકમાં ગયો, ત્યાંથી માણસ થયો, દેવ થયો. એવા અનંતા અવતાર મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે એણે કર્યા છે. સ્વર્ગના ભવ પણ અનંતા કર્યા છે. પાપ કર્યા તો નરક, નિગોદાદિમાં ગયો, પુણ્યાદિ કર્યા હોય તો મનુષ્ય અને સ્વર્ગમાં (ગયો). એવા ચાર ગતિમાં અનંતકાળથી (રખડે છે). એટલે મિથ્યાદર્શન શબ્દ લ્યે છે. જુઓ !

ઐસે મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;
તાતૈં ઇનકો તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧.

'(આ જીવ) (મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણવશ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને વશ...' એનો ખુલાસો કરશે. 'ઐસે' અહીં વજન છે. પૂર્વે કીધું હતું ને કે અનંતકાળ નિગોદમાં રહ્યો, એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. કેટલા ? અઢાર, અઢાર ભવ એક શ્વાસમાં ! એવા એવા અનંતકાળ નિગોદમાં રહ્યો. ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ તીર્થંકરે જોયું કે એ મિથ્યાશ્રદ્ધા અને જ્ઞાનના જોરે એ નિગોદમાં પણ એને કારણે રહ્યો, ભાઈ ! કર્મને કારણે નહિ, એમ અહીં સિદ્ધ કરવું છે. જુઓ !

'ઐસે મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ ભ્રમત ભરત દુઃખ જન્મ-મરણ.' એ નિગોદમાં અનંતકાળ રહ્યો. એક શરીરમાં અનંત જીવ, એ પણ પોતાની મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને કારણે રહ્યો. કહો, બરાબર છે ? એમાંથી નીકળે છે. નીકળે છે ને ? 'ઐસે'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ શબ્દ કહીને પૂર્વે પહેલી ઢાળમાં જે ચાર ગતિના દુઃખોનું વર્ણન કર્યું એનું કારણ બતાવે છે. જુઓ ! એમ કીધું ને ? 'સંસાર (ચતુર્ગતિમાં) પરિભ્રમણનું કારણ.' આ કારણ છે. કર્મ નહિ, કર્મ તો જડ માટી–ધૂળ છે. એ તે જડ માટી તત્ત્વ છે, અજીવ તત્ત્વ છે. એને ચાર ગતિમાં રખડવાનું કારણ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગ-દ્વેષ પરિણામ, એને લઈને એ જન્મ-મરણના દુઃખો સહન કર્યા છે. કહો, ભાષા કેવી સરસ કરી ! જુઓને ! હેં ? ઓલા કહે, કર્મને લઈને (રખડ્યો). કર્મ તો જડ છે, માટી–ધૂળ છે. તું ભાવ કર ઇ પ્રમાણે કર્મ બંધાય. તારા ભાવને લઈને ચાર ગતિમાં રખડ્યો છો. કહો, બરાબર છે ? ભાઈ ! કે કર્મને લઈને ?

મુમુક્ષુ :– ના, ના. પ્રભુ !

ઉત્તર :– નહિ ? આ શું કહે છે ? 'ઐસે મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ ભ્રમત ભરત દુઃખ જન્મ-મર્ણ.' એ 'વશ' આમ નાખી દેવું જોઈએ. છાપવામાં ભૂલ પડી ગઈ છે. 'ચર્ણ' આમ જોઈએ, 'વશ' આમ જોઈએ. 'વશ ભ્રમત ભરત દુઃખ જન્મ-મર્ણ.' એમ જોઈએ. 'ચરણ' છે ને સામે 'મરણ' જોઈએ. સમજાણું કાંઈ ?

અનાદિથી એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય (થયો). મનુષ્યના ભવ ઉપરાઉપર કરે તો આઠ કરે, એવા અનંતા ભવ કર્યા. સ્વર્ગના પણ, મહા દયા, દાન, વ્રત, ભક્તિ એવા પુણ્ય કર્યા (તેને લઈને) સ્વર્ગમાં પણ અનંતા ભવ કર્યા, પણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર શું છે એનું જ્ઞાન એણે કર્યું નહિ. એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગ-દ્વેષને કારણે અનંતકાળમાં એવા નિગોદથી માંડીને ભવ કર્યા. સમજાણું કાંઈ ?

એને વશે 'આ પ્રકારે જન્મ અને મરણના દુઃખોને...' જન્મવું અને મરવું એવા દુઃખોને 'ભોગવતો થકો...' જન્મ-મરણની સંયોગથી વ્યાખ્યા કરી છે. ખરેખર તો માથે કીધું, મિથ્યાદર્શન, જ્ઞાન ને વિકાર એ દુઃખના કારણ છે, એ દુઃખરૂપ છે. સંયોગ દુઃખરૂપ નથી. સમજાય છે કાંઈ ? પ્રતિકૂળ સંયોગ એ દુઃખનું કારણ નથી. એ તો માટી–ધૂળ, પર છે. એમ અનુકૂળ સંયોગ સુખ નથી. અજ્ઞાની મૂઢ મિથ્યાદષ્ટિ જીવે એને અનુકૂળ હોય તો મને ઠીક અને પ્રતિકૂળ અઠીક એમ મિથ્યાશ્રદ્ધાથી માનીને દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જન્મ અને મરણના દુઃખોને ભોગવતો થકો (ચારે ગતિઓમાં)...' જુઓ ! ઇ ચાર ગતિ આમાં આપી છે, હોં ! આમાં આપી છે. ચક્કર કર્યું છે ને ? જુઓ ! આ ચક્ર. છે એમાં ? ભાઈ !




ચાર ગતિ છે. જુઓ ! મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. ઇ ત્રણને લઈને નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક, અંતિમ ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ દેવ થઈને દરેક જીવે અનંતા અવતાર કર્યા. એમાં સૌથી થોડા મનુષ્યના કર્યા. અનંતા ખરા પણ મનુષ્યના થોડા (કર્યા છે). એથી અસંખ્યગુણા નારકીના. અનંતા તો બેય, પણ અસંખ્યગુણા નારકીના. એથી અસંખ્યગુણા દેવના, અત્યાર સુધી (કર્યા). એથી અનંતગુણા તિર્યંચના (કર્યા).

ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં પરમેશ્વર તીર્થંકરદેવે ચાર ગતિમાં ક્યાં ક્યાં કેટલો કાળ રહ્યો એ એમના કેવળજ્ઞાનમાં ભાખ્યું. એ પ્રમાણે આવો અનંતકાળ ચાર ગતિમાં રહ્યો પણ અનંત અનંતમાં ફેર (છે). ઘણો કાળ તો નિગોદ અને પશુમાં ગાળ્યો. મિથ્યાદર્શન શું છે અને સમ્યગ્દર્શન શું છે એની કોઈ દિ' એણે પીછાણ કરી જ નહિ.

'(ચારે ગતિઓમાં) ભટકતો ફરે છે. તેથી એ ત્રણને સારી રીતે જાણીને...' જુઓ ! ત્રણ એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. એ જાણીને 'છોડી દેવા જોઈએ.' જાણીને છોડે ને ? જાણ્યા વિના શું છોડે કે આ મિથ્યાશ્રદ્ધા શું છે ? ઇ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખુલાસો કરશે, હોં ! પોતે કરશે. ‘(માટે) એ ત્રણનું સંક્ષેપથી (કહું બખાન)...’ હું વર્ણન કરું છું. ત્રણનું (વર્ણન) સંક્ષેપમાં કહીશ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે શાસ્ત્રમાં તો ઘણું કહ્યું છે. સંતોએ, મુનિઓએ પરંપરામાં ઘણું (કહ્યું છે), પણ હું આ વાતને થોડામાં કહીશ. એમ ગ્રંથકર્તા ‘દૌલતરામજી’ કહે છે. ‘સાંભળો.’ એમ શબ્દનું વજન છે. છે ને ? ‘સુન.. સુન.’ સાંભળ. કહે છે કે, મિથ્યાદર્શન – ઊંધી માન્યતા, ઊંધા જ્ઞાન અને ઊંધા રાગ-દ્વેષ કરી કેમ ચાર ગતિમાં રખડ્યો એ વાત સાંભળ. સંભળાવે છે.

ભાવાર્થ :– ‘આ ગાથા ઉપરથી એમ સમજવું કે મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રથી જ જીવને દુઃખ થાય છે...’ જુઓ ! એનાથી દુઃખ થાય છે. એનાથી રખડ્યો અને એનાથી દુઃખ થાય છે, બે વાત લેવી. શું કીધું ? મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી રખડ્યો અને એનાથી દુઃખ થાય છે, (એમ) બે વાત લેવી. ‘શુભાશુભ રાગાદિ વિકાર...’ જુઓ ! ‘શુભાશુભ રાગાદિ વિકાર તથા પર સાથે એકપણાના શ્રદ્ધા-જ્ઞાન અને એવા મિથ્યા આચરણથી જ જીવ દુઃખી થાય છે,...’ લ્યો ! દુઃખી થવાનું કારણ–એક તો શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે. એ મારા માને છે એ જ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– રખડવાનું દુઃખ છે?

ઉત્તર :– ઇ રખડે છે એનાથી અને દુઃખ પણ એ જ છે, એમ. અહીં તો રખડવાનું કારણ સિદ્ધ કર્યું છે ને ? પછી તો અર્થમાં જરી દુઃખ કીધું. ઓલા જન્મ-મરણના દુઃખ કરતાં એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાનનું દુઃખ છે, એમ કહ્યું. પણ એને કારણે જ રખડે છે અને એ જ દુઃખનું સ્વરૂપ છે, એમ. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, શુભ અને અશુભ પુણ્ય-પાપના ભાવ એ મારા છે એવી જે શ્રદ્ધા એ મિથ્યાદર્શન છે. એ શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ અને અશુભ–હિંસા, જૂઠું, ચોરીના ભાવ. એ બેય વિકાર છે. એ વિકાર મારું સ્વરૂપ છે, મને લાભદાયક છે અથવા એ મારા છે એવી માન્યતાને ભગવાન મિથ્યાદર્શન કહે છે. એ મિથ્યાદર્શન અને એને મિથ્યાજ્ઞાન કહે છે. કારણ કે એના ઉપર જ્ઞાન કરીને આત્માનું જ્ઞાન છોડી દીધું. એને જ મિથ્યાચારિત્ર કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભાશુભ રાગ અને પર સાથે (અર્થાત્) દેહ, વાણી, મન, આ તો બધા જડ માટી છે, અજીવ છે. બે તત્ત્વ લીધા. એક અજીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ. શરીર, વાણી અને જડ કર્મ એ અજીવતત્ત્વ છે અને પુણ્ય ને પાપના ભાવ એ આસ્રવતત્ત્વ (છે). નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ (છે). એમાં આ શરીર, વાણી, કર્મ માટી એ તો અજીવતત્ત્વ છે. એને પોતાના માન્યા કે આ દેહની બધી ક્રિયા હું કરું છું, આ વાણી હું બોલું છું, દેહથી કામ ચાલે એ મારાથી થાય છે. એ બધા અજીવને પોતાના માન્યા એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ ? નવ તત્ત્વ ભિન્ન ભિન્ન છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો અજીવતત્ત્વ તો જુદું તત્ત્વ છે. એ જુદા તત્ત્વની ક્રિયા થાય એ આત્માથી થાય એમ માનવું એનું નામ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગ છે. આહા..હા...! કહો, સમજાય છે આમાં ? અને બીજો શુભાશુભ રાગ આસ્રવ. પુણ્ય અને પાપના ભાવ. નવ તત્ત્વ છે ને ? શુભ–દયા, દાન, વ્રત, ભક્તિ વિકલ્પ (થાય) એ શુભભાવ છે, એ પુણ્ય છે. હિંસા, જૂઠું એ પાપ છે. એ બે થઈને આસ્રવ છે અને બે થઈને અટકેલો બંધભાવ છે. એ પુણ્ય, પાપ, આસ્રવ, બંધને પોતાનું સ્વરૂપ માનવું (એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે). પોતે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ભગવાનઆત્મા છે, એને ન માનીને આવા વિકારને પોતાના માનવા એનું નામ મિથ્યાદષ્ટિ, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભિન્ન ભિન્ન ન માનતાં બેને એક માન્યા. જીવ અને અજીવને એક માન્યા અને આસ્રવતત્ત્વને અને જીવને એક માન્યા. છે ભિન્ન તત્ત્વ. નહિતર નવ થાય શી રીતે ? સમજાણું કાંઈ ? ભાષા થોડી થોડી સમજ મેં આતી હૈ ન ? થોડી થોડી સમજ લેના. આહા..હા...! કહે છે કે, આસ્રવ અને પર અજીવ, એની સાથે એકપણાની શ્રદ્ધા મિથ્યાદર્શન શલ્ય છે. આહા..હા...! એ મિથ્યાજ્ઞાન છે. એવા મિથ્યા આચરણથી, એ આ ચારિત્ર કીધું. એવા પરને પોતાનું માનવું, આસ્રવને પોતાનો માનવો, દેહને પોતાનો (માનવો), દેહની ક્રિયા મારાથી થાય એમ માનવું, આ વાણી નીકળે એ પણ હું બોલું છું એમ માનવું એનું નામ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણ છે. એથી જ 'જીવ દુઃખી થાય છે.' કહો, સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મથી રખડતો નથી અને કર્મથી દુઃખી થતો નથી, બે વાત સિદ્ધ કરવી છે. ભાઈ ! આહા..હા...! કર્મ તો જડ છે, અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વથી આત્મા રખડે ? પોતાની ભૂલથી રખડે કે અજીવથી રખડે ? અને અજીવથી દુઃખ થાય ? પોતે ઊંધી માન્યતા અને ઊંધો ભાવ કરે તો દુઃખ થાય. જડથી આત્માને શું દુઃખ થાય ? સમજાણું ? ભાઈ !

મુમુક્ષુ :– હા જી !

ઉત્તર :– હા જી પણ હળવે હળવે આવ્યું. આ ઊંધી માન્યતા છે, કહે છે. આ શરીરમાં આમ થયું માટે દુઃખી છું. મૂઢ છે, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :– સાક્ષાત્ દુઃખ દેખાય છે.

ઉત્તર :– ધૂળમાંય દુઃખ નથી. માટીમાં શું છે ? આ માટી છે, આ તો અજીવ છે, જડ છે, ચૈતન્યના ભાન વિનાના તત્ત્વો છે, અજીવ રજકણો છે. અ-જીવ (અર્થાત્) રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા. એમાં કંઈ દુઃખ છે આમાં ? આમાં દુઃખ છે ? અથવા આમાં આનંદ છે કે આનંદની ઊલટી દુઃખદશા થાય ? આનંદ તો આત્મામાં છે. અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મસ્વરૂપ. અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે. આહા..હા...! નવ તત્ત્વની ખબર ન મળે. શ્રદ્ધા–મિથ્યાદર્શન ક્યાંથી જાય એને ? ભાઈ ! આહા..હા...!

મુમુક્ષુ :– નવ તત્ત્વ તો માને છે.

ઉત્તર :– શું ધૂળેય માનતા નથી. નામેય આવડતા ન હોય. નામ આવડે તો એના ભાવની ખબર ન હોય. સમજાણું કાંઈ ?

કહે છે, એ મિથ્યાશ્રદ્ધા, એ આસ્રવતત્ત્વ અથવા પુણ્ય-પાપ તત્ત્વ અથવા ભાવબંધ, ભાવબંધ, હોં ! અટકેલો વિકાર, એને અને અજીવ કર્મ, શરીર, વાણી, મન, આ પુદ્ગલ પૈસા–ધૂળ આદિ પર એ બધા મારા એમ માનવું એનું નામ મિથ્યાશ્રદ્ધા, એનું નામ મિથ્યાજ્ઞાન અને એ રાગ-દ્વેષ ને મિથ્યાઆચરણ કહ્યું. એનાથી જીવ પરિભ્રમણ કરે છે અને એનાથી જ પોતે દુઃખી થાય છે. બે વાત લેવી. કહો, બરાબર હશે આમાં ? ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'કેમકે કોઈ સંયોગ સુખ-દુઃખનું કારણ થઈ શકતું નથી;...' નિર્ધનતા, શરીરમાં રોગ કે બાયડી મરી જવી, મકાન ન હોય, વાંઢાપણું, વાંઝિયાપણું એ ચીજ દુઃખનું કારણ નથી, એ તો સંયોગ પર ચીજ છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આ જીવ સંયોગમાં તો ખોવાઈ ગયો છે.

ઉત્તર :– ખોવાય ગયો નથી, માન્યતામાં ખોવાઈ ગયો છે. સંયોગમાં નથી ખોવાયો, માન્યતામાં ખોવાઈ ગયો છે. આમ જ્યાં પ્રતિકૂળતા આવે ત્યાં એં... મને થઈ ગયું. તને શું છે ? એ તો જડમાં છે. ભાઈ ! શરીરમાં રોગ (આવે).

જુઓ ! અહીં કીધું, એ 'સંયોગ સુખ-દુઃખનું કારણ થઈ શકતું નથી;...' કેમકે ભગવાને અજીવતત્ત્વને આત્માથી ભિન્ન કહ્યાં. એ આત્મા જીવતત્ત્વ છે અને આ બધા માટી અજીવતત્ત્વ છે. આ રોગ, પૈસા, બાયડી, છોકરા, શરીર, શરીર હોં ! એ અજીવતત્ત્વ આત્માને દુઃખરૂપ ન થાય. (કેમકે) એ તો માટી જડ છે. દુઃખ તો વિકારભાવ છે, તો વિકારભાવ કંઈ અજીવ કરાવતું નથી. પોતે ભૂલીને મને આમાં દુઃખ છે એવી મિથ્યાશ્રદ્ધા ઊભી કરીને દુઃખી થાય છે. ભાન ન મળે, ભાન. એક્કે તત્ત્વની ખબર ન મળે. ત્યારે શું કંટાળી જાવ છો ? સવારમાં આમ અંદરથી આવીને રાડ્યું પાડે છે. કહો, સમજાણું આમાં ? આહા..હા...!

જુઓને ! એક ગાથામાં કેટલું મૂક્યું છે ! એ 'ચર્ણ, વશ ભ્રમત ભમત દુઃખ જન્મ-મર્ણ.' એને લઈને ભમ્યો અને ભરત દુઃખ (અર્થાત્) એને લઈને જન્મ-મરણના દુઃખ ભોગવ્યા. બેય ભાષા એમાં આવી ગઈ. આવ્યું ને એમાં ? 'મિથ્યાદગ-જ્ઞાન-ચર્ણ, વશ ભ્રમત...' અને 'ભરત દુઃખ જન્મ-મર્ણ.' કેટલું સ્પષ્ટ કર્યું છે ! 'દૌલતરામજી'એ એક સાદી હિન્દી ભાષામાં કર્યું છે, લ્યો ! હેં ? વાંચ્યું છે તમે ? સમજાણું કાંઈ ?

કહે છે, સંયોગ સુખ-દુઃખનું કારણ નહિ. એ ધૂળ–પૈસા પાંચ, પચીસ લાખ સુખનું કારણ નહિ. એ તો માટી જડ છે. જડ સુખનું કારણ થાય ? શું કહે છે ? સંયોગ છે એ તો ધૂળ અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ સુખનું કારણ (છે) ? અજીવમાં સુખ છે ? પણ મને સુખરૂપ થાય એમ મિથ્યાદષ્ટિની માન્યતા મિથ્યાદર્શનના શલ્યને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊભું કરી ભ્રમી રહ્યો અને દુઃખી થઈ રહ્યો છે. આમ છે. સમજાણું કાંઈ ? અનુકૂળ શરીર નીરોગ હોય તો આપણને ઠીક (રહે). નીરોગ એટલે શું ? એ તો શરીરની દશા છે, જડની, માટીની છે. સંયોગથી કંઈ પ્રતિકૂળતા અને સંયોગથી અનુકૂળતા છે જ નહિ. સાતમી નરકનો નારકી. ભગવાન જેને રૌવરૌવ નરક કહે છે, એ જીવ પણ એટલી પ્રતિકૂળતામાં સમ્યગ્દર્શન પામે છે, લ્યો ! સંયોગ ક્યાં નડે છે ? એવી સાતમી (નરકમાં પામે છે) !

મુમુક્ષુ :– તો શું નડે છે ?

ઉત્તર :– એ ઊંધી માન્યતા, આ લાકડા. આ કીધું શું ? શું કહીએ છીએ આ ? એની ઊંધી શ્રદ્ધા એને નડે છે. આ બહારના સાધન મને દુઃખ છે અને આ મને સુખ છે. હું એક જ્ઞાનસ્વરૂપ છું, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એની શ્રદ્ધાના ભાન નથી અને આ મારા ને આ તારા એ પરને માન્યા એનું નામ મિથ્યાદર્શન છે. પછી ત્યાગી થયો હોય અને ભોગી થયો હોય અને સામાયિક, પોસા કરીને બેઠો હોય પણ આ માન્યતા (છે તો) એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. સમજાણું કાંઈ ? એને મિથ્યાદર્શન છે, એને ધર્મ-બર્મ જરીયે નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

'એમ જાણીને સુખાર્થીએ એ મિથ્યાભાવોનો ત્યાગ કરવો જોઈએ.' સમજાણું ? 'ઇનકો તજિયે' છે ને ? 'તાતૈં ઇનકો તજિયે સુજાન,...' સુજાન (એટલે) સારી રીતે જાણીને. જાણ્યા વિના શી રીતે છોડે ? આ સુખ છે, આ દુઃખ છે, પરને લઈને માન્યું એ મિથ્યાશ્રદ્ધા છે. સુખ-દુઃખ પરને લઈને નથી, સુખ-દુઃખની માન્યતા તેં કરી માટે સુખ-દુઃખ કલ્પના છે, વસ્તુમાં (સુખ-દુઃખ નથી). ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. કેવળીએ તો એમ જોયું છે કે, તારો આત્મા તો જ્ઞાન, આનંદ ને શાંતિથી ભરેલો આત્મા છે. એને ભગવાને આત્મા જોયો છે. ભગવાને આત્મા એને કહ્યો અને જોયો (છે). અંદર જ્ઞાન, આનંદ અને શાંતિ ભરેલી (છે) એનું નામ ભગવાને આત્મા જોયો. પુણ્ય-પાપના ભાવને તો ભગવાને આસ્રવતત્ત્વ જોયું. કર્મ, શરીરને ભગવાને અજીવતત્ત્વ જોયું અને આ અજીવ અને આસ્રવને પોતાના માને અને આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એને પોતાનું માને નહિ. એ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાયાં. સમજાય છે ? અનંતકાળથી પરમેશ્વર થતા હોય છે કે નહિ ? વર્તમાન ભગવાન બિરાજે છે. કેવળીપણે 'સીમંધરપ્રભુ' (અને) લાખો કેવળીઓ અને વીસ તીર્થંકરોએ તો તારા આત્માને આમ જોયો છે. શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, આમાં પછી આવશે. જુઓ ! 'વિનમૂરત ચિન્મૂરત' પછી આવશે. ભગવાને તો એમ જોયો છે કે, આત્મા તો જ્ઞાન, આનંદ ને શાંતિની મૂર્તિ છે, અરૂપી છે. ભગવાને તો એમ જોયું છે. ઓલા પુણ્ય-પાપના ભાવ ઊઠે, દયા, દાન, કામ, ક્રોધને તો આસ્રવતત્ત્વ જોયું છે અને કર્મ, શરીરને ભગવાને અજીવતત્ત્વ જોયું છે. અને તું અજીવ ને આસ્રવને પોતાના માને. ભગવાનની માન્યતાથી તારી (માન્યતા) ખોટી થઈ અને તારા તત્ત્વથી પણ તારી માન્યતા ખોટી થઈ. સમજાણું કાંઈ ? 'સુખાર્થીએ મિથ્યાભાવોનો ત્યાગ કરવો જોઈએ. એટલા માટે જ હું અહીં સંક્ષેપથી એ ત્રણનું વર્ણન કરું છું.' લ્યો !

## અગૃહીત-મિથ્યાદર્શન અને જીવતત્ત્વનું લક્ષણ

જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ;
ચેતનકો હૈ ઉપયોગરૂપ, વિનમૂરત ચિન્મૂરત અનૂપ. ૨.

અન્વયાર્થ :– (જીવાદિ) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ, (પ્રયોજનભૂત) મતલબનાં (તત્ત્વ) તત્ત્વ છે, (તિનમાંહી) તેમાં (વિપર્યયત્વ) ઊંધી (સરધૈ) શ્રદ્ધા કરવી [તે અગૃહીત મિથ્યાદર્શન છે.] (ચેતનકો) આત્માનું (રૂપ) સ્વરૂપ (ઉપયોગ) દેખવું-જાણવું અથવા દર્શન-જ્ઞાન (હૈ) છે [અને તે] (વિનમૂરત) અમૂર્તિક (ચિનમૂરત) ચૈતન્યમય [અને] (અનૂપ) ઉપમારહિત છે.

ભાવાર્થ :– યથાર્થ પણે શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ, એ સાત તત્ત્વની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એટલા માટે આ સાત તત્ત્વો જાણવાં જરૂરનાં છે. સાતે તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન કરવું તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે. જીવ જ્ઞાન-દર્શન ઉપયોગસ્વરૂપ અર્થાત જ્ઞાતા-દૃષ્ટા છે, અમૂર્તિક, ચૈતન્યમય અને ઉપમારહિત છે. ૨.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'અગૃહીત મિથ્યાદર્શન...' એટલે અનાદિની મિથ્યાશ્રદ્ધા. અગૃહીત એટલે નવી નથી ગ્રહેલી. જન્મ્યા પછી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળ્યા અને ઊંધી શ્રદ્ધા ગ્રહે એને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે, પણ અનાદિના નિગોદથી માંડીને નિસર્ગ નામ સ્વાભાવિક ઊંધી માન્યતા અનાદિથી કરી છે એને અગૃહીત મિથ્યાદર્શન કહે છે. 'અગૃહીત મિથ્યાદર્શન અને જીવતત્ત્વનું લક્ષણ.' આમાં બે વ્યાખ્યા કરશે. અગૃહીત સમજાણું ? અનાદિકાળથી એ પુણ્ય અને પાપને ભાવને પોતાના માન્યા. જ્ઞાનાનંદ સ્વરૂપને ભૂલ્યો. એવી જે મિથ્યાશ્રદ્ધા એ અગૃહીત મિથ્યાત્વ છે. નવી ગ્રહેલી નથી. અનાદિના નિગોદ એકેન્દ્રિયના જીવથી માંડીને સ્વર્ગનો દેવ થયો, અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો, સાધુ થઈને પંચ મહાવ્રતની ક્રિયા પાળીને (ત્યાં ગયો) પણ અગૃહીત મિથ્યાત્વ એણે ટાળ્યું નહિ. એ અગૃહીત એટલે એ પુણ્ય ને દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે છે એ વિકાર છે. એને પોતાનો માન્યો એ અગૃહીત મિથ્યાદર્શન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– અનાદિકાળનું છે માટે એ ઘાટું છે ?

ઉત્તર :– એ ઘાટું તો અગૃહીત ઉપર ગૃહીત થાય એ ઘાટું છે. અગૃહીતનો અર્થ એટલો કે અનાદિથી ગ્રહેલું છે, નવું નથી. એ મિથ્યાદર્શન અનાદિનું છે અને જન્મ્યા પછી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના ઊંધા લાકડા ગરે એનું નામ ગૃહીત મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને વધારે પુષ્ટ કર્યું. આવશે, બધું આવશે આમાં. સમજાણું કાંઈ ? કોઈ દિ', વાંચ્યું છે કે દિ' ? ઉપર ઉપરથી લાકડા ચલાવી રાખ્યા છે. એણે તો ચોપડી છપાવી છે, કંઈક ગપગોળાની છપાવી હોય.

હવે અગૃહીત મિથ્યાદર્શનની વ્યાખ્યા કરે છે.

જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ;
ચેતનકો હૈ ઉપયોગરૂપ, વિનમૂરત ચિન્મૂરત અનૂપ. ૨.

જુઓ ! ઓલું પહેલું કીધું હતું ને ? ઓલું આત્મનું. એ..ઇ...! દેવાનુપ્રિયા ! ક્યાં ગયો ? એ..ઇ...! શું કીધું હતું ? પહેલું આત્મનું રૂપ કીધું હતું ને એમાં ? આત્માનું રૂપ ન જાણ્યું. નહોતું આવ્યું ? 'કૈસે રૂપ લખે આપનો.' ચૌદમે, ચૌદમે. (પહેલી ઢાળની ચૌદમી ગાથા). 'કૈસે રૂપ લખે આપનો.' એ રૂપ એટલે આત્મરૂપ છે, જુઓ ! અહીંયાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેળવી દીધું. જુઓ ! 'ચેતનકો હૈ ઉપયોગરૂપ,' છે ને ? 'વિનમૂરત ચિન્મૂરત અનૂપ.' બહુ સરસ વાત ! ટૂંકી મેળવી. બહુ સારી કરી છે. હવે શું કહે છે ?

જુઓ ! એનો અર્થ. '(જીવાદિ)...' નવ તત્ત્વો છે ને ? આમ ટૂંકામાં સાત કહો. 'જીવ, અજીવ,...' આસ્રવમાં પુણ્ય-પાપ ભેગા આવી ગયા. 'આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ,...' ભગવાને નવ તત્ત્વ કહ્યા છે. આમ ભગવાને છ દ્રવ્ય જોયા. છ દ્રવ્યના પેટા ભેદે નવ તત્ત્વ કહ્યા. એ નવ તત્ત્વનું ભિન્ન ભિન્ન સ્વરૂપ છે. એ કેવા છે ? ઇ બધી વ્યાખ્યા અંદર આવશે, હોં !

જીવ એને કહીએ કે, ચૈતન્યરૂપને. અજીવ એને કહીએ કે શરીર, કર્મ, ધર્માસ્તિ આદિ એને. આસ્રવ એને કહીએ, જીવમાં થતાં શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એને આસ્રવ તત્ત્વ કહીએ. બંધ એને કહીએ, એમાં આત્મા અટક્યો, ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ રાગમાં અટક્યો એને ભાવબંધ કહીએ. સંવર એને કહીએ કે, શુભ-અશુભ વિકાર રહિત આત્માના ચૈતન્યના આનંદનું ભાન અને શુદ્ધ આનંદના ભાનમાં ઠરે ત્યારે જે શુભાશુભ પરિણામ અટકી જાય એને સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આ ટૂંકી વ્યાખ્યા આગળ બધી આવશે, હોં !

ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું ભાન કરીને આનંદમાં, જ્ઞાનમાં ઠરે, પુણ્ય-પાપના વિકલ્પથી ખસે, એટલી આત્માની અનાકુળ શાંતિ ઉત્પન્ન થાય, એને ભગવાન સંવર કહે છે. નિર્જરા–પૂર્વની શુદ્ધિથી વધારે શુદ્ધિની શાંતિ વધે, વીતરાગતા વધે, શુદ્ધઉપયોગની શુદ્ધિ વધે, પુણ્ય-પાપના ભાવનો ઉપયોગ ઘટે. શુભાશુભ પરિણામ ઘટે અને શુદ્ધઉપયોગ વધે તેને ભગવાન નિર્જરા કહે છે. સમજાણું કાંઈ ? અને મોક્ષ. સર્વથા વિકારરહિત થઈને આત્માની પૂર્ણાનંદ દશાની પ્રગટ દશા (થાય) એને ભગવાન મોક્ષ કહે છે. લ્યો ! સાત (વ્યાખ્યા થઈ). સાતમાં આસ્રવમાં પુણ્ય ને પાપ બે આવી ગયા.

એ સાત તત્ત્વો અથવા નવ તત્ત્વો પ્રયોજનભૂત છે. મતલબના છે, પોતાને જરૂરના છે, પોતાને એનું જ્ઞાન ઉપયોગનું છે. એ નવનું જ્ઞાન પોતાને ઉપયોગનું છે. સમજાણું કાંઈ ? પોતાને એ કામ આવે એવું છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? એ નવ તત્ત્વો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મતલબના છે, પોતાના ઉપયોગના છે, પોતાના હિતના છે અને પોતાના પ્રયોજનભૂત છે, પોતાને પ્રયોજનભૂત ભગવાને સાત (તત્ત્વ) કહ્યા છે. એને બરાબર જાણવા જોઈએ. ભગવાન જાણે સાત કેવા હશે ? ગડિયા હાંક્યે જાય. ભાઈ ! આ બધા જૂના માણસ છે. સામાયકિ ને પોસા ને પડિકમણા કર્યે જાય, હાંક્યે જાય ગાડા ! કોને કહેવો સંવર ને કોને કહેવો આત્મા ?

મુમુક્ષુ :– સંવર ન થાય ?

ઉત્તર :– ધૂળેય સંવર નથી, ત્યાં ક્યાં સંવર હતો ? આત્મા પુણ્ય-પાપના રાગ રહિત ભિન્ન ભાસ્યા વિના આનંદમાં ઠર્યા વિના સંવર અને સામાયિક થાય ક્યાંથી ? ધૂળમાં ? સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– મતલબના એટલે સંઘરી રાખવા ?

ઉત્તર :– હા, હા. જ્ઞાનમાં સંઘરી રાખવા. શું કહે છે ? કહો. જ્ઞાનમાં એને સંઘરી રાખવા. ઉપયોગના, પહેલા કહ્યા ને ? ન કહ્યા ? લાભદાયક છે. જીવ જ્ઞાનાનંદસ્વરૂપ છે, અજીવ શરીર, વાણી, કર્મ, જડની ક્રિયા એની સ્વતંત્ર છે. દયા, દાન, વ્રતના પરિણામ ઉત્પન્ન થાય એ શુભ–પુણ્ય બંધ અને આસ્રવ છે અને એ પુણ્ય-પાપના પરિણામ રહિત ભગવાનઆત્માનું જ્ઞાન કરીને આનંદમાં, શુદ્ધતામાં પુણ્ય-પાપ રહિતની દશા– આનંદમાં ઠરવું એ સંવર અને નિર્જરા છે. પૂર્ણાનંદની પ્રગટ દશા તેનું નામ મોક્ષ છે. એ આત્માને સંઘરવા જેવા છે, લ્યો ! એનું જ્ઞાન. 'સુજાન' કહ્યું ને ? ભાષા શું કીધી ? જુઓને ! ઓલામાં 'સુજાન' કહ્યું હતું ને ? જાણવાનું કહ્યું હતું. અહીં કહ્યું કે, એને જાણવું. વિપરીત શ્રદ્ધા મિથ્યાત્વ છે. સવળી લાભદાયક છે. સમજાણું કાંઈ ? બહુ ટૂંકામાં ગાગરમાં સાગર ભરી દીધો છે, માળાએ ! ગાગરમાં સાગર ! હિન્દીમાં ટૂંકામાં ઘણું ભર્યું.

એ '(પ્રયોજનભૂત) મતલબનાં તત્ત્વ છે,...' જુઓ ! પહેલું ઇ કે, પોતે તત્ત્વ શું છે ઇ જાણ્યા વિના સ્વમાં ઠરશે શી રીતે ? અજીવ તત્ત્વને અજીવ તરીકે જાણ્યા વિના એમાંથી લક્ષ છોડશે શી રીતે ? સમજાણું ? મોક્ષને જાણ્યા વિના, પૂર્ણ મુક્તિ પરમાનંદને જાણ્યા વિના મોક્ષ તરફ પ્રયત્ન કરશે શી રીતે ? અને પ્રયત્ન કરવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો સંવર, નિર્જરા છે. ઇ પુણ્ય-પાપના ભાવ આસ્રવને જાણ્યા વિના, આસ્રવને જાણ્યા વિના એનાથી ખસવું એવું સંવરનું જ્ઞાન થાશે શી રીતે ? સમજાણું કાંઈ ? ભાઈ ! ક્યાં હતું આ તમારે ત્યાં 'નાગનેશ'માં ? નહિ ? ઊંધે ઊંધી વાતું બધી છે. એકેએક વાત, કાંઈ એકેય તત્ત્વની શું તત્ત્વ છે અને શું એનો સ્વભાવ છે, કાંઈ ભાન ન મળે અને કહે, અમે ધર્મ કરીએ છીએ. ધૂળેય નથી. બફમ્માં જિંદગી ચાલી જશે અને જાશે ચોરાશીના અવતારમાં.

'તેમાં ઊંધી શ્રદ્ધા કરવી...' દેખો ! જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, એને રાગવાળો, પુણ્ય, દયા, દાનવાળો માનવો એનું નામ મિથ્યાદર્શન. આ પુણ્ય-પાપના ભાવથી આત્માને લાભ માનવો એનું નામ મિથ્યાદર્શન. આ અજીવની ક્રિયા દેહ, વાણીની થાય એ મારાથી થાય છે, આ પર જીવની દયા પળે એ હું પાળી શકું છું એ મિથ્યાદર્શન. કારણ કે અજીવ તત્ત્વ ભિન્ન છે. જીવ અને અજીવ મારાથી ભિન્ન છે, એની દશા મારાથી ન થાય છતાં મારાથી થાય (એમ માને તો) તે મિથ્યાદર્શન – અગૃહીત મિથ્યાદર્શન (છે). સમજાણું કાંઈ ? અને સંવર અને નિર્જરા. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ, એની અંતરમાં નિર્મળતામાં ધ્યાનમાં એકાકાર થવું એનું નામ સંવર છે. એને ન માનતા શુભભાવ દયા, દાનના થાય એને સંવર માને એ મિથ્યાદર્શન. સમજાણું ? અને એકલા અપવાસ કરીને નિર્જરા માને એનું નામ મિથ્યાદર્શન. આત્મા શુદ્ધનું ભાન થઈને અંદરમાં આનંદમાં ઠરે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ વિશેષ આવે એનું નામ નિર્જરા. એને ન માનતા એક અપવાસ કર્યો મને નિર્જરા થઈ (એમ માને) એનું નામ મિથ્યાદર્શન. એ.. દેવાનુપ્રિયા ! ઇ અમારે જૂના માણસ છે. કહો ! શેઠિયા માણસ છે ને જૂના છે, ત્યાં વડાલના. બધું સાંભળ્યું છે ને ! એણે જિંદગીમાં ઘણું સાંભળ્યું છે. અપાસરાના આગેવાન. મરે ત્યારે રોવે. અરે...! ભગવાન, બાપા ! ભગવાન શું કહે છે એના તત્ત્વની ખબરું ન મળે ને ક્યાંથી એને સાચી શ્રદ્ધા થઈ ? આ..હા...!

એ ઊંધી શ્રદ્ધા એને અગૃહીત મિથ્યાત્વ (કહે છે). અગૃહીત એટલે આ માન્યતા અનાદિની છે, નવી નથી. જેને નિસર્ગ મિથ્યાત્વ કહે છે. નિસર્ગ કહો, અગૃહીત કહો, અનાદિથી ચાલ્યું આવેલું કહો (બધું એકાર્થ છે). ઓ..હો...! નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને ગયો, હોં ! નગ્ન મુનિ (થઈ) હજારો રાણી છોડીને પંચ મહાવ્રતના પરિણામ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દયાના એવા પરિણામ (પાળ્યા કે) ઉપરથી દેવલોકની દેવી આવે તો ચળે નહિ એવા. ભાન ન મળે, તત્ત્વ અંદર આનંદકંદ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે અને આ દયા, દાનનો વિકલ્પ ઊઠે છે એ આસ્રવ ને પુણ્ય ને વિકાર છે, એ વચ્ચેનું ભેદજ્ઞાન નહોતું એથી મિથ્યાદર્શનને કારણે નવમી ગ્રૈવેયકમાં રહ્યો. ઇ કીધું ને ? એને લઈને – મિથ્યાદર્શન, જ્ઞાનને કારણે ચાર ગતિમાં રખડ્યો છે, દેવલોકમાં પણ રખડ્યો એમ આવ્યું ને એમાં ? સમજાણું કાંઈ ?

'(ચેતનકો)...' હવે ચેતનની વ્યાખ્યા કરે છે. પહેલા સાતની વ્યાખ્યા લેવી છે ને ? '(ચેતનકો) આત્માનું (રૂપ)...' દેખો ! એ.. દેવાનુપ્રિયા ! આત્માનું રૂપ આવ્યું. રૂપ એટલે સ્વરૂપ. ભગવાનઆત્મા અંદર દેહમાં બિરાજે (છે), ચૈતન્યપ્રભુ, એનું સ્વરૂપ કેવું છે ? 'દેખવું–જાણવું...' છે. એનું સ્વરૂપ તો દેખવું અને જાણવું છે. દેહની ક્રિયા કરવી કે રાગ કરવો એ એનું સ્વરૂપ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? જાણવું-દેખવું, દર્શન-જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા, દૃષ્ટા-જ્ઞાતા. ચૈતન્ય પ્રતિભાસ. એમાં બીજું જણાય, આ જાણનાર. રાગ-દ્વેષ થાય એ જણાય, શરીરની ક્રિયા જણાય, જાણનાર પોતે, કરનાર નહિ. સમજાણું કાંઈ ? એવો ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જોયો કે આ તો જ્ઞાન ને દર્શનનો પિંડલો આત્મા છે. જેમ સાકરનો સાકર અને મીઠાશનું દળ છે એમ આ ભગવાનઆત્મા જાણવું ને દેખવું એનું દળ સત્ત્વ આખી એની શિલા છે. જાણવા-દેખવાના સત્ત્વની શિલા આત્મા છે. અરૂપી ભગવાનઆત્મા છે. એને ન માનતા, એમ ન માનતા એને પરની ક્રિયા કરનારો માનવો, એને પુણ્યના, પાપના ભાવવાળો માનવો એ ચૈતન્યની વિપરીત માન્યતા–મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? આ તો હવે પુસ્તક સામે પડ્યું છે એના અર્થ થાય છે. ...માં શું લખ્યું છે ?

'આત્માનું (રૂપ) સ્વરૂપ દેખવું–જાણવું અથવા દર્શન–જ્ઞાન છે...' જેને અહીંયાં ભગવાનઆત્મા કહીએ (એનું સ્વરૂપ જાણવું-દેખવું છે). બાકી પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ તો આસ્રવ તત્ત્વ છે. શરીર, વાણી, મન ને આ જડ એ તો અજીવ તત્ત્વ છે. એમ અજીવને અજીવ, આસ્રવને આસ્રવ, જીવને જીવ એણે જાણ્યા નહિ. ગોટો વળ્યો આમથી આમ ને આમથી આમ. જાણવા-દેખવાના સ્વરૂપને વિકારવાળો માન્યો અને વિકારથી આત્માને લાભ થાય એમ માન્યું. અજીવની ક્રિયા જીવ કરે એમ માન્યું,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવ અજીવની ક્રિયા કરે, જાણવું–દેખવું નહિ પણ અજીવની ચાલવું-બોલવું આદિ (ક્રિયા કરે). એવા ચૈતન્ય તત્ત્વને જાણવા–દેખવાના સ્વરૂપે ન માનતા વિપરીત માન્યતા કરી એનું નામ મિથ્યાદર્શન શલ્ય કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? છે કે નહિ પુસ્તક ? એ..ઇ...! છે ? એમાં લખેલું છે ? આ શું કીધું ?

'ચેતનકો રૂપ ઉપયોગરૂપ' કીધું ? લ્યો, ભાઈએ શું કીધું ? 'ચેતનકો હૈ ઉપયોગરૂપ, ચેતનકો હૈ ઉપયોગરૂપ, વિનમૂરત ચિન્મૂરત અનૂપ.' વિનમૂર્તિ અરૂપી છે એ તો, એના રંગ, ગંધ, સ્પર્શ (છે નહિ). વિનમૂર્તિ (અર્થાત્) એમાં રંગ, ગંધ ક્યાં છે ? આ ધૂળના રંગ છે. એ તો અરૂપી છે અને ચિન્મૂરતિ છે. વિનમૂરતિ અને ચિન્મૂરતિ. વિનમૂરતિ (અર્થાત્) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની પણ ચિન્મૂરતિ છે એ તો ભગવાન જ્ઞાનનું તેજ છે, એકલા જ્ઞાનના પ્રકાશનો ચંદ્ર છે. જ્ઞાન-દર્શનનો પિંડ ભગવાનઆત્મા છે. એને આત્મા ભગવાને કહ્યો છે. એને કામ સોંપવા, વિકારના અને પરના કામ સોંપવા (એ) મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન છે, એમ કહે છે. કહો, ભાઈ ! આ સમજાય છે કે નહિ ? (પુસ્તક) છે ને હાથમાં ? હેડમાસ્તર છે. આહા..હા...! શું કહે છે ? જુઓ !

ભગવાનઆત્મા જાણવું–દેખવું એટલે જ્ઞાતા–દ્દષ્ટાનો પિંડ. એમાં આનંદ આદિ બધા (છે) પણ આ મુખ્ય ગુણ છે ને ? ઉપયોગ લેવો છે ને ? ઉપયોગ લેવો છે. ઉપયોગ એટલે જાણવું ને દેખવું. બસ ! એ જાણવું–દેખવું ભગવાનઆત્માનું લક્ષણ અનાદિઅનંત ભગવાને જોયું છે. 'उवओग लखणो निश्चम्' ભગવાનઆત્માને ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરે જાણવા-દેખવાના ઉપયોગસ્વરૂપે ભગવાનઆત્માને જોયો છે. એને આત્મા કહીએ. એથી અતિરેક બીજી રીતે આત્માને માટે માનવું (અર્થાત્) શરીરવાળો ને કર્મવાળો ને ફલાણાવાલો ને સુખી-દુઃખી માનવો ને રાજા, રંક બધું મિથ્યાદર્શન શલ્ય છે. ઇ આવશે, ઇ પછી આવશે, ચોથી (ગાથામાં) આવશે. સમજાણું કાંઈ ?

વિપર્ય શ્રદ્ધાની વાત છે ને ? જુઓને શું કહ્યું ? 'સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ.' આ નવ તત્ત્વોમાં વિપરીતપણે માનવું એને ભગવાન અગૃહીત મિથ્યાત્વ અનાદિની ઊંધી માન્યતા કહે છે. હવે આમાં તો દીવા જેવી વાત છે, આમાં કાંઈ શીખવાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(કે) બહુ લાંબા પલાખાની વાત નથી. એવા જે નવ તત્ત્વો છે એને વિપર્યત્વ–વિપરીતપણે શ્રદ્ધે. જેમ છે તેમ ન માને, એનાથી ઊંધું માને. આત્મા જ્ઞાનસ્વરૂપ જાણવું–દેખવું એને ન માને, એને રાગવાળો માને, પુણ્યવાળો માને, કર્મવાળો માને, શરીરવાળો માને. ઇ તો ભિન્ન તત્ત્વ છે. એ મિથ્યાશ્રદ્ધા (છે). અજીવને આત્માના કાર્ય કરતો માને, અજીવ એની મેળે ન કરી શકે (એમ માને). અજીવમાં કાંઈ શક્તિ છે ? શરીર, વાણી, જડ માટી છે, એનામાં શક્તિ છે ? એ તો આત્મા હોય તો એને હલાવી શકે છે, એમ મૂઢ અજીવની શક્તિને માનતો નથી. એ અજીવ તત્ત્વ જડ છે. હાલે, ચાલે એ જડને લઈને, આત્મા-ફાત્મા ન હલાવે. અજીવ એટલે જડ. એમાં કાંઈ શક્તિ (છે) ? એમાં અનંતી શક્તિ છે. આહા..હા...!

અજીવ તત્ત્વ છે. અજીવ કંઈ અવસ્તુ નથી. એક-એક રજકણમાં અનંતા ગુણો છે. એક-એક પોંઈટ, આ તો ઘણા રજકણ(નો પિંડ છે), આ ક્યાં મૂળ ચીજ છે ? ઘણા રજકણો ભેગા થઈને થયું છે. ભગવાને તો આનો છેલ્લો રજકણ જે ટૂકડો રહે એને પરમાણુ કહ્યો છે. છેલ્લો, છેલ્લો, છેલ્લો કટકો. ઇ એક-એક પમરાણુમાં અનંતા ગુણ છે. રૂપી રંગ, ગંધ, સ્પર્શવાળા અનંતા ગુણો છે, એમાં જડમાં. એને કારણે ગતિ કરે અને એને કારણે સ્થિર થાય ને એને કારણે રૂપાંતર થાય ને એને કારણે રસાંતર થાય ને એને કારણે વર્ણાંતર થાય. એવી એનામાં શક્તિ છે. એવા અજીવ તત્ત્વને એમ ન માનતા એનું આત્મા કાંઈ કરે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાશ્રદ્ધામાં માને છે.

મુમુક્ષુ :– ભગવાને આપી છે.

ઉત્તર :– ભગવાને જાણી છે, આપે કોણ ? ભગવાને કહ્યું છે કે, જેટલા ગુણો તારામાં છે... કીધું નહોતું પહેલું ? આકાશ સર્વવ્યાપક છે ને ? આકાશ છે કે નહિ ? ભગવાને જોયેલા છ દ્રવ્ય છે કે નહિ ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ ને પુદ્ગલ. એમાં આકાશ સર્વવ્યાપક છે ને ? આમ ને આમ ચાલ્યું છે ને ? આ તો ચૌદ બ્રહ્માંડ થોડું છે. ચૌદ રાજલોક તો અસંખ્ય યોજનમાં છે પણ ખાલી ભાગ છે ને ? અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત ચાલ્યો જાય છે એને ભગવાન આકાશ કહે છે, આકાશ. પછી ક્યાંય (પૂરું) થઈ રહે છે ? આકાશ ક્યાંય કોઈ દિશાએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ રહે છે ? અમાપ.. અમાપ.. અમાપ.. અમાપ.. ક્યાંય હદ ન મળે. એના એક એક પોઈંટનો રજકણ મૂકો તો એક પ્રદેશ કહેવાય. એટલા બધા પ્રદેશની સંખ્યા કરતા એક જીવમાં અનંતગુણા ગુણ છે. એટલા જ અનંતા ગુણો એ પરમાણુમાં છે. સાંભળ્યું છે કે દિ' એણે ?

ઇ આકાશ નામનો પદાર્થ એમ ને એમ અવ્યાપક એટલે વ્યાપક ક્યાંય ન ઠરે, ન હદ રહે, બેહદ એમ ને એમ ચાલ્યો જ ગયો, ચાલ્યો જ ગયો. એના જેટલા પ્રદેશ છે એના કરતા એક રજકણમાં અનંતગુણા ગુણ છે. એક રજકણ, હોં ! પોંઈટ. એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ તીર્થંકરદેવે જાણ્યું અને કહ્યું છે. જાણ્યું એવું કહ્યું અને કહ્યું એવું છે. ભગવાને ક્યાં કર્યું હતું ? કર્યું છે ભગવાને ? ભગવાન કાંઈ કર્તા-બર્તા નથી. સમજાણું કાંઈ ? ઇ અજીવમાં શક્તિ નથી એમ માને. એની મેળાએ શરીર ચાલે ? એની મેળાએ વાણી નીકળે ? એની મેળાએ નીકળે છે, તને ભાન નથી. ઇ કહે છે. એમાં વિપર્યય શ્રદ્ધા કરે છે. સમજાણું ?

ચૈતન્યમમય આત્મા અમૂર્તિક છે. દેખો ! એક તો જ્ઞાન-દર્શન કહ્યું. '(વિનમૂરત)' એટલે 'અમૂર્તિક...' એમાં કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ ભગવાનઆત્મામાં નથી, એ તો અરૂપી છે. '(ચિન્મૂરત) ચૈતન્યમય...' છે. ચૈતન્ય જ્ઞાન-દર્શનમય ભગવાનઆત્મા છે અને '(અનૂપ)...' છે (અર્થાત્) 'ઉપમારહિત છે.' ચૈતન્યમય છે ને ? અભેદ થઈ ગયો ને ? જ્ઞાન-દર્શનમય છે. એકલો જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવથી ભરેલો અને અનૂપ (એટલે) એને કોઈ ઉપમા નથી. શું ઉપમા દેવી ? એ ચીજ જ મહાન પદાર્થ (છે), સર્વજ્ઞ સ્વભાવી ભગવાન, જેનામાં સર્વજ્ઞ સ્વભાવ અનાદિનો પડ્યો છે. સર્વદર્શી સ્વભાવ અનાદિનો પડ્યો છે. આ કીધું ને જ્ઞાન-દર્શન ? અનાદિનો અંદર સર્વજ્ઞ, સર્વદર્શી શક્તિરૂપે આખો સ્વભાવ પડ્યો છે. એને શું ઉપમા આપવી ? ઓ..હો..હો...! એ ભગવાનઆત્માને ઉપમા કોની દેવી ? એવી મહાન ચીજ ! જે રજકણમાં ન હોય, કર્મમાં ન હોય, શરીરમાં ન હોય, પુણ્ય-પાપના ભાવમાં એ ચીજ નથી. એવી એ ચીજ પોતે વર્તમાન, હોં ! અરૂપી, ચિન્મૂરતિ, અમૂર્તિક, ચિન્મૂરતિ, ઉપમારહિત. અરે..! એણે આત્માને સાંભળ્યો નથી કે આત્મા કેવો (છે) ? હેં ?

મુમુક્ષુ :– ઉપમા આપીને (સમજાવો)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ઉપમા કોની દેવી એને ? ઇ એના જેવો. રૂપીની ઉપમા એને શી રીતે દેવી ? અનુપમ પદાર્થ, અલૌકિક પદાર્થ. શેની દેવી ? કહો ! ઘીનો સ્વાદ ચાખ્યો છે કે નહિ ? ઘીનો સ્વાદ ચાખ્યો છે કે નહિ ? તમને તો પહેલેથી મળ્યો હોય, ઘરે ભેંસો હતી તે. હેં ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એને ખબર પડે તો ઉપમા આપીને બતાવો. ઘીનો સ્વાદ ઉપમા આપીને બતાવો.

મુમુક્ષુ :– ઇ તો ખાયને બતાવે.

ઉત્તર :– ઇ તો ખાયને થયું, ઇ તો જાણીને થયું. ઉપમા આપીને બતાવો એમ મેં તો કહ્યું છે. ઘીનો સ્વાદ તમારા ખ્યાલમાં છે, ઉપમા આપીને બતાવો. ક્યા પદાર્થની સાથે ઉપમા આપીને બતાવો. કહો ! તમે તો ઘરે ભેંસના ઘી ખાધા છે, હેં ? એના ઘરે તો ભેસું-બેસું હતી. એના બાપને હતી ને ? એના બાપના બાપ પણ (હતા), ઘર ઠીક હતું. સમજાણું ? એ..ઇ...! ભાઈ ! ડોસા ઘરે રાખતા હશે કે નહિ પહેલા ? હેં ? રાખતા ને ? મોટું ઘર હતું ત્યાં. કહો, સમજાણું ? શું કહે છે ? લાવો, બતાવો, ઘીનો સ્વાદ બતાવો. લાવો, ઉપમા કોઈ પદાર્થની. સાકર જેવું ? ગોળ જેવું ? કેળા જેવું ? ઘી-તેળા જેવું ? ઘી-તેલા નથી આવતા ? તળાવમાં થાય છે. કેવું ? અરે..! જેને જડની ઉપમા ખ્યાલમાં છતાં અપાય નહિ, આ તો ભગવાનઆત્મા એને ઉપમા શું દેવી ? એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? હોશિયાર ડૉક્ટર ઘીની ઉપમા આપી શકે કે નહિ ? નહિ ?

મુમુક્ષુ :– ઇ તો ઇંજેક્શન આપે.

ઉત્તર :– ધૂળેય ઇંજેક્શન આપતા નથી, રાગ કરી શકે છે. અહીં તો ભગવાન કહે છે, રાગ કરી શકે છે. ઇંજેક્શન તો જડની ક્રિયા છે. અરે...! ક્યાંની ક્યાં વાતું ? તત્ત્વની ખબર ન મળે, શ્રદ્ધા ઊંધી અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ.

કહે છે, '(અનૂપ) ઉપમારહિત છે.' ભાવાર્થ :– 'યથાર્થપણે શુદ્ધાત્મદષ્ટિ દ્વારા...' ખુલાસો કર્યો છે. એટલે શુદ્ધાત્મજ્ઞાન શું એ દ્વારા જીવને જાણવો, એ દ્વારા અજીવને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવો. એ અજીવ મારાથી ભિન્ન છે, એમ. આસ્રવ જાણવો. પુણ્ય-પાપના ભાવ શુદ્ધાત્મદૃષ્ટિથી જાણવા કે આ આસ્રવ પુણ્ય-પાપના ભાવ છે, એ મારામાં નથી, પણ જાણવું એમ. બંધ (એટલે) અટકેલો અથવા જડનો બંધ. સંવર, નિર્જરા કીધું ઇ. શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા શુદ્ધપર્યાય નિર્મળ થાય, રાગરહિત, પુણ્ય-પાપરહિત શુદ્ધતા એનું નામ સંવર. અને શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા નિર્જરા–શુદ્ધિ થાય એનું નામ નિર્જરા અને પૂર્ણ મોક્ષ થાય, કેવળજ્ઞાન, કેવળદર્શન એનું નામ મોક્ષ. એ શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા આ સાત તત્ત્વની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. કહો, સમજાણું કાંઈ ?

શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એની દૃષ્ટિ દ્વારા પછી આસ્રવ, બંધ એ તો વિકારી પર્યાય છે, સંવર, નિર્જરા, મોક્ષ નિર્વિકારી (પર્યાય) છે. એ દ્રવ્યનું જ્ઞાન થાય એટલે એ નિર્વિકારી, વિકારી પર્યાયનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ ? આ શું વળી ? શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા (એટલે શું) ? ગ્રીક લેટિન જેવું લાગે. વીતરાગની વાણી પહેલી જ મુદ્દાની પહેલા રકમની છે પણ કોઈ દિ' સાંભળી નથી.

શુદ્ધાત્મદૃષ્ટિ – આત્મા જ્ઞાન, ચૈતન્યરૂપ અનૂપ આનંદકંદ છે. એવી અંતરમાં સમ્યગ્દૃષ્ટિ દ્વારા અજીવને ભિન્ન જાણવા, પુણ્ય-પાપના ભાવને વિકારી ભિન્ન જાણવા અને સંવર, નિર્જરાને પોતાની શુદ્ધ, એનાથી ભિન્ન પોતાની નિર્મળ પર્યાય થઈ તે અભેદ જાણવી, પૂર્ણ નિર્મળ પર્યાયને મુક્તિ જાણવી. એમ યથાર્થ જાણે તેને સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન કહેવાય છે. પહેલા સમ્યગ્દર્શનની આ વ્યાખ્યા. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર કે વ્રત-બ્રત હોય નહિ. કોરે કાગળે બધા મીંડા (છે). સમજાણું કાંઈ ? આહા..હા...!

'એટલા માટે આ સાત તત્ત્વો જાણવાં જરૂરનાં છે.' મતલબના કહ્યા હતા ને ત્યાં ? મતલબના કહો, પ્રયોજનભૂત કહો, ઉપયોગના કહો, કામના કહો કે જરૂરના કહો. 'સાતે તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન કરવું તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે.' આવી માન્યતા ઓળખાવી, ઇ સત્યથી ઊલટી (માન્યતા) કરવી એ અનાદિનો અગૃહીત મિથ્યાદૃષ્ટિ જીવ કહેવામાં આવે છે.

'જીવ જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા છે,...' લ્યો ! પહેલી જીવની વ્યાખ્યા કરી, હોં ! પછી અજીવની કરશે. પોતે એક-એકની વ્યાખ્યા કરશે. 'જીવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા છે,...' ભગવાન તો આંખ્યું – ચૈતન્યદૃષ્ટા, જ્ઞાન-દર્શન એની આંખ છે. એમાં પુણ્ય-પાપના ભાવ એ કાંઈ એના સ્વરૂપે નથી. એ તો વિકલ્પ, વધેલા નખ છે. સમજાય છે ? એ આત્માનું સ્વરૂપ નથી. શરીરાદિ પર છે.

'અમૂર્તિક, ચૈતન્યમય...' છે. અભેદ છે. ભગવાનઆત્મા જ્ઞાનદર્શનમય અભેદ છે. સાકર જેમ સફેદ ને ગળપણમય છે એમ ભગવાનઆત્મા જાણવા-દેખવાના જ્ઞાન-દર્શનના સ્વભાવમય છે. આહા..હા...! ફક્ત એક વ્યાખ્યા કરી–જીવની. ચેતનરૂપ વિનમૂરતિ, અમૂર્ત, અનૂપ.

---

## જીવતત્ત્વના વિષયમાં મિથ્યાત્વ (ઊંધી શ્રદ્ધા)

પુદ્‌ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;
તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન. ૩.

અન્વયાર્થ :– (પુદ્‌ગલ) પુદ્‌ગલ (નભ) આકાશ (ધર્મ) ધર્મ (અધર્મ) અધર્મ (કાળ) કાળ (ઇનતૈં) એનાથી (જીવ ચાલ) જીવનો સ્વભાવ અથવા પરિણામ (ન્યારી) ભિન્ન (હૈ) છે [તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ] (તાકોં) તે આત્મ-સ્વભાવને (ન જાન) જાણતો નથી અને (વિપરીત) ઊલટું (માન કરિ) માનીને (દેહમેં) શરીરમાં (નિજ) આત્માની (પિછાન) ઓળખાણ (કરૈ) કરે છે.

ભાવાર્થ :– પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ અજીવ દ્રવ્ય છે. જીવ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ અને પુદ્‌ગલાદિ દ્રવ્યોથી જુદો છે; પણ મિથ્યાદૃષ્ટિ જીવ આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા નહિ કરતાં અજ્ઞાનવશ ઊલટું માનીને, શરીર છે તે જ હું છું, શરીરના કાર્ય હું કરી શકું છું, મારી ઇચ્છાનુસાર શરીરની વ્યવસ્થા રાખી શકું છું એમ શરીરને જ આત્મા માને છે. [આ જીવ તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.] ૩.

---

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જીવતત્ત્વના વિષયમાં મિથ્યાત્વ (ઊંધી શ્રદ્ધા).'

પુદ્ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;
તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન. ૩.

આ જીવતત્ત્વમાં મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ (કહે છે). એ 'પુદ્ગલ...' આ શરીર, વાણી, કર્મ એ પુદ્ગલ છે, આ માટી, ધૂળ છે. સમજાણું ? એનાથી ભગવાન જીવની ચાલ એટલે ઉપયોગ – જ્ઞાન-દર્શન ભિન્ન છે. એમ ન માનતા શરીર મારું ને એની ક્રિયા મારી (એમ માને) એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. એ જીવની વિપરીત માન્યતા છે. પુદ્ગલ શરીર, કર્મ, પૈસા, બાયડી, છોકરા બધું આ દેહાદિ, હોં ! એનો આત્મા અંદર જુદો (છે). આ બધું દેખાય, ધૂળ, એકેએક ધૂળ જેટલી આ બધી (છે) એ પુદ્ગલને મારા માનવા, કહો સમજાણું ? એ જીવના સ્વભાવ ને પરિણામથી એ જાત ભિન્ન છે. શું કીધું ?

'ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;' શરીર, કર્મની દશાથી જીવની ચાલ નામ ઉપયોગ જ જુદી જાતનો છે. આહા..હા...! ચાલ લીધી, જીવની ચાલ. આ એનો ઉપયોગ જ જુદી જાતની ગતિનો છે, કહે છે. આહા..હા...! જાણવા-દેખવાનો ઉપયોગ એનાથી – જીવના પરિણામથી એ ભિન્ન ચીજ છે, આ શરીર, વાણી, કર્મ, જડ માટી. એ ભિન્ન છે તેને મારા માનવા અથવા એની થતી ક્રિયાના પર્યાયને મારી માનવી એનું નામ મિથ્યાદૃષ્ટિ, જીવના વિષયમાં એને મિથ્યાત્વ છે. જીવની શ્રદ્ધાનું જ્ઞાન નથી. કહો, સમજાણું ?

મુમુક્ષુ :– ગરજ કરી નથી.

ઉત્તર :– તમે ગરજ કરી નથી એવી. વાત સાચી છે. વાત તો એણે પોતે ગરજ કરી નથી ને ! એમ કીધું ને ? પોતાથી રખડે છે ને ? પોતે ભૂલ કરી છે ને ?

મુમુક્ષુ :– બીજું શું કરે?

ઉત્તર :– નહિ, નહિ, નહિ. ઇ વાત નહિ. પોતે કીધું હતું ને પહેલું ? મિથ્યાદર્શનને વશ (થઈને) દુઃખી (થાય છે) અને પરિભ્રમણ કરે છે, એમ કીધું હતું. એને સાચું સાંભળવાનું મળ્યું નહોતું માટે પરિભ્રમણ કરે છે, એમ નહોતું કહ્યું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– કર્મે કર્યા છે.

ઉત્તર :– ઇ તો વાત જ નથી. જડ તો શું કરે બિચારા ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' જડ બિચારા કોણ ? માટી, એને તો ખબરેય નથી કે અમે જગતની ચીજ છીએ કે નહિ ? આને ખબર કે દી' હશે (કે) અમે શરીર છીએ. બિચારા માટી જડ છે, એને તો આ જ્ઞાન માને છે કે આ જડ છે. આને તો ખબરેય નથી કે અમે કોણ છીએ ? કર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય માટી જડ રજકણ ધૂળ છે. એને તો ખબરેય નથી કે અમે કર્મ છીએ કે અમે રૂપી છે કે રજકણ છીએ ? જ્ઞાન એને જાણે છે કે આ રૂપી રજકણ જડ માટી છે. આહા..હા...! ભારે પણ મણમાં આઠ પાનશેરીની ભૂલ કરી છે ને ? કહે છે. આખેઆખી.

જીવની ચાલ આ પુદ્ગલથી જુદી (છે). એને કહે છે કે, ના, ના મારી ચાલ આને લઈને છે અથવા એ મારે લઈને ચાલે, એ બધા અજીવ મારે લઈને ચાલે, બોલે. જુઓ ! વર્ણ ફરે, આમ થાય. કોળિયા લઈએ, દાળ-ભાત લઈએ, શાક લઈએ, પાણી પીએ, એ બધું અમે કરીએ છીએ. પણ આ જડની ક્રિયાથી એની ચાલ જુદી છે. ઇ તો જાણનાર-દેખનાર છે. આ ક્રિયા તારી ક્યાંથી આવી ? ઇ ક્રિયા આત્માની ક્યાંથી આવી ?

મુમુક્ષુ :– માને છે ને?

ઉત્તર :– ઇ એમ જ માને ને ! ન માને તો એનું મિથ્યાત્વ ટકે શી રીતે ? અનાદિથી મિથ્યાદૃષ્ટિ રહ્યો છે. અનંતવાર ત્યાગી થયો પણ મિથ્યાદર્શન શું કહેવાય એનું એણે જ્ઞાન કર્યું નથી. એમાં બહારમાં શું છે ? એ તો અનંતવાર થયું. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, પાંચથી જીવનો ઉપયોગ અને પરિણામ જુદાં છે, એમ કહેવું છે. શરીરમાં કે કર્મમાં આત્મા નથી, પુણ્ય-પાપમાં આત્મા નથી. '(તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ) તે આત્મસ્વભાવને જાણતો નથી...' એ પુણ્ય-પાપના રાગ ને શરીર, વાણી, મન ને આ ધર્માસ્તિ, અધર્માસ્તિ તત્ત્વો એનાથી જુદો છું એમ જાણતો નથી. જુદો જાણવાનો ભેદજ્ઞાનનો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– કહેવામાં તો.

ઉત્તર :– કહેવા શું એ તો જડની પર્યાય છે. ભાષા જડની અવસ્થા છે, આત્મા ક્યાં બોલે છે ? આકરી વાત છે, ભાઈ ! આહા..હા...!

‘(તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ) તે આત્મસ્વભાવને જાણતો નથી...’ એ બધાથી જુદી ચીજ છે પણ જુદો જાણતો નથી. એકમેક, એકમેક... જાણે હલોહલ થઈ ગયો. શરીર સારું તો હું સારો, શરીર ઠીક નહિ તો મને ઠીક નહિ, આને રોગ આવે તો હું રોગી થઈ ગયો, આને નીરોગ થાય તો હું નીરોગી થઈ ગયો. મૂઢ તે મૂઢ (છે). કહે છે કે, શરીરની ક્રિયા ઠીક હોય તો મને ઠીક, અઠીક હોય તો મને અઠીક, એમ એ શરીરની ચાલથી જીવની ચાલ જુદી છે એમ જાણતો નથી. આહા..હા...! ભાષા પમ કેવી કરી છે ! કાળ ચાલ. આવે છે, નહિ ? ભાઈ ! કાળ ચાલ આવે છે. ઓલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. ‘બનારસીદાસ’માં નહિ ? કાળ ચાલ આવે છે. કાળને ચાલ કીધી છે. ત્યાં કાળને ચાલ કીધી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લીધા છે. ચાલ છે, સાચી વાત છે.

કહે છે, ભગવાનઆત્મા એ પાંચ દ્રવ્યો જેટલા છે – ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ને પુદ્ગલ એનાથી તદ્દન જુદો. પુદ્ગલના એક રજકણે રજકણથી જુદો (છે). એમ જુદું સ્વરૂપ છે એમ એણે જ્ઞાન કર્યું નથી. ‘ઊલટું માનીને...’ ઊંધું માનીને ‘શરીરમાં આત્માની ઓળખાણ કરે છે.’ લ્યો ! એ શરીરની ક્રિયા હું, આ હું ને આ હું એમ માને છે તેનું નામ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહેવામાં આવે છે. એ મિથ્યાદર્શન અનાદિનું એણે પકડ્યું છે, એને છોડ્યું નથી માટે રખડી રહ્યો છે. એની વ્યાખ્યા કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૨, રવિવાર
## તા. ૨૩-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા ૩, ૪ પ્રવચન નંબર–૬

'દૌલતરામજી' કૃત બીજી ઢાળ ચાલે છે. ત્રીજી ગાથા છે. છે ને ?

**પુદ્‌ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;**
**તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન. ૩.**

છે ત્રીજી ગાથા ? 'જીવતત્ત્વના વિષયમાં...' મિથ્યાશ્રદ્ધા – ઊંધી માન્યતા. એ ઊંધી માન્યતા એ દુઃખરૂપ છે, વિપરીત શ્રદ્ધા એ દુઃખનું કારણ છે અને વિપરીત શ્રદ્ધા એ જ પરિભ્રમણનું મૂળિયું છે. સમજાય છે કાંઈ ? વિપરીત શ્રદ્ધા એ દુઃખરૂપ છે, અસત્યરૂપ છે, ભ્રમણાનું કારણ છે. એથી એને બતાવે છે કે, જીવમાં શું વિપરીતતા શ્રદ્ધા (છે) ? કે, પુદ્‌ગલ, આ જગતમાં શરીર, કર્મ આદિ બધા પુદ્‌ગલો છે. ઓલા ચિત્ર છે એમાં કર્યું હશે. ચિત્ર કો'કના હશે. અહીંનું એક પુસ્તક હતું ને ? ઇ કો'કે લીધું લાગે છે. અહીંનું એક ચિત્રવાળું પુસ્તક હતું. ઇ અહીંનું પુસ્તક છે, ઇ કો'કે પરમ દિ' લીધું છે. દરિયામાં ગયું. અહીંનું પુસ્તક છે ને એક ? ઇ. મારે જોઈતું નથી ઇ તો અહીંનું એક પુસ્તક હતું ઇ ક્યાં છે ? એમ. લઈ ગયું હતું, કો'કે લીધું હશે. એમાં ચિત્ર છે, જુઓ ! ચિત્ર એમાં છે ને ? પુદ્‌ગલ. જુઓ ! ચિત્ર છે એમાં પુદ્‌ગલ. ઓલું માથે લખ્યું છે ને ? ઇ. શું કહેવાય ?




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ગ્રામોફોન) ગુજરાતી શબ્દ કહો ને. વાજું ! જુઓ ! માથે વાજું છે. છે ને ? ઇ પુદ્‌ગલ છે. એમ બતાવવામાં આશય શું છે ? કે, આ અવાજ આદિ પુદ્‌ગલ છે. અવાજ ને ઇ નીકળે છે ઇ પુદ્‌ગલ છે, ઇ આત્મા નહિ. આત્માથી અવાજ નીકળતો નથી. ભાષા એ પુદ્‌ગલ છે, જડ છે, એમ કહ્યું છે. જોયું ?

'ધર્મ...' જુઓ ! એમાં ધર્મમાં માછલું કર્યું છે. ચિત્રમાં પાણીમાં માછલું ચાલે છે એમાં પાણી નિમિત્ત છે. એમ ધર્માસ્તિકાય જડ, ચૈતન્ય ગતિ કરે તેમાં નિમિત્ત છે. અધર્માસ્તિ છે. જુઓ ! અંદર ઝાડની નીચે આદમી બેઠો છે. ઝાડની નીચે. ભગવાન તીર્થંકરે જોયેલો અધર્માસ્તિકાય એક પદાર્થ છે કે, જે જડ અને ચૈતન્ય ગતિ કરતા થંભે એને એ સ્થિર (થવામાં) નિમિત્ત કહેવાય છે. જેમ ચાલતા પંથીને ઝાડ નિમિત્ત છે એવું એક અધર્માસ્તિકાય નામનું તત્ત્વ છે.

પછી જુઓ અંદર ઓલો આખો લોક વર્ણવ્યો છે અને ઓલું ઘડિયાળ કર્યું છે. ઇ ઘડિયાળ એ કાળ. કાળચક્ર છે. એ દ્રવ્ય છે. જુઓ ! ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આકાશ ઓલો આખો લોકો વર્ણવ્યો છે ને અંદર એની આસપાસનું બધું આકાશ છે. એ પાંચ અજીવ દ્રવ્ય છે. જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. જીવની ચાલ.. અંદર ચાલ આવ્યું હતું ને ? 'ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;...' આ શરીર, ભાષા, કર્મ એનાથી જીવની ચાલ જુદી છે. એ તો જાણનાર-દેખનાર છે. એનો સ્વભાવ જાણવા-દેખવાનો (છે) અને એની પર્યાય નામ પરિણમન પણ જાણવા-દેખવાની પર્યાય છે એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ ? એમ આત્મા જાણનાર ત્રિકાળ સ્વભાવ અને વર્તમાન પરિણમન, એની ચાલ–ગતિ–પરિણમવું એવો એનો જાણવું-દેખવું સ્વભાવ છે. એવો આત્માને ન માનતા, આત્મા પાંચ દ્રવ્યથી ભિન્ન જેની ચાલ છે. જાણવું-દેખવું અને જાણવા-દેખવાની પર્યાય એવી એની ગતિ (અર્થાત્‌) સ્વભાવ, પાંચ દ્રવ્યથી તદ્દન જુદો (છે).

શરીર, કર્મ, વાણી આદિથી તદ્દન એની–જીવની ચાલ જુદી છે. એમ ન માનતા.. કહ્યું છે ને ? 'તાકોં ન જાન વિપરીત માન,...' ઇ પુદ્‌ગલાદિ દ્રવ્યથી જુદો (છે) પણ મિથ્યાદૃષ્ટિ જીવ એ આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા નથી કરતો. ઇ શરીર ને કર્મ ને ભાષા ને એ બધું હું છું. આ આત્મા અંદર જાણનાર-દેખનાર અને જાણવા-દેખવાની


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા એ જ આત્મા છે. પુણ્ય-પાપના વિકલ્પ એ આસ્રવમાં જાશે. દયા, દાન, કામ, ક્રોધના શુભાશુભભાવ એ આસ્રવતત્ત્વમાં જશે. આ બધું કર્મ, ભાષા એ બધું અજીવતત્ત્વમાં જાય છે. એનાથી ભગવાનઆત્મા જાણનાર-દેખનાર જેના પરિણામ અને સ્વભાવ, એને એમ ન માનતા એને આ શરીર, વાણી, મનની ક્રિયાવાળો અને એ ક્રિયા આત્મા કરે એમ માનવું એ જીવમાં મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા મિથ્યા છે.

મિથ્યાદૃષ્ટિ આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા નથી કરતો. 'અજ્ઞાનવશ ઊલટું માનીને...' છે ને એમાં ? 'વિપરીત માન કરિ...' મૂળ પાઠમાં એમ છે. ઊલટું માની કરીને 'શરીર છે તે જ હું છું,...' સમજાણું કાંઈ ? ઓલા ચિત્રમાં કર્યું છે, જુઓ ! ચૈતન્ય અને શરીર બે બતાવ્યા છે. ચૈતન્ય તો અરૂપી જ્ઞાનઘન જાણનાર-દેખનાર એના પરિણામ એ ચૈતન્ય છે. ઓલું શરીર બતાવ્યું છે ઇ પુદ્ગલ શરીર બતાવ્યું છે. શરીર જુદું અને ચૈતન્ય જુદો. બે ન માનતા શરીર તે હું, શરીરની પર્યાય (તે હું). આનેય પર્યાય કહેવાય છે, .... નહિ ? અને એની થતી જે પર્યાય–હાલત એ હું એમ જીવની ભિન્ન ચાલને – જાણવા-દેખવાને ન માનતા આને આત્મા માને છે એ મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખના ભાવને સેવે છે, પરિભ્રમણના કારણને કરે છે અને વર્તમાન દુઃખસ્વરૂપ જે મિથ્યાત્વભાવ તે ઉત્પન્ન કરે છે.



જુઓ ! એક દાખલો આમાં આપ્યો છે. આપણે ઘણીવાર ઓલા અરીસાનો દાખલો આપીએ છીએ ને સવારમાં ? એ હું છું, એ હું આ રહ્યો, હું આ રહ્યો. લખ્યું છે એમાં ? જુઓ ! ઓલા ચિત્રમાં છે. જુઓ ! સ્પષ્ટ દાખલો આપીએ છીએ. આણે પહેલાથી કર્યું હોય તો શી ખબર ? પણ હું તો દાખલો આપું છું. જુઓ ! આ અરીસો. અરીસામાં દેખાય છે, જુઓ ! અરીસામાં મૂછ આમ કરીને આમ જોવે છે. આ હું છું. સવારમાં જોવે છે ને મોઢાને ? આમ કરે, આમ કરે ને ટીલા કરે ને ટપકા કરે. ઇ અંદર જે વસ્તુ દેખાય ઇ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો પુદ્ગલ છે, જડ છે. આ શરીર એ જડ છે પણ બેયને પોતાનું માને છે કે આ બધી ક્રિયા મારી અને આ હું. એ જીવના વિષયમાં એની મોટી મિથ્યાદૃષ્ટિની ભૂલ છે. કહો, સમજાણું કાંઈ ? જુઓ ! કર્યું છે માળાએ, હોં ! આ તો પહેલાથી છપાણું હશે ને ? આ તો અહીંનું દિગંબરનું છે, હોં ! આપણે તો દાખલો ઘણીવાર (આપીએ છીએ) એવો દાખલો આપ્યો છે આણે. 'દર્પણ મેં પ્રતિબિંબ કો અપના હી સ્વરૂપ સમજતા હૈ.' લખ્યું છે અંદર, હોં ! તમે તો વાંચ્યું જ ક્યાં છે ?

આ ભગવાનઆત્મા તો જાણનાર-દેખનાર ત્રિકાળી જ્ઞાનસ્વભાવી વસ્તુ છે અને એની ચાલ નામ વર્તમાન પરિણામ પણ એના જ્ઞાનના, દર્શનના જ પરિણામ તે આત્મા છે. એમ જીવને ન માનતા એ જીવને શરીરની ક્રિયાવાળો, ભાષાવાળો, બોલનારો, એ કર્મ(ને) – જડને બાંધનારો (માને છે). સમજાય છે કાંઈ ? એમ જીવને માનવો એ જીવતત્ત્વમાં મિથ્યાદૃષ્ટિની મોટી ભૂલ છે. આહા..હા...! કહો, આ તો હજી પહેલાની વાત (છે). જીવતત્ત્વની શ્રદ્ધાની વાત છે. સમજાણું કાંઈ ?

'ઊલટું માનીને શરીર છે તે જ હું, શરીરના કાર્ય હું કરી શકું છું,...' હાથ હલાવવા, બોલવું, આમ પડખું ફેરવવું, આ કરવું ઇ મારાથી થાય છે. એમ માનનારો શરીરને જ આત્મા માને છે. કહો, બરાબર હશે આ વાત ? કોણ ફેરવતું હશે આ શરીરને આમથી આમ પડખું ? હેં ? આ ટાંગો ઊંચો કોણ કરતું હશે ? આ ટાંગો તો જડ, માટી છે. અંદર જાણનાર આત્મા તો જ્ઞાનચાલવાળો છે. જાણનાર.. જાણનાર.. જાણનાર... તે વખતે દેહમાં જેવી ક્રિયા થાય એવો એ જાણનાર આત્મા છે. જાણનાર છે, એ ક્રિયાનો કરનાર નથી. પણ એ શરીરની ક્રિયા ટાંગા ફેરવ્યા, આમ કર્યું, આમ કર્યું, આમ કર્યું, ખાતી વખતે પણ જીભ આમ ફેરવે, આમ (કરે) એ બધી ક્રિયા શરીરની પર્યાય જડની અવસ્થા છે. એને અજ્ઞાની મૂઢ જીવતત્ત્વને જુદું ન માનતા એ જ ક્રિયાનો કરનાર એમ માને છે. કહો, સમજાણું કાંઈ ?

'મારી ઇચ્છાનુસાર શરીરની વ્યવસ્થા રાખી શકું છું...' એટલે ? બરાબર પથ્ય આહાર લઉં છું, દૂધ બરાબર પીઉં છું, ઓષડ બરાબર લઉં છું, સવારમાં ખાતી વખતે પણ થોડું હિંગાષ્ટક બરાબર લઉં છું અને ચાવી ચાવીને ખાઉં છું (કારણ કે) પેટમાં દાંત નથી. માટે શરીરની સ્વચ્છતા રાખવાનો મારો અધિકાર છે. આ કારણે હું શરીરની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વચ્છતા રાખી શકું છું. ઇ મૂઢ જીવ છે. ઇ શરીરની એ રીતની દશા રહેવી એ જડને કારણે છે, આત્માને કારણે નહિ. આત્માની ચાલ તો જુદી છે, એમ અહીંયાં કહ્યું ને ? શું કીધું ? જુઓને ! જુદી ચાલ છે, એમ કીધું. જીવ ચાલ. 'ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;...' સમજાણું ? કોનાથી (ન્યારી છે) ? આ બધા પરમાણુ, કર્મ, શરીર, વાણી, દાળ, ભાત, શાક, પૈસા બધી ચીજો એનાથી તો (જીવ) જુદી ચીજ છે અને જુદી ચીજ જુદીની પર્યાયને પોતાની માને તો એને જુદી ચીજની શ્રદ્ધા નથી. હું આત્મા છું એવી એને માન્યતાને ખબર નથી. મૂઢ પોતાના જીવના સ્વભાવને જ ભૂલી ગયો છે. કહો, સમજાણું કાંઈ ?

કહે છે, 'મારી ઇચ્છાનુસાર શરીરની વ્યવસ્થા રાખી શકું છું...' જુઓ ! હમણાં ખોરાક મૂકી દીધો છે. કારણ કે સરખી વ્યવસ્થા (રહે). હંમેશાં શેર-બે શેર દૂધ પીઉં. બે શેર સવારે, બે શેર સાંજે એટલે શરીરની અવસ્થા એ રાખી રખાય છે. ન આવડે ઇ ન આવડે. એમ અજ્ઞાની મૂઢ માને છે. મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ જીવના સ્વભાવને ન જાણતો પરના વિકારી દશા, શરીરની અવસ્થાને મારાથી રહે છે અને હું ધ્યાન રાખું માટે શરીર આવું રહે છે. ભાઈ ! ધૂળમાં આરોગ્ય એના ઘરે રહી ગયું. એ તો શરીરનો જે પરમાણુનો પુદ્ગલ છે, આ પુદ્ગલ છે એનાથી જીવની ન્યારી ચાલ કીધી. એની ચાલ – એ ચાલે છે, એની પર્યાય તો એનાથી ચાલે છે. આત્માથી એ ચાલે છે, આત્મા નીરોગ રાખી શકે, આત્મ સરોગ કરી શકે, આત્મા વાળ તોડી શકે, આત્મા હાથ આમ આમ કરી શકે, આત્મા બોલી શકે, આત્મા જીભ ફેરવી શકે – ત્રણકાળમાં નહિ. શું છે ? ઇ તો જડની પર્યાય થાય છે. આત્મા તો જાણે છે કે આ થાય છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– ...નો અર્થ શો ? વાત શું કીધી ? જુઓ ! 'ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;...' જેટલા પુદ્ગલની પર્યાય વર્તમાન વર્તે એનાથી ભગવાનઆત્મા તદ્દન જુદો છે. એમ ન માનતા એ બધી ક્રિયાનો હું કરનાર છું. એમ માનનાર જીવની દૃષ્ટિ વિપરીત છે, મિથ્યાત્વ છે, અસત્ય છે, દુઃખરૂપ છે, પરિભ્રમણનું કારણ છે. ચોરાશીના અવતારના પરિભ્રમણનું એ મિથ્યાશ્રદ્ધા કારણ છે. ઓહો..હો...! કહો, સમજાય છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ ?

'એમ શરીરને જ આત્મા માને છે.' એટલે કોઈપણ રીતે શરીરની, વાણીની દશા એ મારું જ કામ છે, એ હું છું. મારું ચૈતન્ય ભિન્ન જ્ઞાનાનંદ છે એમ ન માનતા આને જ આત્મા માને છે. આ રીતે, હોં ! હું કરી શકું અથવા મારા અસ્તિત્વમાં – હોવાપણામાં એ ચીજ છે. તેથી એ મારા હોવાપણામાં એ હોવાથી હું એનો અધિકારી છે, વ્યવસ્થિત કરી શકું છું. કહો, સમજાણું ? કેટલાક માણસ એવા હોય ને કે આમ હળવે હળવે ચાલે (કેમકે) ડુંટીએ થડાકો ન લાગે. હેં ? આ બધા જોયેલા. આ બધા નામ-ઠામની બધી ખબર છે. એક વૃદ્ધ હતો તે બહુ હળવે હળવે કેમ ચાલે છે ? (તો એણે કહ્યું) હળવે હળવે ચાલીએ તો ડુંટીએ થડાકો ન લાગે અને શ્વાસ ઓછા રહે તો આયુષ્ય વધે. એ..ઇ...! મૂઢ છે, કીધું આવા ને આવા. અક્કલના બારદાન જેવા ગામેગામ ભર્યા હોય. સમજાણું કાંઈ ? આમ કહેવાય પાછા બહારના હોશિયાર માણસ કહેવાય, અમે આવા છીએ. હળવે હળવે (ચાલીએ), શ્વાસ ઝાઝા આવી જાય તો આયુષ્ય ઓછું થઈ જાય. શ્વાસ થોડા હળવે હળવે ઝાઝા લઈએ, થોડા લઈએ તો શ્વાસ વધી જાય. એમ શરીરની અવસ્થાને આત્મા રાખી શકે (એમ માને છે). ભાઈ !

મુમુક્ષુ :– રાખી શકે.

ઉત્તર :– એની સામું તો દાખલો આપ્યો. અહીં શું કહે છે ? જુઓને !

પુદ્‌ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;
તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન.

એમ કરિ. માન અને કરિ ભેગું લેવું છે. આમ શબ્દમાં માન આમ લાવવો. 'તાકોં ન જાન વિપરીત માન, માન કરિ કરૈ દેહમેં નિજ પિછાન.' વિપરીત માનીને દેહમાં હું છું, શરીર હું, વાણી હું એમ અજ્ઞાની મૂઢ અનાદિનો આત્માને ન ઓળખતા પરને પોતાનું (માને છે). કારણ કે અસ્તિત્વ પોતે જ્ઞાનસ્વરૂપ કોણ છે એની ખબર નથી. એટલે ક્યાંક એનું અસ્તિત્વ – હોવાપણાનો સ્વીકાર કરવો પડે. આ ઇન્દ્રિયથી જ્ઞાન કરે એટલે આ બધું, આ બધું, આ બધું (હું કરું છું). એમ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની ભલે જૈન નામ ધરાવનારો હોય, સામાયિક ને પોસા આદિ ક્રિયા કરનારો હોય પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ રીતે શરીરની ક્રિયા આમ (થાય).... ભાઈ ! એ શરીરની ક્રિયા મેં કરી, આમ કરીને., કહે છે કે, એ મૂઢ છે. એ શરીરને જ આત્મા માને છે. સમજાણું આમાં ?

અનાદિથી જીવની ચાલ જ પાંચ દ્રવ્યથી જુદી છે. છે ? પુસ્તક છે ? ત્યાં બોર્ડિંગમાં પણ નથી ? ખબર નથી અહીં વંચાય છે, બધા ત્યાંથી લાવવા હતા ને પહેલા. હવે કાલે ક્યાં...? કાલે તો સોમવાર છે. સોમવારે રજા છે ? કહો, સમજાણું કાંઈ ? જ્યારે અહીં સવારમાં આવું ચાલે છે ત્યાં સુધી સવારે આવનારે ત્યાંથી લેતા આવવા. અહીં કેટલાક પૂરા કરે ? ત્યાં પડ્યા હોય ઇ ત્યાં સંઘરવા હોય ? કહો, સમજાણું આમાં ?

'દેહમેં નિજ પિછાન.' પુદ્‌ગલમાં પોતાની પિછાન કરે છે. અહીં શું કરવા ઇ લીધું છે ? ઓલા ચાર તો અરૂપી છે ને ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ અરૂપી (છે) એટલે એમાં તો એની નજર પડે નહિ. આ નજર પડે આ શરીરમાં. આ શરીરની સ્વચ્છતા ને આ રાખીએ ને આ કરીએ ને આ કર્યું, મેં કર્યું, ઢીકણું કર્યું. ભઈ ! આપણે રાખ્યા શરીર રહે અને ટાળ્યા ટળે, એમ માણસ વાતું કરે. બાયડી પણ એવી હોય સરખી. આપણે ખાવા-પીવામાં ધ્યાન રાખીએ તો શરીર નિરોગ રહે અને આ અત્યાર સુધી ફલાણાને નિરોગ શરીર રહ્યું છે (કેમકે) એની જાળવણી બહુ સારી હતી. ભાઈ ! ઇ બરાબર હશે ? તમારી બાનું બહુ શરીર છે, જુઓ ! આટલે વર્ષે પણ. છે ? ઇ આવડતું હશે માટે ને ?

મુમુક્ષુ :– કામ કરે છે.

ઉત્તર :– ધૂળમાંય કામ કરે માટે નથી. કામ કરે એ તો રાગ કર્યો, બીજું કર્યું શું એણે ? ઢસરડા કર્યા છે, ભેંસુંના ને છાણના ? ઇ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કહો, ઠીક ! આ એની માનું ઉઘાડું કરે છે. એ વાત પણ ખોટી છે. કામ એટલે શું ? એ તો અંદર રાગ ને દ્વેષ કરે છે. દેહની ક્રિયા જે થાય એનાથી અહીં શરીરમાં ભૂખ લાગતી હશે ? સમજાણું કાંઈ ? આ પણ માણસ બોલે છે, ભઈ ! સવારમાં ઊઠીને દસ શેર દળી નાખવું, ભૂખ લાગે. એમ કરીને સાસુએ વહુને કામ સોંપવું હોય ને (એટલે) અંદર લલચાવે. શરીર આમ થાય, સવારે વહેલા ચાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાગે ઉઠી દસ શેર દળી નાખીએ. ચણાની દાળ દળે તો અંદર બહુ કસ રહે. ... કરીએ તો બહુ .... આ બધું સાંભળેલું છે, હોં ! એકે એક વાત. હેં ? આપણે ક્યાં કરી લીધું છે ? પણ આ તો સાંભળેલી હોય કે, લોકો આમ બોલે છે. બોલતા હોય. સાસુ વહુને કહે, વહેલા ઉઠીએ બા, વહેલા ઉઠીએ, શરીર ઓલું રહે, આખી રાત (સૂતા હોઈએ એટલે) વહેલા દસ શેર ઘઉં દળી નાખીએ. એટલે કામ પણ થાય અને શરીર સારું રહે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધૂળમાંય એને લઈને થાય નહિ. બેય જણા મૂઢ છે, એમ અહીં તો કહે છે. દુનિયાની ઘણી બધી વાતું સાંભળી હોય ને ? અમે તો અનેક પ્રકારની (સાંભળી છે). તમે તો બધા નાચ્યા, અહીં તો આપણે તો નાચને જોયો છે. કેવા નાચે છે ? માળા ! કેટલી વાતું પણ અંદર ભ્રમણા કરાવે ! આહા..હા...! એ જ અહીં કહે છે, જુઓ !

કોઈ રીતે વિપરીત માની કરિને, એમ કહે છે. 'કરૈ દેહમેં નિજ પિછાન.' કારણ કે દેહ દેખાય છે. એટલે દેહ, વાણી, અંદર કર્મ આદિ બધા કાર્ય મારા છે અને એ બધા કામ આપણે કરીએ એ તો આપણી ફરજ છે ને ! એમ કરીને જીવની જાત જ્ઞાનાનંદ જાણનાર-દેખનાર છે એના હોવાપણાને માનતો નથી. મૂઢ મિથ્યાદર્શનને સેવે છે. ભાઈ ! આ પોસા, સામાયિક કરનારા પણ જો આમ માને તો એ મિથ્યાદૃષ્ટિ ને મૂઢ છે એમ કહે છે. એને પોસા ને સામાયિક નથી, એમ કહે છે. ભાઈ !

મુમુક્ષુ :– મિથ્યાદર્શન?

ઉત્તર :– મિથ્યાદર્શન એટલે અસત્ય માન્યતા, જૂઠી માન્યતા. તેથી ત્રણ બોલ વર્ણવ્યા. અસત્ય માન્યતા એટલે કે દુઃખનું કારણ એટલે કે દુઃખરૂપ અને પરિભ્રમણનું કારણ. આવ્યું હતું ને માથે ? ભાઈ ! ભ્રમત. નહિ ? એમાંથી બધું કહ્યું છે. 'ભ્રમત ભરત દુઃખ જન્મ મરણ.' એક તો ભ્રમણા કરે છે એથી ચાર ગતિમાં ભમશે અને પોતે દુઃખરૂપ છે અને દુઃખનું કારણ છે. મિથ્યાશ્રદ્ધા એ જ મહાન પાપ છે. એ પાપનો ત્યાગ ન કરે ત્યાં સુધી બીજી કોઈ ચીજનો ત્યાગ, અંદર રાગનો ત્યાગ થઈ શકે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. ત્રણ (ગાથા) થઈ, ત્રણ. (હવે) ચાર.

---

## મિથ્યાદષ્ટિનો શરીર અને પરવસ્તુઓ ઉપર વિચાર

**મૈં સુખી દુખી મૈં રંકરાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;**
**મેરે સુતતિય મૈં સબલ દીન, બેરૂપ સુભગ મૂરખ પ્રવીન. ૪.**

**અન્વયાર્થ :–** [મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાદર્શનના કારણથી માને છે કે] (મૈં) હું (સુખી) સુખી, (દુખી) દુઃખી, (રંક) ગરીબ, (રાવ) રાજા છું, (મેરે) મારાં (ધન) રૂપિયા-પૈસા વગેરે (ગૃહ) ઘર (ગોધન) ગાય, ભેંસ આદિ (પ્રભાવ) મોટાઇ [છે; વળી] (મેરે સુત) મારાં સંતાન તથા (તિય) મારી સ્ત્રી છે; (મૈં) હું (સબલ) બળવાન, (દીન) નિર્બળ, (બેરૂપ) કુરૂપ, (સુભગ) સુંદર, (મૂરખ) મૂર્ખ અને (પ્રવીન) ચતુર છું.

**ભાવાર્થ :–** (૧) **જીવ તત્ત્વની ભૂલ:-** જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેને અજ્ઞાની જીવ જાણતો નથી. અને જે શરીર તે હું જ છું, શરીરના કાર્ય હું કરી શકું છું, શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય, બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને પ્રતિકૂળ સંયોગથી હું નિર્ધન, હું ધનવાન, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર-એમ માને છે, શરીર આશ્રિત ઉપદેશ અને ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે એ વગેરે* મિથ્યા અભિપ્રાયવડે જે પોતાના પરિણામ નથી પણ બધાય પર પદાર્થના જ પરિણામ છે તેને આત્માના પરિણામ માને છે તે જીવતત્ત્વની ભૂલ છે. ૪.

---

* શરીર વગેરે જે પદાર્થ દેખવામાં આવે છે તે આત્માથી ત્રિકાળ જુદાં છે, તા પદાર્થોના છીક રહેવાથી કે બગડવાથી આત્માનું તો કાંઇ ઠીક થતું નથી તેમ જ બગડતું નથી. પરંતુ મિથ્યાદષ્ટિ એનાથી ઊલટું માને છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મિથ્યાદષ્ટિનો શરીર અને પરવસ્તુઓ ઉપર વિચાર.' છે એમાં ?

**મૈં સુખી દુખી મૈં રંકરાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;**
**મેરે સુતતિય મૈં સબલ દીન, બેરૂપ સુભગ મૂરખ પ્રવીન. ૪.**

દેખો ! એના દાખલા પણ આપ્યા છે અંદર, હોં ! એક બાયડી છે અને એક જુવાન આમ કોટ પહેરી, સરખા બટન અહીંથી અહીં સુધી છે ને ? જુઓને અંદર છે. એના ખીસામાં હાથ, બાયડી જોડે ઊભી છે, ઓલી છોકરી છે, ગમે ઇ, આમ હાથ ઝાલ્યો છે. ઓહો...! મારી બાયડી છે.




'મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાદર્શનના કારણથી..' ઊંધી માન્યતા મિથ્યાશલ્યને કારણે 'હું સુખી...' દેખો, લ્યો ! આમ કોટ-બોટ સરખો પહેર્યો હોય, શરીર નિરોગ હોય, આમ નીકળે, સાંજે ખાય-પીને ફરવા નીકળે. કલાક-બે કલાક નવરાશ હોય ને બાયડી સાથે હોય ને છોકરો-છોડી સાથે હોય. હિલોળા મારતો હોય અજ્ઞાનના ! મિથ્યાશ્રદ્ધા–માન્યતા કરી અને હું સુખી (છું) એ માનનાર મૂઢ જીવ છે, કહે છે. કહો, ભાઈ ! અમે સુખી છીએ. સુખીની વ્યાખ્યા શું ? સુખીનું સ્વરૂપ શું ? સુખ તો આત્માના આનંદમાં છે. આત્માના આનંદમાં સુખ છે. એ મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન કાઢી નાખ ત્યારે આત્માનો આનંદ આવે એમાં આનંદ છે અને બહારના સંયોગોમાં હું સુખી છું, એ માનનાર જીવતત્ત્વને ભૂલે છે. લ્યો ! એ મિથ્યાદષ્ટિ શરીરને અને પરવસ્તુને પોતાની માને છે. આ બધી સમજવા જેવી વાત (છે). વાંચ્યું છે તમે કોઈ દિ' ? ભાઈ !

'હું સુખી,...' જુઓ ! આમ કોટ-બોટ, પાટલુન બરાબર (પહેર્યાં હોય), સરખી


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટર-બોટર નહિ હોય નહિતર એમાં રાખે. આ બધું નાખ્યું છે તો ઘણું, હોં ! જુઓ ! આ બધું. મકાન ને મકાનના ઓલા હોય છે ને ? ચોસલા. મકાન સારા બનાવ્યા હોય ને ? આમ ચોસલાવાળા. છે ને ? માથે જાળી. એને માથે ઘણા બધા દાખલાઓ અંદર આપ્યા છે. હેં ? તિજોરી કરી છે. હં.. એમ. જુઓ ! આ બધા મકાનો ને બધા પડ્યા હોય, ફર્નીચર. ચારે કોર સુંવાળા બધા.. સમજ્યા ને ? લાકડા સુંવાળા કર્યા હોય, પાલીસ.. પાલીસ. આ દાદરામાં લાકડા પાથર્યા હોય ને લૂગડાં આમ પાથર્યા હોય ને આમ આવે ને ? ખુરશીઓ. અમે સુખી છીએ, બધી રીતે સુખી છીએ. હામ, દામ ને ઠામ છે અમારે. હામ–અમારે રળવાનો પુરુષાર્થ પણ છે, દામ–પૈસા પણ છે, ઠામ–ઘર, મકાન ને વખાર ને ઘર પણ છે. મૂરખ છો, કહે છે. સમજાય છે કાંઈ ?

'મૈં સુખી,...' એમ માનનાર જીવને ભૂલી ગયો. હું એક આનંદકંદ જ્ઞાનસ્વરૂપ છું એવા જીવને ભૂલી બહારની સામગ્રીથી સુખી માને છે ઇ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. મૈં 'દુઃખી,...' અરે...! મારા જેવો કોઈ દુઃખી નથી, હોં ! બીજા બધા નિરોગી ફરે, એંસી-એંસી વર્ષના શરીર અને આ મને પચાસ વર્ષે રોગ આવ્યો. મહાદુઃખી છું, બાપા ! બહુ દુઃખી છું. મને કોઈ સંભાળ કરનાર ન મળે. ઘરે છોકરા ન મળે, બે છોકરા રળવા ગયા, બાયડી ઠીક નહિ. દુઃખી... દુઃખી.. (છું). મૂઢ છો. ભાઈ ! ભગવાન ! તું તો જાણનાર-દેખનાર આત્મા છો અને આ સંયોગી ચીજ ને પ્રતિકૂળતામાં મને દુઃખ થાય એમ માને છો (તો) મિથ્યાદૃષ્ટિ મૂઢ અસત્ય શ્રદ્ધાને સેવે છે અને અસત્ય દુઃખના ભાવને સેવે અને દુઃખના કારણને સેવતા દુઃખ ઉત્પન્ન કરે છે અને પરિભ્રમણનું કારણ કરે છે. કહો, સમજાણું ?




મૈં 'રંક, ગરીબ...' અમે તો ભઈ ગરીબ માણસ છીએ. પાંચ પૈસાય મળતા નથી. જુઓ ! એમાં લખ્યું છે, હોં ! જુઓ ! ગરીબ લખ્યું, ગરીબ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લખ્યું છે અંદર, જુઓ ! ગરીબ માણસ. હું ગરીબ છું. શી રીતે ? પૈસાએ ? કે, ના. શરીરે, બાયડી, છોકરા ને બધી પ્રતિકૂળતા (છે) એટલે ગરીબ ગરીબ છું. મૂઢ છો, માળા ! બહારની સામગ્રી ઓછી એમાં ગરીબતા ક્યાં આવી ગઈ ? મહા તવંગર જ્ઞાનાનંદ સ્વભાવ સંપદાનો ધણી આત્મા, એ બહારની પ્રતિકૂળતાની સામગ્રીએ ગરીબ માને (તો) મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે, કહે છે. એને આત્માની શ્રદ્ધાની ખબર નથી. આહા..હા...! ભારે વાત આકરી, ભાઈ ! આવી વાતું માણસને સાંભળવી કઠણ પડે. ઓલું (તો) લોકો (એમ કહે), આમ કરો, આમ કરો, આમ કરો, આમ કરો. કરે નહિ (કાંઈ), એક રજકણ ફેરવી શકે નહિ. કરો, કરો કરે, પોતે મિથ્યાત્વને સેવે અને બીજાને મિથ્યાત્વ સેવરાવે. કહો, સમજાણું ?

હું ગરીબ, હું રાજા. એવું બધું નાખ્યું ને ? એટલું બધું ક્યાંથી નાખે. એક દાખલો આપ્યો. હું રાજા છું. મારે ઘરે એક વર્ષની લાખની તો પેદાશ છે. એટલો અમારે ગરાસ છે. લાખ તો અત્યારે બહુ કામ ન આવે. કેમ ? (આ ભાઈના) દીકરા જેવાને તો લાખ-બાખનો ગણતરો શો અત્યારે ? પણ પાંચ લાખ, દસ લાખની અમારી પેદાશ છે, અમારે આમ છે, અમારે બધી સગવડતા (છે), અમારા પુણ્ય હમણા બહુ ફર્યા છે. પુણ્ય કે દિ' તારા હતા ? એ તો રજકણ હતા, ધૂળ. અને ધૂળને (નિમિત્તે) મળેલી સામગ્રી ધૂળ છે. એ મારા અને અમે રાજા (છીએ), કહે છે કે, એ જીવને ભૂલ્યો. જે ચીજ સંગે આવી એને મારી માનીને અસંગી ચીજને ભૂલ્યો. કહો, સમજાણું કાંઈ ? દુઃખી, ગરીબ, રાજા.

'મારા રૂપિયા...' લ્યો ! 'મેરે ધન...' મારા રૂપિયા, મારા રૂપિયા, મારા રૂપિયા. હેં ? એક સાધુ હતો. ત્યાગી થઈ ગયો. રૂપિયા કો'ક લઈ ગયું હશે. એને નામે સંથારો કર્યો. મરી ગયો. આવા ને આવા મૂઢ. બહાર નીકળ્યો ત્યારે બીજી રીતે નીકળ્યો હતો પછી છોડ્યું. મમતા (તો) હતી, આ મારા પૈસા. કો'ક ખાય ગયું હશે. કારણ કે ઘરે તો કાંઈ રખાય નહિ ને ? જ્યાં રાખ્યા હોય ઇ ખાય ગયો. પછી સંથાર્રો કર્યો. ન આવે ત્યાં સુધી ખાઉં નહિ. મરી ગયો. ત્યાં ક્યાં ઓલા પાસે હતા તે આપે. સમજાણું કાંઈ ?

કહે છે, 'મારા રૂપિયા–પૈસા...' આટલા સંગ્રહી રાખ્યા છે, ગુપ્ત રાખ્યા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાયડીને ખબર નથી ને છોકરાને ખબર નથી એટલા રાખ્યા છે. મરણમૂડી રાખી છે અંદર. મૂઢ ! પૈસાના રજકણ ઇ તો જડ માટી છે. મારા પૈસા, મારા રૂપિયા એ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ છે. એને આત્માની શ્રદ્ધાની ખબર નથી. આ તો ભારે આકરું પડે, હોં ! ત્યારે (શું) અમારે બાવા થઈ જવું ? પણ બાવો જ છો, સાંભળને ! કે દિ' રજકણ તારો છે ? એક રજકણ પણ તારો નથી અને એને મારો માન (તો) મહામિથ્યાદૃષ્ટિ દુઃખના ભાવને કરે અને દુઃખના ભાવમાં પરિભ્રમણ કરશે.

'(ગૃહ)...' અમારે ઘર છે, ઘર. મહિને પાંચ હજારનું ભાડું અમારે સહેજે આવે. એટલા મકાનો અમારે છે, આમ છે, તેમ છે. વાતું કરે તો મીઠાશથી કરે. અમારે આટલું છે. અમારે ઘર છે, અમારે ઘર છે. એલા ! તારું ઘર તો અહીં રહ્યું, ત્યાં ક્યાં ઘર હતું તારું ? જડનાં ઘર તારા ? બંગલા આટલા કર્યા છે. આને તો મોટા ત્રણ બંગલા છે. એક બંગલામાં રહે અને બે બંગલા ભાડે આપે. બધા એમાં વારાફરતી આવવા જોઈએ ને ! કહો, સમજાણું આમાં ? ગરીબ માણસને ગરીબ લ્યોને એક ઝુંપડી હોય. એ શણગારે. છોકરો પરણે ત્યારે એને જરી આમ શણગારે. માથે કપડાનું શું કહેવાય ઇ આ ? તોરણ ! અર..ર...! મૂઢ ! આ જીવ ભગવાનઆત્મા તો જાણનાર-દેખનાર છે. જાણવા-દેખવાના સ્વભાવથી ભરેલો અને જાણવા-દેખવાની પરિણતિવાળું તત્ત્વ છે. એને આવા ઘર મારા (માનનારો) મિથ્યાદૃષ્ટિ છે, (એમ) કહે છે.

'(ગોધન) ગાય, ભેંસ...' લ્યો ! સમજાણું ? ગોધનનું (ચિત્ર) કર્યું છે ને ? નથી ? એમાં નહિ હોય. ગોધન છે. ગોધન–ગાય ને ભેંસ આદિ. એટલો શબ્દાર્થ છે. ગાય, બૈલ આદિ. નીચે શબ્દાર્થ છે. ગાય, ભેંસ, બકરા, ઊંટ, હાથી, પોપટ, પારેવા.

મુમુક્ષુ :– આમાં ક્યાંય મોટર નથી.

ઉત્તર :– એ મોટર એમાં આવી જાય. આટલી તો અમારે મોટરું છે. લાખ-લાખ રૂપિયાની મોટર આવે છે કે નહિ ? એ..ઇ...! શું નામ એનું આવડે છે ? શેરોલેટ ! શેરોલેટ એટલે શું ? કોણ જાણે ? એમાં એકેય અક્ષર પણ આપણો ગુજરાતીનો નહિ. લાખ રૂપિયાની મોટર. અમારે ચાર મોટરું લાખની છે અને ચાલીસ-ચાલીસ હજારની .... છે ને આ ધૂળ છે. અમારે છે, અમારે છે. મરી ગયો, પણ તારું કે દિ' (હતું) ? એક રજકણ પણ નથી. જીવમાં પરવસ્તુને પોતાની માનવી એ જ મહા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન છે. આ વાત જીવને કઠણ પડે. એમાં અત્યારનો હો..હા ને હરિફાઈનો કાળ. આમ રળવું ને આમ ખાવું ને આમ પીવું ને આમ કરવું. ધૂળમાંય કરી શકતો નથી, સાંભળને !

મુમુક્ષુ :– ખાવું કે ન ખાવું ?

ઉત્તર :– કોણ ખાઈ શકે છે ? ધૂળ છે, ઇ તો જડ છે. એના રજકણો આવે ને જાય. આત્માને રાગ થાય. એ જડની ક્રિયા આત્મા કરી શકે નહિ. ખાવા-પીવાની (ક્રિયા) કોઈ દિ' કરી શકતો નથી. ઇ બધા છે ઉપરી. કહો, સમજાણું ?

'(પ્રભાવ) મોટાઈ...' અમારી. સંઘના શેઠ છીએ, સંઘના અગ્રેસર છીએ, સંઘમાં અમારા નામ પહેલા (હોય). સંઘવી તરીકે, શેઠાઈ તરીકે, પ્રમુખ તરીકે, મંત્રી તરીકે. શું નામ હશે ? સેનાપતિ તરીકે, દીવાન તરીકે. દીવાનસાહેબના ઘરના અમે છીએ. આ અમારી મોટાઈ. ભગવાન ! એનાથી તું મોટાઈ માન એ તો મિથ્યાત્વ છે, ભાઈ ! આત્માની મોટપ તો અંદર જ્ઞાનાનંદ સ્વભાવથી મોટપ છે. પરવસ્તુથી મોટપ માને એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. સમજાણું ? જુઓ ! 'દૌલતરામજી'એ ગૃહસ્થાશ્રમમાં પણ વાત કેટલી સ્પષ્ટ કરી છે !

મુમુક્ષુ :–

ઉત્તર :– આ રહી ને, અંદર લખ્યું છે, આ શું કહે છે ? 'મૈં સુખી દુઃખી મૈં રંક રાવ, મેર ધન ગૃહ ગોધન પ્રભાવ;...' છે કે નહિ ? પડ્યું છે કે નહિ એમાં ? આઠ દીકરાનો બાપ છું, બાર દીકરાનો (બાપ છું), અમે બાર ભાઈઓ છીએ, ફલાણા છીએ, આટલા પૈસા અમારે છે, ધૂળ છે. અભિમાન.. પરવસ્તુના અભિમાન કરી ચૈતન્યને ભૂલી ગયો. ભગવાનઆત્મા તો ઇ વસ્તુનો જાણનાર-દેખનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાય છે ? પોતે પોતાનો જાણનાર-દેખનાર એવું ચૈતન્ય સ્વરૂપ એને ભૂલીને પરને પોતાના માને એ અસત્ય, મિથ્યાદૃષ્ટિના લક્ષણ (છે). મૂઢ જીવ ચાર ગતિમાં આ રીતે રખડી રહ્યો છે.

'મારાં સંતાન...' બોલે તો અંદરથી આમ (બોલે કે), મહારાજ ! મારો દીકરો છે. દસ હજારનો પગાર છે. એલ.એલ.બી.માં કેટલા વર્ષથી પાસ થયેલો અને બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મગજ, બહુ મગજ. એક જણો તો કહે, આ મારી દીકરી આમ ભણી છે. પણ હવે શું તારે મલાવો કેટલો કરવો છે ? ઇ આ ભાઈના મિત્ર હતા. ઘણા વર્ષની પણ હતી ને ? આ મારી દીકરી, આ મારી દીકરી આટલું ભણી છે. પણ અમારે પાસે કેટલી વાત તમારે કરવી છે ? દીકરી પણ તારી નથી અને ભણી એમાં તારે શું પણ ? અને ભણી એ મૂઢનું, અજ્ઞાનનું ભણતર છે બધું. સંસારના ભણતર બધા અજ્ઞાનના, મૂઢપણાના ભણતર છે. સમજાણું કાંઈ ? આ તો બધાનું પોકળ ખોલી નાખે છે, હોં !

મુમુક્ષુ :– એ ખોલવા જેવું છે.

ઉત્તર :– એવું છે. હેં ? ભાઈ ! અમારા સંતાન. ભઈ લ્યો ! સારો દીકરો થાય તો માણસને પોરસ તો ચડે ને ! હેં ?

મુમુક્ષુ :– ... મીઠાશ ..

ઉત્તર :– મીઠાશ જુદી હોય. બાયડી બેઠી હોય તો વાતું કરે, આ અમારે આમ છે. અમારે માસીનો દીકરો છે ને બહુ પૈસાવાળો છે. અહીં ભલે પાઈ ન દેતો હોય પણ અંદર પોરાવે એને. અમારે સાળાની વહુ છે ઇ ગામની મોટી આવી છે. પણ તારે શું ? હેં ? અમારા સાળાની વહુ. ઓ..હો..હો...!

મુમુક્ષુ :– .... કેફ ચડી ગયો છે.

ઉત્તર :– કેફ ચડી ગયો છે. જુઓ ! અમારી નાતની, જાતની સ્ત્રી આવી મોટી ! તું પણ કોણ ? તું સ્ત્રી નથી અને સ્ત્રીના શરીર છે એ તો એનો આકાર છે. શરીરનો આકાર સ્ત્રી છે, આત્મા સ્ત્રી છે ? ભગવાનઆત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, દેહ નથી, વાણી નથી, કર્મ નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ !

'મારાં સંતાન,...' મારા સંતાન. સમજ્યા ને ? દીકરા, દીકરીઓ. 'મારી સ્ત્રી...' બીજા ઘરમાં ભલે હશે બીજાની બાયું પણ મારી બૈરી જુદી જાતની, ખાનદાનનું ... ખાનદાનનું ... શું છે પણ ? તારી સેવા બહુ કરે છે માટે ? કોની સેવા કરે છે ? ધૂળની, શરીરની ? સમજાય છે કાંઈ ? આહા..હા..! આ બધું ઉઘાડું કર્યું હશે, ભાઈ !

મુમુક્ષુ :– સાચું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– સાચું છે ? લ્યો, વળી શેઠિયાઓ સાચું કહે છે.

'મારી સ્ત્રી,...' આહા..હા...! અરે...! બાપા ! તારે સ્ત્રી કેવી ? ભાઈ ! તારી હોય તો તારાથી જુદી રહે નહિ. કાં એને મૂકીને જા અને કાં ઇ તને મૂકીને જાય. હેં ? ક્યાં ચીજો તારી હતી ? ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સંપદાથી ભરેલો એને પોતાનો ન માનતા આવી ચીજને (પોતાની) માને એ ચૈતન્યને ભૂલી ગયો છે. એના ચૈતન્યની શ્રદ્ધા એને નથી. આમ આત્મા આત્મા માને એમ નહિ. અમે આત્મા (બોલે) એમ નહિ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિનો સ્વભાવ છે અને આ બધી ચીજો મારી નથી, હું મારામાં છે એ મારો આનંદ અને જ્ઞાન સ્વભાવ મારો છે. એમ માને એને આત્મા (છે). આમ બધું માને પરનું પોતાનું માને અને વળી હું આત્મા માને, એમ હોઈ શકે નહિ. સમજાણું ?

'હું બળવાન,...' જુઓને ! શરીરમાં બળવાન હોય ને ? ત્રણ-ત્રણ, ચાર-ચાર લાડવા ચડાવતો હોય. એકદમ પચાવી દઉં, એમ કહે. સમજાણું ? એક જણો પાંચ-છ જણાનો દૂધપાક કરેલો ઇ ખાઈ ગયો. ભાઈ ! પાછો એને પોરો.. સમજ્યા ને ? એક હતા, ગામમાં એક હતો. તમારે હતો ? એ..ઇ...! ખબર છે ? બધી ખબર છે. નામ તો બધાના સાંભળ્યા હોય ને ! પાંચ જણાનું કરેલું ખલાસ ! પાછળ રોટલી નહિ, દૂધપાક નહિ. એલા પણ.. મને શું કરવા પહેલા ખાવા બેસાડ્યો ? આહા..હા...! એવા બધા. અને પાછા (એમ કહે અમે) બે સામાયિક કરીએ ને પોસા કરીએ. પણ શેના સામાયિક તારે આવ્યા ? હજી આત્મા કોણ છે ? પરના અભિમાન ટળ્યા નથી, પરથી જુદાનું ભાન નથી, સામાયિક આવી ક્યાંથી ?

મુમુક્ષુ :– સામાયિક.

ઉત્તર :– સામાયિક કહેવી કોને ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં રાગ પણ મારો નથી, દેહ પણ મારો નથી, કોઈ જડની ક્રિયા મારી નથી. એમ સ્વરૂપને શ્રદ્ધી, અનુભવ કરીને એમાં ઠરે, આનંદમાં ઠરે તેને સામાયિક કહીએ. સામાયિક શું આખ્યું (બંધ) કરીને બે ઘડી બેસી ગયા (એટલે) એને સામાયિક થઈ ગઈ ? (ઇ તો) મિથ્યાદૃષ્ટિની સામાયિક છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હું બળવાન,...' એક ધબ્બો મારું તો લોહી કાઢી નાખું, એમ કેટલાક બોલે છે ને ? એક મારું ને આમ બરાબર... પણ તું કોણ તે માર ? આ તો જડ છે, માટી છે. ભાઈ ! એક મારું ને લોહી ઓકાવી દઉં, લોહી ઓકાવી દઉં. માળાને અભિમાન પણ (કેટલા) ! એક છોકરો હતો અમારે, હોં ! 'પાલેજ'માં જોડે દુકાન હતી. છોકરો અમને બેને ઉપાડે, માળો ! અઢાર વર્ષનો હતો પણ અમે બાર-બાર, ચૌદ વર્ષના બેયને આમ હાથે ઉપાડે અને ઊંચો કરીને ફેરવે આમ, હોં માળો એવો ! અને જ્યારે મરવા પડ્યો.. હાય...! નજરે જોયું છે મેં. દુકાનની જોડે રહેતો. 'પેટલાદ'નો હતો. દુકાનની જોડે તમાકૂની દુકાન હતી. એક જુવાન બે જણાને ઉપાડે, હોં ! આમ હાથથી ઊંચા કરે અને ફેરવે. એ માંદો પડ્યો. પરણ્યો અને પછી માંદો પડ્યો, મરવાની તૈયારી. હું જોવા ગયો હતો. કેમ છે ? બોલવાની શક્તિ નહિ. મરવાની તૈયારી. રાત્રે મરી ગયો. પછી ... બોલી ગયો હતો. ત્યાં છે ને 'પાલેજ' ? એક ગામ છે, કેવું ? નદીને કાંઠે, ત્યાં લઈ ગયા. આહા..હા...! એને જોયો. એકવાર રાત્રે છોકરાને ઉપાડનાર અને આ પાછો ઉપાડ્યો. બાપા ! એ શરીર તારા નથી, એ શરીરનું બળવાનપણું તારું નથી.

'(દીન)...' અમે નિર્બળ છીએ, બાપુ ! માખી ઉડાડવાની તાકાત અમને નથી. પણ એ નબળાઈ તો જડની છે, એમાં તારી ક્યાં આવી ? આહા..હા...! સમજાણું ? '(બેરૂપ) કુરૂપ...' કુરૂપ. નાની ઉંમરથી આ શીતળા નીકળેલા ને તે આ બધા ઘંટા, બે-ઘંટા જેવું મારું રૂપ થઈ ગયું. મારું રૂપ, એમ બોલે. પણ એ તો જડનું છે, તારું ક્યાંથી આવી ગયું ? શરમાય. કેટલાકની આંખ જરી ફૂટી હોય તો ચશ્મો-બશ્મો આડો રાખે. બાયડી હોય તો વળી જરી લૂગડું આડું રાખે. ઓલી સૂતી હોય તો ન દેખાય (એટલે) લૂગડું સરખું રાખે. એમાં જડને લઈને તારે છે શું પણ ? આહા..હા...! બાપુ ! ધર્મદૃષ્ટિ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ભાઈ ! એ જ્ઞાનસ્વરૂપમાં શ્રદ્ધા કરે એને જ્ઞાન અને શાંતિના પરિણામ પ્રગટે. એને આવી મિથ્યાશ્રદ્ધા હોય નહિ અને આવી મિથ્યાશ્રદ્ધા હોય એને શાંતિ અને સમ્યગ્દર્શન હોય નહિ. કેમ, ભાઈ ? આવી શ્રદ્ધા રાખીને સામાયિક, પોસા કરે તો ? થાય નહિ ? આમ બેસે. શેનો થાય સામાયિક, પોસો ? મિથ્યાદૃષ્ટિની વિષમદૃષ્ટિ અને વિષમજ્ઞાન થાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેરૂપ છું, કુરૂપ છું. '(સુભગ) સુંદર,...' સુંદર છું. જુઓ તો એક એક અવયવ આમ જુઓ, કોઈની સાથે મેળવો. નાક જુઓ તો ગરુડના ઓલા જેવું, કાન જુઓ તો કુંડળ જેવા, આંખ જુઓ તો હરણની આંખ્યું જેવી, મોઢું જુઓ તો આમ જાણે.. લાલ શું કહેવાય છે ઇ ? અરીઠા ને... એવા નામ આવે છે. શાસ્ત્રમાં વખાણે. ટીંડોરા ને લાલ નથી આવતા મોટા ? એવું લાલ, હોઠ એવા લાલ. કુદરતી. કુદરતી હોં ! નાગરવેલ પાન ખાય ને લાલ લાલ રાખે એમ નહિ. અને અત્યારે આ બાયડું બાયડું આમ જરી લાલ ચોપડે. ઇ વળી નહિ. અને આ છોકરાઓ રાત્રે ધોળું ચોપડે. એને લાલી એવું આવે છે. હેં ? બધું સાંભળ્યું છે ને. બધું જોયું છે, સાંભળ્યું છે. લોકો વાતું કરે ઇ સાંભળીએ કે આ ચોપડ્યું લાગે છે. પણ આવો લાલ ક્યાંથી આ ? શરીર સાધારણ છે ને લાલ કેમ ? લાલ ચોપડ્યું છે. આહા..હા...! મડદાંને શણગાર કરીને (માને) મને શણગાર થયા. મડદાંને શણગાર કરીને મને શણગાર કર્યા (માને છે). મૂઢ છો, કહે છે. તને આત્માનું ભાન નથી. આહા..હા...!

'(મૂરખ)...' છું. લ્યો ! એકડોય આવડતો નથી, બાપા ! મૂર્ખ બહુ. પણ તું મૂરખ નથી, બાપુ ! તું તો જ્ઞાનાનંદ, કેવળીને પ્રગટ કર એવો (તું છો). મૂરખ-બુરખ પર્યાયમાં જાણું છું એમાં મૂરખ માન એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એક સમયના જ્ઞાનમાં કમી હોય તો શું છે ? વસ્તુ ભગવાનઆત્મા છે. એવા એક સમયની પર્યાયને મૂર્ખપણે માને એ આત્માને માનતો નથી, આત્માને જાણતો નથી, એને આત્માની શ્રદ્ધા નથી.

એમ 'ચતુર છું.' ગામના બધા અમારે ત્યાં પૂછવા, સલાહ લેવા આવે. સમજાણું કાંઈ ? ગામ ખબરીયા અમે છીએ. ઠીક ! જેટલા ગામના માણસ હોય ઇ બધા અમને પૂછવા આવે. ભાઈ ! ગામમાં ... ઇ હોશિયાર માણસ કહેવાતા હશે કે નહિ ? 'કરાંચી' રહેતા હતા. બધા પૂછવા આવે. ભાઈ ! ડાહ્યા માણસને પૂછવા આવે બધા, લ્યો ! સગપણ કરવું હોય, છોડીનું કરવું, ફલાણું પૂછવું. પૂછવા આવે, ભાઈ ! આનું તમે શું કહો છો ? ઇ બધા ચતુર કહેવાય. કહે છે, અમે ચતુર છીએ એમ માનનારા મૂઢ જીવ છે, એમ અહીં તો કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– આ તો બધા જોયા હોય કે નહિ ? આખી દુનિયા (જોઈ છે). કેટલા

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષથી, અહીં (સંવત) ૧૯૫૩થી તો જોઈએ છીએ અને દુકાને પણ જોતા હતા. દુકાને પણ ઘણું બધું જોતા. સમજાણું કાંઈ ? આહા..હા...!

'(પ્રવીન)' છીએ. કોઈ વાત પરને લગતી અમારી. ભઈ ! એમ કેટલાક કહે.

મુમુક્ષુ :– આ બધામાં હોશિયાર છે.

ઉત્તર :– હા, બધામાં હોશિયાર. એક માણસ કહેતો હતો. ગાયો જોવી હોય તો આટલા ... આ, ભેંસને જોવું હોય તો આ, સ્ત્રીને જોવું હોય તો આ, આદમીને જોવું હોય તો આ, મકાનને જોવું હોય તો આ. એની બધી પરીક્ષા હોય છે. બધી બધાને લગતી. સોનાની વીંટી આવી હોય, ઢીંકણું આવું હોય, વર્ણ આવું હોય, દાગીનો આવો હોય, દાગીનામાં પોલું આવું હોય. એકેએક બધાને લગતી. ધૂળમાંય હોશિયાર નથી, કહે છે. મફતનો.. આત્માના ભાન વિના આવી ચતુરાઈને પોતાની માનવી મૂઢ જીવ છે, કહે છે. આહા..હા...! ભાઈ ! બરાબર હશે આ ? તમે ત્યાં હોશિયારી નહિ કરી હોય ?

મુમુક્ષુ :– બધું ઉઘાડું...

ઉત્તર :– શું કહે છે ? ઉઘાડું કરો છો .. વાત સાચી. જુઓને પણ આણે 'દૌલતરામે' લખ્યું છે, જુઓ ! શાસ્ત્રનો સાર કરીને (લખ્યું છે). એ અજીવને જ પોતાનું માને છે. એ બધી મૂર્ખાઈ અજીવતા છે, આત્માનો ક્યાં એ સ્વભાવ છે ? અને ચતુર (હોય), બહારનો જ્ઞાનાવરણીયનો કંઈ ઉઘાડ હોય, લૌકિક કળા ને આવડત હોય, ડહાપણ હોય, પાંચ પૂછવા બેઠા જ હોય, પાંચ-પચીસ એને ઘરે પૂછવા (બેઠા હોય) અને સગપણ-બગપણ કરવામાં હોશિયાર હોય તો એને હંમેશાં લાપસી મળે. કો'કના સગપણ કરે ને ! કેટલાક એવા હોશિયાર હોય. ઈ પડે ત્યાં ફટ સગપણ થઈ જાય, બીજો પડે તો સગપણ થાય નહિ. આવા ને આવા. કેટલાય આવા બધા જોયા છે, હોં ! આહા..હા...! આ બધા એકલી લાપસી ખાવાના બધા કામી છે. માને એવું કે અમે જ્યાં પડીએ ત્યાં બધું સરખું થઈ જાય. .... કહે છે કે, અમે ચતુર (એમ માનવું) એ જીવની મોટી ભૂલ છે. આહા..હા...! ભાઈ !

ભાવાર્થ :– 'જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે...' ભાવાર્થ છે ને ? ત્રિકાળ ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્યજ્યોત છે. જ્ઞાન જેની ચાલ, જ્ઞાન જેનો સ્વભાવ, જ્ઞાન જેનું રૂપ, જ્ઞાન જેની સંપદા, જ્ઞાન જેનો ભાવ એવો આત્મા છે. એનાથી અતિરેક કરીને પરવસ્તુને, કોઈપણ ક્રિયાને પોતાની માનવી એ જીવની ભૂલની મોટી મિથ્યાદર્શન શ્રદ્ધા છે. મિથ્યાદર્શન જ્યાં સુધી હોય (ત્યાં સુધી) કોઈ જાતનો ધર્મ-બર્મ, કોઈ ત્યાગ-વૈરાગ્ય એને સાચો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? ભાઈ ! આ હેડમાસ્તર બધા હોશિયાર કહેવાય કે નહિ ? બધાને હાથમાં રાખે. ઓલા કેટલાય એવા રાખે. આહા..હા...! અભિમાન (કરે). એને શરીર-બરીર ઠીક (એટલે એમ માને કે) ધણીને દબાવવા ને ધણીને વશ રાખવા ઇ તો આપણી કળા છે. ઓ..હો...! હેં ?

મુમુક્ષુ :– છાપામાં આવ્યું હતું.

ઉત્તર :– આવ્યું હશે. પણ આ તો મેં અમારે ત્યાં નજરે જોયું હતું. 'ગારિયાધાર'ની વાત છે. આ તો ઘણા વર્ષની વાત, હોં ! ૫૫-૬૦ વર્ષ પહેલાની વાત છે. જોડે એક લોટિયા રહેતા, લોટિયા. ઓલા લોટિયા રહેતા, ભાઈ ! ઇ સામે રહેતા ને ? એની દુકાન બહાર બજારમાં હતી. મારી ઉંમર નાની તે દિ', શરીર બહુ સુંદર અને બધા વાતો એવી કરે કે આમ ઓ..હો...! શું કરે છે કીધું આ ? બાયડ્યું નવરી થઈને એવી માંડે.. ગપ્પેગપ ! અને માને કે અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ. સામાયિક કરીએ છીએ, પોસા કરીએ છીએ, પડિકમણા કરીએ છીએ. બહુ સારી વાત છે. ધર્મનું ભાન ન મળે કે આત્મા તે જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની ખબર વિના એ અજ્ઞાની જીવ તે ત્રિકાળ સ્વરૂપ છે તેને પોતાને જાણતો નથી.

'જે શરીર તે જ હું છું, શરીરના કાર્ય હું કરી શકું છું, શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય,...' નિરોગતા હોય તો ધર્મ કરી શકાય, એમ માનનાર મૂઢ જીવ છે. બધું પોકળ આવે છે આમાં. જુઓ ! 'બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી...' બાદશાહી છે, હમણા બધી સરખાઈ છે. છોકરાઓની સરખાઈ, છોડ્યુંની સરખાઈ, જમાઈ મળે તો એવા, મકાન લેવા જઈએ તો પચીસ હજારમાં લેવા જઈએ તો પચાસ હજારમાં મળી જાય છે. બધી રીતે કોણ જાણે.. અવળા નાખીએ તો સવળા પડે છે. ભાઈ ! ઇ થાય છે એ તો પુણ્યને લઈને થાય, એમાં તારે લઈને શું છે ? તું ક્યાં ત્યાં ગરી ગયો તો સરખાઈ કરે ? (એમ) 'હું સુખી...'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પ્રતિકૂળ સંયોગથી હું દુઃખી,...' કહો, સમજાણું ? મૂઢ છે, કહે છે. મિથ્યાદૃષ્ટિ પાપી છે. પાપને કરે છે, દુઃખને કરે છે, દુઃખને ભોગવે છે, ભવિષ્યના દુઃખના પરિભ્રમણના ભાવને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ ? 'હું નિર્ધન, હું ધનવાન, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ,...' મનુષ્ય કેવો ? ઇ તો જડ છે. 'હું કુરૂપ, હું સુંદર–એમ માને છે, શરીર આશ્રિત ઉપદેશ...' લ્યો ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નાખ્યું. શરીર આશ્રિત ઉપદેશ થાય એ આત્મા ઉપદેશ કરે છે એમ માને. એ તો વાણી જડની ક્રિયા છે, આત્મા ઉપદેશ કરી શકે ? આત્મામાં શબ્દ છે તે કરી શકે ? ઘણાય માને છે. અત્યારે સંપ્રદાયના કેટલાક સાધુ (કહે છે કે), આપણે ઉપદેશ કરીએ તો ધર્મ પમાડીએ. આપણે ઓલું ન કરવું, આને જીવાડવું એમ ન કરવું. ઉપદેશ દેવો કે, ભઈ ! કોઈને મારવા નહિ, કોઈને આમ કરવું નહિ. એવો ઉપદેશ દઈએ તો ધર્મ થાય. ઉપેદશ તો જડની ભાષા છે. આહા..હા...! એ શરીરની ક્રિયા ઉપદેશ, એને પોતાની માને ને મેં ઉપદેશ આપ્યો માટે મને લાભ થાય અને આ ઉપદેશથી જગત ધર્મ પામે અને એનાથી મને લાભ થાય. મૂઢ જીવ છે, મિથ્યાદૃષ્ટિ જીવને જાણતો નથી. સમજાણું કાંઈ ?

'ઉપવાસાદિ ક્રિયા...' એ શરીરમાં રોટલા ન ખાધા ત્યાં ઉપવાસ થયો ત્યાં મને ધર્મ થયો, એમ માને. રોટલા એ તો એટલા જડ નહોતા આવવાના. શરીરમાં ન પડ્યા એમાં તને ધર્મ ક્યાંથી થઈ ગયો ? સમજાણું કાંઈ ? આહા..હા...! હેં ? વસમું લાગે છે ?

મુમુક્ષુ :– છોકરાઓ તો ..

ઉત્તર :– આ બધું કોને માટે છે ? છોકરાઓ નાના હોય ઇ આમ બડકમદારી કરે કે, હું આમ કરી શકું, હું આમ કરી શકું, હું ઉલાળી શકું, દડો આમ કરી શકું, ફલાણું આમ કરી શકું, એક હાથ મારું તો આમ દડો કરી શકું. એ પણ મૂઢ છે. કહો, સમજાણું કાંઈ ? ઇ લાત મારવી જોઈએ. મારો પગ વાગે તો દડો આમ ઊડે. આહા..હા...! પગનું ઠેબું મારીએ, આખો પગ ન મારીએ, કહે. જાય ઉલ્લે..! ઓ..હો..હો...! પગ ક્યાં તારો હતો તે તું ઠેબું માર ? સાંભળને ! સમજાણું કાંઈ ? શું કીધું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ 'ઉપવાસાદિ...' એટલે શરીરમાં કંઈ આહાર થોડો આવ્યો, લીધો, ઉણોદરી કરી, સમજાય છે ? રાત્રે ... આમ મને પ્રાયશ્ચિત આપો, એ બધો ધર્મ છે એમ માને છે. એ ભાષા તો શરીરની ક્રિયા છે. એમાં રાગ કોઈ મંદ થયો હોય તો એ પુણ્ય છે અને એમાં ધર્મ માને છે. 'પોતાપણું માને છે...' એ ક્રિયા મારી છે. આકરી વાત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ લખ્યું છે. સમજાણું ? કે, અનાદિ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ હતો એની ભૂલ શું રહી ગઈ ? પુરુષાર્થ તો એણે ઘણઓ કર્યો હતો. એ શરીરની ક્રિયા ને અપવાસની જડની ક્રિયા (થાય) એને પોતાની માને છે. .... રાગ મંદ થાય ઇ શુભ છે, પણ દેહની ક્રિયામાં આહાર ન મળ્યો અને એને મારી ક્રિયા માને. એ તો જડની ક્રિયા થઈ. સમજાણું કાંઈ ? છે ને ઇ ? હેં ? જુઓ ! આ એમાંથી છે, હોં ! 'તેમ કર્મોદયજનિત શુભાશુભ કાર્યનો કર્તા તદ્રૂપે પરિણમે તોપણ તેવા પ્રકારનું અંતરંગ શ્રદ્ધાન છે કે આ કાર્ય મારા ... પણ જો દેહાશ્રિત વ્રત, સંયમને પણ પોતાના માને,...' દેહાશ્રિત. 'ટોડરમલજી', 'મોક્ષમાર્ગ પ્રકાશક'(માં કહે છે). 'દેહાશ્રિત વ્રત, સંયમને પણ...' પોતાના દેહની ક્રિયા થાય. દયા પાળવાની થાય, દેહથી, હોં ! એને પોતાના માને કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. એ અજ્ઞાની છે એને આત્માની શ્રદ્ધાની ખબર નથી. આહા..હા...! આકરી વાત ભારે, ભાઈ ! જુઓ ! આ છે. ૩૪૪ પાને છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ?

'પોતાપણું માને છે એ વગેરે મિથ્યા અભિપ્રાય વડે...' છે ને ? નીચે લખ્યું છે, હોં ! એણે આમાં લખ્યું છે, જૂની પ્રતમાંથી. 'શરીર વગેરે જે પદાર્થ દેખવામાં આવે છે તે આત્માથી ત્રિકાળ જુદાં છે,...' એ જુની પ્રતમાં લખેલું છે. 'તે પદાર્થોના ઠીક રહેવાથી કે બગડવાથી આત્માનું તો કાંઈ ઠીક થતું નથી તેમ જ બગડતું નથી. પરંતુ મિથ્યાદૃષ્ટિ એનાથી ઊલટું માને છે.' આમાં લખ્યું છે, હોં ! એણે પોતે. જૂની પ્રત છે ને ? પહેલી હિન્દી (પ્રતમાં).

'વગેરે મિથ્યા અભિપ્રાય વડે...' વગેરે એટલે જેટલા બધા છે એમાં ક્યાંક ક્યાંક કોઈ રજકણમાં, કોઈ સ્કંધમાં, કોઈ પર્યાયમાં, કોઈ ખાવામાં કે પીવાની ક્રિયામાં કોઈ ઠેકાણે પણ પોતાપણે માને, મારાથી થાય એમ માને એવા 'અભિપ્રાય વડે જે પોતાના પરિણામ નથી પણ બધાય પર પદાર્થના જ પરિણામ છે...' સમજાણું ? એ પરપદાર્થની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અવસ્થાને આત્માની માને, આત્માની સત્તાથી થાય એમ માને, 'તેને આત્માના પરિણામ માને છે તે જીવતત્ત્વની (મોટી) ભૂલ છે.' મિથ્યાદષ્ટિની મોટી ભૂલ (છે), એ જીવતત્ત્વને જાણતો નથી.** કહો, **સમજાણું આ ? આ** તો **સમજાય એવી** વાત છે હવે. **આહા..હા...! એટલીયે** ખબર ન મળે. **જૈનમાં જન્મ્યો** હોય તો **એમ** ને **એમ** ઊંધો ને ઊંધો **ચાલ્યો જાય** છે.

**એ જીવતત્ત્વમાં** પોતાનું જ્ઞાનાનંદ ત્રિકાળ સ્વરૂપ છે. **એ** તો **જાણવા-દેખવાની** જ ક્રિયાનો કરનાર છે. **એ શરીરાદિની ક્રિયા** કે **રાગાદિની ક્રિયા એની નથી. એનો** કરનાર સ્વભાવ ન હોઈ શકે. **એવું જેને** ભાન **નથી એ મિથ્યાદષ્ટિ જીવની મોટી** ભૂલ **કરે** છે.

હવે પાંચમીમાં **'અજીવ અને આસ્રવ** તત્ત્વનું વિપરીત **શ્રદ્ધાન'** બતાવશે. **અજીવ, અજીવ. અજીવની** ભૂલ. **આ જીવની** ભૂલ **કીધી**, હવે **અજીવની** ભૂલ (કહે છે). **શરીર** ઊપજે **એટલે** હું ઉપજ્યો. **એમાં** દાખલો **આપ્યો** છે, હોં ! **અને** મરી ગયો, **જુઓ** ! મડદું. ઠાઠડી કાઢી. **જુઓ** ! બેય **આપ્યું** છે. છે ને ? **જુઓ આ** ! મોઢું ને ... **શરીર** ઉપજ્યું તો હું ઉપજ્યો. **શરીર** મરી ગયું તો હું મરી ગયો. **એમ (જે)** માને છે **એ અજીવની** (ભૂલ છે). **અને આસ્રવની** (ભૂલ **એટલે**) પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે, શુભાશુભ ભાવ દુઃખરૂપ છે **એને સેવીને** સુખરૂપ માને છે તે **આસ્રવતત્ત્વની** ભૂલ **મિથ્યાદષ્ટિની** છે. **એની** વિશેષ વ્યાખ્યા **કરશે**. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અજીવ અને આસ્રવ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન

**તન ઉપજત અપની ઉપજ જાન તન નશત આપકોનાશ માન;**
**રાગાદિ પ્રગટ યે દુઃખ દેન, તિનહી કો સેવત ગિનત ચૈન. ૫.**

**અન્વયાર્થ :–** [મિથ્યાદૃષ્ટિ જીવ] (તન) શરીરના (ઉપજત) ઉત્પન્ન થવાની (અપની) પોતાનો આત્મા (ઉપજ) ઉત્પન્ન થયો (જાન) એમ માને છે અને (તન) શરીરનાં (નશત) નાશ થવાથી (આપકો) આત્માનો (નાશ) નાશ અથવા મરણ થયું એમ (માન) માને છે (રાગાદિ) રાગ, દ્વેષ, મોહ વગેરે (પ્રગટ) સ્પષ્ટરૂપે (દુઃખદેન) દુઃખ આપવાવાળા છે (તિનહી કો) તેઓની (સેવત) સેવા કરતો થકો (ચૈન) સુખ (ગિનત) માને છે.

ભાવાર્થ :– (૧) અજીવ તત્ત્વની ભૂલઃ- મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે કે શરીરની ઉત્પત્તિ (સંયોગ) થતાં હું જન્મ્યો અને શરીરનો નાશ (વિયોગ) થવાથી હું મરી જઇશ, (આત્માનું મરણ માને છે.) ધન, શરીરાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતાનામાં ઇષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરમાં ક્ષુધા, તૃષારૂપ અવસ્થા થતાં મને ક્ષુધા-તૃષાદિ થાય છે, શરીર કપાતાં હું છેદાઇ ગયો ઇત્યાદિ જે અજીવની અવસ્થાઓ છે, તેને પોતાની માને છે એ અજીવ તત્ત્વની ભૂલ છે.*

(૨) આસ્રવ તત્ત્વની ભૂલઃ- જીવ અથવા અજીવ કોઇ પણ પર પદાર્થ આત્માને કાંઇ પણ સુખ, દુઃખ, બગાડ, સુધાર કરી શકતા નથી, છતાં અજ્ઞાની તેમ માનતો નથી. પરમાં કતૃત્વ, મમત્વરૂપ મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ શુભાશુભ આસ્રવભાવ તે પ્રત્યક્ષ દુઃખ દેનારા છે, બંધના જ કારણ છે, છતાં તેને અજ્ઞાની જીવ સુખકર જાણીને સેવે છે. વળી શુભભાવ પણ બંધનનું કારણ છે, આસ્રવ છે, તેને હિતકર માને છે. પર દ્રવ્ય જીવને લાભ-નુકસાન કરી શકે નહિ, છતાં તેને ઇષ્ટ-અનિષ્ટ માની તેમાં પ્રીતિ-અપ્રીતિ કરે છે; મિથ્યાત્વ, રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી, પર પદાર્થ

---

* આત્મા અમર છે; તે વિષ, અગ્નિ, શસ્ત્ર, અસ્ત્ર કે બીજા કોઈથી મરતો નથી કે નવો ઉત્પન્ન થતો નથી. મરણ (વિયોગ) તો માત્ર શરીરનું જ થાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મને સુખ-દુ:ખ આપે છે અથવા રાગ-દ્વેષ-મોહ કરાવે છે, એમ માને છે, આ આસ્ત્રવ તત્ત્વની ભૂલ છે.

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૩, સોમવાર
## તા. ૨૪-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૫, ૬ પ્રવચન નંબર–૭

બીજી ઢાળ, ચાર ગાથા ચાલી, પાંચમી (ગાથા). 'અજીવ અને આસ્રવ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન.'

**તન ઉપજત અપની ઉપજ જાન તન નશત આપકોનાશ માન;**
**રાગાદિ પ્રગટ યે દુ:ખ દેન, તિનહી કો સેવત ગિનત ચૈન. ૫.**

એક ગાથામાં બેની ભૂલ (દેખાડી છે). '(મિથ્યાદૃષ્ટિ જીવ)...' અજ્ઞાની. પોતાનું ચૈતન્ય સ્વરૂપ કોઈ દિ' જન્મે નહિ અને મરે નહિ. ચૈતન્ય કોઈ દિ' જન્મે નહિ અને મરે પણ નહિ. એવા આત્માને ન જાણતો 'શરીરના ઉત્પન્ન થવાથી પોતાનો આત્મા ઉત્પન્ન થયો એમ માને છે.' આમાં દાખલો આપ્યો છે, જુઓ ! આમાં છે. છોકરું જન્મ્યું ને ? શરીર આમ થયું એટલે હું જન્મ્યો એમ. શરીર ઊપજતા હું ઉપજ્યો એમ અજ્ઞાની અજીવને પોતાનું સ્વરૂપ માને છે. એ અજીવની ભૂલ છે એમ કહેવું છે. ઓલામાં એ આવ્યું હતું,




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા પરને, દેહને માને, આત્મા દેહમાં પોતાને માને તો એ જીવની ભૂલ (છે). આ દેહ ઊપજતાં હું ઉપજ્યો એ માને તે અજીવની ભૂલ. સમજાણું કાંઈ ?

શરીરના ઉપજવાથી પોતાનો... છે ને ? 'અપની ઉપજ...' પોતે તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, આનંદ છે, એને-આત્માને જન્મ ને મરણ નથી. સંયોગી ચીજનો- શરીરનો યોગ થતાં હું ઉત્પન્ન થયો, શરીરનો વિયોગ થતાં હું મરી ગયો. આમાં બેય દાખલા આપ્યા છે, જુઓ ! ઠાઠડી બાંધી છે ને ? એમાં મોઢું કર્યું છે, શરીર કર્યું છે. આ એમાં આપ્યું છે. જૂનામાં આપ્યું છે, નવામાં આપ્યું છે. આ જન્મનો દાખલો છે અને આ મરણનો છે. બે. છે ? ભાઈ ! છે કે નહિ એમાં ? હું મરી ગયો. મરતાં ઊંડે ઊંડે ઊતરે છે ને ? મરવા કાળે આમ ઊંડો ઊંડો જાણે આત્મા ઊતરતો હોય એટલે કે જાણે આમ અભાવ થઈ જતો હોય, શરીર બધું નબળું પડી જાય, અંદર નળીઓમાં ચરબી ઘટી જાય, આમ ઊંડો ઊંડો માણસ નથી કહેતા ? મરતા ઊંડો ઊંડો ઊતરી જાય છે. આ ઓલું સૂંઘે છે ને ? ત્યારે એને એમ લાગે કે, ઊંડો ઊંડો ઊતરે છે. ઊંડો ક્યાં ઊતરે ? ઇ તો છે ત્યાં છે. પણ પરને લઈને જાણે, પર ઊપજ્યું એટલે હું ઊપજ્યું અને ઊંડો ઊંડો ઊતરે જાણે મારો જ અભાવ થઈ ગયો. અભાવ થતો જાય. એને આત્મા પરથી ભિન્ન જ્ઞાનાનંદ છે એમાં ઊપજવું નથી અને મરવું પણ નથી, એમ ન માનતા એ દેહમાં ઉપજ્યો તે હું ઉપજ્યો, દેહમાં બધું મંદ પડી ગયું, આ બધું આવું થઈ ગયું અને આ મર્યો એટલે હું મરી ગયો. એ અજીવતત્ત્વની મોટી ભૂલ (છે).

'શરીરનાં નાશ થવાથી...' પોતાનો નાશ 'અથવા મરણ થયું એમ માને છે...' એ અજીવની ભૂલ ટૂંકી કરી, વિશેષ (ખુલાસો) અંદર અર્થમાં કરશે. 'રાગ, દ્વેષ, મોહ વગેરે (પ્રગટ)...' પ્રગટ એમ શબ્દ (વાપર્યો) છે. શુભ-અશુભ રાગ, દ્વેષ અને પર પ્રત્યે મારા(પણાનો) મોહ, એ 'સ્પષ્ટરૂપે (દુઃખદેન) દુઃખ આપવાવાળા છે...' શુભ- અશુભરાગ અને એ મારા એવો મિથ્યાત્વભાવ, એ પ્રગટ દુઃખ દેવાવાળા છે છતાં 'તેઓની સેવા...' કરે છે. એટલે કે એમાં જ એકાગ્ર થાય છે. પુણ્ય અને પાપના ભાવની સેવા કરે છે. સેવા એટલે એની સેવા કરે, એમાં એકાગ્ર થાય, એનાથી મને લાભ થાય છે એમ માને તેને આસ્રવતત્ત્વની ભૂલ (થાય) છે. જુઓ ! આ મોટી ભૂલ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અજીવ ઉત્પન્ન થતાં હું ઊપજ્યો અને આ પુણ્ય-પાપના ભાવમાં એકાગ્રતા (કરે છે) આ સેવવા લાયક છે, ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ સેવવા લાયક નથી (એમ માને છે). એ સંવર, નિર્જરામાં આવશે. આ જ સેવવા લાયક છે. શુભ અને અશુભ ઠીક છે, હિત છે, શ્રેય છે, એમાંથી જ મારા આત્માની બધી સંપદા પ્રાપ્ત થશે. એવા શુભાશુભરાગની અંદર દુઃખના દેવાવાળા શુભ ને અશુભ પરિણામ બેય છે છતાં એને પોતાનો ભાવ માની સેવા કરે છે.**

'સેવા કરતો થકો (ચેન) માને છે.' પાછું એમ કહ્યું છે ને ? સુખ માને છે. શુભાશુભ ભાવ દુઃખરૂપ છે, **અહિતકર** છે, હેય કરવા લાયક છે, દુઃખના દેવાવાળાને સુખરૂપ માને છે. કહો, સમજાણું આમાં ? એ શુભ ને અશુભ રાગ થાય એ દુઃખના દેવાવાળા છે.

મુમુક્ષુ :– શુભથી તો લાભ છે, એનાથી સ્વર્ગ મળે છે.

ઉત્તર :– સ્વર્ગ મળ્યું એમાં આત્માને શું થયું ? એ કહેશે. ભેખ બદલ્યો, શરીર બદલ્યું. અઘાતિના કર્મનો ભેખ પલટ્યો. એમાં આત્માને શું ? સમજાણું કાંઈ ? શુભભાવથી એ તો બંધનમાં આવશે. બંધનના ફળમાં શુભનું અનુકૂળ ફળ દેખીને એ બંધમાં રાચશે, એ વાત બંધમાં આવશે. અહીં તો અત્યારે ફક્ત શુભ અને અશુભ વિકલ્પો જે છે એ દુઃખના દેવાવાળા એટલે આત્માના અમૃતથી ઊલટી અવસ્થારૂપ વિકાર છે. આત્મા અમૃત સ્વરૂપ શાંત, આનંદ (સ્વરૂપ) આત્મા (છે) ત્યારે એનાથી ઊલટું પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે. એને સુખરૂપે, ચેન – મને મજા છે (એમ માને છે). શુભભાવમાં મજા અને અશુભભાવમાં મજા (છે) એમ માનનારા આસ્રવતત્ત્વની મિથ્યા શ્રદ્ધા કરે છે. કહો, સમજાણું આમાં ? ક્યાં ગયા ? ભાઈ ! સમજાણું આમાં ? તમારા ભાઈને લઈને તમે યાદ આવ્યા. શું કીધું ?

કહે છે, શુભ ને અશુભ ને મોહભાવ પ્રગટ દુઃખદેન છે, એવો શબ્દ વાપર્યો છે. 'પ્રગટ દુઃખદેન' એમ. એમાં જરીયે શાંતિ નથી, શુભ કે અશુભભાવમાં જરીયે શાંતિ નથી. છતાં એને સુખરૂપ (માને છે). ચેન પડે છે, મજા પડે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધ, માન, માયા, લોભ ભાવ કરી મજા.. મજા છે, અમારે મજા છે. મૂઢ છે, કહે છે. દુઃખરૂપ ભાવને સુખરૂપ માનવો, મૂઢ છે. એથી પણ શુભભાવનો ભાવ એ પણ વિકારભાવ દુઃખરૂપ પોતે વર્તમાન છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



('સમયસાર') કર્તા-કર્મ (અધિકારની) ૭૨ ગાથામાં આવી ગયું છે. આસ્રવભાવ, પુણ્ય-પાપ પોતે વર્તમાન દુઃખરૂપ ભાવ છે અને દુઃખનું કારણ છે. એને હોંશ કરીને એની સેવા કરે છે. એને સુખરૂપ માનીને રુચિથી – પ્રીતિથી એની સેવા કરે છે, એનું નામ મિથ્યાદૃષ્ટિપણું આસ્રવતત્ત્વમાં છે. કહો, સમજાણું આમાં ? છોકરાઓ પુસ્તક લાવ્યા છે કે નહિ ? જુઓ ! આમાં ઝીણી વાતું છે. એમાં દડે રમે છે કે નહિ ? એમાં રાગ થાય છે અને રાગમાં મજા માને ઇ મિથ્યાદૃષ્ટિ છે, એમ અહીં તો કહે છે. હેં ? શું કહ્યું ? કહે છે કે, અશુભ રાગ થાય છે. શેમાં ? એમાં બાહ્યના ઓલામાં (–રમતમાં) અશુભરાગ થાય છે. એ અશુભરાગમાં ચેન માને છે, મજા માને છે, હરખ માને છે. કહે છે કે, ઇ મૂઢ છે. ભાઈ ! આજે આવ્યા છે. (મને કહ્યું કે), હિંમત આપો. આમ અસ્તિથી બોલ્યા. પણ એનો અર્થ કે, હિંમત હારી ગયો છું, એમ બોલ્યા. એમ હતું ને ? હું સમજી ગયો. હિંમત આપો, કહે. બહુ ઠપકો મળે ને એટલે સીધી ભાષા ... એમ કે હિંમત હારી ગયો છું. શેમાંથી હિંમત હારવી ?

પાપના ભાવ આવે એને મજા માનવી, એ દુઃખદાયક (ભાવને) સુખદાયક માનવા એ મૂઢતા છે, એમ કહે છે. પ્રતિકૂળતામાં પ્રતિકૂળતાને કારણે નહિ, પોતાને કારણે થયેલો પાપભાવ એમાં મજા માનવી કે આ મને ઠીક છે એનું નામ મિથ્યાદૃષ્ટિ અસત્ય પાપને સેવે છે. ભારે વાત. સમજાણું ?

ભાવાર્થ :– 'અજીવ તત્ત્વની ભૂલ :– મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે કે શરીરની ઉત્પત્તિ (સંયોગ) થતાં હું જન્મ્યો...' શરીરનો સંયોગ થતા હું જન્મ્યો. જન્મે ત્યારે શરીરનો તો સંયોગ થાય છે, કંઈ આત્મા જન્મ્તો નથી. 'અને શરીરનો નાશ (વિયોગ) થવાથી હું મરી જઈશ, (આત્માનું મરણ માને છે).' શરીર જ્યાં છૂટવા માંડે, બસ ! આપણે હવે મરી ગયા. હવે મરી ગયા આપણે. કોણ મરે ? મરી ગયા એમ બોલે. મરી ગયા હવે અમે. કોણ મરે આમાં ? શરીર મરે કે આત્મા મરે ? મરે કોણ ? અહીં તો શરીરનો વિયોગ થાય એટલી વાત છે. મરતું તો નથી શરીર, નથી મરતો આત્મા. શરીરના વિયોગે આત્માનું મૃત્યુ માને તે મૂઢ જીવ અજીવ તત્ત્વની મોટી ભૂલ સેવે છે. સમજાણું કાંઈ ? અથવા આત્માનું મરણ માને.

'ધન, શરીરાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં...' ઓલામાં એમ હતું કે ઇ પરિવર્તન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું કરું છું. અહીંયાં પરિવર્તન થતાં પોતામાં એ પરિવર્તન માને છે. જેમ શરીરનું ઊપજવું થતાં પોતાનું ઉપજવું માને છે એમ શરીરાદિની અવસ્થા પલટતાં હું વૃદ્ધ થઈ ગયો, હું આ થઈ ગયો, મારે બધા હથિયાર હેઠા પડી ગયા. શરીર સરખું ન હોય ત્યાં (એમ માને). સમજાણું કાંઈ ? મૂઢ છો. ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. શરીરની નબળાઈથી કંઈ આત્માને નબળાઈ આવતી નથી. શરીરની અવસ્થાના પરિવર્તનથી કંઈ આત્મામાં પરિવર્તન થતું નથી. કહો, ભાઈ !

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ અનાદિઅનંત સ્વરૂપ છે. એને બાહ્યના પરિવર્તનથી પોતાનું પરિવર્તન – પલટો માનવો એ મોટી અજીવની ભૂલ છે. અજીવમાં પરિવર્તન થતાં અહીં પરિવર્તન માનવું ઇ મોટી ભૂલ છે. ત્યાં શરીરમાં, આબરૂમાં, કીર્તિમાં, મકાનમાં, બાયડી, છોકરામાં પરિવર્તન થાય એમાં તારે શું થઈ ગયું ? સમજાણું કાંઈ ? ટાંગો તૂટ્યો, ટાંગો ઓછો થઈ ગયો, આમ થઈ ગયો, લૂલો થઈ ગયો, લ્યો ! ત્યારે કહે, હું લૂલો થઈ ગયો. ભાઈ ! આહા..હા...! હેં ? કાન તૂટલો થયો તો હું તૂટલો થઈ ગયો, નાક તૂટ્યું તો હું તૂટી ગયો. આંખ ફૂટી ત્યાં હું ફૂટી ગયો. આંખ જરી ફૂટે ને ? હાય.. હાય...! આપણે તો ભઈ આંધળા થઈ ગયા હવે. શરીરની અવસ્થાના પરિવર્તનથી આત્મામાં પરિવર્તનનું માનવું તેને અજીવની મિથ્યાદૃષ્ટિની ભૂલ કહે છે. સમજાણું કાંઈ ?

'શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો,...' આ શરીરમાં ઉષ્ણતા આવે છે. ઇ શરીરમાં – આ રજકણ માટી છે એમાં એક સ્પર્શ નામનો ગુણ છે. એ ગુણને લઈને એમાં ઊની અવસ્થા થાય છે. એ ઊની અવસ્થા શરીરમાં થતાં આત્મા મને ઊની થઈ એમ માને, એની અવસ્થા પોતામાં માની એ મિથ્યાદૃષ્ટિ અજીવને ભૂલે છે. સમજાણું કાંઈ ? સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ જોયા. એ ભગવાન કહે છે કે, આ શરીરમાં ઉષ્ણતા જે થાય એ આ રજકણના સ્પર્શ ગુણની એક પર્યાય છે. એ પર્યાય થતાં મને થઈ એમ માન્યું છે એણે અજીવને જીવ માન્યો છે. એ અજીવની ભૂલ છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

'શરીરમાં ક્ષુધા...' લાગતા મને ક્ષુધા લાગી. મરી ગયો. એટલી મને ભૂખ લાગી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, હોં ! એમ નથી કહેતા ? હેં ? ઝટ આપો, એવી ભૂખ લાગી છે. કોને પણ ? શરીરની ક્ષુધા. ભગવાનઆત્મા તો અરૂપી આત્મઘન છે. આત્મા તો અરૂપી જ્ઞાનઘન (છે) એને ક્ષુધા હોતી નથી. શરીરની ક્ષુધાને પોતાની ક્ષુધા માનવી એ અજીવની ભૂલ (છે). મિથ્યાદૃષ્ટિને અજીવતત્ત્વની ભૂલ છે. આહા..હા...! વીતરાગના નવ તત્ત્વો ભગવાને કહ્યા. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. યથાર્થ નવ તત્ત્વની એને ખબર ન મળે એને ધર્મ થાય ક્યાંથી ? ધૂળમાં ધર્મ બહારથી થતો હશે ? સમજાણું કાંઈ ? કહે છે, શરીરની ક્ષુધાની અવસ્થા થતાં મને થઈ, તૃષા અવસ્થા (થઈ). કંઠમાં મને સોસ પડે છે, હોં ! આત્માને સોસ પડતો હશે ?

મુમુક્ષુ :– ડૉક્ટર.

ઉત્તર :– ડૉક્ટરને ભાન કે દિ' હતું ત્યાં ? નહિ, ડૉક્ટર ?

મુમુક્ષુ :– (એમને) આત્મા નામની ચીજ નથી.

ઉત્તર :– ઠીક. એટલે પછી માને નહિ. આત્મા જ આખો ઊડાડ્યો, આત્મા નામની ચીજ ન મળે, પછી આ જ બધું છે. ઇ જ કહે છે અહીં.

ક્ષુધા, તૃષા અવસ્થા થતાં મને ક્ષુધા, તૃષા થઈ. શરીરની અવસ્થામાં ક્ષુધા, તૃષા થતાં જેમ શરીર ઊપજતાં ઉપજ્યો એમ શરીરની ક્ષુધા, તૃષા થતાં મને ક્ષુધા, તૃષા થતાં મને ક્ષુધા, તૃષા થઈ એ મિથ્યા અજીવતત્ત્વની મિથ્યાશ્રદ્ધાની ભૂલ છે. આવું મિથ્યાત્વ જ્યાં હોય ત્યાં એને ધર્મ કોઈ રીતે હોઈ શકે નહિ. ઇ સામાયિક ને પોસા કરનારા આ પ્રમાણે માને તો ઇ પણ મિથ્યાદૃષ્ટિ છે. એને સામાયિક, પોસા છે જ નહિ. ભાઈ !

મુમુક્ષુ :– તાવ આવે તો કહે, મને તાવ આવ્યો.

ઉત્તર :– કોને તાવ આવે ? ધૂળને. તાવ એટલે શું ? ઉષ્ણ, સ્પર્શ ગુણની એક ઉષ્ણ પર્યાય. તાવ એટલે શું ? તાવની વ્યાખ્યા. તાવ (શબ્દ) વાચક એનું વાચ્ય શું ? આ રજકણો પરમાણુ છે એમાં એક સ્પર્શન નામની શક્તિ, ગુણ છે એની તાવ એક અવસ્થા છે. એ અવસ્થા જડમાં, પરમાણુમાં થાય છે. એને ઠેકાણે કહે કે, મને તાવ આવ્યો. મૂઢ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– બોલાય તો કેમ ?

ઉત્તર :– બોલાય તો કીધું ને કે, ઓળખવા માટે કહે. ઓલો નહોતો કહેતો ? એક રાજાનો ડૉક્ટર હતો. 'રતલામ'નો ડૉક્ટર હતો. હેં ? ઇ 'રતલામ'નો ડૉક્ટર આવ્યો હતો ને પછી કહે, (રાજાને) ઉપજ તો બાર મહિને દસ લાખની સાધારણ, પણ એને તાવ આવ્યો એમ ન કહેવાય. ત્યારે (શું કહેવાય) ? અન્નદાતા ! આપના દુશ્મનને તાવ આવ્યો છે તો વૈદ્યને બોલાવશું ? આપના દુશ્મનને તાવ આવ્યો, એમ બોલાય. આપને તાવ (આવ્યો છે એમ) બોલાય ? માળા, સાંભળી શકે નહિ. રાજા એટલે ! અમે રાજા, મહારાજા. માળા ! એ.. દરબાર ! એ દરબાર તો વાણિયાના દરબાર છે. ઓલા તો ગરાસિયા. સમજાણું કાંઈ ? લ્યો, ઇ કહેતા, હોં ! અહીં આવ્યા હતા. અમારા દરબારને તાવ આવે તો એમ ન કહેવાય, અન્નદાતા ! આપને તાવ છે એમ ન કહેવાય. ત્યારે શું કહેવાય ? અન્નદાતા ! આપના દુશ્મનને તાવ આવ્યો છે, બુખાર આયા હૈ, તો કોઈ વૈદ્યને બોલાવશું ? એમ બોલાય. આહા..હા...!

મુમુક્ષુ :– દરબારને માંદા કહેવાય ?

ઉત્તર :– દરબાર માંદો નથી. આત્મા જ દરબાર છે, આ ક્યાં દરબાર હતો ? આહા..હા...!

મુમુક્ષુ :– દવા કોણ પાય ?

ઉત્તર :– કોણ પાય ? શરીરમાં પડે એને દવા પાય એમ કહેવામાં આવે છે. રાજા મરે ત્યારે મર્યા એમ ન કહેવાય, પોઢી ગયા છે એમ કહેવાય. મોટા રાજા, મહારાજા કરોડ-કરોડ, પાંચ કરોડ, દસ કરોડની ઊપજ હોય, આમ એના મોટા બંગલા હીરા, માણેકથી શણગારેલા હોય. હવે એને એમ કહેવાય નહિ કે, મરી (ગયા છે). બહારમાં એ અવાજ ન નીકળે. મહારાજ સાહેબ પોઢી ગયા છે. બસ ! એટલું બહાર પાડે. ત્યારે લોકો સમજી જાય કે, મરી ગયા છે, એમ. આરે.. આરે...! અભિમાન તે કેટલા પણ ? (આ તો) એક સાધારણ રાજા, દસ લાખની ઉપજવાળો, 'રતલામ'નો.

ઓલા તો ચક્રવર્તી રાજા, માંડલિક રાજાઓ, મહારાજા, હજારો મોટા શ્રેણિક રાજા જેવા જેની ચામર ઢાળે એવા રાજાઓને પણ સમ્યગ્દર્શન હોય છે. એ જાણે છે કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ જડની અવસ્થા છે. અમને એમાં કાંઈ નથી. અમે તો તેના જાણનાર કહેવા એ વ્યવહાર છે. અમારા માનવા એ તો વાત જ નથી. આહા..હા...! એ રાગમાં પડ્યા. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. અરે...! અમે તો અમને જોનારા છીએ. આહા..હા...! સમજાણું કાંઈ ? આના જોનારા કહેવા ઇ વ્યવહાર (છે) તો ઇ અમારા છે એ તો વાત એનામાં છે નહિ. આહા..હા...! આમ દેખો તો મોટા ચક્રવર્તી આમ દેખાય. સોળ હજાર દેવ સેવા કરતા હોય. સમજાય છે ? અને એની ઋદ્ધિ, એના પુણ્ય પાથર્યા સમાય નહિ એટલા એના પુણ્ય. આ નહિ, આ નહિ, આ નહિ. અમારા આનંદ ઋદ્ધિ, શાંતિ ઋદ્ધિ એક એક ઋદ્ધિની અનંત શક્તિ એવું તત્ત્વ અમે આત્મા છીએ. અમે આમાં ક્યાંય આવ્યા નથી, એ અમારામાં આવતા નથી. સમજાય છે કાંઈ ?

કહે છે કે, એ મને ક્ષુધા, તૃષા (થાય છે). 'શરીર કપાતાં હું છેદાઈ ગયો...' નાક કપાય તો કહે, હું નાકકટો છું. એમ માને છે ને ? હું તો પહેલેથી નાકકટો છું, ભાઈ ! મારી એક આંખ પહેલેથી ફૂટલી છે. મારી એક આંખ ફૂટલી છે (એમ કહે). (આંખ) શરીરની છે કે તારી ? કાનમાં હોય છે ને ? કેટલાક કાનબુટ્ટા હોય. એ એમ જ માને કે, હું આવો છું, બસ ! સમજાણું કાંઈ ? આ શું કહેવાય ? રસોળી હોય. મોટી રસોળી હોય. તમારા ભાઈને આવડી મોટી રસોળી હતી ને ? એવા થાય, નાના નાના આ થાય છે ને ? મસા ! એને એમ જ થઈ જાય. મારે બે વર્ષ પછી મસો થયો. મને મસો થયો છે. અહીં જાડું થઈ જાય, અહીં જાડું થઈ જાય. એવું થઈ જાય ને ? પણ તને મસો ક્યાં હતો ? ઇ તો જડના રજકણનું દળ છે. અહીં આવડું મોટું હતું. ઇ મસો થઈ જાય. પછી ઇ કપાય નહિ. કાપે તો લોહી નીકળે. એમ ને એમ રહે પછી. જુઓને ! ભાઈને આંખે છે ને જરી ? આંખ ઉપર જરી મસો વધી જાય. પાંપણ ઉપર. કપાય નહિ. જાય નહિ. એ તો જડની દશા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ પાંપણમાં મસા થાય છે. છે ને ? આ પાંપણ છે ને ? એમાંથી એટલું વધે, આમ કટકો વધી જાય. મગના દાણા જેટલી. ભાઈને છે. સમજાણું કાંઈ ? ઇ જડની અવસ્થા છે, આત્મા નહિ. પણ એને એમ જ માને. એને સપના પણ એમ આવે, આ હું. આહા..હા...! ભૂલ્યો તે પણ આખી ભીંતને ભૂલ્યો છે ને ! કહો ! ઇ અજીવતત્ત્વની ભૂલ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીચે ભાઈએ–ગ્રંથકારે, અર્થ કરનારે લખ્યું છે. 'આત્મા અમર છે; તે વિષ, અગ્નિ, શસ્ત્ર, અસ્ત્ર કે બીજા કોઈથી મરતો નથી...' 'नैनं छिदन्ति' આવે છે ને ઇ ? 'નવો ઉત્પન્ન થતો નથી. મરણ (વિયોગ) તો માત્ર શરીરનું જ થાય છે.' મરણ નામ શરીરનો વિયોગ છે. એનું નામ મરણ કહેવાય છે. આત્માને વિયોગ આત્માનો થતો નથી. આત્માને વિયોગ આત્માનો થાય ? અખંડાનંદ પ્રભુ ચૈતન્યદળ... સમજાણું ? એવો ને એવો ઓલા જન્મમાંથી અહીં આવે અને અહીંથી બીજે જાય. શરીર ત્યાં પડ્યું રહે, અહીં આવ્યો. અહીંથી પાછો જાય ત્યારે શરીર અહીં પડ્યું રહે અને ત્યાં ગયો. શરીરને લઈને આત્માને જન્મ-મરણ માનવા એ મોટી અજીવની ભૂલ છે.

હવે આસ્રવની ભૂલ. 'જીવ અથવા અજીવ કોઈ પણ પર પદાર્થ આત્માને કાંઈ પણ સુખ, દુઃખ, બગાડ, સુધાર કરી શકતા નથી, છતાં અજ્ઞાની તેમ માનતો નથી. પરમાં કર્તૃત્વ, મમત્વરૂપ...' પરમાં કર્તૃત્વ મમત્વરૂપ 'મિથ્યાત્વ...' એટલે ? પરના કાર્ય કરી શકતો નથી છતાં પરના કાર્ય કરું એવી માન્યતા કે મમતા મિથ્યાત્વની છે. મિથ્યાત્વની મમતા છે, ઊંધી શ્રદ્ધા.

'અને રાગ-દ્વેષાદિ શુભાશુભ આસ્રવભાવ તે પ્રત્યક્ષ દુઃખ દેનારા છે,...' ઓલો પ્રગટનો અર્થ કર્યો છે. શુભ અને અશુભ પુણ્ય-પાપના ભાવ, એ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના શુભભાવ એ દુઃખરૂપ છે. આહા..હા...! આવે ખરા, હોય ભલે, પાપથી બચવા માટે (આવે) પણ એ શુભરાગ અમૃતને લૂંટીને ઉત્પન્ન થયેલા છે. આહા..હા...! કોઈ દિ' ઘર જોવા નવરો થયો નથી. ન દેખ્યા અપના રૂપ. ન આવ્યું ? પહેલા આવી ગયું છે. હેં ? ચૌદમી ગાથા આવી ગઈ છે. ન દેખ્યું પોતાનું રૂપ. અપના રૂપ આવ્યું હતું. જુઓ ! 'કૈસે રૂપ લખે આપનો.' પહેલી ઢાળની ચૌદમી (ગાથાની) છેલ્લી લીટી છે.

બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણીરત રહ્યો;
અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪.

પોતાનું સ્વરૂપ અખંડાનંદ જ્ઞાન (છે). આમાં સલવાઈ ગયો. નવરો કે દિ' છે ? હું કોણ છું ? અંદર નિહાળવા, એ અંદર ઢંઢોળવા, અંદર અવલોકવા, તપાસવા નવરો કે દિ' થાય ? કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ બધી અવસ્થાને પોતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માને અને એમાં ને એમાં સંભાળ કરવા સલવાઈ ગયો. એમાં આ અંદર (આત્મા) ચીજ કોણ છે ? શું છે ?

કહે છે કે, એ શુભાશુભ (ભાવ) બંધના જ કારણ છે. અત્યારે બંધના તત્ત્વની ભૂલ નથી બતાવવી. અહીંયાં આસ્રવની ભૂલ બતાવવી છે, પણ એ પુણ્ય-પાપભાવ બંધનું કારણ છે, દુઃખનું કારણ છે એને સુખરૂપ માને છે. એટલું બતાવવું છે. બંધનું (સ્વરૂપ) પછી આવશે. 'બંધના જ કારણ છે, છતાં તેને અજ્ઞાની જીવ સુખકર જાણીને સેવે છે.' ભાવને સેવે છે. સમજાય છે ? શુભ અને અશુભભાવ. આ વિષયભોગ, આબરૂ, કીર્તિ, સાંભળતા એને અશુભભાવ થાય (એમાં) મજા માને, ચેન.. ચેન... ચેન.. (લાગે). પાંચ હજાર કે પચીસ હજાર મળ્યા ત્યાં (કહે) લાપસીના આંધણ મૂકો. હરખ માને એ હરખભાવ એ પાપભાવ છે (એમાં) મજા માને છે. શું હશે આમાં ? ભાઈ ! આરે.. આરે..! ભારે વાતું. ઘરમાં પચીસ માણસ હોય ને પાંચ લાખ પેદા કરે તો સૌ ખુશી થાય, લ્યો ! હેં ? દીકરો કર્મી જાગ્યો છે.

મુમુક્ષુ :– કર્મી ને ? ધર્મી નહિ ને.

ઉત્તર :– ઇ વળી જુદી (વાત) પણ આ તો કર્મી જાગ્યો એટલે ઓલો જે અશુભભાવ કરે છે ને એમાં મજા માને છે, એમ એટલું કહેવું છે. ભાઈ ! શું હશે આમાં ? શું કહે છે ?

શુભ અને અશુભભાવ એ પુણ્ય-પાપના ભાવ દુઃખના દેવાવાળા છે. પ્રત્યક્ષ દુઃખ દેનારા (છે). પ્રત્યક્ષ, હોં ! અહીં તો ગ્રંથકારે પોતે વાત વાપરી છે. પ્રગટ દુઃખ દેનારા. ખબર નથી (એને), ત્યાં ક્યાં શાંતિ હતી ? એમ કહે છે. આહા..હા...! શાંતિ તો ભગવાનઆત્મામાં છે. એમાંથી બહાર નીકળીને શુભાશુભ ભાવમાં પ્રગટ દુઃખ દેનારા છે અને 'બંધના જ કારણ છે એને અજ્ઞાની જીવ સુખકર જાણીને સેવે છે.' છે ને ? 'સેવત ગિનત ચૈન.' ઇ ચૈનની વ્યાખ્યા કરી. મજા છે, મજા હમણાં તો અમારે. આહા..હા...! ખાવા-પીવાના સાધન, બંગલા અને મોટરું, બધી અનુકૂળતા (છે). એમાં ભાવ થાય પાપ અને માને કે અમને મજા છે. હમણાં સુખી છીએ, સુખી છીએ, બાદશાહી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– એક માંગે અને એકવીસ મળે...

ઉત્તર :– ઇ તો પૂછો, આ ભાઈને. ધૂળમાંય સુખ નથી. સલવાય **એકમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં.** સલવાય તે રાગ.. રાગ.. રાગ.. રાગ.. રાગ.. રાગ... સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! આવું (હોય) ત્યારે કરવું શું આમાં અમારે ? ધર્મ શી રીતે કરવો ત્યારે ? સારા સાધન હોય તો ધર્મ થાય. સાધન સારા ન હોય તો ધર્મ થાય ? સાધન સારા-નરસાં કહેવા કોને ? કહે છે. પરના સાધનને સારા-નરસા માનવા એ જ મૂઢ જીવ છે. પરના સાધનની આત્માને સંબંધ શું છે ? આહા..હા...!

‘વળી શુભભાવ પણ બંધનનું કારણ છે,...’ કારણની વાત છે, હોં ! આસ્રવની વાત (છે). ઇ ‘આસ્રવ છે,...’ પુણ્ય, દયા, દાન, વ્રતના શુભભાવ. ‘તેને હિતકર માને છે. પર દ્રવ્ય જીવને લાભ-નુકસાન કરી શકે નહિ, છતાં તેને ઇષ્ટ-અનિષ્ટ માની તેમાં પ્રીતિ–અપ્રીતિ કરે છે;...’ પરપદાર્થ આત્માને લાભ-નુકસાન કરાનારા નથી, એ તો જ્ઞેય છે.

‘મિથ્યાત્વ, રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી,...’ વિપરીત માન્યતા, એને એ માન્યતાનું પાપ જ દેખાતું નથી. કોઈની .. મરી જાય, પાંચ-પચાસ લાખ ભેગા કરે તો આ પાપ કરે છે એમ લાગે. સમજાણું ? પણ આ આખો આત્મા અખંડાનંદ શુદ્ધ છે એને ભૂલીને પરથી મને સુખ-દુઃખ થાય છે એમ માને છે એ મહાપાપ છે. એ પાપને ઓળખતો નથી. ઇ શું પાપ ? એમાં જીવ શું મરી ગયો ? બાપુ ! જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય, એને પરની અનુકૂળતાએ સુખ અથવા શુભભાવે સુખ માનવું, અશુભભાવે દુઃખ માનવું એ જ મિથ્યાત્વભાવ છે. કેમકે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી. એમાં શું રાગ થયો ? એમાં શું રાગ થયો ? એમ કેટલાક કહે છે. આ ભગવાનની ભક્તિ કરે એમાં રાગ શું થયો ? લ્યો ! અમારે તો વીતરાગતા જોઈએ છે.

મુમુક્ષુ :– એ તો બહુ જુની વાત છે.

ઉત્તર :– હા, પણ એમ કહે છે ને ! બધા માને છે. (સંવત) ૧૯૯૫માં ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જૂનાગઢ' ગયા હતા ને ? ત્યાં એક હતો. અમે ભગવાનની ભક્તિ (કરીએ છીએ). અમારે રાગ જોઈતો નથી, અમારે તો વીતરાગતા જોઈએ છે. લ્યો ! તમે કહો છો કે, ભગવાનની ભક્તિ એ રાગ (છે). અમે કહીએ છીએ કે, પણ અમારે રાગ છે ક્યાં ? અમારે રાગ કરવો છે ક્યાં ? પણ તું ભક્તિ કર એ જ રાગ છે. સાંભળને હવે. સમજાણું કાંઈ ? પણ એ રાગ પોતે સુખનું કારણ માને, બંધના કારણને, અબંધ પરિણામને ન જાણતાં બંધના કારણને સુખ માને તો અબંધ કારણના પરિણામને ઓળખતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ માને કે અમારે ક્યાં જોવે છે ?

એક જણો કહેતો હતો, લ્યો ! એકવાર (સંવત) ૧૯૯૭માં વકીલ કહેતો હતો. આમાં પરજીવની દયાના ભાવ (થયા) એમાં શું પાપ આવ્યું ? એમાં રાગ ક્યાં આવ્યો ? એમાં રાગ ક્યાં આવ્યો ? એમ પ્રશ્ન કર્યો હતો, લ્યો ! ભાઈ ! જ્ઞાનસ્વરૂપ એ પોતાના લક્ષને છોડી બીજાના વિષયનું લક્ષ કરી અને વિષય ફેરવે છે ઇ જ રાગ છે. ભાઈ ! અહીં કીધું ને ? રાગના સ્વરૂપને ઓળખતો નથી. રાગ-દ્વેષના સ્વરૂપને ઓળખતો નથી. એમ કે, પરજીવની દયા પાળીએ એમાં રાગ ક્યાં આવ્યો ? ભાઈ ! તું જ્ઞાનસ્વરૂપ છો એનો વિષય તો જ્ઞાન સ્વવિષય છે. એને ઠેકાણે આ (છે), બીજાનો ભાવ હતો એમાંથી આમ ફેરવ્યો. આમ ફેરવ્યું, એ ફરવું એ જ અંદર રાગ છે. આહા..હા...! એમાં શું રાગ આવ્યો ? દાનમાં શું રાગ આવ્યો ? ફલાણામાં શું (રાગ) આવ્યો ? ભાઈ ! આત્મા સ્વવિષય જ્ઞાનસ્વરૂપ છે. એના વિષયને છોડી, જેટલા પર વિષયમાં લક્ષને ફેરવે છે, પછી દ્વેષ હોય કે રાગ, પણ વિષય ફેરવે છે, આ ઠીક નહિ, આ ઠીક. એ બધોય રાગ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગ કેમ થાય છે અને રાગનું શું સ્વરૂપ છે એને જાણે નહિ એ આસ્રવની મોટી ભૂલ છે. સમજાણું ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ કીધું ને ! ઓળખતો નથી. વસ્તુ જે ચૈતન્ય છે એ તો એનો સ્વવિષય તો અંદર હોય અને જોવા માટે આ વિષય ફેરવે છે તો ફરે છે એ શું છે ? વિકલ્પ ફરે છે, રાગ ફરે છે, અંદર વિકાર ફરે છે. વિકાર ફરે છે. પછી રાગ હો કે દ્વેષ હો. પણ આમ ફરે છે – આ.. આ.. આ.. આ.. હિંસાનો ભાવ હતો પછી દયાનો ભાવ (આવ્યો). એટલે એ વિષય ફરે છે. વિષય ફરે એટલે અંદર રાગ ફરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જ્ઞાન ફરે તો જ્ઞાતા થઈને ફરે. એમાં પરનો વિષય આવ્યો જ નહિ.

અહીં તો જરી એમ આવ્યું ને કે, 'મિથ્યાત્વ, રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી,...' ઓળખતો જ નથી. આ શાસ્ત્ર ભણવામાં પણ શું રાગ આવ્યો ? એમ કોઈક કહે છે, લ્યો ! બાપુ ! આ લક્ષ છે ને આમ, આમ જે લક્ષ છે એમાંથી આમ લક્ષ ગયું છે એ વિષય ફરે છે. આહા..હા...! હેં ? સમજાણું કાંઈ ? રાગ-દ્વેષનો વિષય પર હોય. રાગ-દ્વેષનો વિષય સ્વ ન હોય. એટલે જે આ વિકલ્પ આમ ચક્કર ખાય છે એ બધો વિકાર છે. પછી શુભનું ચક્ર ફરે કે અશુભનું ફરે, બેય આસ્રવ છે. સમજાણું કાંઈ ? એવા આસ્રવતત્ત્વને ઓળખતો નથી.

'પર પદાર્થ મને સુખ-દુઃખ આપે છે...' એમ માને. હવે હેરાન થઈ ગયા. આટલા વર્ષથી દુઃખ ને આટલા મહિનાથી ખાટલે પડ્યા છીએ. શું છે પણ ? એ તારો વિકલ્પ દુઃખરૂપ છે. ઇ પરવસ્તુ દુઃખરૂપ નથી. પરને સુખ-દુઃખ(રૂપ) માને 'અથવા રાગ-દ્વેષ-મોહ કરાવે છે,...' પરપદાર્થ મને રાગ-દ્વેષ-મોહ કરાવે છે. સમજાણું કાંઈ ? ભૂલ છે, વિભાવ પણ પરલક્ષી નિજ પરિણમન છે. સ્વભાવ સ્વલક્ષી નિજ પરિણમન છે. એમાં બીજાને કારણે કાંઈ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? 'એમ માને છે, આ આસ્રવ તત્ત્વની ભૂલ છે.' લ્યો ! ઇ અજીવ અને આસ્રવની એક ગાથામાં બેય ભૂલ કીધી. હવે છઠ્ઠી (ગાથા).

---

## બંધ અને સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા

**શુભ-અશુભ બંધકે ફલમઝાર, રતિઅરતિ કરૈ નિજપદ વિસાર;**
**આતમહિત હેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈ આપકૂં કષ્ટદાન. ૬.**

અન્વયાર્થ :– [મિથ્યાદષ્ટિ જીવ] (નિજપદ) આત્માના સ્વરૂપને (વિસાર) ભૂલી જઇને (બંધકે) કર્મબંધના (શુભ) સારાં (ફલમંઝાર) ફળમાં (રતિ) પ્રેમ (કરૈ) કરે છે, [અને કર્મબંધના] (અશુભ) ખરાબ ફળમાં (અરતિ) દ્વેષ કરે છે; તથા જે (વિરાગ) રાગ-દ્વેષનો અભાવ [એટલે કે પોતાના અસલી સ્વભાવમાં* સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર]

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને (જ્ઞાન) સમ્યગ્જ્ઞાન [અને સમ્યગ્દર્શન] તે (આતમહિત) આત્માના હિતના (હેતુ) કારણ છે (તે) તેને (આપકૂં) આત્માને (કષ્ટદાન) દુઃખના આપનાર (લખૈ) માને છે.

ભાવાર્થ :– (૧) બંધ તત્ત્વની ભૂલ :- અઘાતિ કર્મના ફળ અનુસાર પદાર્થોની સંયોગ-વિયોગરૂપ અવસ્થાઓ થાય છે. મિથ્યાદૃષ્ટિ જીવ તેને અનુકૂળ-પ્રતિકૂળ માનીને તેનાથી હું સુખી-દુઃખી છું એવી કલ્પના વડે રાગ-દ્વેષ, આકુળતા કરે છે. ધન, યોગ્ય સ્ત્રી, પુત્રાદિના સંયોગ થતાં રતિ કરે છે; રોગ, નિદ્રા, નિર્ધનતા, પુત્રવિયોગ વગેરે થતાં અરતિ કરે છે; પુણ્ય-પાપ બન્ને બંધનકર્તા છે, પણ તેમ નહિ માનીને પુણ્યને હિતકર માને છે; તત્ત્વદૃષ્ટિથી તો પુણ્ય-પાપ બંને અહિતકર જ છે, પરંતુ અજ્ઞાની એવું નિર્ધારરૂપ માનતો નથી તે બંધતત્ત્વની ઊંધી શ્રદ્ધા છે.

(૨) સંવર તત્ત્વની ભૂલઃ- નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ જીવને હિતકારી છે, સ્વરૂપમાં સ્થિરતા વડે રાગનો જેટલો અભાવ તે વૈરાગ્ય છે, અને તે સુખના કારણરૂપ છે, છતાં અજ્ઞાની જીવ તેને કષ્ટદાતા માને છે. આ સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. ૬.

---



‘બંધ અને સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા.’ જુઓ ! આમાં આસ્રવનો દાખલો શું આપ્યો છે ? જુઓ ! એક શેઠિયો છે ને ? શું છે ઇ ? તિજોરી. તિજોરી બતાવી છે ને ? તિજોરી છે ને ? ભાઈ ! શું છે ? તિજોરીમાં પૈસા મૂકે છે કે કાઢે છે એ બધો રાગ છે,

---

* અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય જ આત્માનું ખરું સ્વરૂપ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહેવું છે. છે ને એમાં ? ભાઈએ છપાવ્યું છે ને બધું ? (એમને) ખબર છે. તિજોરી છે ને ઇ ? તિજોરીમાં આમ બતાવ્યું છે કે પૈસા મૂકવા. પણ ખરેખર મૂકવા ને લોકોને દેવા ને કાઢવા એ બધો રાગ છે. તિજોરીમાં મારા માનીને મૂકે અથવા આ હું મૂકું છું એવો ભાવ એ પણ પાપઆસ્રવ છે અને કો'કને દેવા માટે કાઢવાનો ભાવ એ પુણ્યઆસ્રવ છે, પણ બેય આસ્રવ છે. કહો, સમજાણું આમાં ? જુઓ ! અહીં એક બેઠો છે. ઓશિકું છે, ઓશિકું.. શું કહેવાય તમારું ? તકિયો કહેવાય એને. ઇ તકિયે આમ બેઠો છે. ઉઘાડું શરીર. એમ કે, લૂગડા ઓઢવાનું ઠેકાણું નથી. એટલી પૈસા.. પૈસા.. પૈસા.. પૈસા.. રળવા, મૂકવા, ગોઠવવામાં મશગૂલ થઈ ગયો છે. હેં ?

મુમુક્ષુ :– .... છે.

ઉત્તર :– ના, ના. ઓલું ગોઠવવામાં. સરખાઈનું આ ગોઠવે ને ! અને જે પૈસા હોય ને ખાનગી પૈસા મૂકવાના હોય એ મજૂરને અંદર ન લઈ જાય. એક-એક હજારની લાખ, બે લાખ કોથળી હોય. કીધું હતું ને એક ફેરી ? એક શેઠિયાનો દીકરો હતો. નામ-ઠામ નથી આપતા. એ 'પૂના'માં ભણતો હતો. એના બાપ ત્રણ ભાઈયો ભેગા હતા. (છોકરો કહે), બાપુજી ! મહિને બસો રૂપિયા ખર્ચવાના મોકલજો. ખીસા ખર્ચ. અને બીજો રસોડાનો ખર્ચ એ તો છે જ, એ તો તમે મોકલો જ છો પણ બસો મોકલજો. જો તમને ઠીક ન લાગતું હોય તો કાકાને નામે નહિ પણ તમારે નામે પણ મોકલજો. કેમ ? કે, અમે ગૃહસ્થને અવતર્યા છીએ. ગરીબને ઘરે નથી અવતર્યા. અને જ્યારે ઘરમાં લાખ, બે લાખ કોથળીઓ આવે છે ત્યારે મજૂરો બહાર સુધી મૂકી જાય છે અને અમે પછી ઉપાડીને ઓરડામાં મૂકીએ છીએ. તે દિ' નગદ રૂપિયા હતા ને ? રોકડા હતા. સમજ્યા ને ? હવે તો તમારા થોથા બધા થઈ ગયા. શું કહેવાય આ ? નોટું થઈ. તે દિ' રોકડા નગદ (હતા). આદમીને અંદર ન લઈ જાય. જે ઠેકાણે તિજોરી હોય એમાં એને ન લઈ જાય. બહાર રાખે. બારણામાં બહાર બીજુ બારણું (હોય) ત્યાં (રાખે). પછી ઘરના છોકરા ઉપાડીને ત્યાં મૂકે. કડ્યું ભાંગે અંદર. ગૃહસ્થના દીકરા દસ-દસ લાખના આસામી હોય તોય, હોં ! લખ્યું હતું, બાપા ! એ પૈસા મૂકીએ એ વખતે અમને બળ પડે છે. માટે તમને ઠીક ન પડે, કાકાને નામે ન આવે તો તમારે નામે લખીને (મોકલજો). ખર્ચના બસો (રૂપિયા) જોશે. અમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગરીબને ઘરે નથી અવતર્યા. જન્મ્યા ત્યારે ઘોડાગાડીને ઘરે અવતર્યા છીએ. ભાઈ! પણ એ તો પાપના ભાવ છે.

અહીં તો ઇ કહેવું છે, સમજાણું ? પણ એ છોકરાને ભાવ થાય છે એ પાપનો છે, એમ અહીં કહેવું છે. ઇ તો આસ્રવ છે. અહીં તો તિજોરીની વાત નજરે આવી એટલે જરી (વાત કરી). તિજોરીમાં અંદર કોણ મૂકવા જાય ? ઇ તો હવે અહીં બધું (ફરી ગયું). ઓલું તો ઘરના માણસો મૂકવા જાય, એમ કહેવું છે. ઊંડે આઘે હોય. બે-બે લાખ પડ્યા હોય, પાંચ-પાંચ લાખની કોથળીઓ (પડી હોય), હજાર-હજાર રોકડ, હોં ! નગદ ! રૂપિયાના રોકડ. 'સાયલા'માં ઓસરીમાં રૂપિયાના કોથળા પડ્યા હતા.

'સાયલા' દરબાર હતા ને એ શેઠિયા હતા. શેઠ કુટુંબ હતું. એના દીકરા નહોતા ? અમારી સાથે ફરતા, ગરીબ માણસ થઈ ગયેલા. એના પોતાના લગ્ન વખતે કહેતા હતા. નામ ભૂલી ગયા. અમારી સાથે ફરતા બિચારા, હોં ! (સંવત) ૧૯૮૧ની સાલમાં. એંસી વર્ષની ઉંમર. એના લગ્નમાં ત્યાં એના લગ્ન જ્યારે હતા તે દરબાર આવેલા. કોથળા ભરેલા. દરબાર હતા અને દરબારનો નાનો છોકરો હતો. ઓસરીમાં રૂપિયાના કોથળા (પડેલા). રૂપિયાના કોથળા ! તે દિ' તો રોકડ હતું ને ! કોથળા.. કોથળા ! ગુણો જેમ ભરે એમ.

રાજકુમાર કહે છે, પિતાજી ! બાપુજી ! આ શું ? શેઠને ઘરે આ શું છે ? એટલે રાજા કહે છે, ભાઈ ! શેઠ આપણા પૈસાવાળા છે અને શેઠને આપણો ભરોસો છે. આમાંથી કાંઈ જાય તો આપણે ઘરનું દેવું પડે માટે ખુલ્લા પડ્યા છે. ઇ રાજા એવા હતા. સમજાણું ? એ લગ્ન વખતે રાજા આવ્યા હતા પછી ખોબે ખોબે ખારેકું આખી ગુણી ભરીને... 'લીંબડી'માં અપાસરો છે. ઓલો રાજકુમાર પૂછે તો રાજા એમ બોલ્યો. ઓલા રૂપિયા ખખડે ખરા ને ! કોથળા હોં, રૂપિયાના ભરેલા. ગુણીઓ ભરેલી. તે દિ' ક્યાં તિજોરો-ફિજોરો હતો. બાપુજી ! આ શું ? (તો કહ્યું), આપણા શેઠ પૈસાવાળા છે અને આપણો એને ભરોસો છે. આમાંથી જો કાંઈ જાય તો આપણી તિજોરીમાંથી દેવું પડે. એવો એને ભરોસો છે. એને–રાજાને અદેખાઈ નહોતી, એમ કહેવું છે. અદેખાઈ નહોતી. આપણા શેઠ એવા પૈસાવાળા છે. સમજાણું ? હવે ગોઠવવા માંડ્યા તો અંદર આઘા ગયા અને હવે તો આ તમારા થોથા–કાગળ (થઈ ગયા). એટલે ઇ કહે કે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આટલો ખર્ચ દેવો પડશે. અમે પાપના ભાવ, મજૂરીઓ બહુ કરીએ છીએ. છોકરાને પાઠ મળે છે.

અહીં તો કહે છે કે, દેવા-લેવાના ભાવ બેય બંધના કારણ છે. એમ વાત કહેવી છે. જુઓને આ દાખલો આપ્યો છે ને એ ઉપરથી જરી (વાત કરી). એણે તો મૂકવા માટે આપ્યો હશે. હું તો અંદર ખેંચવા માટે (કહું છું). દાન દેવા માટે કાઢે તોય શુભભાવ છે. સમજાણું ? હવે છઠ્ઠી (ગાથા).

'બંધ અને સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા.'

શુભ-અશુભ બંધકે ફલમઝાર, રતિઅરતિ કરૈ નિજપદ વિસાર;
આતમહિત હેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈ આપકૂં કષ્ટદાન. ૬.

જુઓ ! આવ્યું. બધે ઠેકાણે ઇ આવે છે. શું કહે છે ? '(મિથ્યાદૃષ્ટિ જીવ)' અજ્ઞાની '(નિજપદ)' નામ 'આત્માના સ્વરૂપને ભૂલી જઈને...' ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. જેના સ્વભાવમાં તો એકલી શાંતિ અને આનંદ પડ્યો છે. એની નજરું નાખતાં નિધાનમાંથી આનંદ ઝરે એવો ભગવાનઆત્મા છે એને ઓળખતો નથી. જેની સામું જોયે સમતા પ્રગટ થાય અને પરની સામે જોયે વિષમતા પ્રગટ થાય. સમજાય છે કાંઈ ?

એવો ભગવાનઆત્મા નિજપદ. જ્ઞાનાનંદ શુદ્ધ આનંદપ્રભુ, એને પોતાને ભૂલી, એની એને ખબર ન મળે કે મારા સ્વભાવમાં નિજપદમાં શું છે ? એને ભૂલી 'કર્મબંધના સારાં ફળમાં પ્રેમ કરે છે,...' સમજાણું ? પૂર્વના કોઈ પુણ્ય બંધાયેલા હોય એના ફળ અનુકૂળ દેખી એમાં પ્રેમ કરે છે. બહુ બાદશાહી છે અમારે. સામગ્રીની બહુ સગવડતા છે, બહુ સગવડતા છે. એ શુભભાવના ફળ અનુકૂળને ઠીક માનનારા બંધની શ્રદ્ધાને ભૂલે છે. એ બંધ પુણ્યનો હોય કે પાપનો (હોય), બેય બંધ અહિતકર છે. એમ ન માનતા શુભભાવના ફળ તરીકે બંધાયેલા પુણ્ય એના ફળ તરીકે ધૂળ આદિ સામગ્રી, બાયડી, છોકરા, કુટુંબની સગવડતા (મળે) એમાં ઠીક માને છે. 'સારાં...' છે ને ? '(શુભ) ફળમાં પ્રેમ કરે છે,...' રતિ કરે છે. રતિ.

'અને કર્મબંધના ખરાબ ફળમાં દ્વેષ કરે છે;...' એ અઘાતિના ફળ, એના પાપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાંધેલા. શરીરમાં રોગ આવે, નિર્ધનતા આવે, ગરીબાઈ આવે, વાંઝિયા, વાંઢાપણું હોય, શરીરમાં રોગ હોય, જન્મે ત્યારથી રોગ હોય. ઈ ખરાબ માને છે. બંધના પ્રતિકૂળ ફળ ખરાબ અને અનુકૂળ સારા, એ બે ચીજ જ ક્યાં છે ? કહે છે. એ તો સંયોગની ચીજ છે, એમાં આ અનુકૂળ અને આ પ્રતિકૂળ, આ સારા અને નરસા, એમ માનવા એ બંધતત્ત્વની ભૂલ છે. અબંધ તત્ત્વ જે નિજપદ, સામે એમ કહ્યું. સમજાય છે ? 'શુભ-અશુભ બંધકે ફલમઝાર, રતિઅરતિ કરૈ નિજપદ વિસાર;' નિજપદ તો અબંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ ઝીણે ચીપિયે ભૂલ પકડાવી છે. હેં ? આહા..હા...!

કહે છે, પાપના ફળ આવે ત્યારે દ્વેષ કરે કે, અર..ર..ર...! આ ક્યાં (આવ્યું) ? અને પુણ્યના ફળ આવે ત્યારે પ્રેમ કરે. ભગવાન ! તને બંધતત્ત્વની ખબર નથી. બંધતત્ત્વ તો આત્માના અબંધ પરિણામથી તદ્દન વિરુદ્ધ ભાવથી થયેલું તત્ત્વ બંધ છે. એ બંધના એક ભાગને ઠીક અને બીજા ભાગને અઠીક (માનવું) એ તારી બંધતત્ત્વની ભૂલ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાને તો આઠ કર્મને વિષતરુ ફળ કહ્યા છે. ઝેરના ઝાડના ફળ ! રાડ નાખે છે ને આ લોકો ? જુઓને ! મીઠાશ છે ને ! છે ને આપણે જુઓને અંદર. 'જેને પુણ્યની રુચિ તેને જડની રુચિ.' નાનો ચાકળો છે. તેને આત્માના ધર્મની રુચિ નથી. આહા..હા...! ભગવાનઆત્મા બંધરહિત એ તો અબંધસ્વરૂપ છે. આત્મા એટલે જ મુક્તસ્વરૂપ. આસ્રવ કે કર્મ એમાં છે જ નહિ એટલે મુક્તસ્વરૂપ જ આત્મા છે અથવા અબંધ પરિણામને ઉત્પન્ન કરે એવો મુક્તસ્વભાવ આત્માનો છે. બંધના પરિણામ કારણરૂપ અને એના ફળરૂપે બંધ કરે એ આત્માના સ્વભાવમાં છે જ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? છે ને અંદર ? પુસ્તક-બુસ્તક લીધું કે નહિ ? કાલે તો લઈને નહોતો આવ્યો. ખબર પડે કે નહિ ? સવારમાં (ચાલે) છે. સવારમાં ચાલશે, હમણાં થોડો વખત ચાલશે, લાંબું તો નહિ ચાલે. ચાલે ત્યાં સુધી તો લાવવું કે નહિ ? રાજા તરવાર ઘરે રાખતા હશે ? બહાર નીકળે ત્યારે ખંભે રાખે. પુસ્તક તો સાથે જોઈએ કે નહિ ?

કહે છે, 'કર્મબંધનના ખરાબમાં દ્વેષ કરે છે;...' એ એટલી બંધતત્ત્વની ભૂલની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ ? કાંઈક રોગની પ્રતિકૂળતા આવે (તો) દ્વેષ.. દ્વેષ (કરવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાગે) અને કાં અનુકૂળતા આવે (તો) હરખ, ઉલ્લાસ, ઉલ્લાસ મોઢે (દેખાય). ભાઈ ! એ અનુકૂળ–પ્રતિકૂળ બે બંધના ફળ, એમાં એક સારું-(એક) નરસું છે જ નહિ. આહા..હા...! એ બંધના ફળને, શુભને સારું માન તો ભગવાન અબંધ પરિણામી ચૈતન્યને તેં જૂઠો માન્યો. આહા..હા...!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દુનિયા તો એવી જ હોય ને ! ગાંડામાં ગાંડાની જ વાતું હોય. દુનિયા તો ગાંડી છે.

મુમુક્ષુ :– હરખને ટાણે હરખ તો કરે ને !

ઉત્તર :– શેના હરખ પણ ? હરખને ટાણે તો આત્મામાં આનંદ છે એનો હરખ કરે કે આમાં હરખ કરે ? શેના હરખ ? છોકરાના લગ્ન હોય, એમાં દસ લાખની મૂડી હોય, ધણીએ કહ્યું હોય કે આ ફેરે લાખ ખરચવા છે, હોં ! એક લાખ બરાબર. સરખાઈનું, તારે છૂટ છે ખરચવું હોય તો, જા ! પછી પીયરીયાને બોલાવે ને ઢીકણાને બોલાવે ને આને બોલાવે, બસ ! ઓ..હો..હો...! સાદ બેસી જાય તોય એને હખ ન આવે. તોય બોલીને અંદર પરાણે હોંશ કરે. શું છે પણ આ ? શેના લ્હાવા ? અગ્નિના. અગ્નિના લાવા થાય છે, નથી ખબર ? આ પરદેશમાં નીકળે છે ને જો જ્વાળામુખી ! બાપા ! એ રાગના લ્હાવાની મીઠાશ, બંધમાં અનુકૂળતાની માન્યતા મિથ્યાદષ્ટિ છે, કહે છે. ભારે વાતું, ભાઈ ! આ તો સાદી ભાષામાં મૂક્યું છે. તદ્દન સાદી હિન્દી ભાષામાં (છે). ગાગરમાં સાગર ભરી દીધો છે. કહો, સમજાણું ? આમાં કોઈ શાસ્ત્ર, બહુ ઝીણા કે 'પરમાત્મપ્રકાશ' કે 'સમયસાર' (જેવું નથી).

મુમુક્ષુ :– આમાં કાઢે છે.

ઉત્તર :– એમાં છે ને પણ જુઓને ! શું કહે છે ? જુઓ ! 'શુભ-અશુભ બંધકે ફલમઝાર, રતિઅરતિ કરૈ નિજપદ વિસાર;' ભગવાનઆત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એને ભૂલી અને શુભબંધમાં હરખ કરે છે, રતિ કરે છે. અશુભ બંધ બંધાય એમાં અરતિ કરે છે. અરે...! તમને બંધ થયો. પુણ્યનો બંધ થયો. 'સમયસાર'માં આવે છે ને ? પરજીવની દયામાં પુણ્યબંધ, પરની હિંસામાં પાપબંધ. પુણ્યબંધ થાય ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ ત્યાં તો ગાળ્યું દે છે કે, પરજીવની દયામાં અહંકાર છે ને ? મિથ્યાત્વ સહિતનો ત્યાં પાપબંધ છે. એની સાથે ઓલું ઘાતિનું પાપ છે, અઘાતિનું જરી પુણ્ય છે. શેનો ખુશી થાય છે ? એમ કહે છે. પુણ્ય છે ને એમાં ? પુણ્ય તો અમારે બંધાશે ને ? પણ પુણ્ય બંધાય છે ને ? અબંધસ્વરૂપ તારું છે એને આવા બંધમાં તને હરખ શેનો ? સમજાણું કાંઈ ? આવા બંધન થશે ને પછી મોટા સારા ફળ મળશે. ચક્રવર્તી થઈશ, વાસુદેવ ને બળદેવ ને ઢીકણા રાજા થઈએ ને શેઠિયા થઈએ. ઇ કહે છે, શુભબંધમાં જેને રતિ અને પ્રેમ છે (એ) બંધતત્ત્વને ભૂલ્યો છે. કોઈ બંધ સારો છે જ નહિ.

અબંધ પરિણામ ભગવાનઆત્મા, મુક્ત ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ એવા અબંધ પરિણામ (થાય) તે સારા છે. એ સિવાય કોઈ બંધનું કારણ અને બંધરૂપ ભાવ કે બંધનું તત્ત્વ એ સારું નથી. અને બંધના ફળ એકેય સારા નથી. ભારે વાતું, ભાઈ ! ઓ..હો..હો..! આ તો સાત તત્ત્વની ભૂલની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ ? મિથ્યાદૃષ્ટિની ભૂલ. વળી ત્યાગ તો પછી. મુનિપણું ને ઇ તો ક્યાંય રહી ગયું. આ તો હજી સાત તત્ત્વની ભૂલમાં અટક્યો એ મિથ્યાદૃષ્ટિ છે એને ધર્મ-બર્મ, ત્યાગ-બાગ હોતો નથી. ઓહો..હો...! ઇ બંધ(ની) વાત કરી.

'તથા જે (વિરાગ)...' એટલે 'રાગ-દ્વેષનો અભાવ...' એટલે ચારિત્ર. સમજાય છે ? સંવર... સંવર છે ને ઇ ? ઇ સંવર છે. આત્મામાં રાગ-દ્વેષનું રોકાઈ જવું એ સંવરભાવ છે. પુણ્ય-પાપના વિકલ્પો અટકવા અને આત્મામાંથી શાંતિનું પ્રગટવું એ સંવરતત્ત્વ છે. સંવરતત્ત્વ કહો કે સમ્યક્ચારિત્ર કહો. સમ્યક્ચારિત્ર કહો કે વિરાગ કહો. એ સમ્યક્ચારિત્ર જે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એમાં ઠરવું એનું નામ સમ્યક્ચારિત્ર (છે). કહે છે, એ 'હિતના (હેતુ)...' છે. એને 'દુઃખના આપનાર માને છે.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com


Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૪, મંગળવાર
## તા. ૨૫-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૬, ૭ પ્રવચન નંબર–૮

બંધતત્ત્વની ભૂલ. આત્માનો નિજ સ્વભાવ અબંધસ્વરૂપ છે. પુણ્ય-પાપના ભાવ એ ભાવબંધ છે અને જડકર્મનું બંધન એ નિમિત્ત, વ્યવહાર નિમિત્તબંધ છે. બેયથી રહિત આત્માનું અબંધસ્વરૂપ એ નિજપદને વિસારીને, એ એનો છઠ્ઠી ગાથાનો પહેલો શબ્દ પડ્યો છે – 'નિજપદ વિસાર.' પોતાનું પદ છે એ જ્ઞાનાનંદ શુદ્ધ અબંધસ્વરૂપ છે. એને ભૂલીને 'અઘાતિકર્મના ફળ અનુસાર...' કોઈ પુણ્ય-પાપના ભાવ કર્યા હોય, એનું બંધન પડ્યું હોય, એનો સંયોગ મળે, એમ અહીંયાં કહેવું છે. સંયોગમાં 'અનુકૂળ-પ્રતિકૂળ...' સંયોગ-વિયોગ અવસ્થાઓ થાય, મિથ્યાદૃષ્ટિ તેને અનુકૂળ-પ્રતિકૂળ માનીને 'તેનાથી હું સુખી-દુઃખી છું એવી કલ્પના વડે રાગ-દ્વેષ, આકુળતા કરે છે.'

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ નિજપદ છે (તેને) ભૂલીને અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળમાં દ્વેષ (કરે છે). જુઓ ! આમાં ચિત્રમાં પણ આપ્યું છે. ચિત્રમાં છે ? શુભ નિરોગી શરીર ને ખાવા બેઠો છે ને સરખું આમ બધું પ્યાલો-બ્યાલો લાગે છે. નહિ ? છે ? એમાં નહિ હોય. છે ? જુઓ ! પ્યાલો, વાસણ, ઠામ, ઓલું માથે શું કહેવાય તમારે ? બેસવાની આ (ખુરશી), મૂકવાનું ટેબલ. આમ ખાય છે. શુભ-પુણ્યના ફળ છે એને પોતાના માને છે. છે



Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



? ટેબલ-બેબલ સારું રાખ્યું છે, થાળીઓ, સોનાની થાળી, રૂપાની થાળી, એમાં સરખા વાટકા હોય. એમાં બદામ, પિસ્તાના પાપડ ને બધું (રાખ્યું હોય). ખાવા બેઠો છે, આમ ખુશી.. ખુશી.

અશુભમાં ઓલો એક ગરીબ વર્ણવ્યો છે. જુઓ ! લંગોટી સાધારણ ઝીર્ણ શરીર ને આમ (બેઠો છે). એ બેય અઘાતિ કર્મ. પુણ્ય-પાપના ભાવ, એનાથી બંધાયેલું અઘાતિ કર્મ, એનાથી મળેલો આ સંયોગ એને પોતાનું સ્વરૂપ માને. અનુકૂળતામાં રતિ માને અને પ્રતિકૂળતામાં અરતિ–ખેદ કરે એને બંધતત્ત્વની ભૂલ છે. બેય એક જાતના છે, એમાં કોઈ ફેર નથી. અનુકૂળ સંયોગ પુણ્યથી હોય કે પાપથી પ્રતિકૂળ (સંયોગ હોય), બેય સંયોગ તો એકથી જ છે. બહારના ભેખ શરીર આદિ જડના છે, એ કંઈ આત્માનો ભેખ નથી. ઇ આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપને ભૂલી એવા સંયોગમા રતિ-અરતિ કરે છે એને બંધતત્ત્વનું મિથ્યાદૃષ્ટિપણું કહે છે. કહો, સમજાણું કાંઈ ?

'ધન, યોગ્ય સ્ત્રી,...' લક્ષ્મી કાંઈક ઠીક મળી હોય. અનુકૂળ સ્ત્રી હોય. પુત્રાદિક અનુકૂળ હોય. (તેમનો) 'સંયોગ થતાં રતિ કરે છે;...' એમાં રતિ કરવાપણું ક્યાં છે ? આત્મામાં આનંદ છે એને ભૂલીને આમાં પ્રેમવૃત્તિ કરે છે એ બંધતત્ત્વની અને આત્માની બેયની ભૂલ એ છે. નિજપદને વિસારીને બંધના ફળમાં રતિ કરે છે એને બંધના તત્ત્વની ખબર નથી. સમજાય છે ? શરીરમાં રોગ થાય. 'નિંદ્રા, નિર્ધનતા, પુત્રવિયોગ વગેરે થતાં અરતિ કરે છે; પુણ્ય-પાપ બન્ને બંધનકર્તા છે,...' પુત્રનો વિયોગ થયો ત્યાં દુઃખ માને છે. એ તો સંયોગની ચીજ છે. અનુકૂળ હો કે પ્રતિકૂળ હો એ તો સંયોગી ફળ (છે), સ્વભાવ વસ્તુ નથી. સ્વભાવ તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનના નિજપદની દૃષ્ટિ ને રુચિ, જ્ઞાન ને લીનતા ચૂકી બંધના બે ભાગ પાડીને એકમાં રતિ અને અરતિ કરે છે. એ મિથ્યાદૃષ્ટિના બંધતત્ત્વનું ભૂલનું લક્ષણ છે. આ તો બહુ સાદી ભાષાએ, હિન્દીમાં સાદી ભાષાએ (વર્ણવ્યું) છે.

મુમુક્ષુ :– ... રતિ કરે ?

ઉત્તર :– રતિ કરે. સારી નિંદ્રા કરે તો રતિ પામે. નિંદ્રા ન આવે તો અરતિ કરે. ઊંઘ ન આવે તો નથી કરતા ? આખી રાત રાડ્યું પાડે. અરે...! આખી રાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાડે. આજ તો નિંદ્રા જરીયે આવી નથી. ભાઈ ! આપણે દાખલો અહીં છે ને ! આ તો કહેવા માટે. બીજા ઘણાય હોય છે ને ? રાત્રે સારી ઊંઘ ન આવે તો એ આળોટે.. આળોટે. એક શેઠ હતો. (તેને) બાર હાથનો ઓરડો અને બાર હાથનું પહોળું ગાદલું. આખા ઓરડા પ્રમાણે. પછી આમથી આમ, આમથી આમ ઠેઠ સુધી ઊંઘ જ ન આવે. અમારા ગામમાં એક બ્રાહ્મણ હતો (એને) ૩૩ વર્ષથી નિંદ્રા નહિ (આવેલી). આ તો ગાદલામાં નિંદ્રા ન આવે, એમ કહેવું છે. એવામાં ફર્યા ફર, ફર્યા ફર કરે. અને એ નિંદ્રા ન આવે એટલે એમાં અરતિ–ખેદ, ખેદ કર્યા કરે. અરે...! નિંદ્રા આવતી નથી, અરે...! ઊંઘ આવતી નથી, અરે...! ઊંઘ આવતી નથી. પછી ઓળી ગોળ્યું ખાય. નથી આવતી ઊંઘની ? એ..ઇ...! ઘણી આવે. આવે તો બધી ખબર હોય ને ! નિંદ્રાની ગોળ્યું આવે, ખૂબ ખાય પછી શક્તિ હિન થઈ જાય.

કહે છે, નિંદ્રા વગેરેમાં દુઃખ વેદે, દુઃખ. આહા..હા...! જુઓને ! આ ગરીબ માણસ નિરાંતે ઘોરે છે અને અમારે છતે પૈસે ઊંઘ નથી. એમ કરીને રાડ્યું નાખે. અંદરમાં રાડ્યું નાખે, હોં ! એ બંધની ભૂલ છે. હવે નિંદ્રા ન આવે તો દુઃખ શું અને નિંદ્રા આવે તો સુખ શું ? એમ કહે છે. નિંદ્રા આવી એટલે એમાં સુખ ક્યાંથી આવ્યું ? છ કલાક, આઠ કલાક એવી મધુરી, મીઠી નિંદ્રા આવી. એમ બોલે વળી પાછો. બોલે છે કે નહિ પણ ? હેં ? એવી મધુરી, મીઠી નિંદ્રા (આવી કે) છ કલાક તો આંખ ઊંચી ન થઈ. ખબર નથી સપનામાં, વળી બે કલાક એવી મીઠી નિંદ્રા આવી (કે) સાડા છ વાગી ગયા, લ્યો ! અમને ખબર ન રહી. હેં ? પાછલા પહોરની ઠંડી હવા, થાક્યા-પાક્યા એવી નિંદ્રા આવી. નિંદ્રા આવી એમાં સુખ શું માન્યું ? એમ કહે છે. ભાઈ ! મૂઢ છો. કહે છે, નિંદ્રા આવી સુખ શેનું ? એમાં શેની તેં રતિ કરી ? અહીં તો એમ વાત છે.

મુમુક્ષુ :– દુઃખ.

ઉત્તર :– પણ દુઃખની વ્યાખ્યા શું ? મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન એ દુઃખ છે. એ દુઃખ ક્યાં ભૂલી ગયો છે, એ તો અંદર પડ્યું છે. સમજાણું કાંઈ ? નિંદ્રાથી દુઃખ થાય. ઓલામાં નિંદ્રા નથી લીધી કે, નિંદ્રા આવે તો સુખ થાય. એમાં બધું લઈ લેવું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પુણ્ય-પાપ બન્ને બંધનકર્તા છે, પણ તેમ નહિ માનીને પુણ્યને હિતકર માને છે; તત્ત્વદૃષ્ટિથી તો પુણ્ય-પાપ બંને અહિતકર જ છે, પરંતુ અજ્ઞાની એવું નિર્ધારરૂપ માનતો નથી...' એટલે નિજસ્વરૂપને જાણ્યા વિના, એ પદ અંદર બધામાં લેવું. મૂળ છે ને ? 'રતિઅરતિ કરૈ નિજપદ વિસાર.' પોતાનું પદ જ્ઞાતા-દૃષ્ટા છે. એ ધર્મી તો ઊંઘમાં પણ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ઊંઘમાં સુખ નથી માનતો. આહા..હા...! હેં ?

મુમુક્ષુ :– ઊંઘમાં

ઉત્તર :– એ અંદર જ્ઞાતા-દૃષ્ટા છે. ભાન સદાય વર્તે જ છે. એમાં કંઈ નિંદ્રાથી સુખ છે અને ન આવે તો દુઃખ છે એમ માનતો નથી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! જાગૃતભાવમાં સૂતો છે તે સૂતામાંય જ્ઞાતા-દૃષ્ટાપણું જ છે. એવી વાત છે, ભાઈ ! ઓલો તો સૂતો હોય તો (જાણે) બેભાન (થઈ ગયો હોય), કાંઈ ભાન ન મળે. ભગવાન તો ત્રણ જ્ઞાનના ધણિ, માતાના પેટમાં નવ મહિના જાગૃત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન લઈને તીર્થંકર માતાના પેટમાં આવે પણ અંદર ભાન – જ્ઞાતા-દૃષ્ટાપણું સદાય વર્તે છે. આ તે કંઈ (વાત છે) ! ચૈતન્ય પોતે જાગ્યો એટલે પછી વળી બીજા સાધન એને શું નડે છે ત્યાં ? સમજાય છે કાંઈ ? બહારના અનુકૂળ સાધન એને અનુકૂળ છે કે પ્રતિકૂળ એ છે જ નહિ. પ્રમાદ જરી આવી જાય તોપણ અંદર જ્ઞાતા-દૃષ્ટાપણું જાતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુનિને તો બહુ નિંદ્રા થોડી, જરી (હોય). એમાં પણ જ્ઞાતા-દૃષ્ટાપણું રહીને થોડી નિંદ્રા હોય છે. છઠ્ઠે ગુણસ્થાને પણ ચારિત્ર, દર્શન ને જ્ઞાન સહિતમાં જરી પ્રમાદ આવે. એ કલાક-બલાક ઊંઘ ન લે. આહા..હા...! ચારિત્ર તે કોને કહેવું ! મુનિપણું ચારિત્ર કોને કહેવું એની લોકોને ખબર ન મળે. બહારના માન્યા ક્રિયા અને નગ્ન થયા (એ) ચારિત્ર. ભાઈ ! ચારિત્ર તો આત્માની જાગૃતિ સહિત આનંદ એટલો ઝરતો હોય કે ઊંઘેય બહુ થોડી (હોય). છઠ્ઠા ગુણસ્થાનનો ભાગ જ પોણો સેકંડ છે. એટલી નિંદ્રા જરી આવે તોય અંદરમાં જાગૃત છે. આહા..હા..! તરત સાતમું આવે. તરત છઠ્ઠું આવે, તરત છઠ્ઠું આવે. એ પણ રાત્રિના પાછલા પહોરના અમુક ભાગમાં (થોડી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિંદ્રા આવે). એવી ચારિત્રદશા સમ્યગ્દર્શન સહિત હોય એને સાધુપદ અને ભાવલિંગ કહેવામાં આવે છે. દુનિયાને બહારથી માપ કરવા, અંતર તત્ત્વ શું છે, શ્રદ્ધા-જ્ઞાનની ખબર નથી. આહા..હા...! શું કીધું સમજાણું ?

અજ્ઞાની પોતાના સ્વરૂપને વિસારીને 'નિર્ધારરૂપ માનતો નથી...' નક્કી નથી કરતો કે નિંદ્રામાં સુખ નથી અને અનિંદ્રામાં દુઃખ નથી. આ જગતથી બધું ઊંધું છે. ભાઈ ! એ બંધતત્ત્વની ઊંધી શ્રદ્ધા છે, લ્યો ! સમજાણું ?

હવે '(૨) સંવરતત્ત્વની ભૂલ :–' આમાં આવી ગયું છે ઇ. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એમાં આવ્યું હતું. જુઓ ! વૈરાગ્ય, જ્ઞાન એને દુઃખદાયક માને છે. આવ્યું હતું ને ? જુઓ ! એમાં પણ ફોટો છે. જોયું ? જુઓ ! આમાં ફોટો છે. મુનિ ધ્યાનમાં જ્ઞાનાનંદ સ્વરૂપમાં અંદર રમે છે. એને વળી એક બત્તી કરે છે. જ્ઞાનની હશે. હેં ? જ્ઞાનની બત્તી અને ઓલું પુસ્તક-બુસ્તક છે ? ઠીક ! ઓલો એક જુવાનિયો ઊભો છે (ઇ કહે છે), નહિ.. નહિ.. નહિ. આવા જ્ઞાન ને આવા ચારિત્ર, નહિ. આવું નહિ. પાઠમાં છે ખરું ને ? હેં ?




'આતમહિત હેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈ આપકૂં કષ્ટદાન.' આ જ્ઞાન શું ? એ દુઃખદાયક છે. આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર, મિથ્યાદૃષ્ટિ એને દુઃખદાયક માને છે. બાપા ! ચારિત્ર તો લોઢાના ચણા ચાવવા (જેવા છે). એટલે અજ્ઞાનીએ ચારિત્રને દુઃખદાયક માન્યું. ચારિત્ર એટલે તો આત્માના આનંદમાં રમણતા. અતીન્દ્રિયા આનંદના શેરડા. સિદ્ધને આનંદ આવે એવો જ આનંદ એને આવે. એવું સમ્યક્જ્ઞાન અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યક્ચારિત્ર આનંદદાતા (છે) એને અજ્ઞાની દુઃખદાતા માને છે. સમજાણું ?

'જીવને હિતકારી છે, સ્વરૂપમાં સ્થિરતા વડે રાગનો જેટલો અભાવ તે વૈરાગ્ય છે,...' એટલે ખરી રીતે ચારિત્ર છે. 'અને તે સુખના કારણરૂપ છે,...' જેટલું આત્મદર્શનપૂર્વક રાગ ઘટીને સ્થિરતા થાય એ આનંદદાયક છે, હિતકારી છે, શાંતિનો આપનાર છે. 'છતાં અજ્ઞાની જીવ તેને કષ્ટદાતા માને છે.' બાપા ! ચારિત્ર તો ઓ..હો..હો...! ભારે આકરું. પવનથી કોથળા ભરવા સહેલા પણ ચારિત્ર પાળવું બહુ કઠણ. હેં ? ઓલા મૃગાપુત્રમાં આવે છે ને ? ત્રાજવે મેરુ પર્વત તોળવો. ત્રાજવે મેરુ પર્વત તોળવો એ કરતાં ચારિત્ર આકરું. એટલે એમ કરીને દુઃખદાયક માને છે. એવું નથી, ભાઈ ! જેના ઘરમાં ઠરવું એમાં દુઃખ શું ? સમજાય છે કાંઈ ? ચારિત્ર તો આત્માના આનંદસ્વરૂપમાં ઠરવું, રમવું, ભોજન–અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રને મિથ્યાદૃષ્ટિ મૂઢ દુઃખદાયક, કષ્ટદાયક, કંટાળો.. કંટાળો.. કંટાળો (માને છે). છે ને ? જુઓ ! આમ હાથ કરે છે, નહિ. ફોટા ઠીક પાડ્યા લાગે છે. આ તો પહેલાના છે, હોં ! હિન્દીવાળાના. સમજાણું ? 'આ સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.' લ્યો ! એ છટ્ઠી (ગાથા પૂરી) થઈ.

---

## નિર્જરા અને મોક્ષની વિપરીત શ્રદ્ધા અને અગૃહીત મિથ્યાજ્ઞાન

રોકે ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;
યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન. ૭.

અન્વયાર્થ :– [મિથ્યાદૃષ્ટિ પ્રાણી ] (નિજશક્તિ) પોતાના આત્માની શક્તિ (ખોય) ખોઇને (ચાહ) ઇચ્છાને (ન રોકે) રોકતો નથી, અને (નિરાકુલતા) આકુલતાના અભાવને (શિવરૂપ) મોક્ષનું સ્વરૂપ (ન જોય) માનતો નથી. (યાહી) આ (પ્રતીતિજુત) ખોટી માન્યતા સહિત (કછુક જ્ઞાન) જે કાંઇ જ્ઞાન છે (સો) તે (દુઃખદાયક) કષ્ટને આપનારું (અજ્ઞાન) અગૃહિત મિથ્યાજ્ઞાન છે; એમ (જાન) સમજવું.

ભાવાર્થ :– (૧) નિર્જરા તત્ત્વમાં ભૂલ :- આત્મામાં આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અશુદ્ધિની હાનિ થવી તેને સંવર-પૂર્વક નિર્જરા કહેવામાં આવે છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન પૂર્વક જ હોઇ શકે છે. જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર થવાથી શુભ-અશુભ ઇચ્છાનો નિરોધ** થાય તે તપ છે તપ બે પ્રકારના છે : (૧) બાળતપ, (૨) સમ્યક્તપ. **અજ્ઞાનદશામાં** જે તપ કરવામાં આવે છે તે બાળતપ છે, **તેનાથી કદી સાચી નિર્જરા થતી નથી,** પણ **આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિરતા અનુસાર** જેટલો **શુભ-અશુભ** ઇચ્છાનો અભાવ થાય છે તે **સાચી નિર્જરા** છે-**સમ્યક્**તપ છે. પણ **મિથ્યાદષ્ટિ જીવ એમ** માનતો **નથી.** પોતાની **અનંત** જ્ઞાનાદિ શક્તિને ભૂલે છે, પરાશ્રયમાં સુખ માને છે, શુભાશુભ ઇચ્છા **અને** પાંચ ઇન્દ્રિયોના વિષયોની ચાહને રોકાતો **નથી. આ નિર્જરાતત્ત્વની** વિપરીત શ્રદ્ધા છે.

(૨) **મોક્ષ તત્ત્વની ભૂલઃ- પૂર્ણ નિરાકુળ આત્મિક સુખની પ્રાપ્તિ અર્થાત્ જીવની** સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષનું સ્વરૂપ છે, **અને** તે જ ખરું સુખ છે, પણ **અજ્ઞાની** તેમ માનતો **નથી.**

મોક્ષ થતાં તેજમાં તેજ મળી જાય અથવા ત્યાં શરીર, ઇન્દ્રિયો અને તેનાં વિષયો વિના સુખ કેમ હોઇ શકે ? ત્યાંથી ફરી અવતાર લેવો પડે વગેરે. એમ મોક્ષદશામાં નિરાકુળપણું માનતો નથી તે મોક્ષતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.

૩. **અજ્ઞાનઃ- અગૃહીત મિથ્યાદર્શન** હોય ત્યાં જે કંઇ જ્ઞાન હોય તેને **અગૃહીત મિથ્યાજ્ઞાન** કહે છે, તે મહાન દુઃખદાતા છે. તે ઉપદેશાદિ બાહ્ય નિમિત્તોના આલંબન વડે નવું ગ્રહ્યું નથી અનાદિનું છે, તેથી તેને અગૃહીત (સ્વાભાવિક-નિસર્ગજ) મિથ્યજ્ઞાન કહે છે. ૭.

---

હવે 'નિર્જરા અને મોક્ષની વિપરીત શ્રદ્ધા અને અગૃહીત મિથ્યાજ્ઞાન.' ત્રણની વાત સાતમી (ગાથામાં) આવે છે. આ 'છ ઢાળા' તો તમારે બધું ઘણી વાર (વંચાઈ ગયું) હશે. આ 'છ ઢાળા' તો તમે વાંચી હશે ને ? હિન્દુસ્તાનમાં (દિગંબરોના) ઘરમાં ચાલતી હોય (પણ) અર્થ ન આવડતા હોય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રોકે ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;
યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન. ૭.

'રોકે ન ચાહ નિજશક્તિ...' 'મિથ્યાદૃષ્ટિ પ્રાણી પોતાના આત્માની શક્તિ...' આનંદરૂપ શક્તિ છે એને ખોઈ બેસે છે. એકલી અભિલાષાના, ઇચ્છાના વેગમાં, ઇચ્છાના વેગમાં આત્માના આનંદની શાંતિને ખોવે છે અને માને છે કે મને ઇચ્છામાં મજા છે. એ નિર્જરાતત્ત્વની ભૂલ છે. સમજાય છે કાંઈ ? ઇચ્છા ઉત્પન્ન ન થવી અને આત્માના આનંદની, શાંતિની ઉત્પત્તિ થવી, શક્તિની વ્યક્તતા થવી એનું નામ નિર્જરા (છે). એમ ભાષા છે, ભાઈ ! શું કીધું ?

'રોકે ન ચાહ નિજશક્તિ ખોય,...' એટલે નિજશક્તિને પ્રગટ કરવી એનું નામ નિર્જરા (છે). આહા..હા...! ભગવાનઆત્મા જ્ઞાન ને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એમાં એકાગ્ર થઈને એ શક્તિની વ્યક્તતા, શુદ્ધની પ્રગટતા થવી એનું નામ નિર્જરા છે. આહા..હા...! નિર્જરાની વ્યાખ્યા, જુઓ ! કહ્યું ને ? 'રોકે ન ચાહ નિજશક્તિ ખોય,...' એનો અર્થ એ કે, નિર્જરાની ભૂલ (છે). ત્યારે નિર્જરા કોને કહેવી ? કિ, નિજશક્તિની વ્યક્તતા પ્રગટ કરે તેને નિર્જરા કહેવી. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપની ઇચ્છા વિનાની ચીજ એની અંતર સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં શક્તિની પ્રગટતાનો પુરુષાર્થ (થવો), એવી શુદ્ધતાની વ્યક્ત દશા (થાય) એને ભગવાન નિર્જરા કહે છે. એ નિર્જરા એમ નહિ કરતા એકલી ઇચ્છાઓમાં ઘેરાઈ જઈને શક્તિને પ્રગટ કરતો નથી. તે તેમાં ઠીક માને છે, ઇચ્છામાં ઠીક માને છે. ઇચ્છામાં ઠીક માને છે એને નિર્જરાતત્ત્વની ભૂલ છે. સમજાય છે કાંઈ ?

'ઇચ્છાને રોકતો નથી,...' આહા..હા...! એનો અર્થ કે, આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવી શક્તિની એને પ્રતીતિ નથી. એની પ્રતીતિ શુભની અભિલાષાઓમાં બધું સર્વસ્વ માને છે. શુભ કે અશુભની ઇચ્છાઓ જે થાય એમાં બધું સર્વસ્વ માને છે. ઓ..હો...! છેવટે બહુ તો શુભ ઇચ્છા થઈ, બહુ કામ આપણે કર્યું, બહુ કામ કર્યું. પણ એ ઇચ્છામાં તો આત્માના આનંદની શક્તિ, વ્યક્તતા રોકાઈ ગઈ છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો ઇચ્છામાં શુભ ઇચ્છા પણ ઇચ્છા છે. આહાર ન કરું એવી જે ઇચ્છા પણ એ ઇચ્છાની પાછળ આત્મા કોણ છે એની ખબર નથી. આત્મા ઇચ્છા વિનાની ચીજ (છે) એવી આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક શક્તિનો વ્યક્તપણું પુરુષાર્થથી પ્રગટ થવું એનું નામ નિર્જરાતત્ત્વ કહે છે. એ આ શુભ ઇચ્છામાં સર્વસ્વ માને છે. શુભ ઇચ્છા થઈ ને ! આહાર નહિ કરવાની કે કોઈ પ્રકારે પ્રાયશ્ચિતની (કે) ફલાણી (ઇચ્છા), શુભરાગ. ભાઈ ! એ શુભરાગ થયો એને જ એ નિર્જરા અને લાભ માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા પૂર્ણ નિરોધ, ઇચ્છા નિરોધ તત્ત્વસ્વરૂપ છે. એવા સ્વરૂપમાંથી શક્તિનું જે તત્ત્વ આખું અખંડાનંદ પ્રભુ, એની પ્રતીત, જ્ઞાનપૂર્વક એમાં લીનતા થતાં શુદ્ધતાના જે અંશો પ્રગટ થાય એનું નામ નિર્જરા અથવા શુદ્ધઉપયોગ નિર્જરા અથવા શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા છે. અજ્ઞાનીને શુભ ઇચ્છામાં સંતોષ મનાઈ ગયો છે. ઓ..હો...! ત્યાં શક્તિ રોકાઈ ગઈ છે અને એને માને છે કે અમે ધર્મ કરીએ છીએ અને નિર્જરા કરીએ છીએ. સમજાણું કાંઈ ?

'રોકે ન ચાહ નિજશક્તિ ખોય,...' એના શબ્દોમાંથી બહુ ભર્યું છે માળું, હોં ! કહો, સમજાણું કાંઈ ? એ શક્તિને ખોઈ બેઠો છે એટલે કે ઇચ્છામાં જ જે અભિલાષા – ઇચ્છા છે કે, આ કરું, આ ખાઉં નહિ, આ લઉં નહિ, આ દઉં નહિ, આ છોડું, આ મૂકું એવી ઇચ્છામાં જ એ બધું માની બેઠો છે. એ તપ છે ને એ નિર્જરા છે ને એ સંવર છે ને એ ધર્મ છે. ઇચ્છા તો આત્માની શાંતિને, શુદ્ધતાને રોકનારી છે. એની ઇચ્છા દ્વારા મને નિર્જરા થાય અને મને તપ થયું એમ માને એ નિર્જરાતત્ત્વની ભૂલ છે. આહા..હા...! કહો, છે એમાં ? છે કે નહિ એમાં ? આમાં પાઠ ભર્યો છે એની એને ખબર ન મળે.




પછી 'શિવરૂપ નિરાકુલતા ન જોય;...' એ નિરાકુળતા તો મોક્ષદશા છે, એ સિવાય ક્યાંય નિરાકુળતા હોતી નથી, પણ ક્યાંક રાગની મંદતા કે એવા ભાવમાં નિરાકુળતા માનીને ત્યાં સર્વસ્વ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષ માને છે. એને મોક્ષતત્ત્વની ભૂલ છે. સર્વથા નિરાકુળતા થઈ જવી એનું નામ મોક્ષ. અહીંયાં વ્યાખ્યા આવી કરી. પૂર્ણ નિરાકુળતા અને પૂર્ણ અનાકુળનો આનંદનો પ્રગટ થવો એનું નામ મોક્ષ. એવા અનાકુળ આનંદને ન જાણતા, અનાકુળ આનંદરૂપી મુક્તદશાને ન માનતા, કંઈક મંદ રાગની આકુળતા ઘટી તો અમારે આકુળતા તો ઓછી થાય છે ને ! આકુળતા તો ઓછી થાય છે ને ! એમ માનીને મોક્ષતત્ત્વને એ જાણતો નથી. સમજાણું કાંઈ ?

જેણે શુભઇચ્છાથી મોક્ષ માન્યો છે એણે આકુળતાથી નિરાકુળતાનું ફળ માન્યું એટલે નિરાકુળતારૂપ મોક્ષની પ્રતીતની ખબર નથી. આહા..હા...! અનાકુળરૂપ ચૈતન્યસ્વરૂપ, એની પર્યાયમાં અનાકુળરૂપ પ્રગટ પર્યાયનું પ્રગટવું એનું નામ મોક્ષ. એવી અનાકુળતામાં એની ભૂલ થાય છે. કંઈક બંધ કરીએ ને આપણને લાભ થશે, શુભભાવમાં પણ આપણે મુક્તિ થશે, એનાથી પરંપરા મુક્તિ થશે (એમ માને છે). સમજાય છે કાંઈ ? એ નિરાકુળતાના કારણરૂપ પણ નિરાકુળતાનો જ ભાવ હોવો જોઈએ. એવા ભાવને ન જાણતો નિરાકુળતાની પૂર્ણતા નામ મોક્ષતત્ત્વને પણ એ જાણતો નથી. સમજાણું કાંઈ ?

'યાહી પ્રતિતિજુત કછુક જ્ઞાન,...' એવી ઊંધી શ્રદ્ધાપૂર્વક. બધા સાતેય તત્ત્વ આવી ગયા. આવી ગયા ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સાત તત્ત્વની ભૂલ થઈ ગઈ. 'યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન.' સાત છે ને, સાત ? જુઓ ! એ લીધું છે એમાં, હોં ! જુઓ ! અથાહ ચાહ. જુઓ ! હેઠે. એક છોકરો કે જુવાન બેઠો




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અથાહ ચાહ. શું કરું ? બાયડી, છોકરા, આ, આ અભિલાષ.. અભિલાષ.. અભિલાષ. અંદર ઘણું બધું (ચિતર્યું) છે. મકાન છે ને માણસો છે ને... છે કે નહિ ? હેં ? મોટર છે. મોટર સદાય ક્યાં હતી ? પણ બંગલા બંગલા હોય. આની કોર મોટર છે એમ ને ઇ ? બંગલા હોય લ્યો ને બધા. એ.. જુઓને બેઠો છે આમ. આમ કરીને. વિચારમાં ચડી ગયો છે, કેમ રળવું ? કેમ પેદા કરું ? કેમ સટ્ટો કરવો ? જુઓ ! વિચારમાં ચડી ગયો છે. લંગોટા જેવું લૂગડું પહેર્યું છે, એક પગ આમ પડ્યો છે, એક હાથ આમ રહ્યો (છે). હેં ? અને પાછું હું કાંઈક ઠીક કરું છું એવા ભાવમાં પડ્યો છે ઇ. હું કાંઈક ઠીક કરું છું. રળવાનો ભાવ કરું છું, ફલાણું કરું છું, ફલાણું કરું છું એ બધું ઠીક કરું છું. એવા ભાવમાં ચડી ગયો છે, જીવની શક્તિ રોકે છે અને માને છે કે કાંઈક હિત કરું છું, એટલે ઠીક કરું છું.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ પણ ઇચ્છાનો અર્થ સમજવો જોઈએ ને ! ભાષા તો બોલી નાખે બધાય. આ રેકોર્ડિંગ બોલે છે. ભાઈ ! આ એને પ્રતિકૂળતામાં દુઃખ થાય છે એની ઇચ્છાનું ક્યાં ભાન છે એને ?

મુમુક્ષુ :– હવે શું કરવું ઇ તો કહો.

ઉત્તર :– આ કહે છે, વસ્તુની શ્રદ્ધા-જ્ઞાન કરી અને ઇચ્છાને રોકવી, સ્વરૂપમાં ઠરવું એ જ શાંતિનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય ત્રણકાળમાં નથી. આ તો જરી પ્રતિકૂળતા (આવે ત્યાં) રોવે. હાય.. હાય.. હિંમત હારી ગયા, હવે શું કરવું છે ? મરી જઈએ. ક્યાં જાવું છે અહીંથી ? ભાઈ ! આ તમારા ભાઈનું બધું ઉઘાડું કરીએ છીએ. આ તો ઘણા એવા હોય છે ને ! એક નહિ, એવા તો ઘણા હોય છે. મરી જઈએ. અહીંથી ક્યાં જાશો ? ઝેર પીવાનું મન થઈ જાય છે. અમારે તો ખાનગી કાગળ પણ બહુ આવે. બહુ દુઃખીના કાગળ આવે. મહારાજ ! કાંઈક મોકલો, હોં ! નહિતર હવે ઝેર પીવાના ટાણા આવ્યા છે. અહીં કોણ જાણે રૂપિયાના ઢગલા પડ્યા છે એવું લોકોને થઈ ગયું છે, હોં ! ત્યાં એમ કે, એની પાસે કરોડો રૂપિયા પડ્યા છે અને શેઠિયાને જરીક હુકમ કરે એટલી વાર. જરી એક પાંચસો મોકલો, એક પાંચ હજાર મોકલો ને મારી દુકાન પણ ચાલે પછી હું તમને હળવે હળવે આપી દઈશ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં દુકાન ને ધંધો હશે. આહા..હા...! નહિતર પાંચ દિ'એ અમારી વાત બહાર પડી તો ઝેર પીવાના ટાણા અમારે છે, એવું આવે છે. હેં ? એને જાણે કે બધા શેઠિયા જ છે. આ ભાઈ, એના દીકરા મોટા મોટા શેઠિયાઓ છે, ઘણાય મોટા છે.

કહે છે, જુઓ ! વિચારમાં ચડી ગયો છે અને આ મોક્ષ છે, જુઓ ! આ. મોક્ષશિલા છે ને ? નિરાકુળ. જુઓ ! સ્થિતિ કેવી છે ! એકલી અનાકુળતા, વિકલ્પમાત્ર નથી ઇ મોક્ષ છે. આ (પૂરું થયા) પછી અગૃહીત મિથ્યાજ્ઞાનની વાત આવશે. પછી કહે છે, 'યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન.' એ મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન સહિત. સાતેય તત્ત્વની મિથ્યાશ્રદ્ધા અને સાતેય તત્ત્વની મિથ્યાશ્રદ્ધા સહિત. જુઓ ! પ્રતીતિ લીધું ને ? ઇ સાતેય તત્ત્વની પ્રતીતિ સહિત ખોટી માન્યતા, કછુક જ્ઞાન, જે કાંઈ જ્ઞાન છે તે કષ્ટને આપનારું અગૃહીત મિથ્યાજ્ઞાન છે. ઓલી અગૃહીત મિથ્યાશ્રદ્ધાની વ્યાખ્યા કરી હતી. ઇ અગૃહીત સાત તત્ત્વની શ્રદ્ધાની ભૂલ બતાવવી હતી. અગૃહીત એટલે અનાદિની શ્રદ્ધા. નિસર્ગ માન્યતા, અનાદિની ભૂલ, કોઈએ શીખવેલી નહિ. ઇ સાત તત્ત્વની ભૂલ અનાદિની પકડેલી, નિસર્ગ (છે), એની સાથે કછુ જ્ઞાન ઊંધું 'કષ્ટને આપનારું અગૃહીત મિથ્યાજ્ઞાન છે;...' આમાં ભાઈએ લખ્યું છે. શું કહેવાય ? આ 'છ ઢાળા'માં 'બુધસાગર' છે ને, 'બુધ' એમાંથી આ બનાવી છે. 'બુધજન' લખ્યું છે. આવી બધી વાત તો આપણે 'સમયસાર' આદિ શાસ્ત્રમાં આવી ગઈ છે. આ તો આ લોકો ઢાળના કર્તા બીજા પણ આ પ્રમાણે કહે છે.

'સબ વ્યવહાર ક્રિયા કા જ્ઞાન, ભયો અનંતી વાર પ્રધાન.' 'સબ વ્યવહાર ક્રિયા કા જ્ઞાન, ભયો અનંતી વાર પ્રધાન, નિપટ કઠિન અપની પહિચાન, તાકો પાવત હૈ કલ્યાણ.' એ શાસ્ત્રનું જ્ઞાન ને બીજી ક્રિયાનું જ્ઞાન ને દયા, દાન, વ્યવહાર જ્ઞાન ને આ જ્ઞાન, આ જ્ઞાન એવું અનંતવાર કર્યું. સબ વ્યવહાક્રિયા – દયા ને અહિંસા ને આમ ને તેમ ને આમ પાળવું ને આ ખાવું ને આ લેવું, આ લેવું એવી ક્રિયાઓ એનું જ્ઞાન 'ભયો અનંતી વાર પ્રધાન.' પ્રધાન એટલે ઊંચું એમ પાછું. શાસ્ત્રમાંથી વ્યવહારુ જ્ઞાન કાઢીને ઘણું ભણ્યો. આમ પ્રાયશ્ચિત લેવાય ને આમ દેવાય ને આમ દયા પળાય, આમ જોઈને ચલાય, આમ થાય. એવા વ્યવહારક્રિયાનું જ્ઞાન અનંતી વાર પ્રધાન કર્યું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નિપટ કઠિન અપની પહિચાન' ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન તે મહાકઠણ છે. બાકી એવું બધું જ્ઞાન પણ અનંતવાર કર્યું છે. મિથ્યાશ્રદ્ધા સહિત આવા મિથ્યાજ્ઞાન પણ અનંતવાર કર્યા. એ અગૃહીત મિથ્યાજ્ઞાન (છે). સમજાણું ? 'તાકો પાવત અકલ્યાણ.' લ્યો ! 'ધર્મ સુભાવ આપ શ્રદ્ધાન' દેખો ! સમ્યગ્દર્શન રહિત બાહ્ય ક્રિયા અને ચારિત્રનું જ્ઞાન કર્યું, જુઓ ! અર્થમાં લખ્યું (છે). અને ધર્મનું સ્વરૂપ તો આત્માનું શ્રદ્ધાન છે. પહેલું ત્યાંથી ઉપાડ્યું છે. 'ધર્મ સુભાવ આપ શ્રદ્ધાન, ધર્મ ન શીલ, ન સ્નાન, ન દાન.' કષાયની મંદતા આદિ શીલ સ્વભાવ કે ન સ્નાન કે દાન ધર્મ-બર્મ નથી. પોકાર તો કરે છે આ 'બુધજન' પહેલેથી, લ્યો ! અને આ લોકો કહે, 'સોનગઢવાળા'એ આમ કર્યું, 'સોનગવઢવાળા'એ આમ કર્યું, કહે છે. સમજાણું ?

'બુધજન ગુરુ કી શીખ વિચાર, ગહો ધામ આતમહિતકાર.' ભગવાન અનંત ગુણનો ધણિ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદથી ભરચક ભરેલો છલોછલ. એવા ભગવાનઆત્માના ધામની શ્રદ્ધા કર ને, કહે છે. એની સન્મુખ જો અને એનું જ્ઞાન કર, એ જ્ઞાન છે. એની સામું જો, એનું જ્ઞાન એ જ્ઞાન છે, બાકી વ્યવહાર ક્રિયાના આદિના જ્ઞાન પ્રધાનપણે કર્યા. પ્રધાન એટલે બહુ ઊંચા મિથ્યાજ્ઞાન, એ કંઈ જ્ઞાન-બ્યાન નથી. સમજાણું કાંઈ ? જુઓ ! એ ત્યાં (નાખ્યું) છે. આમ બેઠો છે. મિથ્યાજ્ઞાનનું છે ને ? ટેબલ છે ને ? ખોટા પુસ્તક પડ્યા હશે. કંઈક છે ખરું એવું બધું લાંબુ લાંબુ. અગૃહીત મિથ્યાજ્ઞાન (થયું). લ્યો !

ભાવાર્થ :– કહે છે કે, એ દુઃખદાયક કષ્ટને આપનારું છે. ઠીક ! એ આત્મજ્ઞાન વિનાનું જે બાહ્યક્રિયાનું જ્ઞાન તે તો દુઃખદાયક, દુઃખને આપનારું છે. ભગવાનઆત્મા, એનું જ્ઞાન તે સુખદાયક છે. એના વિના એકલી ક્રિયાનું, વ્યવહારની વાત, બધો વ્યવહાર લીધો છે, વ્યવહારશ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્ર ને વ્યવહાર વ્રત ને એના તપ ને એના બધા જ્ઞાન આત્મજ્ઞાન વિના એ બધા કષ્ટદાયક છે. આહા..હા...! આવું તો આ લોકો ગૃહસ્થાશ્રમમાં (રહીને) દિગંબર કહી ગયા છે. દિગંબર ગૃહસ્થો ! એમાં સનાતન માર્ગ હતો. પરંપરા વીતરાગ કેવળજ્ઞાનીની જે વાત છે એ વાત પરંપરા દિગંબર સંતોમાં ચાલી આવી છે.

મુમુક્ષુ :– ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– આવું ઊંધું ચાલ્યું આવતું હતું, ઊંધું માને છે, આ કહે છે ને જુઓને ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ દિગંબરમાં અનાદિથી સત્ ચાલ્યો આવે છે. 'ઋષભદેવ' ભગવાનથી. આ જુઓને ત્યારથી આ ચાલ્યો આવે છે. ક્રિયાના જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન, એ વસ્તુ જ બંધનું કારણ છે. હવે એમાં ધર્મ ક્યાં આવ્યો. આ વ્રત ને નિયમ ને ક્રિયાનું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન (છે), એમ અહીં તો કહે છે. આહા..હા...!

આત્માના જ્ઞાન વિનાનું જે જ્ઞાન.. આહા..હા...! કથાનુયોગનું જ્ઞાન, કરણાનુયોગના વ્યવહારુ જ્ઞાન એ બધું સમ્યક્ આત્મજ્ઞાન વિના એ જ્ઞાન કષ્ટદાયક છે, એમ કહે છે. અભિમાન થઈ ગયું કે, મને બહુ જાણપણું છે. બધું અમને આવડે છે. ચારે અનુયોગમાંથી વ્યવહાર આવો હોય, વ્યવહાર આવો હોય, વ્યવહાર આવો હોય. પણ એ વ્યવહાર, આત્મજ્ઞાન વિનાનું વ્યવહાર જ્ઞાન તો દુઃખદાયક છે. આહા..હા...! ભારે નાખ્યું છે, હોં ! વાત તો એમ જ છે.

એવી પ્રતીત એટલે સાત તત્ત્વની ભૂલ કીધી ને ? પહેલી જીવ પોતાના ઉપાદાનથી કામ થાય એમ ન માનતા પરથી માને, એ જીવની ભૂલ. અજીવના ઉપાદાનથી કામ થાય એને જીવથી થાય એમ માને, એ અજીવની ભૂલ. સમજાય છે ? પુણ્ય-પાપ બેય આસ્રવ તત્ત્વ છે એમાંથી એકને ઠીક ને અઠીક માને એ આસ્રવતત્ત્વની ભૂલ છે. બંધમાં શુભ અને અશુભ એક જાતના સંયોગો છે એમાં એક ઠીક અને એક અઠીક માને એ બંધતત્ત્વની ભૂલ છે. નિર્જરાતત્ત્વની ભૂલ – ઇચ્છાને રોકવી એમાં લાભ છે, એને ઠેકાણે એકલી શુભ ઇચ્છા કરવામાં લાભ છે એનું નામ નિર્જરાતત્ત્વની ભૂલ.

પરિપૂર્ણ નિરાકુળ મોક્ષતત્ત્વ છે એમાં કંઈ પણ ત્યાં અંદર ખાવા-પીવાનું નથી, ફલાણું નથી, ત્યાં આમ નથી, ત્યાં તે નથી એમ કેટલાક રાડ્યું પાડે છે ને ? ઇ શું કાંઈ ન મળે ? લાડી નહિ, વાડી નહિ, ગાડી નહિ, ઘોડી નહિ, બોલવું નહિ, સાંભળવું નહિ, લ્યો ! આમ ને આમ (રહેવું). એ નિરાકુળતા સુખની, મોક્ષતત્ત્વની એને ખબર નથી. આકુળતાથી મૂકાઈ જવું એનું નામ મોક્ષ છે. એને ઠેકાણે (એમ માને કે), ખાવા નહિ, પીવા નહિ, લાડવા નહિ, ચૂરમા નહિ, દાળ-ભાત નહિ, શાક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ, વઘારેલા કારેલા નહિ. હેં ? એ તો કારેલામાં અંદર મસાલો ભરે છે ને ? અને રસ હોય, ઊંચો રસ. ભાઈ ! કેરીનો રસ ઊંચો હોય. ત્યાં હતો ને, જુઓને ! એવી ઊંચામાં ઊંચી કેરી. ત્યાં પણ કેરી લાવ્યા હતા. ક્યાં ઓલું ગામ ? 'ખડ.. ખડ !' કયું ગામ કીધું ઇ ? ઇ ઊઠીને ગયા હતા 'શંકર'ના દેવળમાં. પહેલા નહિ 'કુંડળે'થી ઊઠીને. ઇ 'ખડ', કયુ ગામ ? ગામનું શું નામ ? 'ખડકાળું.' 'ખડકાળું' ? હા, ઇ. ઓલું શંકરના દેવળ, નહિ ? 'કુંડળે'થી ઊઠીને. તે દિ' ની વાત છે. કહો, સમજાણું ? નહિ રસ, પૂરી, ઊની ઊની પૂરી ઘીમાં તળેલી અને ઊંચામાં ઊંચા મીઠીયો રસ નીકળેલા, આમ વાટક્યો ભરીને આમ ફર્સ્ટક્લાસ ! એની સાથે મીઠા સાઠા, મોળા. હેં ? કહે છે, એવું કાંઈ નહિ. એ મોક્ષને શું કરવો છે અમારે ? સમજાય છે ? મૂઢ તને મોક્ષની ખબર નથી. એ બધી ઇચ્છાઓ ખાવા, પીવાની એ તો આકુળતા છે. હોળી છે ત્યાં. ત્યાં દુઃખનો ઢગલો છે. આ ખાઉં ને આ લઉં ને આ લઉં ને પત્તરવેલિયા ને શ્રીખંડ ને પૂરી ને... બધી ઇચ્છાઓ દુઃખરૂપ છે. એવું તો ત્યાં નથી, કહે છે. પણ ત્યાં નથી શેનું ? ત્યાં તો નિરાકુળતા આનંદ છે. તને દુઃખ છે માટે ઇચ્છા થાય છે.

ઇ વર્ણન શું કરવા કર્યું ? ઇ આકુળતા છે. એવી આકુળતા ત્યાં નથી. એને માને છે કે આવું કાંઈ નથી. એવી આકુળતા શેની હોય પણ ત્યાં ? સમજાણું કાંઈ ? એકલો અનાકુળ રસકંદમાં આમ પડ્યો છે અંદરથી. આહા..હા...! 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન સહિત જો' 'શ્રીમદ્દે' કહ્યું ને ? એવો આનંદ સ્વરૂપ મોક્ષ, એને ન માનતા, કાંઈક ઇચ્છા કરીએ, ઇચ્છા કરીએ, ઇચ્છા કરીએ, કાંઈ ન મળે, સાધન ન મળે, ઇચ્છાઓ ન મળે, આ ન મળે. એવો મોક્ષ અમારે નથી જોઈતો.

એક જણો વળી એમ કહેતો હતો. બિચારા ગુજરી ગયા. ઇ કહે, મોક્ષમાં ઇ સિદ્ધ શું કરે ? કીધું, કોઈ હરામ કાંઈ કરે તો. ત્યારે એ કહે, એ સિદ્ધ અમારે જોઈતા નથી. કહો, ઠીક ! 'હીરાભાઈ'ના મકાનમાં, 'નારણભાઈ'ના મિત્ર હતા, કેટલીક વાર આવતા, પણ દૃષ્ટિ એટલી વિપરીત. સિદ્ધ ભગવાન મોક્ષ(માં જઈને) શું કરે ? મેં કીધું, કરે આત્માને આનંદને, બસ ! બીજું કાંઈ નહિ. કોઈનું હરામ કાંઈ કરે તો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક ફોતરું ન ફેરવે. (ત્યારે ઇ કહે), એવો મોક્ષ અમારો જોઈતો નથી. એનો અર્થ કે, અમારે એવો મોક્ષ જોઈતો જ નથી. બાપા ! તમને મોક્ષ એટલે શું (ખબર નથી). અહીં પણ જેટલે અંશે રાગ ઘટે અને સ્વરૂપમાં સ્થિર થાય એટલે અંશે શાંતિ છે. રાગ થાય અને પ્રવૃત્તિ અનુકૂળ હોય એમાં શાંતિ (છે), એમ છે નહિ.

બીજાને જાણે સુધારી દઈએ અને બધા સુખી દેખાય, બસ ! આપણને શાંતિ. મૂઢ છે. ઇ તો રાગ છે, માળા ! સમજાય છે કાંઈ ? પરનું કરી દઈએ એ તો આકુળતાની બુદ્ધિ મહામિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે. જ્ઞાનસ્વરૂપમાં રાગનું કરવું છે જ ક્યાં ? એને ઠેકાણે કર્તૃત્વ જ્યાં સ્વીકાર્ય છે (ત્યાં) આકુળતા તીવ્ર છે, મિથ્યાત્વની તીવ્ર આકુળતા છે. મિથ્યા નામ અસત્ય દૃષ્ટિની તીવ્ર આકુળતા છે. હવે એવું એને ત્યાં દેખાય નહિ. કીધું, પરનું સારું કરવાની ઇચ્છા મોક્ષમાં કાંઈ ન હોય. આવો મોક્ષ ? હેં ? સમજાણું કાંઈ ?

કહે છે, એવી માન્યતા સહિત જેનું ઊંધું જ્ઞાન છે એને અગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. એ સાતે તત્ત્વની ભૂલની વ્યાખ્યા થઈ ગઈ. નિર્જરા તત્ત્વમાં આત્માના આંશિક શુદ્ધિની વૃદ્ધિ. અહીં કીધું ને ? 'નિજ શક્તિ ખોય' પોતાનો આત્મા આનંદમૂર્તિ શ્રદ્ધા સંપન્ન કેવળજ્ઞાનનો કંદ, એવી એની શક્તિ છે. એની શક્તિની શ્રદ્ધા-જ્ઞાન દ્વારા પ્રગટ થવી જોઈએ, પ્રગટ થવી જોઈએ, એ શક્તિની પ્રગટતા થવી જોઈએ એને ઠેકાણે એકલી ઇચ્છામાં એણે લાભ માન્યો.

આંશિક શુદ્ધિની વૃદ્ધિ અથવા અશુદ્ધિની હાનિ થવી તેને સંવરપૂર્વક નિર્જરા કહેવામાં આવે છે. તે નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક હોઈ શકે છે. એ નિર્જરા આત્માના પરિપૂર્ણ શુદ્ધ આનંદની પ્રતીતિના અનુભવપૂર્વક જ નિર્જરા હોય છે. નહિતર નિર્જરા હોઈ શકે નહિ. કેમકે શક્તિ પરિપૂર્ણ છે એની પ્રતીતિ અને જ્ઞાનમાં તો ભાન આવ્યું નથી. આવ્યા વિના ઠરે ક્યાં ને નિર્જરા થાય ક્યાં ? એમ કહે છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનપૂર્વક જે કીધું એનો અર્થ ઇ કે, જ્યાં આત્મા એકસ્વરૂપે અખંડાનંદ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનનો કંદ આત્મા છે એવી જ્યાં અંતર જ્ઞાનમાં પ્રતીતિ જ આવી નથી, ભાન જ આવ્યું નથી તો ઠરવાનું ક્યાંથી હોય એમાં ? માટે સમ્યગ્દર્શન વિના એને નિર્જરા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર થવાથી.. જુઓ ! શુભ-અશુભ ઇચ્છાનો નિરોધ થાય છે એને તપ કહેવામાં આવે છે. એકલા અપવાસ કરે ને ઇચ્છા છે, ત્યાં તો રાગનો ભાગ છે. ઇચ્છા વિનાની ચીજ, નિરાકુળ આનંદકંદ એવા આત્માની તો પ્રતીત થઈ નથી કે આમાં ઠરવાથી મારું ચારિત્ર થશે. આમાં ઠરવાથી મારી મુક્તિ થશે. શું કીધું ? આ સ્વરૂપ અખંડાનંદ જ્ઞાનનો પુંજ પ્રભુ છે, એ જ મારું તત્ત્વ છે, એમાં ઠરવાથી મારી મુક્તિ થશે, એવી પ્રતીતનું ભાન તો થયું નથી. નિર્જરા ક્યાંથી થાય એને ? સમજાણું કાંઈ ? એ તો બહારની ઇચ્છાના વેગમાં તણાણો છે. આ કરી દઉં ને આ કરી દઉં, બીજાનું કરી દઉં. દુનિયાનો ઉદ્ધાર કરી દઉં. પણ તારો તો કર પહેલો.

મુમુક્ષુ :– ... ?

ઉત્તર :– હા, એમ કેટલાક કહે છે. કેટલાક કહે, (ભલે) અમારે બે ભવ વધે, પણ દુનિયાનું કલ્યાણ જો થાતું હોય તો ભલે બે ભવ વધે. એને મૂઢને નથી આત્મતત્ત્વની શ્રદ્ધા, નથી મુક્તિ અનાકુળ થાય એની શ્રદ્ધા. એને આકુળતા કરીને દુનિયાનું સુધારવાનો ભાવ છે.

મુમુક્ષુ :– મોક્ષ થઈ જાય ...

ઉત્તર :– ધૂળમાંય નથી. વાત કીધી નહિ ? લોકકલ્યાણ કરી જ કોણ શકે છે ? ઇ (સંવત) ૧૯૮૨ની સાલમાં અમારે મોટી ચર્ચા ચાલી હતી. કીધું નહોતું ? ‘તરે તે તારે.’ એવું સૂત્ર લખ્યું હતું. ‘વઢવાણ’ના ચોમાસામાં. (એક મુમુક્ષુ) છે ને ? ‘તરે તે તારે.’ એક વકીલ આવ્યા. કંદોઈ વકીલ છે. વકીલ આવ્યા, કહે, મહારાજ ! એમ ન કરો. ત્યારે શું કરવું જોઈએ એમાં ? ‘તારે તે તરે’ ભાઈ ! કેટલા ગોતવા જાવા ? કીધું. એકકે માણસ ન હોય તો એને કેવળજ્ઞાન થાય નહિ ને ? સમજાણું કાંઈ ? (સંવત) ૧૯૮૨ની સાલની વાત છે. વ્યાખ્યાન ચાલતું હોય ને ? માથે ચાકળો બાંધતા. સૂતરનો, હોં ! શું કહેવાય ? ભરીને, દોરાથી ભરેલા. ‘તરે તે તારે’ એવું લખેલું. વકીલ આવ્યા, મહારાજ ! એમ ન જોઈએ. ‘તારે તે તરે’. કીધું, કેટલાને ગોતવા ? કેટલાને ગોતવા જાવા ? અહીં ગોતવો કે ત્યાં ગોતવો ? ભાઈ ! દુનિયા તો એમ ને એમ ચાલી જ જાય છે. આ તો ૧૯૮૨ની વાત છે, લ્યો ! ચાલીસ વર્ષ થયા. ‘તારે તે તરે.’ કીધું, એક્કેને ન તારે અને પોતે તરે. સાંભળને ! નિમિત્ત તો એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાની સામાની યોગ્યતા હોય અને આને પુણ્યનો યોગ હોય તો નિમિત્ત થાય. નિમિત્ત થાય પણ નહિ, એક્કેને તારે નહિ અને પોતે તરે.

પોતાનો આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી એ એક જ એને મુક્તિનો ઉપાય છે. આ તો દુનિયા એમ કહે, ઓ..હો..હો...! દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચીસ-પચીસ હજાર માણસમાં એનું વ્યાખ્યાન (થાય છે) અને લોકો.. શું ધૂળમાં છે ? પણ શું છે ? એ વાણી જ આત્માની નથી, ઇચ્છા થાય એ આત્માની નથી. હવે કલ્યાણ કોનું કરવું એમાં ? એ..ઇ...! વાણી જડ છે, એમાંથી આત્માને લાભ નથી. ઇચ્છા થઈ, કહું. એ ઇચ્છા રાગ છે, આકુળતા છે. (એનાથી) આત્માને લાભ નથી. કોનાથી લાભ કરવો છે એને ? આખી દૃષ્ટિની મૂળમાં ભૂલ છે. સમજાય છે કાંઈ ?

અશુભ ઇચ્છા અને શુભનો નિરોધ થાય તેને તપ કહે છે. એ ઇચ્છા જે થવી એને જ ન થવા દેવી અને સ્વરૂપની શાંતિ અને અનાકુળ આનંદની પ્રગટ શક્તિનો વ્યક્ત ભાવ થવો એ જ ધર્મ ને તપ ને નિર્જરા છે. આહા..હા...! એ.. 'તપસી' ! એ તપસી કહેવાય ગયા. મહિનાના અપવાસ કરે તો એનાથી બીજા વિશેષ ભલે હોય પણ કાંઈ તપસી કહેવાય ? બહારમાં ઇ ગણાય. (એક ભાઈની) વહુએ કીધું. આ કહે, તમે ડિગ્રીવાળા થઈને અમારી સેવા કરો છો. (એટલે આ કહે), અમારી ડિગ્રી કરતા તમારી ડિગ્રી ઊંચી. ઇ બિચારા અહીંના ગણાય. (એક ભાઈની) વહુ ડૉક્ટર છે ને ? તમારી ડિગ્રી ઊંચી. આ કહે, પણ તમે આવા ઊંચા અને અમારી સેવા કરો, અમે સાધારણ માણસ.

અહીં તો વાત ઇ છે કે, જેને આત્મામાં ઇચ્છા જ કરવી નથી. ઇચ્છા થાય એ જ બંધનું કારણ છે. બોલવા-ફોલવાની વાત હતી કે દિ' ? એ તો વાણી જડની છે. સમજાય છે ? કહે છે કે, સમ્યગ્દર્શનપૂર્વક અને સમ્યક્જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર થવાથી શુભ-અશુભનું ઇચ્છાનું અટકી જવું એને સાચો તપ અને નિર્જરા (કહે છે). દુનિયાને ઉપદેશ દઈએ તો આપણને નિર્જરા થશે. ધૂળેય નહિ થાય, સાંભળને ! ઉપદેશ તો વાણી છે, વાણીથી આત્માને નિર્જરા થતી હશે ? અને ઇચ્છા ઉત્પન્ન થાય એ પુણ્ય છે. એનાથી જીવને નિર્જરા થાય ? દુનિયા ધર્મ પામે. તું સમજ્યો નથી ને ઓલાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તું ક્યાંથી નિમિત્ત થાઈશ ? ધર્મનું સ્વરૂપ શું છે ઇ તો તનેય હજી ખબર નથી. તું જાણે કે, આ ઇચ્છા કરું ને આ ઉપદેશ આપું તો ધર્મ થાય. મૂઢ છો તું. હવે એવા શી રીતે તું બીજાને કરીશ ?

મુમુક્ષુ :– આવડે.

ઉત્તર :– આવડે ક્યાંથી પણ ? ઇચ્છા વિનાનો, વાણી વિનાનો આત્માનો સ્વભાવ (છે), તે સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન કરે તેને ધર્મ થાય. લાવશે ક્યાંથી ? સમજાણું કાંઈ ? ભારે વાતું, ભાઈ !

મુમુક્ષુ :– મૂળમાંથી ભૂલ જ નીકળી ?

ઉત્તર :– મૂળમાંથી ભૂલ મોટી મણની, મણમાં આઠ પાંચશેરીની ભૂલ. આહા..હા...!

'શુભ-અશુભ ઇચ્છાનો નિરોધ થાય તે તપ છે. તપ બે પ્રકારના છે : (૧) બાળતપ, (૨) સમ્યક્તપ.' જુઓ ! 'અજ્ઞાનદશામાં જે તપ કરવામાં આવે...' જુઓ ! ઉણોદરીની વૃત્તિ, રસપરિત્યાગ (કરે), ત્યાગ ભલે કરે પણ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન નથી એ ઇચ્છામાત્રનો કર્તા નથી. વાણીનો કર્તા નથી, કોઈને સમજાવે અને બીજો સમજે એનો આમાં લાભ છે જ નહિ, બીજાથી સમજે એ પણ વસ્તુમાં છે જ નહિ. આહા..હા...! ઝાઝા સમજે તો ઝાઝો લાભ થાય, થોડા સમજે તો ઓલાને મોક્ષ થોડો મોંઘો થાય, એમ હશે ને ? જેનાથી ઘણા સમજે એનો મોક્ષ ઝટ થઈ જાય અને જેનાથી થોડા (પણ) સમજે નહિ તો એનો મોક્ષ ન થાય. ગોતવા પડે ને ઝાઝાને ? અરે...! હાલ.. હાલ..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એને ગોતીને એકાગ્ર થાય તેનો મોક્ષ થાય. લાખ વાતું (હોય), ઇચ્છા હોય કે ઉપદેશ હોય, એને ઘેર, એને ઘરે રહ્યા. એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ ? આ..હા..હા...! પંદર-પંદર હજારને માણસને ધર્મ પમાડે એને કેટલો લાભ થાય ? ધૂળેય ન થાય, સાંભળને ! હજી બીજાને પમાડી શકે નહિ, એ તો એને કારણે ઇ સમજે છે અને તારી શ્રદ્ધામાં તો એમ છે કે આ બીજા સમજે તો એમાંથી કાંઈક થોડો ભાગ મને મળે. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– વેપારમાં બરકત હોય તો વેપાર જ સૂઝે ને !

ઉત્તર :– ઇ ઠીક, પણ ઇચ્છા સાથે પરને સંબંધ શું ? જીવ બોલે તો જીવને લાભ થાય એ જ વાત મિથ્યાદૃષ્ટિ માને છે. ભાષા જડની છે અને જીવને ઉપદેશ દેવાની ઇચ્છા થાય તો આત્માને લાભ થાય એ જ મૂઢ છે. ઇચ્છા તો રાગ છે, એમાંથી લાભ શી રીતે થશે ? અને બીજા સમજે તો આને લાભ થાય. તો બીજાની સમજવાની એને લાયકાત છે. એમાં તારાથી સમજ્યો છે ક્યાં ? અને ઇ સમજે એમાં તને જરીયે લાભ ક્યાં ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! પણ ભઈ ! આવે છે ને ? 'સર્વ જીવ કરું શાસન રસિ' એ તો વિકલ્પ આવ્યો એનો બંધ પડે છે, એમ કહ્યું છે. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે. એક જીવને પણ જો ધર્મ પમાડે તો તીર્થંકર પુણ્ય બાંધે. એટલે ? ઓલી ઇચ્છા થઈ એમાં તને બંધ થશે, એમ કહ્યું ત્યાં. ભાઈ ! એમ કહ્યું છે, હોં એણે. ઓલા શું સમજે ? આ..હા..હા...! પણ એવું લખ્યું છે. એની– 'શ્રીમદ્દ'ની શૈલી તો જુદી જાતની. એટલે કે જે ધર્મ સમજ્યો છે અને ઇચ્છા જરીક આવી. હવે એમાં કોઈ સમજ્યો, ન સમજ્યો એની સાથે સંબંધ નથી. ઇચ્છા આવી તો ઇચ્છાથી એને સમ્યગ્દર્શન છે (એમ નથી માનતો). ઇચ્છા મારું કર્તવ્ય નથી, મારાથી બીજો સમજતો નથી, એ વાણી નીકળે એ મારી ચીજ નથી, એવી ઇચ્છામાં નિષેધ વર્તે છે, આત્માનો આદરભાવ (છે) અને આનો આદર નથી. એટલે એને તીર્થંકર પ્રકૃતિ બંધાશે. એ બંધાશે એમાં આત્માને લાભ નથી. ઇચ્છાથી લાભ નથી અને બંધાયથી લાભ નથી, એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. એ ઇચ્છા તોડીને સ્થિર થઈશ તે દિ' મને ચારિત્ર અને કેવળ થાશે. ઇચ્છાથી પ્રકૃતિ બંધાણી માટે મને કેવળ થાશે એમ જ્ઞાની માનતો નથી અને એમ હોઈ શકે નહિ. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ?

સાત તત્ત્વની ભૂલ કહીને પછી કહ્યું કે, ઇ ભૂલવાળું જેટલું બીજું જ્ઞાન કરે છે એ બધું જ્ઞાન કષ્ટદાયક છે. સમજાણું ? 'અજ્ઞાનદશામાં...' એટલે આત્માના ભાન વિના ઇચ્છાથી લાભ માનનાર, શરીરની ક્રિયાથી લાભ માનનાર એવા અજ્ઞાનીને એ જે કંઈ રાગાદિ મંદ હોય ને કોઈ તપસ્યા, ઉણોદરી હોય એ બધું બાળતપ છે. 'તેનાથી કદી સાચી નિર્જરા થતી નથી,...' એને સાચી એટલે શક્તિની પ્રગટતા (થતી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી). કારણ કે એમાં સામું તો પર સામું જોવાનું છે, સ્વ સામું જોવાનું નથી. અને સ્વ સામું (જોઈને) પ્રતીત કરે તો પછી સ્વ સામું જોઈને ઠરે. ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ પૂર્ણ છું, હું જ્ઞાતા-દૃષ્ટા પરિપૂર્ણ છું એવી પ્રતીત અને અનુભવ હોય તો એની સામું જોઈને ઠરે, પણ એની પ્રતીતિની તો ખબર ન મળે, ઠરવું ક્યાં ? માટે અજ્ઞાનીના જેટલી તપસ્યા આદિ હોય એ બધા બાળતપ, પુણ્યબંધ આદિ ભલે હો. પણ મિથ્યાત્વ સહિત છે એટલે અજ્ઞાનતપ છે. ઓ..હો..હો...!

'પણ આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિરતા અનુસાર જેટલો શુભ-અશુભ ઇચ્છાનો અભાવ...' એટલે ? આત્મા વિકલ્પ ને ઇચ્છા ને વાણી વિનાનો છે એવું અંતરમાં અનુભવ અને દૃષ્ટિ થઈ છે તેને 'સમ્યક્ પ્રકારે સ્થિરતા અનુસાર...' એમાં સ્વ સામું સ્થિરતા જેટલી થઈ એને અનુસારે જેટલો શુભ-અશુભનો અભાવ થઈ ગયો તે સાચી નિર્જરા છે, એને સાચો તપ કહેવાય છે. કહો, સમજાણું ? 'પણ મિથ્યાદૃષ્ટિ જીવ એમ માનતો નથી.'

'પોતાની અનંત જ્ઞાનાદિ શક્તિને ભૂલે છે,...' મારી શક્તિ મારામાં છે, ઇચ્છાથી પ્રગટ થાય નહિ, નિમિત્તથી પ્રગટ થાય નહિ, બોલવાથી પ્રગટ થાય નહિ. મારું સ્વરૂપ તો પૂર્ણાનંદ છે એની સામું જોવાથી, એકાગ્ર થવાથી પ્રગટ શક્તિ થાય. જેમાં ભરી છે એમાં એકાગ્ર થવાથી થાય. એની એને ખબર નથી. જેમાં પૂર્ણાનંદ કેવળજ્ઞાન આનંદ પડ્યો છે એવી સ્વરૂપની પ્રતિત થઈ છે એમાં એકાગ્ર થતાં થાય, એવું તો ભાન અજ્ઞાનીને નથી. એથી એના બધા તપને અજ્ઞાનતપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'પરાશ્રયમાં સુખ માને છે,...' ઇચ્છા થઈ છે ને ? વાણી નીકળે છે, ત્યાગાદિ કે અપવાસ કરે એમાં લાભ માને છે, એ પરાશ્રય ભાવ છે. 'શુભાશુભ ઇચ્છા અને પાંચ ઇન્દ્રિયોની વિષયોની ઇચ્છાને રોકતો નથી.' રોકે ક્યાંથી પણ ? જેને ઇચ્છા વિનાનું સ્વરૂપ જ શું છે એનું ભાન નથી અને ઇચ્છામાં જ સર્વસ્વ માન્યું. પરસન્મુખના વેગની વૃત્તિઓમાં સર્વસ્વ કલ્પ્યું છે. ચીજ બીજી છે એની શ્રદ્ધા, જ્ઞાન નથી. ભારે વાત કરી, જુઓને ! એક શ્લોકમાં ઇ બધું છે, હોં !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– જબ ઇચ્છા કા નાશ.

ઉત્તર :– ઇ તો વાત પહેલી આવી ગઈ. કીધું ને ? ગડિયો બોલે છે ઇ, બેસે છે ક્યાં એને ? જ્ઞાનમાં નક્કી થવું જોઈએ ને ? તો આમ રાગ ન પાડે. એની વાત પહેલી કીધી હતી. ભાઈ ! સવારમાં આમ પોકાર કરીને આવે. આજે હિંમત આપો. શું છે ? હિંમત હારી ગયા છે. હિંમત હારી ગયા એમ ન બોલ્યા. સમજી ગયા. સફાઈ ભાષા કરી થોડી. ખરું કે નહિ ? પહેલી ભાષા એવી કરતા કે, હવે તો આમ છે ને સવારે આમ છે. પછી પરમ દિ' આવ્યા તો (કહે), હિંમત આપો, મહારાજ ! આમ સફાઈ ભાષા ફેરવી એણે. એટલે હિંમત હારી ગયો છે એમ ન બોલ્યો. ભાષાને એણે ફેરવી. હેં ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના. એ તો અંદર વાણિયાવેડ કરી. મેં કીધું તરત, હં, હિંમત હારી ગયાની ભાષા, હિંમત આપો, તમે બોલો છો. પછી દાંત કાઢ્યા. એમ હોય નહિ એને. લાખ પ્રતિકૂળતા હોય તો શું ? મને શું છે પણ ? એ તો જડની અવસ્થા છે. એ અડે છે મને ? ત્યારે એને અંતર આત્માની પ્રતીત થાય ત્યારે ઇચ્છા રોકાય. ઇ વિના ક્યાંથી રોકાતી હતી ? ઇચ્છા જેમાં નથી એવી ચીજની પ્રતીતિ વિના ઇચ્છાનો અભાવ કરશે શી રીતે ? ઇચ્છા નામ રાગનો નાશ કરનાર આત્મા એનો અર્થ કે એનામાં રાગ નથી. ઇચ્છાનો નાશ કરનાર આત્મા એનો અર્થ કે ઇચ્છા એનામાં નથી. નાશ કરનાર કીધો. કરનાર ને રાખનાર છે ઇ ? તો એનો અર્થ શું થયો ? ભલે નાશ કરનારો ખરેખર તો નથી. એનો અર્થ ઇ કે, એ રાગાદિ એના સ્વભાવમાં છે જ નહિ. એવા સ્વભાવની શ્રદ્ધા ને જ્ઞાન વિના રાગનું રોકવું, ઇચ્છાનું રોકવું કોઈ દિ' ત્રણકાળમાં ન થાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૫, બુધવાર
## તા. ૨૬-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૭ થી ૧૨, પ્રવચન નંબર–૯

આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' (ચાલે છે). એમાં બીજી ઢાળની સાતમી ગાથાનું છેલ્લું થોડુંક બાકી છે. છેલ્લી અજ્ઞાનની વ્યાખ્યા છે ને ? અનાદિથી મિથ્યાદર્શન સહિત અગૃહીત મિથ્યાદર્શન કહ્યું છે ને ? સાતે તત્ત્વની ભૂલ કહીને હવે આ મિથ્યાજ્ઞાન એની સાથે બતાવે છે. જીવ, પાંચ દ્રવ્યથી જેનું ઉપયોગ સ્વરૂપ તદ્દન ભિન્ન છે એમ ન જાણતા પરને લઈને હું છું એવો અંતરમાં ચિદાનંદ જ્ઞાનાનંદના સ્વભાવની ભૂલ, શરીર, વાણી, મનથી, રાગથી હું છું એવી માન્યતા એ જીવની ભૂલ, એ મિથ્યાશ્રદ્ધા અનાદિની અણગ્રહેલી નિસર્ગથી છે. સમજાય છે કાંઈ ?

જીવ પાંચ દ્રવ્યથી તદ્દન જુદી એની ચાલ (છે), એમ આવ્યું હતું ને ? જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ એનું છે, તે તો ઉપયોગ જાણનાર-દેખનાર શક્તિ અને પર્યાય એની એ છે, એમ ન માનતા બીજા પદાર્થના સંગથી હું છું એમ પોતાના ઉપાદાનમાં માનવું એને જીવની અગૃહીત મિથ્યાદર્શનની ભૂલ કહેવામાં આવે છે કે, જે અનાદિની અણગ્રહેલી, કોઈના ઉપદેશ વિના (ગ્રહેલી છે), એને અગૃહીત જીવની ભૂલ કહે છે.

અજીવની એ ભૂલ – શરીર આદિ ઊપજે તો હું ઉપજ્યો છું, આ પરની ક્રિયા આદિમાં મારું અધિકારપણું છે એવા અજીવતત્ત્વના ઉપાદાનની સ્વતંત્ર પર્યાયમાં આત્મા એમ માને કે આ મારાથી છે, એને અજીવતત્ત્વની ભૂલ કહેવામાં આવે છે. એ અગૃહીત મિથ્યાદર્શનનું અજીવતત્ત્વના ભૂલનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ?

આસ્રવ – જે આત્મામાં પુણ્ય અને પાપના ભાવ દુઃખદાયક છે, આકુળતાના ઉપજાવનારા (છે) એને એ પ્રેમથી આકુળતાનું સેવન કરે, પ્રેમથી એની પ્રવૃત્તિની, પુણ્ય-પાપના ભાવની રુચિ રાખે... સમજાણું કાંઈ ? એને આસ્રવતત્ત્વની અનાદિની અણગ્રહેલી મિથ્યાશ્રદ્ધા કહેવામાં આવે છે. સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધની ભૂલ – અનુકૂળ સામગ્રી મને ઠીક પડે, પ્રતિકૂળ એ અઠીક પડે. બંધના ફળ તરીકે મળેલી સામગ્રી, આ બધા બંધના ફળ એ મને અનુકૂળ–ઠીક (છે), પ્રતિકૂળ ઠીક નહિ, એવી જે માન્યતા (છે) એને બંધતત્ત્વની ભૂલ છે. કેમકે એ બંધ પોતે જ પ્રતિકૂળ-અનુકૂળ સંયોગનું કારણ એકેય હિતકર છે નહિ. આવા સાધન હોય તો મને ઠકી, આવા સાધન હોય તો મને ઠીક નહિ, એવી એને બંધતત્ત્વની અનાદિની અણગ્રહેલી નિસર્ગરૂપે ઉપદેશ વિના ગ્રહેલી શ્રદ્ધા છે. સમજાણું કાંઈ ?

સંવરની એની એ ભૂલ છે કે, આત્માના જ્ઞાન અને આનંદ, આનંદ એટલે ચારિત્ર, એ આત્માનું જ્ઞાન અને ચારિત્ર આત્માને શાંતિ આપનાર છે. આત્માનું જ્ઞાન અને આનંદ. આનંદ એટલે ચારિત્ર એ શાંતિ આપનાર (છે છતાં) એને દુઃખદાયક માને. આ શું ? આત્માનું વળી જ્ઞાન અને એમાં ચારિત્ર (શું) ? એ જ્ઞાન અને વૈરાગ્યને દુઃખદેન માને, દુઃખદાતા માને એને સંવરતત્ત્વની અનાદિની અણગ્રહેલી મિથ્યાદર્શનની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ ?

(નિર્જરાતત્ત્વની ભૂલ) – પોતાની શક્તિ શુદ્ધ આનંદકંદ છે, એ શક્તિની પ્રગટતા ન કરતાં ઇચ્છાને પ્રગટ કરીને તેમાં સંતોષ માને. સમજાય છે કાંઈ ? ઇચ્છા પછી શુભ કે અશુભ કોઈપણ હો, એ ઇચ્છાની પ્રવૃત્તિમાં જેને સંતોષ છે એને શક્તિનો નિરોધ થાય છે, શક્તિ પ્રગટ થતી નથી અને (એમાં) સંતોષ માને છે તે નિર્જરા તત્ત્વની ભૂલ છે. સમજાણું કાંઈ ? એક મોક્ષ રહ્યો.

મોક્ષ એ નિરાકુળ પરમાનંદનો સ્વભાવ, એનું નામ મોક્ષ છે. એ મોક્ષ એને ન રુચે. ઇ શું ? એકલા રહેવું, નહિ કંઈ ખાવા-પીવાનું સાધન, નહિ બોલવાના સાધન, નહિ કંઈ રાગ-દ્વેષના વિકલ્પ કે મનના સાધન, એકલું (રહેવાનું) ? એમ જેને નિરાકુળ આનંદના મોક્ષતત્ત્વની પ્રીતિ નથી એને અનાકુળ તત્ત્વ રુચતું નથી. આકુળતા વિના એકલું રહે એ વળી શું ? શરીર વિના આત્મા રહે ? ઇન્દ્રિય વિના આત્મા જ્ઞાન કરે ? એમ જેને અનાકુળ તત્ત્વ મોક્ષની પ્રતીતની ખબર નથી એને મોક્ષતત્ત્વની ભૂલ અનાદિની અણગ્રહેલી નિસર્ગ ઉપદેશ વિના સ્વભાવથી માનેલું છે એને અનાકુળમાં મોક્ષ ન માનતા, નિવૃત્તિ તદ્દન થઈ જવી એનું નામ મોક્ષની નિવૃત્તિને ન માનતા પ્રવૃત્તિને કંઈક માને એને મોક્ષતત્ત્વની ભૂલ કહે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ 'અગૃહીત મિથ્યાદર્શન હોય...' આ એક શબ્દની વ્યાખ્યા(માં) સાતની ટૂંકી (વ્યાખ્યા) પહેલા કરી નાખી. સમજાણું કાંઈ ? એવું અગૃહીત મિથ્યાદર્શન જ્યાં હોય ત્યાં જે કંઈ જ્ઞાન હોય તેને અગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે. જે કંઈ જાણપણું, શાસ્ત્રનું જાણપણું હોય, બીજાનું જાણપણું હોય એ બધા જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! જ્યાં મૂળ સાત તત્ત્વની અંદરની દૃષ્ટિમાં ભૂલ છે એના ગમે તેટલા જાણપણા, ઉઘાડજ્ઞાન હોય એ જ્ઞાનને ભગવાન કહે છે, અમે એને મિથ્યા અગૃહીત જ્ઞાન કહીએ છીએ. એ મિથ્યાજ્ઞાન પણ ઉપદેશ વિના સ્વતઃ એણે પ્રગટ કરેલું છે. સમજાણું કાંઈ ? નિસર્ગ એને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. નિસર્ગ મિથ્યાજ્ઞાન કહો કે અગૃહીત મિથ્યાજ્ઞાન કહો.

અનાદિનું સ્વરૂપના સાત તત્ત્વના વિવેકની શ્રદ્ધાની અંતર ખબર ન મળે એ સહિતના જેટલા જાણપણા તેટલાને (મિથ્યાજ્ઞાન કહે છે). જુઓ ! કહ્યું ને ? 'જે કંઈ જ્ઞાન હોય...' તે જ્ઞાન અગૃહીત મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાન કેવું છે ? 'મહાન દુઃખદાતા છે.' દુઃખદાતા છે અને એમ એ માને છે કે આ જ્ઞાનથી મને લાભ થશે. અગૃહીત મિથ્યાદર્શનપૂર્વક જેને અંતર આ જ્ઞાન ઉઘાડ હોય છે એ ઉઘાડથી એ લાભ માને છે. હું કાંઈક ચડિયાતો છું, મારી કળા છે, મને આવડત છે એવું જે અંદર મિથ્યાજ્ઞાનનું અભિમાન મહા દુઃખદાયક છે છતાં એને લાભદાયક માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'મહાન દુઃખદાતા...' એમ કહ્યું છે ને ? જુઓને ! 'સો દુઃખદાયક અજ્ઞાન જાન.' એમ છે ને ? 'યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન,...' એમ છે ને ? 'કછુક જ્ઞાન' એ શબ્દ જ એમાં પડ્યો છે. તેથી 'કંઈ જ્ઞાન' લખ્યું છે. મૂળ પાઠમાં એમ લખ્યું છે. છે ને ? 'રોકે ન ચાહ નજિશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય; યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન.' કહો, સમજાણું કાંઈ ? બહુ ટૂંકા શબ્દોમાં ઘણા ભાવો ગોઠવ્યા છે. ગૃહસ્થાશ્રમમાં પણ એણે શાસ્ત્રના મર્મની વાત છે એને બહુ ટૂંકામાં કહી છે.

ભાઈ ! જેને આત્માનો પક્ષ અંદર થયો નથી અને જેને આવી અંદરમાં ભૂલ છે, પ્રવૃત્તિની ઇચ્છામાં સંતોષ માને, ઇ પ્રવૃત્તિ, ઇચ્છા કરીને નિર્જરા માને, ઇચ્છા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને એમાં જ્ઞાન થયું એને સાચું જ્ઞાન માને, એ જ્ઞાન એકલું મહા દુઃખદાયક છે. સમજાણું કાંઈ ?

'તે ઉપદેશાદિ બાહ્ય નિમિત્તોના આલંબન વડે નવું ગ્રહ્યું નથી, અનાદિનું...' એ જ્ઞાન પરાલંબી તત્ત્વની શ્રદ્ધા વિરુદ્ધ, પરાલંબી પકડેલો ઉઘાડ એ એની મેળાએ પ્રગટ થયેલો છે. એ 'અનાદિનું છે, તેથી તેને અગૃહીત (સ્વભાવિક–નિસર્ગજ) મિથ્યાજ્ઞાન કહે છે.' ત્રણે એક જ અર્થ છે. અગૃહીત કહો, નિસર્ગ કહો, સ્વભાવિક કહો. જુઓ ! આ મુદ્દાની રકમની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? જેણે આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એની અંદરમાં વિકલ્પરહિત પ્રતીતિ કરી નથી, એનું આત્મજ્ઞાન પ્રગટ કર્યું નથી અને આત્મજ્ઞાનમાં સ્થિરતાનું ચારિત્ર પ્રગટ કર્યું નથી એને આ પ્રકારના બોલો અનાદિના છે. એ સંસારમાં મહા દુઃખદાયક છે. હવે એની સાથે 'અગૃહીત મિથ્યાચારિત્ર (કુચારિત્ર)નું લક્ષણ' (કહે છે).

## અગૃહીત મિથ્યાચારિત્ર (કુચારિત્ર)નું લક્ષણ

ઇન જુત વિષયનિમેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;
યોંમિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબજે ગૃહીત સુનિયે સુ તેહ. ૮.

અન્વયાર્થ :– (જો) જે (વિષયનિમેં) પાંચ ઇંદ્રિયોના વિષયોમા (ઇન જુત) અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહીત (પ્રવૃત્ત) પ્રવૃત્તિ કરે છે (તાકો) તેને (મિથ્યાચરિત્ત) અગૃહીત મિથ્યાચારિત્ર (જાનો) સમજો. (યોં) આ પ્રમાણે (નિસર્ગ) અગૃહીત (મિથ્યાત્વાદિ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનું [વર્ણન કરવામાં આવ્યું.] (અબ) હવે (જે) જે (ગૃહીત) ગૃહીત [મિથ્યાજ્ઞાન-જ્ઞાન-ચારિત્ર] છે (તેહ) તેને (સુનિયે) સાંભળો.

ભાવાર્થ :– અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહિત પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે પ્રવૃત્તિ કરવી તેને અગૃહીત મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેયને દુઃખના. કારણ જાણી તત્ત્વજ્ઞાનવડે તેનો ત્યાગ કરવો જોઇએ. ૮.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઇન જુત વિષયનિમેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;**
**યોંમિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબજે ગૃહીત સુનિયે સુ તેહ. ૮.**

જુઓ ! શું કહે છે ? એ વિષય – 'પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં (ઇન જુત) અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહિત...' એમ. પહેલી સાત તત્ત્વની ભૂલ કહીને ? અને એ સહિતનું જે જ્ઞાન, એ સહિતનું જ્ઞાન અને એ સહિતની વિષયમાં પ્રવૃત્તિ. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. શુભ-અશુભ રાગની પ્રવૃત્તિ. શુભ-અશુભ રાગની પ્રવૃત્તિ બેય મિથ્યાચારિત્ર છે એમ કહે છે. 'વિષયો' શબ્દે એકલા ભોગાદિ એમ નહિ. આત્માનો વિષય જેને નથી એથી એને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાનમાં અનાદિનો જે પડ્યો છે એનું જેટલું વલણ આમ શુભ-અશુભ રાગમાં જાય છે એ બધું મિથ્યાચારિત્ર છે. ભાઈ ! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

કહે છે, એ અગૃહીત મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન સહિત 'પ્રવૃત્તિ કરે છે...' વજન અહીં પ્રવૃત્તિ ઉપર છે. ઓલી મિથ્યાશ્રદ્ધા હતી, મિથ્યાજ્ઞાન હતું એમાં શુભ-અશુભ પરિણામ કોઈપણ પ્રકારના હો એ બધું મિથ્યાચારિત્ર છે. કારણ કે સ્વવિષય આવ્યો નથી અને પરવિષયની શ્રદ્ધા ને જ્ઞાન કર્યાં છે એ સંબંધીના પ્રવૃત્તિના પરિણામ જ એનું નામ મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'તેને અગૃહીત મિથ્યાચારિત્ર સમજો.' પ્રવૃત્તિ, હોં ! આ પ્રમાણે શુભાશુભ પરિણામની એકત્વબુદ્ધિ છે, શુભાશુભ પરિણામનું જ જ્ઞાન અને સ્વભાવનું જ્ઞાન નથી અને એ શુભાશુભની પ્રવૃત્તિ એને મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

હવે કહે છે, 'આ પ્રમાણે અગૃહીત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનું (વર્ણન કરવામાં આવ્યું).' બહુ સરસ વર્ણન છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ ભૂલ ક્યાં એની છે, અનાદિની, એની સાથે હવે ગૃહીત મિથ્યાત્વ આદિની વાત કરે છે. મિથ્યાત્વ તો છે પણ બાહ્યથી હવે કુદેવ, કુગુરુની સેવા કરીને, આદર, વિનય કરીને એ મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. અગૃહીત છે અના ભેગું મિથ્યાત્વને પુષ્ટિ કરે તેને મિથ્યાદર્શન આદિ કહેવામાં આવે છે. 'હવે (મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર) છે તેને (સુનિયે).' જુઓ ! એને પણ ત્યાં કહ્યું, 'સુનિયે.' હવે ઇ સાંભળો, કહે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવાર્થ :– 'અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહિત પાંચ ઇન્દ્રિયોના વિષયો...' એમ. મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન સહિત પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ 'તેને અગૃહીત મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેયને દુઃખના કારણ જાણી...' એ ત્રણેને દુઃખના કારણ જાણી જીવ તેનાથી પાછો વળી અને પોતાના તત્ત્વજ્ઞાનને પામે એ માટે આ વાત કહેવામાં આવે છે. 'તત્ત્વજ્ઞાન વડે તેનો ત્યાગ કરવો જોઈએ.' જોયું ? 'તત્ત્વજ્ઞાન વડે તેનો ત્યાગ કરવો જોઈએ.' જ્ઞાનાનંદ સ્વરૂપ છું, રાગ એ (હું) નહિ. સંવર, નિર્જરા મને શુદ્ધરૂપ છે, આનંદદાયક છે, પૂર્ણ નિરાકુળતા મોક્ષ એ સુખરૂપ છે, બંધ એ શુભ કે અશુભ બધું એક જ પ્રકારનું છે, અહિતકર છે, આસ્રવનો ભાવ પુણ્ય હો કે પાપ, એ દુઃખદાયક છે, આત્મા આનંદદાયક છે. એવી અંતર તત્ત્વજ્ઞાનપૂર્વક આવા ત્રણ બોલનું ત્યાગ કરવો. એને માટે આ કથન કરવામાં આવ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! નવમી (ગાથા).

---

## ગૃહીત-મિથ્યાદર્શન અને કુગુરુનાં લક્ષણ

જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પોષૈ ચિર દર્શનમોહ એવ;<br>
અંતર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન અંબર તૈં સનેહ. ૯.

## ગાથા ૧૦ (પૂર્વાર્ધ)

ધારૈં કુલિંગ લહિ મહત ભાવ, તે કુગુરુ જન્મજલ ઉપલવનાવ;

અન્વયાર્થ :– (જો) જે (કુગુરુ) ખોટા ગુરુની (કુદેવ) ખોટા દેવની અને (કુધર્મ) ખોટા ધર્મની (સેવ) સેવા કરે છે તે (ચિર) ઘણાં લાંબા સમય સુધી (દર્શનમોહ) મિથ્યાદર્શન (એવ) જ (પોષૈ) પોષે છે. (જેહ) જે (અંતર) અંતરમાં (રાગાદિક) મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિ (ધૈં) ધારણ કરે છે અને (બાહર) બહારથી (ધન અંબરત) ધન અને કપડાં વગેરે ઉપર (સનેહ) પ્રેમ રાખે છે, અને (મહતભાવ) મહાત્માપણાનો ભાવ (લહિ) ગ્રહણ કરીને (કુલિંગ) ખોટા વેષોને (ધારૈં) ધારણ કરે છે તે (કુગુરુ) કુગુરુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[કહેવાય છે અને તે કુગુરુ] (જન્મજલ) સંસારરૂપી સમુદ્રમાં (ઉપલનાવ) પથ્થરની નૌકા સમાન છે.

ભાવાર્થ :– કુગુરુ, કુદેવ અને કુધર્મની સેવા કરવાથી ઘણાં કાળ સુધી મિથ્યાત્વનું જ પોષણ થાય છે એટલે કે કુગુરુ, કુદેવ અને કુધર્મનું સેવન જ ગૃહીત મિથ્યાદર્શન કહેવાય છે.

પરિગ્રહ બે પ્રકારના છે, એક અંતરંગ અને બીજો બહિરંગ; મિથ્યાત્વ, રાગ, દ્વેષ વગેરે અંતરંગ પરિગ્રહ છે અને વસ્ત્ર, પાત્ર, ધન, મકાન વગેરે બહિરંગ પરિગ્રહ છે. વસ્ત્રાદિ સહિત હોવા છતાં પોતાને જિનલિંગધારક માને છે તે કુગુરુ છે. "જિનમાર્ગમાં ત્રણ લિંગ તો શ્રદ્ધાપૂર્વક છે. એક તો જિનસ્વરૂપ-નિર્ગ્રંથ દિગંબર મુનિલિંગ, બીજું ઉત્કૃષ્ટ શ્રાવકરૂપ ૧૦ મી - ૧૧ મી પ્રતિમાધારક શ્રાવકલિંગ અને ત્રીજું આર્યિકાઓનું રૂપ એ સ્ત્રીઓનું લિંગ, - એ ત્રણ સિવાય કોઇ ચોથું લિંગ સમ્યગ્દર્શન સ્વરૂપ નથી. માટે એ ત્રણ લિંગ વિના અન્ય લિંગને જે માને છે તેને જિનમતની શ્રદ્ધા નથી પણ મિથ્યાદ્રષ્ટિ છે." (દર્શનપાહુડ ગાથા ૧૮) માટે જે કુલિંગના ધારક છે, મિથ્યાત્વાદિ અંતરંગ તથા વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ સહિત છે, પોતાને મુનિ માને છે, મનાવે છે તે કુગુરુ છે. જેવી રીતે પત્થરની નાવ પોતે ડૂબે છે તથા તેમાં બેસનારા પણ ડૂબે છે; એ રીતે કુગુરુ પણ પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને તેને વંદન, સેવા, ભક્તિ કરનારાઓ પણ અનંત સંસારમાં ડૂબે છે અર્થાત્ કુગુરુની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વિનય તથા અનુમોદના કરવાથી ગૃહીત મિથ્યાત્વનું સેવન થાય છે અને તેથી જીવ અનંતકાળ ભવભ્રમણ કરે છે.

---

'ગૃહીત મિથ્યાદર્શન અને કુગુરુનાં લક્ષણ.'

જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પોષૈ ચિર દર્શનમોહ એવ;
અંતર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન અંબર તૈં સનેહ. ૯.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા ૧૦ (પૂર્વાર્ધ)

### ધારૈં કુલિંગ લહિ મહત ભાવ, તે કુગુરુ જન્મજલ ઉપલવનાવ;

આમાં એણે જરી નાખ્યું છે. ઓલી વિષયમેં પ્રવૃત્તિ લખી છે ને ? એમાં એણે ચિત્ર મૂક્યું છે. આ વિષયમાં પ્રવૃત્તિ આવી ને ? મિથ્યાચારિત્ર. આપણા નવામાં કાઢી નાખ્યું છે, ચિત્ર નથી નાખ્યું. આમાં જરી નાખ્યું છે. એનો અર્થ ઇ છે કે, મિથ્યાદર્શન, જ્ઞાન સહિત પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સ્પર્શ લીધો છે. આમ ભલે આંધળો લીધો છે. સાધારણ લાકડી છે. સ્પર્શીને આમ જોવેને સ્પર્શ દ્વારા ? આ શું ચીજ છે ? એમાં એકાકાર થઈ જાય છે, એમ. સ્પર્શને જોતાં, સ્પર્શતા એકાકાર થઈ જાય છે. છે આ ? એક પ્રતમાં છે. આમાં છે, જુઓ ! હેં ?

મુમુક્ષુ :– જુવાનને અડીને ચાલે છે.

ઉત્તર :– હા, અડીને ચાલે છે અને આ બધું સ્પર્શતો જાય છે. એકાકાર. એ સ્પર્શની ઇન્દ્રિયના વિષયમાં એકાકાર થઈ જાય છે એ મિથ્યાચારિત્ર મિથ્યાદર્શન, જ્ઞાન સહિત છે. પછી એક રસવાળો લીધો છે. આમ ઊભો છે, જુઓ ! ખાય છે, ચાટે છે. છે ? આવું પુસ્તક બીજું નહિ હોય. છે ? ચાટે છે. આમ રસ્તામાં કેટલાક બટાટા નથી ખાતા ? આમ ચૂસતા હોય.

મુમુક્ષુ :– 'મુંબઈ'માં બહુ હોય.

ઉત્તર :– હા. એટલે એવું ગોઠવ્યું છે. ઓલામાં કાઢી નાખ્યું છે. રસ્તામાં આમ નાગરવેલના પાન ખાતા હોય. ઓલા ચડતા જાય ને આમ ચાવતા જાય ને.. રસ. રસ એકાકાર રસની અંદર. મિથ્યા સાત તત્ત્વની શ્રદ્ધાપૂર્વક મિથ્યાજ્ઞાન, એ કળાનું અભિમાન અને એની સાથે આ ઇન્દ્રિયના વિષયની પ્રવૃત્તિ. સમજાણું ? અને એક નાક. જોયું ? ગજરો હાથમાં રાખ્યો છે. ગજરો છે, ગજરો. 'રાજકોટ'માં બહુ ફરે ને ઓલા ? શું કહેવાય ઇ ? ઘોડાનું, ઘોડાનું રેસકોર્સ. એમાં ફરતા હોય, સવારમાં ઘણાયના હાથમાં ફૂલ હોય. આમ કરતા જાય અને ફરતા જાય. હેં ? મેં રસ્તામાં ઘણા જોયેલા. રસ્તામાંથી ફૂલ તોડતા જાય. જ્યારે ફરવા જાય (ત્યારે) રસ્તામાં ફૂલ હોય ને ? (એક મુમુક્ષુને) ઘરે ફૂલ છે. પાછળ બહાર નીકળેલા હોય છે. રસ્તામાં નીકળે ત્યારે ફૂલ તોડતા જાય અને સૂંઘતા સૂંઘતા ફરતા જાય. એકાકાર, જાણે બીજું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ છે જ નહિ. એવી પ્રવૃત્તિમાં એકાકાર (છે). કહે છે કે, મિથ્યાશ્રદ્ધા સહિતના આવા એકાકારને મિથ્યાચારિત્ર કહે છે.

પછી આંખનું લીધું છે. છે ને ? આમ .... આંખથી બરાબર જોવે. આમ એકાકર દેખાય છે, જુઓ આ ! હેં ? કુદરતી સિન. જોવા માટે તત્પર થઈ ગયો છે. કુદરતી સરોવર તો અહીં છે, અંદર પડ્યું છે. એને ન જોતાં દુનિયાના રૂપને જોવામાં તલ્લીન થઈ જાય છે એને મિથ્યાચારિત્ર કહે છે. અને શબ્દ.. શબ્દ. ઓલું વાજું પડ્યું છે, જુઓ ! રેડિયો. તે દિ' રેડિયો ક્યાં હતો ? પણ આ તો એણે દાખલો આપ્યો છે. રેડિયો.. બેડિયો. જુઓને ! ઘરે ઘરે રેડિયા રાખે છે. મોટા મોટા.. આ..હા...! તલ્લીન (થઈ જાય). બાઈ રાંધતી રાંધતી રોટલી કરતી હોય ત્યારે રેડિયો ચલાવે. રોટલી કરતી જાય અને રેડિયો સાંભળતી જાય. એટલા રસ પડ્યા છે અત્યારે તો. આહા..હા..! સમજાય છે ?

મુમુક્ષુ :– જ્ઞાન વધે છે ને ?

ઉત્તર :– ધૂળમાં વધતું નથી જ્ઞાન. એકાકાર થઈ ગયો છે એમાં આત્મા ક્યાં રહ્યો ? આ શું કરું છું ? એનું કાંઈ ભાન ન મળે. ત્યાં ઓલા માસ્તર કહેતા હતા, (માસ્તર) નહોતા કહેતા ? ઓલો 'મહમ્મદ' કોણ ? ઓલા પાંચ વિષયનો, નહિ ? બેગડો ! ઇ કહેતા. કેવો ? 'મહમ્મદ બેગડો' ! પાંચ ઇન્દ્રિયોના વિષયમાં તલ્લીન વર્તે. ખાતો હોય, વેશ્યા નાચતી હોય, ફૂલના ઝાડમાં બેઠો હોય, ચારે કોર પાંચ ઇન્દ્રિયના વિષય એકસાથે. ધૂળમાંય એકસાથે વિષય લેવાતા નથી. એ મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન સહિત શુભાશુભ પરિણામમાં પ્રવર્તે. આ તો સાધારણ રીતે અશુભનો દાખલો આપ્યો છે. પણ શુભાશુભ પ્રવૃત્તિમાં તલ્લીનતા (થાય) એને મિથ્યાચારિત્ર અનાદિનું અણગ્રહેલું કહેવામાં આવે છે.

હવે અહીં તો કહે છે, મિથ્યાદર્શન. ગૃહીત (એટલે) નવું પકડેલું. જન્મ્યા પછી આવા અગૃહીત મિથ્યાત્વ સહિત. જેને ગૃહીત મિથ્યાત્વ હોય એને અગૃહીત તો હોય જ. અગૃહીત હોય અને ગૃહીત કોઈને ન પણ હોય. સમજાય છે કાંઈ ? પણ ગૃહીત જેને હોય એને અગૃહીત મિથ્યાત્વ તો હોય જ. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો એણે ગૃહીત મિથ્યાત્વ છોડેલું. અગૃહીત નહિ છોડેલું. અનાદિ(થી) રાગથી ધર્મ ને સંવર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે બીજી ચીજ, શું ચીજ એનું કાંઈ ભાન નહિ. અંતરમાં નવ ગ્રૈવેયક ગયો. મહામુનિ આમ દિગંબર મુનિ (થયો), હજારો રાણીનો ત્યાગ (કર્યો). એવી સ્થિતિમાં પણ એને અંતરમાં ઊંડે ઊંડે રાગને પોતાનું સ્વરૂપ માની, દેહાદિની ક્રિયા પોતાની માની, અંદરમાં આત્માની શાંતિને દુઃખદાયક માની. ઊંડે ઊંડે એની તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ હોય છે. સમજાય છે ? એ ખોટા ગુરુની, ખોટા દેવની, ખોટા ધર્મની સેવા કરે એને એ અગૃહીત મિથ્યાત્વ પુષ્ટ પામે છે. છે ને ? જુઓને !

'સેવે, પોષૈ ચિર દર્શનમોહ એવ;' ખોટા ગુરુ, ખોટા દેવ, ખોટા ધર્મની સેવા, 'ઘણા લાંબા સમય સુધી મિથ્યાદર્શન જ પોષે છે.' લ્યો ! 'જે અંતરમાં (રાગાદિક) મિથ્યાત્વ–રાગ–દ્વેષ આદિ ધારણ કરે છે...' પાઠમાં એટલું છે – 'અંતર રાગાદિક ધરૈં જેહ,...' એનો અર્થ કે એકત્વબુદ્ધિ. મિથ્યાત્વ સહિત રાગને પોતાનો માની એવા મિથ્યાદૃષ્ટિ સહિત, મોહ સહિત જે રાગાદિ ધરે (એ) મિથ્યાત્વ આદિ ધારણ કરે છે.

'બહારથી ધન અને કપડાં વગેરે ઉપર પ્રેમ રાખે છે,...' અંદરમાં વિકાર ઉપર પ્રેમ છે, બહારમાં બહારની ચીજ ઉપર પ્રેમ છે. સમજાય છે ? ધન અને કપડા. '(મહતભાવ) મહાત્માપણાનો ભાવ ગ્રહણ કરીને ખોટા વેષોને ધારણ કેર છે...' વેષો આવા હોય તો મારી મહત્તા વધે, મોટપ વધે, ગુરુમાં ગણાઉં, સાધુમાં ગણાઉં, અધિકપદમાં ગણાઉં, એવા કારણે અનેક પ્રકારના ભેખ ધારણ કરે એ બધા કુગુરુના લક્ષણ છે. સમજાણું કાંઈ ? જુઓ ! આ ક્યાં લખ્યું છે ? જુઓને ! કેટલું લખ્યું છે ! તમારે તો આ પહેલેથી મળ્યું છે પણ વિચાર ક્યાં કર્યો છે ? ના પાડે છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ધારણ કરે અને આમાં પ્રેમ કરે, 'મહાત્મ્યપણાનો ભાવ ગ્રહણ કરીને...' એમ કહેવું છે. જોયું ને ? 'ધારૈં કુલિંગ લહિ મહત ભાવ,...' એનો અર્થ છે ઇ. 'ધારૈં કુલિંગ લહિ મહત ભાવ,...' વેશો આમ પલટે ને જાણે એમાં મોટપ કહેવાય. સમજાય છે ? પંડિતોમાં પણ કેટલાકને એમ હોય. આમ લૂગડાં-બૂગડાં એવા હોય ને ? રાતા શું કહેવાય ? ઓલા ભગવા-બગવા હોય ને ? ઝભ્ભો. એવો રાતો રંગ આવે છે ને ? ગેરુનો એવું લૂગડું હોય તો એની મોટપ એને કહેવાય. હોય નહિ માલ કાંઈ અંદરમાં. આ પંડિત છે. આમ જરી ટોપી લાલ હોય. માથે ઓલી હોય. હોય ભલે ગૃહસ્થ. ભગવી નહિ, પણ ગોરા વર્ણ જેવી. તો દેખાય કે આ ત્યાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અથવા આ પંડિત છે અથવા બીજા કરતા બીજી જાતનો તરતો છે. જુદો પડે છે. એવા માટે, મહંત માટે એવા ભેખો પહેરે, કહે છે, એ બધા કુગુરુ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'મહાત્મ્યપણાનો ભાવ ગ્રહણ કરીને ખોટા વેષને ધારણ કરે છે તે કુગુરુ (કહેવાય છે અને તે કુગુરુ) (જન્મજલ) સંસારરૂપ સમુદ્રમાં...' જન્મજલ (અર્થાત્) જન્મરૂપી સંસારનો દરિયો, એમાં '(ઉપલનાવ)...' છે. આ પત્થરની નાવ છે. ઉપલ એટલે પથરો. પથરાના નાવમાં બેસે ઇ પથરો પણ ડૂબે અને નાવ પણ ડૂબે અને બેસનારા પણ ડૂબે. કહો, સમજાણું ? જેને આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્ય શું છે (એનું) ભાન નથી અને પુણ્ય-પાપમાં ધર્મ માને છે, એવી એકત્વબુદ્ધિ જેની છે એવા કુગુરુને માનનારા પથરાની નાવમાં બેઠા છે, એમ કહે છે.

ભાઈ ! જેને આત્મજ્ઞાન, આત્મદર્શનનું ભાન નથી એકલી બાહ્યક્રિયા અને રાગમાં ધર્મ માની બેઠા છે અને એની મહત્તા એને લાગે છે કે, અમે કાંઈક મહંત છીએ, અમે અધિક છીએ, ત્યાગાદિમાં બીજા કરતા જુદા પડનારા અમે છીએ. એમ માનીને ભેખ આદિ ધારણ કર્યા એને અહીંયાં કુગુરુ કહેવામાં આવ્યા છે. એ કુગુરુને માનનારા કેવા છે ? એ કહેશે.

ભાવાર્થ :– 'કુગુરુ, કુદેવ અને કુધર્મની સેવા કરવાથી ઘણાં કાળ સુધી મિથ્યાત્વનું જ પોષણ થાય છે એટલે કે કુગુરુ, કુદેવ અને કુધર્મનું સેવન જ ગૃહીત મિથ્યાદર્શન કહેવાય છે.' આ ખોટા ગુરુની સેવા, ખોટા દેવની સેવા.. સમજાય છે ? કે ખોટા શાસ્ત્રની સેવા કે કુધર્મની સેવા એ અનાદિ અગૃહીત મિથ્યાદર્શનને પુષ્ટિ આપનારા છે. કહો, સમજાણું આમાં ? શ્રદ્ધા, જ્ઞાનની કિંમત ન મળે. લોકોને બાહ્ય ત્યાગની કિંમત (છે). વસ્તુ અંતર દષ્ટિમાં કેટલો ફેર છે (એની ખબર ન મળે). રાગાદિને ધર્મ માને, વ્યવહારને ધર્મ માને, પરમાર્થ ધર્મ માને અને નિમિત્તમાં પોતાની, શરીરાદિની ક્રિયા થાય એને પોતાનું કાર્ય માને એ બધા અંતરમાં મિથ્યાદષ્ટિ છે. એવા મિથ્યાદષ્ટિને ગુરુ તરીકે સ્વીકારવા એ કુગુરુને ગુરુ માનવા એ અનાદિનું અગૃહીત મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વની પુષ્ટિ છે. એ મિથ્યાત્વમાં વધારો થાય છે, એમ કહે છે. કહો, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– 'મહાવીર'નું નામ તો લ્યે છે.

ઉત્તર :– અમારે શેઠ એવા છે. જરીક હળવે, હળવે (બોલે). 'મહાવીર'નું નામ નથી લેતા. નામ (લીધું) એને કહેવાય કે, જેણે વીર ભગવાને વીરતાનો સ્વભાવ પ્રગટ કર્યો અને વીરતા – ચૈતન્યના વીર્યની પ્રગટ દશા કરે એને 'મહાવીર' કહેવાય અને એનું નામ સ્મરે એવી દૃષ્ટિ (થાય) એને 'મહાવીર' સ્મર્યા કહેવાય. (જેને આવું નથી) એ રાગને સ્મરે છે. કહ્યું નહોતું એક ફેરી ? 'સમંતભદ્રાચાર્ય' ભગવાનને વંદન કરતા કહે છે, હે નાથ ! અભવિ આપને વંદન નહિ કરે. ઇ કઈ રીતે નહિ કરે ? આપ વીતરાગ સ્વરૂપ છો, રાગ વિનાની આપની દશા છે એવી દશા એને (નહિ થાય) અને રાગની રુચિવાળો આપને નમસ્કાર કરે એ નમસ્કાર કરતો જ નથી. વીતરાગસ્વભાવ આત્મા છે. જ્ઞાનસ્વરૂપ આત્મા છે, જેમાં વિકલ્પની ગંધ નથી એવી દૃષ્ટિ નથી કરતો એ વીતરાગને નમતો જ નથી. એ તો રાગને ને વ્યવહારને ને વિકલ્પને ને મેલને નમે છે. એ નિર્મળને નમતો નથી. ઝીણી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– આ તો નામ લેવાનું છે.

ઉત્તર :– ઇ નામ જ નથી લેતો, ઇ જ કીધું, નામ જ લેતો નથી. નામનો અર્થ જેવી એની દશા છે તેમાં નમે, ઢળે એને નામ લીધું કહેવામાં આવે છે, એમ છે. નામ એટલે નમવું, ઢળવું. સમજાણું કાંઈ ? એને ક્યાં ઓલા પોપટને ખબર છે ? શીંગનો દાણો આપે, બોલ પોપટ ! રામ. (પોપટ) રામ, રામ (બોલે). ઇ કંઈ ખબર નથી કે આ રામ નથી પણ. એમ ઓલો 'મહાવીર.. મહાવીર' (બોલ) પણ 'મહાવીર' કેવા છે એની ખબર નથી. એટલે 'મહાવીર'નું નામ લેતો જ નથી ખરેખર એ. સમજાણું કાંઈ ? જેની વીતરાગતા અંતર દૃષ્ટિ સર્વજ્ઞતા પ્રગટી છે એની રુચિ સહિત હોય તેના ચારે નિક્ષેપોનું જ્ઞાન એનું સાચું કહેવાય. જેને એની રુચિ નથી એને એકેય નિક્ષેપ સાચો હોઈ શકે નહિ. સમજાણું ?

હવે કહે છે, 'પરિગ્રહ બે પ્રકારના છે, એક અંતરંગ અને બીજો બહિરંગ;...' રાગાદિ કહ્યું હતું ને ? 'અંતર રાગાદિક ધરૈં જેહ' અને બહિરંગ 'ધન અંબર તૈં સનેહ.' એની વ્યાખ્યા કરે છે. અંતરંગ મોટો પરિગ્રહ તો મિથ્યાત્વ છે. એ શુભાશુભભાવની પક્કડ અને એની પ્રવૃત્તિમાં લાભ(ની) માન્યતા (એ) મહા મિથ્યાત્વની પક્કડ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ? તદ્દન ભગવાનઆત્મા નિર્વિકલ્પ નિવૃત્તસ્વરૂપ (છે) એની પ્રતીત ન કરતાં જે વિકલ્પ આદિની શુભભાવની પ્રવૃત્તિમાં લાભ માનવો એ મહામિથ્યાત્વનો પરિગ્રહ છે. એણે મિથ્યાત્વ પકડ્યું છે. એ બાહ્યથી તદ્દન ત્યાગી થઈ ગયો હોય તોપણ અંદરમાં મિથ્યાત્વ પરિગ્રહ પડ્યો છે. તેને મહા પરિગ્રહવંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

નિષ્પરિગ્રહ એવો ભગવાનઆત્મા, એને ન પકડતાં રાગાદિના વિકલ્પને પકડીને આ મને લાભદાયક છે એ જ મિથ્યાત્વભાવનો પરિગ્રહ છે. સમજાય છે કાંઈ ? બહારમાં લંગોટી ન હોય, નગ્ન હોય પણ આ મિથ્યાત્વ પરિગ્રહ જેને પડ્યો છે (તેને) મહા પરિગ્રહવંત કહેવામાં આવે છે. સમજાણું ? 'પ્રવચનસાર'માં થોડું આવી ગયું, નહિ ? કેટલામી (ગાથા) ? ૨૩૬ ગાથા, નહિ ? કાયક્લેશ, એ બધા કાયક્લેશ છે. કાય અને કષાય, કષાય અને કાયા. એ બે. તેથી લીધું ને ? રાગને પોતાનો માને છે અને શરીરાદિની ક્રિયા મારાથી થાય છે. એ કષાય અને કાયા બે (થયા). એને આત્માનું જ્ઞાન નથી અને કાંઈપણ જરીયે ત્યાગ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? (એ) અંતરંગ પરિગ્રહ (થયો).

'અને વસ્ત્ર, પાત્ર, દાન, મકાન વગેરે બહિરંગ પરિગ્રહ છે...' અંતર પરિગ્રહના ત્યાગ સહિત બહિર પરિગ્રહ વસ્ત્ર આદિનો ત્યાગ ન હોય તો એને મુનિપણું સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? 'વસ્ત્રાદિ સહિત હોવા છતાં પોતાને જિનલિંગધારક માને છે...' જિનલિંગ એટલે મુનિપણું કાં ઉત્કૃષ્ટ શ્રાવકપણું કાં શ્રાવિકા, અર્જિકાપણું એવા જિનલિંગ ધારક માને, એમ. જિનલિંગ ત્રણ છે. પણ આવા સ્વભાવના ભાન વિના વસ્ત્રાદિ સહિત હોવા છતાં જિનલિંગધારક – અમે જિનના લિંગને ધરનારા છીએ (એમ માને છે) એ કુગુરુ છે.

'જિનમાર્ગમાં ત્રણ લિંગ તો શ્રદ્ધાપૂર્વક છે.' ધર્મીના લિંગ તરીકે, હોં ! 'એક તો જિનસ્વરૂપ–નિર્ગ્રંથ દિગંબર મુનિલિંગ,...' હોય. જૈનદર્શનમાં મુનિલિંગ આત્મદર્શન સહિત દિગંબર દશા એ મૂળલિંગ હોય. 'બીજું ઉત્કૃષ્ટ શ્રાવકરૂપ ૧૦ મી–૧૧ મી પ્રતિમાધારક શ્રાવકલિંગ...' હોય. લંગોટી. શ્રાવકનું લિંગ હોય. ધર્મના લિંગ તરીકે, વેખ તરીકે ત્રણ જ લેખ છે. 'ત્રીજું આર્યિકાઓનું રૂપ એ સ્ત્રીઓનું લિંગ...' હોય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્જિકા અથવા ક્ષુલ્લિકા હોય છે ને ? એક વસ્ત્ર આદિ (હોય). 'એ ત્રણ સિવાય કોઈ ચોથું લિંગ સમ્યગ્દર્શનસ્વરૂપ નથી.' સમ્યગ્દર્શનમાં જિનલિંગના ત્રણ પ્રકારમાં ભેખની ગણતરીમાં ત્રણ લિંગ સિવાય ભેખ બીજો નથી. સમજાય છે કાંઈ ?

'માટે એ ત્રણ લિંગ વિના અન્ય લિંગને જે માને છે...' અન્ય લિંગમાં જે આવું મુનિપણું કે અર્જિકાપણું આદિ માને 'તેને જિનમતની શ્રદ્ધા નથી પણ મિથ્યાદૃષ્ટિ છે.' ઝીણી વાત, ભારે વાત, ભાઈ ! 'દર્શનપાહુડ' ૧૮મી ગાથામાં 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું છે. 'માટે જે કુલિંગના ધારક છે, મિથ્યાત્વાદિ અંતરંગ...' પરિગ્રહવાળા છે 'વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ સહિત છે, પોતાને મુનિ માને છે,...' સમજાણું કાંઈ ?

આ લોકોના શાસ્ત્રમાં આવા લેખ છે, સાધુ વ્હોરવા જાય (ત્યારે) દસ પાત્રા આપે, કોઈ ધાબળી આપે તો લઈ લેવા. દસ ધાબળી, દસ પાત્રા, દસ રજોણા, દસ ગોછા એવો 'ભગવતી સૂત્ર'માં લેખ છે. કોણ જાણે શું લખ્યું છે ને શું કર્યું છે ? કંઈ ખબર (ન મળે). આટલું ઉપાડીને (ચાલે એટલે) એ મજૂર જેવો લાગે. દસ ધાબળા કે દસ પાત્રા. અને ભગવાનને નામે ચડાવી દીધું, 'ભગવતી સૂત્ર' ભગવાને કહ્યું છે, લ્યો ! મોટું સારામાં સારું એ કહેવાય. ઇ જ્યારે વાંચે (ત્યારે) બધા એક એક રૂપિયો મૂકે. હોય છે કે નહિ ? તમારે તો ક્યાં હતું એવું પૈસા-બૈસા ખર્ચવાનું ? હેં ? આ લોકોને એવું હોય છે. 'ભગવતી' વાંચે ને ત્યારે મોટા ચોખાના સાથિયા પૂરે. ભાઈ ! જોયું છે કે નહિ ? એમાં આ લખાણ છે, હોં ! આહા..હા...! એક ફેરી વાંચ્યું, કીધું, આ શું કરે છે ? આ ભગવાનને નામે દસ દસ પાત્રા (રાખે), એક પાતરા પોતે રાખે અને નવ આપે આચાર્યને, દસ રજોણા એક પોતાને રાખવાનો અને બાકીના ઓલાને આપે, દસ ધાબળીમાંથી એક પોતે રાખે, નવ એને આપે. આ શું આ તે કંઈ ? સાથે ઘણા સાધુ હોય, કો'ક જોઈતું હોય તો.

એવા વસ્ત્ર સહિત અને આવા પરિગ્રહવાળાને મુનિ માનવા એ મુનિ માનનારને મિથ્યાદર્શન લાગે છે. ગૃહીત મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? ગૃહીત એટલે અગૃહીત તો છે, એ ઉપરાંત એને આ ગૃહીત મિથ્યાદર્શન એને લાગે છે. મુનિલિંગ તરીકે બીજું લિંગ ન હોઈ શકે. મુનિ માને અને વસ્ત્ર, પાત્ર આદિ રાખે અને અભ્યંતર મિથ્યાત્વ હોય. તદ્દન કુગુરુ છે. એને માનવાથી ગૃહીત મિથ્યાત્વનું પોષણ થાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! પગે લાગવું જોઈએ કે પછી હાથધુનન કરવું ? હેં ? હાથધુનન ભાઈ ચાલે છે. છાપામાં આવે છે. કાલે કે પરમ દિ' ન લેવાણું ? 'દિલ્હી'માં સોગન (લેવાણા). પછી બધાએ રાષ્ટ્રપતિએ અને 'ઇન્દિરા'એ હાથધુનન કર્યું આમ હાથ પકડીને. હાથધુનન વળી આ નવી ભાષા લાગે છે. હસ્તધુનન.. હસ્તધુનન. (હાથ) પકડીને આમ આમ. ઓ..હો..હો..! ભારે આ તમે વડાપ્રધાન. એમ આ ગુરુને ન માને (અને) ગુરુ આવ્યો હોય તો એનું કરવું શું ? હેં ? પરમ દિ' જ થોડું અહીં બન્યું હતું. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ ઇ વંદન જ નથી. ઇ તો જેમ એક પ્રેમી માણસ મળે અને સંબંધ હોય એ કરે. ઓલા(ને એમ કે) પગે લાગશે, (આણે) હાથ કર્યો. ઓય માળો ! આ તો બદલી ગયો. ઓલા હેઠે આમ આમ કરવા ગયા, (એને એમ કે) પગે લાગશે. ઓલાએ હાથ પકડ્યો. આહા..હા...!

કહે છે, બાહ્યમાં પરિગ્રહ વસ્ત્ર, પાત્ર રાખે (અને) અભ્યંતર પોતે મિથ્યાત્વ, રાગાદિને સેવે એવાઓને ગુરુ માનવા, એ અમારા તરણતારણ છે, એ સાધુ છે એમ માનવા એને મિથ્યાદર્શન ગૃહીતનું અગૃહીત મિથ્યાત્વ ઉપર મોટું પાપ લાગે છે. સમજાણું કાંઈ ? આમાં કરવું શું પણ ત્યારે હવે ? રહેવું પાણીમાં અને માછલા સાથે વેર. એમ વાતું કરે છે ને લોકો ? બધા સાથે રહેવું અને બધા સાથે વેર. કરવું શું ? કોની સાથે વેર ? સાંભળને. સાચી શ્રદ્ધા આત્માની હોય એને આવા કુગુરુને માને નહિ. દુનિયામાં ગમે તે થાઓ. પલટો થાઓ તો એને ઘરે રહ્યો, ઇ તો પલટો થવાનો થવાનો હશે. દુનિયાથી ડરીને સત્‌ને વેંચે નહિ. ભાઈ ! શું થાય આમાં ? શું કીધું સમજાણું ?

ભગવાનના માર્ગમાં તો આત્મામાં રાગનો કણિયો હોય અને ધર્મ – પરમાર્થ ધર્મ માને તો મિથ્યાદષ્ટિ છે અને મિથ્યાદર્શન સહિત પાછા વસ્ત્ર રાખીને મુનિપણું માને. સમજાણું કાંઈ ? વસ્ત્રધારી મુનિ જૈનદર્શનમાં ત્રણકાળમાં હોઈ શકે નહિ. અને એકલો નગ્ન થાય પણ અંદરમાં શ્રદ્ધા, ભાન ન મળે. એ ક્રિયા મેં કરી, જડની ક્રિયા મારી, એ મહાવ્રતના પરિણામ ધર્મ (માને) એ પણ મિથ્યાદષ્ટિ છે. એને ખરેખર સાચું લિંગ, ભાવલિંગ નથી એટલે બાહ્ય દ્રવ્યલિંગમાં પણ યથાર્થપણું નથી. આહા..હા...!

'જેવી રીતે પત્થરની નાવ પોતે ડૂબે છે તથા તેમાં બેસનારા પણ ડૂબે છે; એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતે કુગુરુ પણ પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને તેને વંદન, સેવા,...' એને વંદન કરનારા, એની સેવા કરનારા, 'ભક્તિ કરનારાઓ પણ અનંત સંસારમાં ડૂબે છે અર્થાત્ કુગુરુની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વિનય...' આકરું બહુ પણ, ભાઈ ! દુનિયાથી એકલા, એકલસોકલ થઈ જાય. હેં ? કોઈની સાથે મેળ નહિ, કોઈ સાથે મળતાવડું નહિ એમ માને, લ્યો !

મુમુક્ષુ :– જૂની ઓળખાણ હોય તો કરવું શું ?

ઉત્તર :– ઇ (આ ભાઈને) પૂછો. જૂના માણસ ને ત્યાંના વડીલ છે. જૂની ઓળખાણ હોય તો કરવું શું આમાં ? શું થવું ? નિડર થાવું, લ્યો ! ભાઈ ઇ કહે છે. સત્ય વાત હોય એમાં બીજું શું થાય ? એને માટે કાંઈ ગોઠિયા હોય તો કાંઈ ઝેર ખાયને ગોઠિયાપણું રખાય ? ગોઠિયા છે ને તું સાથે થોડું ખા લે. આપણે ગોઠિયા છીએ ને ? એમ કાંઈ ગોઠ રખાય ? એમ ન રખાય.

કુગુરુની શ્રદ્ધા, એની ભક્તિ, લૌકિકની શ્રદ્ધાઓ બતાવે અને એમાં ધર્મ માને એમાં મનાવે એ બધા કુગુરુ છે. એનો વિનય, 'અનુમોદના કરવાથી ગૃહીત મિથ્યાત્વનું સેવન થાય છે અને તેથી જીવ અનંતકાળ ભવભ્રમણ કરે છે.' 'ધારૈં કુલિંગ લહિ મહત ભાવ,' એમ લીધું છે. સમજ્યા ને ? 'ધન અંબર તૈં સનેહ.' એકાકાર બુદ્ધિ છે, એમ કહે છે.

---

## ગાથા ૧૦ (ઉત્તરાર્ધ)

## કુદેવ (મિથ્યાદેવ)નું સ્વરૂપ

**જો રાગદ્વેષ મલકરિ મલીન, વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન**

## ગાથા ૧૧ (પૂર્વાર્ધ)

**તે હૈં કુદેવતિનકી જુસેવ, શઠકરત ન તિન ભવભ્રમણછેવ;**

અન્વયાર્થ :– (જો) જે (રાગદ્વેષ) રાગ અને દ્વેષરૂપી (મલકરિ) મેલથી (મલીન)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મલીન છે અને (વનિતા) સ્ત્રી તથા (ગદાદિજુત) ગદા વગેરે (ચિહ્ન) ચિહ્નોથી (ચીન) ઓળખાય છે (તે) તે (હૈં કુદેવ) ખોટા દેવ છે; (તિનકી) તે કુદેવની (જુ) જે (શઠ) મૂર્ખ (સેવ) સેવા (કરત) કરે છે, (તિન) તેનું (ભવભ્રમણ) સંસારમાં ભટકવું (ન છેવ) મટતું નથી.

ભાવાર્થ :– જે રાગ અને દ્વેષરૂપી મેલથી મેલાં (રાગી-દ્વેષી) છે અને સ્ત્રી, ગદા, આભૂષણ વગેરેથી જેને ઓળખી શકાય છે તે 'કુદેવ'* કહેવાય છે. જે અજ્ઞાની આવા કુદેવોની સેવા, (પૂજા, ભક્તિ અને વિનય) કરે છે તે આ સંસારનો અંત કરી શકતા નથી એટલે કે તેને અનંતકાળ સુધી ભવભ્રમણ મટતું નથી.

---

હવે (બાકીનું) અડધું. 'કુદેવ (મિથ્યાદેવ)નું સ્વરૂપ.'

**જો રાગદ્વેષ મલકરિ મલીન, વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન.**
**તે હૈં કુદેવ તિનકી જુસેવ, શઠ કરત ન તિન ભવભ્રમણ છેવ;**

'જે રાગ અને દ્વેષરૂપી મેલથી...' રાગ-દ્વેષ શબ્દે મિથ્યાદૃષ્ટિ ... લેવો. સમજાણું ? જેને મિથ્યાદર્શન, અજ્ઞાન છે અને રાગ-દ્વેષના મેલ સહિત અંદરમાં મલિન છે. નિર્મળાનંદ ભગવાનઆત્માનું ભાન નથી. અહીં સર્વજ્ઞપણું બતાવવું છે. ભગવાન સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય એ સર્વજ્ઞદેવ કહેવાય. સમજાય છે કાંઈ ? એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન અને નિર્મળતા એટલે વીતરાગતા. એવા વીતરાગ વિજ્ઞાનઘન સર્વજ્ઞ પરમેશ્વર તે દેવ કહેવાય. એ સિવાય કોઈ દેવ માને, બીજાને રાગ-દ્વેષ સહિત અલ્પજ્ઞાન, રાગ-દ્વેષ સહિત મિથ્યાદૃષ્ટિ એને દેવ માને એ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? આ તો દાખલો આપ્યો છે.

'રાગ અને દ્વેષરૂપી મેલથી મલિન છે અને (વનિતા)...' એટલે 'સ્ત્રી તથા

---

* સુદેવ = અરિહંત પરમેષ્ટી; દેવ-ભવનાસી વગેરે દેવ.
કુદેવ = હરિ, હર આદિ; અદેવ-પીપળો, તુલસી, લકડબાબા વગેરે કલ્પિત દેવ,
જે કોઇ સરાગી દેવી અથવા દેવ છે તે વંદન-પૂજનને યોગ્ય નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ગદાદિજુત) ગદા વગેરે ચિહ્નોથી ઓળખાય છે...' સ્ત્રી ખોળામાં બેઠી હોય, હાથમાં ગદા હોય, હાથમાં માળા હોય. સમજાય છે ? '(ગદાદિજુત) ગદા વગેરે ચિહ્નોથી ઓળખાય છે તે (હૈં કુદેવ) ખોટા દેવ છે;...' એ સાચા દેવ નથી. સાચા દેવ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર (છે). જેની દિવ્યધ્વનિમાં એકલી વીતરાગતા ઝરતી હોય. સમજાય છે કાંઈ ? ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેને ત્રણકાળનું જ્ઞાન, એવા જ્ઞાનના ધરનાર અને જેની સાથે વીતરાગતા અને પરમાનંદની દશા (હોય), એવા દેવ સિવાય બીજાને રાગ-દ્વેષ મલિનવાળા અને મિથ્યાદર્શન સહિતને દેવ માનવા, બહારમાં વનીતા-સ્ત્રી આદિ સહિત હોય (એ) કુદેવ – ખોટા દેવ છે. એ કુદેવની શેઠ–મૂરખ... એમાં હશે ખરું ? એમાં હશે. છે, છે. એ પગે લાગે છે, જુઓ આ પગે લાગે છે.

કુગુરુ, કુદેવ, કુધર્મ. સમજ્યા ને ? કો'ક આરતી ઉતારે છે, જુઓ ! જટા-બટા છે ને પાછળ એક બાવો છે. હાથમાં કાંઈક છે અને ઓલો પગે લાગે છે. કુગુરુ, કુદેવ અને કુશાસ્ત્ર ત્રણે મૂક્યા છે, હોં ! કુધર્મ. છે ને ઓલી ઘોડી ? એના ઉપર કુશાસ્ત્ર છે. કુશાસ્ત્ર છે ને ? પુસ્તક છે ને પુસ્તક ? ઓલો પથરો છે. ઓલો ખોટો ગુરુ છે. એ બધાને પગે લાગે (છે). એવા કુગુરુ, કુદેવ, કુધર્મ. જુઓ ! એક છોકરો ત્યાં પગે લાગે છે. સમજાણું કાંઈ ? સવારમાં એવા પથરા.. જેને દેવ નથી, જેના દેવનું ભાન નથી એવા કુદેવની પ્રતિમા કરે અને માને એ પણ મિથ્યાદેવને સેવનારા છે. સમજાણું કાંઈ ? પથરો હોય તો ભગવાનની મૂર્તિ છે ને ? પત્થર છે. (એ) જુદી વાત છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પ્રભુ છે જેના વિરહ હોય છે ત્યારે સ્થાપના તરીકે ધર્મીને એવી ભક્તિ, શુભભાવ વંદન, વિનય આવ્યા વિના રહે નહિ. એને સ્થાપના નિક્ષેપ તરીકે જાણે. જિન નહિ પણ જિન સરીખી પ્રતિમાને જાણે છે. જિન નથી, પોતે વીતરાગ નથી. નિક્ષેપમાં વીતરાગની આકૃતિ દેખીને સ્મરણમાં આવે છે કે આવા સર્વજ્ઞ હોય, આવા ઠરી ગયેલ વીતરાગ (હોય). આખી દુનિયા(માં) ગમે તે ફેરફાર થતી હોય તો એના જ્ઞાનમાં, વીતરાગતામાં કાંઈ ફેર ન પડે. એવા સ્મરણ માટે ભગવાનની પ્રતિમા સમ્યગ્દષ્ટિ પણ એને માને છે, પૂજે છે. શુભભાવ છે, એ શુભભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એને મિથ્યાત્વ છે નહિ. સમજાણું કાંઈ ? તમે બીજાના પત્થરને આમ કહો તો આ પત્થર (છે). પણ ઇ પત્થરની આકૃતિ વીતરાગ આકૃતિ છે. એ આખી વાતમાં ફેર છે. સમજાણું કાંઈ ?

બધા ઇ લગાવે કે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. આ અજીવ છે એને તમે જીવ માનો છો, એમ કહે છે માળા. એ..ઇ...! બધું સાંભળેલું તો હોય કે નહિ ? કેમ ભાઈ ? ભાઈ ! એ તો અજીવને અજીવ જ માને છે. એ સ્થાપના નિક્ષેપથી માને છે. એ કંઈ જીવ માનતા નથી. એમાં કેવળી ને સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ છે એમ નથી એમાં. સમજાણું કાંઈ ? ફક્ત એની પ્રતિકૃત – આવા સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર (હોય). જેના વિરહે... સ્ત્રી મરી જાય તો એના વિરહે સ્ત્રીના ફોટા ઘરમાં રાખે છે કે નહિ ? એ..ઇ...! તમારા 'પોરબંદર' નહિ અપાસરા પાસે ઓલો કોણ..? એની જૂની બાઈ મરી ગઈ હતી. ઘર જોવા ગયા હતા. તો આમ મોટો ફોટો ઢાંકેલો હતો, કીધું, આ શું અહીં ? આ સ્થાનકવાસી કહેવાય ને ? (ઇ કહે), મારી બૈરાં ગુજરી ગયા, એના ઉપર પ્રેમ (છે) એટલે મોટો ફોટો (લગાવ્યો છે). મોટો ફોટો, હોં ! આમ લૂગડું ઢાંકેલું. અપાસરા પાસે જોડે (મકાન હતું). કીધું, આ શું ? એલા તમને બાયડીનો પ્રેમ છે અને મરી ગઈ તો એનો આ (ફોટો) રાખે અને ભગવાન ઉપર પ્રેમ હોય ને ભગવાનના ફોટાને વંદન ન કરવું. ભગવાનનો ફોટો મનાય નહિ. એ અચેતન કહેવાય. અચેતન કોણ ના પાડે છે પણ ? એને ચેતન કોણે કહ્યું ? સ્થાપના નિક્ષેપ (થી) વીતરાગની મૂર્તિ છે. સર્વજ્ઞ પરમેશ્વરની પ્રતિકૃતિ સામે છે. એને સમ્યગ્દષ્ટિ બહુમાન, વિનય, ભક્તિથી પૂજા કરે એનું નામ શુભભાવ છે. ધર્મ, પરમાર્થ ધર્મ નથી તેમ એને માન્યે તે મિથ્યાદર્શન નથી. ભારે ગડબડ. જુઓ ! વંદન કરે છે. છોકરો સવારમાં (વંદન કરે છે). અને અહીં દેવના ઓલા કર્યા છે. ઘોડા જેવા મોઢા ને.. છે ને ? કુદેવ. એમાં લખ્યું છે ને ? 'વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન' મોટી ફૂલની માળા, છે ને હરણિયા જેવા મોઢા છે મોટા. એવા દેવને દેવ માનવા એ મિથ્યાત્વ છે. એ દેવ સાચા છે નહિ. સમજાણું ?

'મૂર્ખ સેવા કરે છે, તેનું સંસારમાં ભટકવું મટતું નથી.' એમ છે ને ? એને ચાર ગતિમાં રખડવું મટતું નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ મળ્યા. જેની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધામાં સર્વજ્ઞ પરમાત્મા રમતા હોય. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન, એવા પરમેશ્વર જેના જ્ઞાનમાં બિરાજતા હોય છે. સમકિતીના જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે. એના વિરહમાં પ્રતિમા, પૂજા આદિ હોય છે. મિથ્યાદર્શન નથી પણ સમ્યગ્દર્શન પૂર્વક શુભભાવ છે.

ભાવાર્થ :– 'જે રાગ અને દ્વેષરૂપ મેલથી મેલાં...' દેખો ! 'અને સ્ત્રી, ગદા, આભૂષણ વગેરેથી જેને ઓળખી શકાય...' ચોખ્ખી રીતે, એમ. 'તે કુદેવ કહેવાય છે.' નીચે વ્યાખ્યા કરી છે. પૂર્વના શાસ્ત્રકારે, હોં ! 'સુદેવ = અરિહંત પરમેષ્ઠી.' સુદેવ એટલે મનાવવા લાયક સુદેવ પરમેશ્વર. 'દેવ = ભવનવાસી વગેરે દેવ.' એ દેવ જુદા અને આ દેવ જુદા. આ સુદેવ છે. સર્વજ્ઞ પરમાત્મા સુદેવ છે અને ભવનપતિ, વ્યંતર આદિ તો એક ગતિના દેવ છે. કુદેવ, હરિ, હર આદિ કુદેવ છે, વાસ્તવિક દેવ નથી, તે કુદેવ કહેવાય છે. અદેવ. ચાર નામ જુદાં આપ્યા છે, જોયું ? સુદેવ, દેવ, કુદેવ અને અદેવ. અદેવ (એટલે) આ પીપળો, તુલસી, લકડબાબા વગેરે. લકડબાબા એ તો હિન્દુસ્તાનમાં હશે, આપણે છે કાંઈ ? આ પીપળાને પાન નાખીને નથી કરતા ? પીપળાને ફેરા ફરે. મૂઢ છે. બાયું બહુ જાય ત્યાં. પીપળાને પાણી નાખે, (માને કે) દીકરા થાશે. ધૂળ. તુલસીને પાણી નાખીને (માને કે) આ મારે દેવ કહેવાય. એ તો વનસ્પતિ એકેન્દ્રિય છે. લકડબાબા કાંઈક હશે અથવા ઓલા લાકડાના ઘડેલા અથવા ઓલા પાણિયારા ઉપર નથી મૂકતા ? કપાસિયાની આંખ્યું ને છાણના. કાકાબળિયા. એના ઉપર ઓલા કાકાબળિયા મૂકે છે, એને માને દેવ. સવારમાં પગે લાગે. મૂઢ છે, કહે છે. એવા દેવને માનનારા (મૂઢ છે). સમજાણું ?

'જે કોઈ સરાગી દેવી અથવા દેવ છે તે વંદન–પૂજનને યોગ્ય નથી.' પગે લાગે. ઘરે ... હોય. શું કહેવાય એના ? કુળદેવ, કુળદેવી. બધી મૂઢતા છે, કહે છે. સાચા દેવની એને ખબર નથી. પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ સિવાય સમ્યગ્દષ્ટિ કોઈને માને નહિ. સમજાણું કાંઈ ? દસ ગાથા થઈ.

'અજ્ઞાની આવા કુદેવોની સેવા, (પૂજા, ભક્તિ અને વિનય) કરે છે તે આ સંસારનો અંત કરી શકતા નથી...' કેમકે એનો અંત નથી. જેને માને એને સંસારનો અંત નથી અને એને અનુમોદે છે તો આને મિથ્યાત્વનું પાપ લાગે છે. 'એટલે કે તેને અનંતકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સુધી ભવભ્રમણ મટતું નથી.'

## ગાથા ૧૧ (ઉત્તરાર્ધ)

### કુધર્મ અને ગૃહીત-મિથ્યાદર્શનનું સંક્ષિપ્ત લક્ષણ

રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧.

**જે ક્રિયા તિન્હેં જાનહુ કુધર્મ, તિન સરધૈ જીવ લહૈ અશર્મ;**
**યાકૂં ગૃહીતમિથ્યાત્વજાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન.**

અન્વયાર્થ :– (રાગાદિ) રાગ અને દ્વેષ વગેરે (ભાવહિંસા) ભાવહિંસા (સમેત) સાથે [તથા] (ત્રસ) ત્રસ અને (થાવર) સ્થાવરના (મરણ) ઘાતનું (ખેત) સ્થાન (દર્વિત) દ્રવ્યહિંસા (સમેત) સહિત (જે) જે (ક્રિયા) ક્રિયાઓ [છે] (તિન્હેં) તેને (કુધમ) મિથ્યાધર્મ (જાનહુ) જાણવો જોઇએ (તિન) તેને (સરધૈ) શ્રદ્ધવાથી (જીવ) પ્રાણી (અશર્મ) દુઃખ (લહૈ) પામે છે. (યાકૂં) આ કુગુરુ, કુદેવ અને કુધર્મને શ્રદ્ધવા તેને (ગૃહીત મિથ્યાત્વ) ગૃહીત-મિથ્યાદર્શન જાણવું. (અબ) હવે (ગૃહીત) ગૃહીત (અજ્ઞાન) મિથ્યાજ્ઞાન (જો હૈ) જેને કહેવામાં આવે છે તેનું વર્ણન (સુન) સાંભળો.

ભાવાર્થ :– જે ધર્મમાં મિથ્યાત્વ તથા રાગાદિરૂપ ભાવહિંસા તથા ત્રસ અને સ્થાવર જીવોના ઘાતરૂપ દ્રવ્યહિંસાને ધર્મ માનવામાં આવે છે તેને કુધર્મ કહેવામાં આવે છે. જે પ્રાણી આ કુધર્મની શ્રદ્ધા કરે છે તે દુઃખ પામે છે. આ ખોટા ગુરુ, દેવ અને ધર્મની શ્રદ્ધા કરવી તેને "ગૃહીત મિથ્યાદર્શન" કહે છે. આ પરોપદેશ વગેરે બાહ્ય કારણના આશ્રયથી ગ્રહણ કરવામાં આવે છે તેથી "ગૃહીત" કહેવાય છે. હવે ગૃહીત મિથ્યાજ્ઞાનનું વર્ણન કરવામાં આવે છે. ૧૨.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૧. 'કુધર્મ અને ગૃહીત-મિથ્યાદર્શનનું સંક્ષિપ્ત લક્ષણ.' કુધર્મ અને ગૃહીત મિથ્યાદર્શનનું – બે વાત.

રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧.

જે ક્રિયા તિન્હેં જાનહુ કુધર્મ, તિન સરધૈ જીવ લહૈ અશર્મ;
યાકૂં ગૃહીતમિથ્યાત્વજાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન. ૧૨

ગૃહીત મિથ્યાત્વની વાત અહીં સુધી છે. શું કહે છે ? 'રાગ અને દ્વેષ વગેરે ભાવહિંસા (સમેત) સાથે ત્રસ અને સ્થાવરના...' ઘાતની હિંસા. એ દ્રવ્યહિંસા કરે. રાગ-દ્વેષ સહિત બહારની ત્રસ હિંસા એ સહિતની ક્રિયાઓ 'તેને મિથ્યાધર્મ જાણવો...' જુઓ ! અહીં જરી ગડબડ ન થાય. કહે છે કે, જેમાં એકલો રાગ-દ્વેષ થાય છે અને બહાર એકલા ત્રસ અને સ્થાવર




જીવોની હિંસા થાય છે એને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. ભગવાનની પૂજામાં તો એક શુભરાગ છે અને એમાં પણ એકેન્દ્રિય પ્રાણી અમુક સાધારણ હિંસા હોય, સાવદ્ય લેશ્યા તો પુણ્ય ઘણું હોય છે, એમ આચાર્યનું વચન છે. એને પરમાર્થે ધર્મ માનતો નથી.




ભગવાનની પૂજામાં જરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થાવર જીવની, વનસ્પતિ કે કોઈ પાણીના જીવો થોડા હોય, હણાય, સાવદ્યલેશ્યો તેથી કહ્યું છે, પણ શુભભાવ છે એથી એને પુણ્યબંધન થાય છે. તેને એ પરમાર્થે હિંસાનો ભાવ (નથી), અનુબંધ અહિંસાનો છે, વીતરાગભાવની અનુમોદનનો છે અને આ તો એકલી હિંસા કરે, પરિણામમાં ભાવ રાગ-દ્વેષના (કરે), બહાર હિંસાના પાર ન મળે. ભગવાનને નામે બાગ-બગીચા, ફૂલ તોડીને આખા આખા જીવો મારે. પ્રમાણ રાખે નહિ. રાત્રે દીવા, રાત્રે ફૂલવાડીયું, રાત્રે ભગવાનની પૂજા (કરે) અને એમ માને કે મને લાભ થાય. એ બધો ખોટો ધર્મ છે. સમજાણું કાંઈ ? એને ધર્મ માને તે મિથ્યાદર્શન છે, ગૃહીત મિથ્યાત્વ છે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ ? ગૃહીત મિથ્યાશ્રદ્ધા છે. વિવેક જોઈએ. જુઓને ! પાણીની હિંસા ફૂલ, ફળની પણ એની મર્યાદા હોય. સમજાય છે ? ભાવમાં ઠેકાણા નહિ અને ઘણી હિંસા થઈ જાય તો એને ધર્મનો વિવેક નથી. આ તો ભાઈ વીતરાગનો એવો માર્ગ છે. જેમાં રાગ ઘટે અને બહારની હિંસા પણ ઘટે એ રીતે એણે લેવી જોઈએ. સમજાણું કાંઈ ?

'તે ક્રિયા તિન્હેં જાનહુ કુધર્મ,...' એવી જે દ્રવ્યહિંસા અને ભાવહિંસા સહિત, ભાવહિંસા સહિત છે ને ? તે ક્રિયાને મિથ્યાધર્મ જાણવો. 'તેને શ્રદ્ધવાથી પ્રાણી (અશર્મ)...' અશર્મ એટલે 'દુઃખ...' શર્મ એટલે સુખ. 'દુઃખ પામે છે...' સમજાણું ? પરિણામનો વિચાર નહિ. મારા પરિણામ કેવા છે ? આ કેટલી હિંસા થાય છે ? શું થાય છે ? એની ખબર ન મળે. એવા તીવ્ર રાગાદિ ભાવ હોય, બાહ્ય હિંસાદિ ત્રસ સ્થાવર મરે, કીડી, મકોડા મરે. ભગવાનને નામે જુઓને કેટલા કીડી, મકોડા મરે. દૂધ ને દહીં માથે રેડે. કેટલી જીવાત મરે ! એનો વિચાર ન કરે અને એકલી હિંસા થાય એવા કુધર્મને માને તો મિથ્યાશ્રદ્ધા છે, એમ કહે છે. સમજાય છે ?

'આ કુગુરુ, કુદેવ અને કુધર્મને શ્રદ્ધવા તેને ગૃહીત..' નવું મિથ્યાત્વ નહિ, અનાદિનું છે ઇ; એની સાથે આ નવું મિથ્યાત્વ. અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છે. ઓલી સાત તત્ત્વની પહેલી ભૂલ કીધી ઇ. એની સાથે આ બીજી મિથ્યાત્વની શ્રદ્ધા જોડી દીધી. એટલે મિથ્યાત્વ પુષ્ટ થયું. એને આત્માનો લાભ ન થયો. 'ગૃહીત મિથ્યાદર્શન જાણવું.' 'હવે ગૃહીત મિથ્યાજ્ઞાન (જો હૈ) જેને કહેવામાં આવે છે...' લ્યો ! ગૃહીત, હોં ! ઓલું જે અગૃહીત મિથ્યાજ્ઞાન કહ્યું હતું એ બીજી વાત. આ ગૃહીત મિથ્યાજ્ઞાન. અગૃહીત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાજ્ઞાનમાં પણ વધારે પુષ્ટિ કરનાર. આહા..હા...! સમજાણું કાંઈ ? 'તેનું વર્ણન સાંભળો.'

'જે ધર્મમાં મિથ્યાત્વ તથા રાગાદિરૂપ ભાવહિંસા તથા ત્રસ અને સ્થાવર જીવોના ઘાતરૂપ દ્રવ્યહિંસાને ધર્મ માનવામાં આવે છે તેને કુધર્મ કહેવમાં આવે છે. જે પ્રાણી આ કુધર્મની શ્રદ્ધા કરે છે તે દુઃખ પામે છે. આ ખોટા ગુરુ, દેવ અને ધર્મની શ્રદ્ધા કરવી તેને ગૃહીત મિથ્યાદર્શન કહે છે.' એણે ખોટા દેવ કોણ છે એની પરીક્ષા કરવી જોઈએ. પરીક્ષા કર્યા વિના માને એ વીતરાગ માર્ગમાં ધર્મ કહેવાતો નથી. એ પરોપદેશ વગેરે બાહ્ય કારણના આશ્રયથી ગ્રહણ કરવામાં આવે છે. પહેલું ઓલું આવ્યું હતું, પરમ દિવસે કહ્યું હતું ને ? અગૃહીતમાં. ઉપદેશાદિ બાહ્ય આલંબન વડે નવું ગ્રહ્યું નથી. અજ્ઞાનમાં એમ આવ્યું હતું, પહેલા શરૂઆતમાં. અહીં પરોપદેશ વાંચવાથી, સાંભળવાથી, જોવાથી, કહેવાથી ગ્રહણ કરવામાં આવ્યું છે તેથી તેને ગૃહીત મિથ્યાદર્શન કહેવાય છે. 'હવે ગૃહીત મિથ્યાજ્ઞાનનું વર્ણન...' કરશે. એ તેરમી ગાથા. બાર થઈ ને ? બાર થઈ. બાર સુધી ગૃહીત મિથ્યાદર્શન, અગૃહીત (મિથ્યાત્વને) પુષ્ટિ આપનારની વાત કરી. હવે અગૃહીત જ્ઞાનને પુષ્ટિ આપનાર મિથ્યાજ્ઞાન એની વાત કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ

**એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;**
**રાગી કુમતિનકૃત શ્રુતાભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩.**

**અન્વયાર્થ :– (એકાન્તવાદ) એકાન્તરૂપ કથનથી (દૂષિત) ખોટાં [અને] (વિષયાદિક) પાંચ ઇન્દ્રિયોના વિષય વગેરેની (પોષક) પુષ્ટિ કરવાવાળાં (રાગી કુમતિતિકૃત) રાગી કુમતિઓ દ્વારા બનાવેલાં (અપ્રશસ્ત) ખોટાં (સમસ્ત) બધાં (શ્રુતકો) શાસ્ત્રોને (અભ્યાસ) પઢવાં, પઢાવવાં સાંભળવાં અને સંભળાવવાં (સો) તે (કુબોધ) મિથ્યાજ્ઞાન [છે; તે] (બહુ) ઘણાં (ત્રાસ) દુઃખને (દેન) આપવાવાળું છે.**

ભાવાર્થ :– ૧. વસ્તુ **અનેકધર્માત્મક** છે; **તેમાંથી કોઇ** પણ **એક** જ ધર્મને **આખી** વસ્તુ કહેવાના **કારણથી** દૂષિત (મિથ્યા) તથા વિષય-કષાય **આદિને** પુષ્ટ કરવાવાળાં કુગુરુઓનાં બનાવેલાં સર્વ પ્રકારનાં ખોટાં શાસ્ત્રોને **ધર્મબુદ્ધિથી** લખવાં-લખાવવાં, ભણવાં-ભણાવવાં, **સાંભળવાં અને સંભળાવવાં** તેને ગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે.

૨. જે શાસ્ત્ર જગતમાં સર્વથા નિત્ય, **એક અદ્વૈત અને** સર્વવ્યાપક **બ્રહ્મમાત્ર** વસ્તુ છે, **અન્ય કોઇ પદાર્થ નથી, એમ** વર્ણન કરે છે તે શાસ્ત્ર **એકાન્તવાદથી દૂષિત હોવાથી** કુશાસ્ત્ર છે.

૩. વસ્તુને સર્વથા **ક્ષણિક-અનિત્ય, અથવા (૪)** ગુણ-**ગુણી** સર્વથા જુદા છે, કોઇ ગુણના **સંયોગથી** વસ્તુ છે **એમ** કથન કરે, **અથવા (૫)** જગતનો કોઇ કર્તા, કર્તા **અને** નિયંતા છે **એમ** વર્ણન કરે, **અથવા** (૬) દયા, દાન, મહાવ્રતાદિના શુભભાવ જે પુણ્યાસ્ત્રવ છે પરાશ્રયરુપ છે **તેનાથી** તથા મુનિને આહાર દેવાના **શુભભાવથી** સંસાર પરીત (ટૂંકો, મર્યાદિત) થવો; તથા ઉપદેશ દેવાના શુભ ભાવથી પરમાર્થે ધર્મ થાય વગેરે **અન્ય ધર્મીયોના** ગ્રન્થોમાં જે વિપરીત કથન છે, તે **એકાન્ત અને અપ્રશસ્ત હોવાથી** કુશાસ્ત્ર છે. **કેમકે** તેમાં પ્રયોજનભૂત સાત તત્ત્વનું યથાર્થપણું **નથી.** જ્યાં **એક** તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ, **એમ** સમજવું ૧૩.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૬, ગુરુવાર
## તા. ૨૭-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૧૩, પ્રવચન નંબર–૧૦

'છ ઢાળા'ની બીજી ઢાળ (ચાલે છે). બાર ગાથા પૂરી થઈ. તેરમી ગાથા. 'ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ.' એવો એક વિચાર એ પહેલા આવ્યો કે, આ આત્મા જે છે, આત્મા, એ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ. મિથ્યાજ્ઞાન છે ને આમાં ? આત્મા છે તે જ્ઞાનસ્વભાવ છે અને જ્ઞાનની જે પાંચ પર્યાયો છે – મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ, તો કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય પોતાના અનંતા ગુણોની પર્યાય અને પોતાની પણ વ્યવસ્થિત પર્યાય, કેવળજ્ઞાનનો પર્યાય પણ સમયે સમયે જે વ્યવસ્થિત છે તે થવાનો છે એમાં એ. અનંતકાળ એ થાય છે ને ? એટલે કેવળજ્ઞાનનો પર્યાય પોતાના ગુણની પર્યાય જે જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોના જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે. એ મતિજ્ઞાન પણ તે જ રીતે વ્યવસ્થિત જાણે. અલ્પ, ઓછું એનો પ્રશ્ન અત્યારે નથી. શ્રુતજ્ઞાન પણ એ રીતે જ જાણે. એનું વ્યવસ્થિત જાણવાનો અને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે એનું જ્ઞાન કરવાનો એનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાન પણ પોતાની અનંતા ગુણોની અને પોતાની પણ પર્યાય વ્યવસ્થિત થાય તેનો જાણવાનો સ્વભાવ છે. પરની પણ વ્યવસ્થિત જે થાય તે પર્યાયને જાણવાનો એનો સ્વભાવ છે. અવધિજ્ઞાન પણ એ પોતે પોતાની વ્યવસ્થિત જે પર્યાય સમયે સમયે થાય એને જાણવાનો સ્વભાવ અને રૂપી આદિ પર્યાય એને યોગ્ય છે એને પણ જાણવાનો સ્વભાવ છે. એમ મનઃપર્યય જ્ઞાન. પોતાની વ્યવસ્થિત પર્યાય (જાણે), સામાની પણ એને યોગ્ય જેટલી જાણવાની યોગ્યતા છે તેની વ્યવસ્થિત પર્યાયને જાણવાનો સ્વભાવ છે.

હવે, એ બધી કેવળજ્ઞાનાદિ પર્યાયનો સ્વભાવ પોતાને અને પરને જેમ છે તેમ જાણવું. એમાં કેમ છે ને કેમ ફેરફાર કરવું એ વસ્તુનો સ્વભાવ નથી. એવો પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક ગુણમાં અનંત અનંત પર્યાય પડી છે. આ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળની જે અનંત પર્યાય છે, જ્ઞાનગુણમાં અનંત અનંતપણે રહી છે. એવો જ્ઞાનનો ધરનાર આત્મા જેને વસ્તુનું સ્વરૂપ જ વ્યવસ્થિત પોતે પોતાને જાણે અને પરને જાણે એવો જ એનો સ્વભાવ થયો. એક સમયનો નહિ પણ આખો ત્રિકાળી સ્વભાવ, ભાઈ! વસ્તુ જ એવી છે. અહીં તો પર્યાયથી લઈને ગુણમાં ગયો અને ગુણ લઈ દ્રવ્ય એવી વસ્તુ છે. આ વાત છે, આ વસ્તુ છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જે કહ્યું કે, એનો અર્થ જ થયો કે જ્યાં નિશ્ચય જ્ઞાનનો કર્યો એટલે દરેક પર્યાય પોતાની મતિ, શ્રુત, મનઃપર્યયની થાય તેને તે જાણે અને બીજા ગુણોની પર્યાય પણ ક્રમસર થાય, ક્રમવર્તી થાય તેને જાણે. એને યોગ્ય સામે જે દ્રવ્ય છે એને જાણવાયોગ્ય, એને પણ એ રીતે જાણે. એક પર્યાયને એવી ત્રણકાળની પર્યાય કે સર્વજ્ઞ સાદિઅનંતની કેવળજ્ઞાનની પર્યાય, એ પણ જાણે અને સામી અવસ્થા જે અનંતની થાય છે તે જાણે. એવી અવસ્થાનો આખો પિંડ તે જ્ઞાનગુણ. એ ગુણમાં સ્વ-પરનું વ્યવસ્થિત જાણવું એવું જ એનું સામર્થ્ય છે. આવા સ્વભાવવંતને આત્મા ન માને અને બીજી રીતે માને તો એ આત્મા જ એણે માન્યો નથી. ભાઈ ! આ તો સવારમાં ઊઠીને વળી એ ચાલ્યું હતું. સમજાણું કાંઈ ?

એ ભગવાન જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે કે એનો કોઈપણ પર્યાય પણ વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે બીજાને જાણે, એનું નામ જ્ઞાન. સમજાય છે કાંઈ ? ભાઈ ! સમજાય છે આમાં ? વિચાર કરીએ છીએ, કહે છે. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :– ફરીને સમજાવો.

ઉત્તર :– આ કહ્યું ને, ઊઠતાં જ એકદમ આ વાત મગજમાં આવી. વસ્તુ જ આવી છે. એમાં વિકલ્પને અવકાશ જ નથી. આમ કેમ ? પરમાં કે મારામાં આમ કેમ ? ઇ આમ કેમ તો વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ એમાં આમ કેમ એ વિકલ્પ જ ન હોય. સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ વસ્તુ આત્માને જ્ઞાન કહ્યું છે ને ? ભાઈ ! જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે ને ? એટલે ઉપરથી એકદમ પછી વિચારની ધારા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચાલી કે, જ્ઞાન તે આત્મા. એટલે કે જ્ઞાન તો જાણે તે આત્મા. એટલે કે એની જેટલી પાંચ પર્યાય છે એ દરેક(ને) જાણે, જાણે, જાણે તે આત્મા. જ્ઞાનમાં જાણવું છે, કોઈનું ફેરવવું કે પોતાનું ફેરવવું એમાં નથી. આહા..હા...! કરે શું ? સમજાણું ?

આ તમારા મકાનનું ઠેકાણું પડતું નથી એ વિચારમાં એકદમ આ વિચાર આવ્યા. પણ જે સમયે, જે ક્ષેત્ર, જે પ્રકારે જે પર્યાય થવાની એને ફેરફાર કરે કોણ ? સમજાય છે કાંઈ ? એ જ્ઞાનનો તો સ્વભાવ જ એવો છે. એટલે કે એની પર્યાયનો સ્વભાવ એવો, એના ગુણનો સ્વભાવ એવો અને એ દ્રવ્યનો સ્વભાવ એવો. હેં ? આહા..હા...! એવો જ એનો સ્વભાવ છે, નિર્વિકલ્પપણે જ્યાં જ્ઞાનનો નિશ્ચય અનુભવ થયો, જાણવાનું બીજું કાંઈ છે જ નહિ એને. સમજાણું કાંઈ ? એ રાગ આવે એને જાણે, કરે નહિ. એ દ્રવ્યનો સ્વભાવ એવો છે. ભાઈ ! સમજાણું આમાં કાંઈ ?

જ્ઞાન આત્મા એ કહો તો તો જ્ઞાન આત્મા અને જ્ઞાનની પર્યાય તે પણ આત્મા, એમ થયું ને ? ભાઈ ! હેં ? પર્યાય તે પર્યાયવાનની, એટલે પર્યાય, પર્યાયવાન એક છે. ગુણ અને ગુણી એક છે, અભેદ છે. એ જાણનાર, જાણનાર, જાણનાર (છે). જે જાણવાની દશાનું જ્ઞાન અને જાણે તે વ્યવસ્થિત પરની પર્યાયનું જ્ઞાન. બસ ! એ બધું જાણવું જ એના પિંડમાં પડ્યું છે. આત્માના પિંડમાં એટલે એનું શરીર જ એવું છે. શરીર એટલે આત્માનું એ શરીર. આત્મપિંડ જ એવો છે, આત્મ-શરીર જ એવું છે, એટલે ચૈતન્ય-શરીર જ એવું છે. એ સ્વ-પરની જેવી વ્યવસ્થિત છે એવું તેને તે પ્રકારે સહેજે જાણવું. એ જાણવું દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં વ્યાપેલું છે. સમજાણું કાંઈ ?

આ રીતે આત્માને જો માને તો એણે આત્મા માન્યો કહેવાય. બીજી રીતે આત્મા માને તો એ આત્માની એ સ્થિતિ નથી, એથી વિપરીત માને તો એણે આત્મા જ માન્યો નથી. આહા..હા...! ભાઈ ! સમજાય છે ? અંદર ગંભીરતા તો ઘણી આવતી હતી, પણ હવે આ ભાષામાં આવવી જોઈએ ને ? હદ પ્રમાણે આવે ને ! ઓ..હો...! આ એકલો ચૈતન્યગોળો તે જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે અને વ્યાપેલું તે વ્યવસ્થિત પોતાને, બીજા ગુણોને, બીજા દ્રવ્યને એ રીતે જાણવાના સ્વભાવવાળો એ પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણેમાં વ્યાપેલું જાણવું આ રીતે એને અનુભવમાં આવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એણે આત્મા જાણ્યો અને માન્યો કહેવાય. આહા..હા...! અરે...! આમાં વાદવિવાદને સ્થાન ક્યાં છે ? સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એટલે કે ચૈતન્યસૂર્ય એટલે કે સ્વપરને જાણવાના સ્વભાવથી, સત્ત્વથી ભરેલું તત્ત્વ. એની પર્યાયમાં એ સ્વભાવ. એમાં પહેલા, પછીનો પ્રશ્ન જ નથી ક્યાંય પર્યાયમાં. આહા..હા...! આ પહેલા અને આ પછી. જ્ઞાનમાં જાણવાનું ન રહ્યું, એ તો વિષમતા થઈ. હેં ? સમજાણું ? એથી એવું સ્વરૂપ નિશ્ચયમાં આવ્યું કે આ વસ્તુ તો આવી જાણવાના સ્વપરપ્રકાશના સ્વભાવથી ભરેલી (છે) અને વ્યવસ્થિત પોતાની અને બીજા ગુણોની અને બીજા દ્રવ્યની પર્યાયને જાણવું એટલું જ એનું સ્વરૂપ છે, બસ ! અને એ જાણવું એને આત્મા કહેવામાં આવે છે. એણે જાણવાનું કર્યું એ જ એણે કર્યું, એ ક્રિયા. સમજાય છે કાંઈ ? ભાઈ ! પછી આનાથી આમ થયું ને આનાથી આમ થયું એ વસ્તુમાં રહેતું નથી. હેં ? આહા..હા...! એના ગુણમાં એનો ગુણ એવો છે, ગુણ, ગુણ – જ્ઞાનગુણ. જ્ઞાન એ ગુણનો ગુણ એવો છે. હેં ? આહા..હા...! જ્ઞાનગુણ એનો ગુણ એવો એટલે સ્વભાવ છે, બસ ! જાણવું. એવો આત્મા ફક્ત સ્વપરને જાણવાની કાતળી એકલી ચૈતન્યસૂર્ય. સમજાય છે ? એનો પર્યાય મતિ(જ્ઞાનનો) હોય તોપણ જાણવું, એમાં પણ વ્યવસ્થિત જાણે છે. ઓછુંવત્તાનો પ્રશ્ન નથી. શ્રુત પણ એમ જ જાણે કારણ કે એના ગુણમાં સ્વપરને વ્યવસ્થિત જાણવાનો તાકાત – સ્વભાવ છે. માટે એની પર્યાયમાં પણ સ્વપરને જાણવાની પર્યાયને વ્યવસ્થિતને જાણે છે. સમજાણું કાંઈ ? અને એમાંથી કેવળજ્ઞાન પર્યાય તો સાદીઅનંત રહી પાછી. ભાઈ !

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ તો બહુ જ અલ્પ પર્યાય છે. અલ્પ એટલે બહુ થોડો કાળ રહેનારી છે. હેં ? અને કૈવલ્યપર્યાય તો એથી અનંતગુણી રહેનારી છે, ભાઈ ! ધ્યાન રાખજો ! કૈવલ્યપર્યાય તો અનંત, અનંત, અનંતગુણી (છે). જે પર્યાયો ચાર જ્ઞાનની થઈ એટલા કાળમાં જે કાળ ગયો એથી અનંતગુણો કાળ કેવળપર્યાય એમ ને એમ રહેવાની છે. હવે એ કૈવલ્યની પરિપૂર્ણતામાં પોતાનું અને પરનું સ્વપર વ્યવસ્થિત જાણવું એવો જ એનો સ્વભાવ છે. એટલે આખા ગુણનો જ એવો સ્વભાવ છે. ભાઈ ! વાંધા તકરાર, ચર્ચા વાદે પાર પડે એવું નથી. વસ્તુનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ સમજે તો પાર પડે એવું છે. સમજાય છે આમાં ?

એ ભગવાનઆત્મા આવું જેનું જ્ઞાન છે તેને સુશાસ્ત્રનું જ્ઞાન કહેવામાં આવે છે. એનાથી વિરુદ્ધ છે તેને સામા શાસ્ત્ર સાચાં હોય તોપણ તેને કુશાસ્ત્રનું જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આ કુમતિ આવ્યું ને ? (એમાંથી) જરી વધારે વિચાર ઊઠ્યો. મેં કીધું, આ ભારે, ભાઈ ! કુમતિથી રચાયેલા શાસ્ત્રો. પણ સુમતિથી રચાયેલા શાસ્ત્રો હોય પણ જેની મતિમાં કુમતિપણું પોતાને છે. સમજાય છે ? તો એનો શાસ્ત્રઅભ્યાસ થઈને એને કુસૂત્રપણે પરિણમ્યો છે. શાસ્ત્ર શું કરે ? એ તો પરવસ્તુ છે. સર્વજ્ઞ પણ શું કરે ? સર્વજ્ઞ સામાના જાણવાની અપેક્ષાએ એ પરવસ્તુ છે. દિવ્યધ્વનિ શું કરે ? સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા આવો સાદિઅનંત કેવળજ્ઞાન પર્યાય, અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણો જેના ગુણના પટમાં એક સમયમાં વર્તમાન બધું પડ્યું છે આમ. એવા ગુણને તો સ્વપર વ્યવસ્થિત જાણવું એવું જેનું સામર્થ્ય છે. એ સિવાય વિપરીત રીતે માને તો નથી તેણે આત્મદ્રવ્યને માન્યું, નથી એના ગુણને માન્યા, નથી એણે પર્યાયને માની, નથી એણે બીજા દ્રવ્ય ને ગુણની પર્યાય જેમ છે તેમ માની નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો, એટલું આવ્યું. એ જ્ઞાનનો જ એવો સ્વભાવ છે, એમ અહીં કહેવું છે. આનો પરિણમનનો સ્વભાવ જ્ઞાનનો એવો (છે કે) બધાયને જાણવું. એ પણ સામે વ્યવસ્થિત હોય ત્યારે અહીં જ્ઞાન જાણે એક સમયે. આહા..હા...! છએ દ્રવ્યનું વ્યવસ્થિતપણું, એના ગુણોનું વ્યવસ્થિતપણું, એની પર્યાયનું વ્યવસ્થિતપણું. પર્યાયનું વ્યવસ્થિતપણું તો એના ગુણની શક્તિમાં પણ વ્યવસ્થિતપણે પરિણમવું એ જ એનો સ્વભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ આમાં ?

આમાં ધર્મ શું આવ્યો ? એમ માણસને (થાય). હેં ? ભાઈ ! આત્મા જ્ઞાનનો પિંડ આ રીતે સર્વજ્ઞ પર્યાયની પૂર્ણતાના અનંત પર્યાયના સામર્થ્યવાળો એવો જે જ્ઞાનગુણ, એ ગુણનો ધરનાર આત્મા, તે જ્ઞાન અને જ્ઞાન તે આત્મા. બસ ! એને તો આ રીતે સ્વપર વ્યવસ્થિત છે એને જાણવું. એટલે એમાં વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ વાત પણ એમાં આવી જાય છે. હેં ? ભાઈ ! બારમી ગાથાનો જે સિદ્ધાંત છે.. ઓ..હો..હો...! 'રચના જિન ઉપદેશની સર્વોત્કૃષ્ટ તીન કાલ, ઇનમેં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સબ મત રહત હૈ, તરતે જીવ સમ્હાર.' શાસ્ત્રની કોઈ પડખેથી વાત લ્યો, એ પડખે આ બધી વાત યથાર્થ ઊભી થાય છે. સમજાણું કાંઈ ?

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' બારમી ગાથામાં એ વસ્તુ – વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કીધો એના જ વાંધા ઊઠ્યા. એ વાંધા – 'अपरमे ट्ठिदा भावे।' એટલે કે જે પરમમાં નથી તેને વ્યવહાર કરવાનો કહ્યો. એમ છે જ નહિ, ભાઈ ! આહા..હા...! જે પૂર્ણ દશામાં, કૈવલ્ય આદિ દશામાં સ્થિત નથી એને અધૂરી દશામાં જે જ્ઞાનમાં ઓલો રાગ બાકી (રહ્યો છે) એને જાણવાની જ્ઞાનની દશા જ એવી રહે છે. પોતાની વ્યવસ્થિત (પર્યાયને જાણવાનો) અને રાગ પણ વ્યવસ્થિત (થાય છે) એને જાણવાનો એટલો ભાગ રહી જાય. આ તરીકે (અર્થાત્) સ્વદ્રવ્યના પર્યાયના રાગ તરીકે. કેવળીને એ રહેતું નથી. સમજાણું કાંઈ ? એથી ત્યાં ભૂતાર્થ સ્વભાવ ભગવાનઆત્મા, એને આશ્રયે થયેલું જ્ઞાન એ જ્ઞાનમાં જે અપૂર્ણતા અને રાગાદિ છે તેને જાણવું એનું નામ વ્યવહાર કહ્યો. એને વ્યવહારું જ્ઞાન, વ્યવહાર જાણવો. એ સિવાય કોઈ બીજી ચીજ જ એમાં ઊભી થતી નથી. સમજાણું કાંઈ ?

ભૂતાર્થ એક સમયમાં ભગવાનઆત્મા આવા ગુણવાળું તત્ત્વ એકરૂપે (બિરાજે છે), એની દૃષ્ટિ થતાં એ દૃષ્ટિવાળું અંદર જ્ઞાન (થાય), એને અપૂર્ણતા અને અધૂરાશ છે એથી તેને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. કેવળીને એ નથી. એને એકસાથે લોકાલોક બધું નિમિત્ત છે. બસ ! આટલી વાત છે, બીજું કાંઈ છે નહિ.

હવે અહીંયાં 'ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ' (કહે છે). આથી ઊંધું. બેય છે એમાં. સમજાય છે કાંઈ ?

એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;
રાગી કુમતિનકૃત શ્રુતાભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩.

'(એકાન્તવાદ) એકાન્તરૂપ કથનથી દૂષિત ખોટાં...' એટલે ? 'વસ્તુ અનેક ધર્માત્મક છે;...' નીચે એનું (સ્પષ્ટીકરણ) છે. 'તેમાંથી કોઈ પણ એક જ ધર્મને આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત (મિથ્યા)...' આત્મા આદિ દરેક વસ્તુ અનિત્ય પણ છે, નિત્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ છે. વસ્તુ સ્વરૂપે એક છે, ગુણ-પર્યાયે અનેક છે. એ રીતે વસ્તુ ન માનતાં એનો એક જ પક્ષ માનવો તો વસ્તુની સર્વાંગતા એની દૃષ્ટિમાં રહેતી નથી અને સર્વાંગ માન્યા વિના અસર્વાંગને સર્વાંગ માને એને અનેકાંત ન માનતાં એણે એકાંત માન્યું છે.

વસ્તુનાં સર્વાંગો જેટલા છે, અંગો, જેટલા નીચે નીચેના પર્યાયના પ્રકાર (છે).. સમજાય છે ? ગુણ, પર્યાયના, આખો ગુણ-પર્યાય એક સમયનો, એ બધાં નિત્ય-અનિત્ય છે. એ રીતે એનું સર્વાંગપણું ન માનતાં એનું એક જ અંગપણું માને (અર્થાત્) નિત્ય જ છે, તો પર્યાય રહી જાય છે. અનિત્ય છે (એમ એકાંતે માને) તો ગુણ-દ્રવ્ય રહી જાય છે. સમજાણું કાંઈ ? વસ્તુનું સર્વાંગપણું માનવું એનું નામ અનેકાંત છે, એનું નામ સમ્યગ્જ્ઞાન છે. વસ્તુનું એકાંગ માનવું, એક પડખું જ માનવું, પર્યાય જ માનવી અને ગુણ ન માનવો, ગુણ જ માનવો અને પર્યાય ન માનવી.. સમજાય છે કાંઈ ? એને એકાંતવાદ એકપક્ષી મિથ્યાજ્ઞાન કહે છે. આ ઝીણી વાત છે.

એકાંત કથનથી દૂષિત અથવા વિષયાદિ પોષક. એટલે શું કીધું ? જે પાંચ ઇન્દ્રિયાના વિષયો, પર સન્મુખના ભાવ એ પરરસન્મુખ જાય છે. સમજાય છે ? એવા વિષયના પોષકો, સ્વવિષય જે આત્મા, એનો અનાદર કરીને પર તરફના એકલા વિષય તરફના ભાવ એને પોષનારા એકાંતિક કુશાસ્ત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? 'પાંચ ઇન્દ્રિયોના વિષય...' બાહ્યના એના તરફના લક્ષે આત્માને લાભ મનાવનારા, (એને) એ સ્વવિષય આખો આત્મા એમાં રહી જાય છે. સમજાણું કાંઈ ? (એવી પુષ્ટિ) કરવાવાળા કુમતિન રચિત કપિલ વગેરેએ બનાવેલા અથવા કુમતિઓએ બનાવેલા. જેવું દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ છે એવું જાણ્યા વિના પોતાની કલ્પનાના તર્ક કોટિથી, તર્કોના સમૂહથી રચેલા શાસ્ત્રો.... સમજાય છે ? એ ખોટા અપ્રશસ્ત છે. જેમાં સત્ય સિદ્ધાંતનો વિરોધ આવે છે. સમજાય છે ? એ બધા શાસ્ત્રોનો અભ્યાસ કરવો. એ આ ધર્મબુદ્ધિએ અભ્યાસ કરવો. આમાંથી જ્ઞાન મળશે, એમાં પણ સમ્યગ્જ્ઞાનના એ શાસ્ત્રો છે, એમ જાણીને અભ્યાસ કરવો. આમ અભ્યાસ કરે એ તો કુશાસ્ત્ર ગમે એવા હોય.. સમજાય છે ? એને શાસ્ત્ર જાણીને અભ્યાસ કરવો. પઢવા, બીજા પાસે પઢાવવા, બીજાને ભણાવવા, બીજા પાસે સાંભળવા. ભારે વાત,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ !

એ કુશાસ્ત્રો જેમાં એકાંતપણું છે, જેમાં અનેકાંત વસ્તુ સિદ્ધ થતી નથી. એને સંભળાવવા. એવા કુશાસ્ત્રોને જગત પાસે સંભળાવવા એ બધા મિથ્યાજ્ઞાનનું પોષણ છે. સમજાણું કાંઈ ? એ કુબોધ નામ મિથ્યાજ્ઞાન છે. જુઓ ! તે ઘણા દુઃખને આપવવાળું છે. એ ત્રાસ દાયક છે. 'કુબોધ બહુ દેન ત્રાસ.' આહા..હા...! સમજાણું કાંઈ ?




એક આમાં અર્થ એ કર્યો છે, ભાઈ ! જરીક બીજો (છે). આમાં તો એવો અર્થ કર્યો છે, આ ત્રીજું પૂરું થયા પછી, હોં ! આમાં. કે, મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન કે વિદ્યમાન રહતે હુએ.. આ તો આપણું નથી પણ પહેલાના આધારનું છે એ જરીક આમાં નાખ્યું છે. આ એક છે. જે આવી કુશાસ્ત્રનું જ્ઞાન અને મિથ્યાદર્શન, એના વિદ્યમાન રહતે હુએ મનુષ્ય ચારિત્ર કે નામપર જો કુછ ભી ધારણ કરતા હૈ. ચારિત્રના નામે મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન છે. એવા એના ઉપર, ચારિત્રના નામ પર વ્રતાદિ (પાળે). વ્રત, નિયમ, ઉપવાસ આદિ કરતા હૈ, ઉસે ગૃહીત મિથ્યાચારિત્ર કહા ગયા હૈ. સમજાણું કાંઈ ? આવું જે જ્ઞાન છે, ઇ આ તેર (ગાથામાં) ચાલે છે, ઇ. એ પહેલા મિથ્યાદર્શન ચાલ્યું. એવા મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન સહિતવાળો જીવ, કોઈ ચારિત્ર ધારણ કરે એટલે કે વ્રત ને નિયમ ને અપવાસાદિ ધારણ કરે એ બધા કુચારિત્ર છે. કહો, અહીં 'સોનગઢવાળા'એ કહ્યું છે, એમ નથી. અહીં તો પહેલાં આમાં છાપ્યું છે. અરે...! ભગવાન ! શું કહે છે ?

જુઓ ! આમાં ઇ છે. આમાં ઇ લખ્યું છે. સમજાણું ? વળી જેને મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન સહિત. મિથ્યા અગૃહીત હો કે ગૃહીત હો, એના સહિત જેણે ચારિત્ર ધારણ કર્યું છે, એ ચારિત્ર કેવા ? કે, વ્રત ને અપવાસાદિ ક્રિયા. વ્રત, નિયમ, ઉપવાસ, ચોવિહાર, સામાયિક વગેરે, એ ગૃહીત મિથ્યાચારિત્ર કહા જાતા હૈ. એને તો ગૃહીત મિથ્યાચારિત્ર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેવાય. હવે (કહે છે), ફિર જો ક્રિયા કેવલ શરીર કો દુઃખ પહુંચાનેવાલી હૈ,... એની ક્રિયાનું શું કહેવું છે ? એમ. આ પંચાગ્નિ ને (એ બધી). આ તો આવી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન સહિતના જૈનના નામ ધરાવનારા વ્રત, તપ, અપવાસ આદિ કરે તોપણ કુચારિત્ર છે, મિથ્યાચારિત્ર છે. ગૃહીત મિથ્યાચારિત્ર (છે), એમ.

ક્રિયાએં શરીર કો દુઃખ પહુંચાનેવાલી.. આગળ આવશે. માન, પ્રતિષ્ઠા, યશ, કામના અને પૈસાના લાભાદિ ઇચ્છા સે કી જાતી હૈ. ત્રસ, સ્થાવર જીવોં કી હિંસા કરનેવાલી હૈ. ઉનમેં તો આત્મહિત કી કલ્પના હી નહીં કી જા સકતી. ઇસ કારણ સે આચાર્યોં ને ઐસી ક્રિયાઓં કો મિથ્યાચારિત્ર કહા હૈ. સમજાય છે કાંઈ ? અને પંચાગ્નિ તપને મેં અગણિત ત્રસ, સ્થાવર જીવોં કી હિંસા હોતી હૈ. જટાજુત.. જટા રાખે છે ને ? જૂં વગેરે ઉત્પન્ન થાય છે. શરીર કો રાખ લગાને સે, તિલક, મુદ્રા આદિ કરને સે માન, પ્રતિષ્ઠા આદિ કી ભાવના સ્પષ્ટ દૃષ્ટિ (ગોચર) હોતી હૈ. અનેક પ્રકાર ને આસન લગાને સે શરીર કો ખેદમાત્ર હી હોતા હૈ તો આત્મલાભ પ્રતીત નહીં હોતા. સબ કાર્ય આત્મજ્ઞ પુરુષોંને મિથ્યાચારિત્ર કહા હૈ. જૈન નામ ધરાવનારા પણ મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાન ઊંધાથી જે વ્રત ધારણ કરે એ પણ કુચારિત્ર છે અને અન્યમતિની આવી ક્રિયાઓ ખેદખિન્ન થઈને કરવી એ પણ મિથ્યાચારિત્ર છે. સ્વપર કા વિવેક નહીં હોતા.

આ માર્ગ તો તદ્દન જ્ઞાનસંપન્ન વિવેક છે. એમાં બીજી કોઈ ક્રિયા, રાગની ક્રિયા-ફ્રિયા એના સ્વરૂપમાં નથી. આહા..હા...! એવું જ્ઞાન અને દર્શન (થયા વિના) આત્માના ભાન ન થાય. અને જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન રાખીને કોઈ વ્રતાદિ ચારિત્રને નામે ધારણ કરે તો એ બધા મિથ્યા ગૃહીત ચારિત્ર છે, ગૃહીત મિથ્યાચારિત્ર છે, ભાઈ !

ભાવાર્થ :– '૧. વસ્તુ અનેકધર્માત્મક છે; તેમાંથી કોઇ પણ એક જ ધર્મને આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત (મિથ્યા) તથા વિષય-કષાય આદિને પુષ્ટ કરવાવાળાં કુગુરુઓનાં બનાવેલાં...' કુમતિવાળાએ બનાવેલા શાસ્ત્ર. સમજાય છે ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની, એમણે કહેલાં, એને અનુસારે આચાર્યોએ રચેલા, એના સિવાયના કુમતિએ કરેલા. આ..હા...! 'સર્વ પ્રકારનાં ખોટાં શાસ્ત્રોને ધર્મબુદ્ધિથી...' હોં ! એમ છે ને ? આમ તો બધા વાંચે, ગમે ઇ વાંચે નહિ. આ શાસ્ત્ર છે, આમાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈક તત્ત્વ નીકળશે એવી બુદ્ધિથી, 'લખવા–લખાવવા, ભણવા–ભણાવવા, સાંભળવા અને સંભળાવવા તેને ગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે.' સમજાણું કાંઈ ?

'૨. જે શાસ્ત્ર જગતમાં સર્વથા નિત્ય,...' એટલે ગુણ જ માને અને પર્યાય ન માને, એક જ માને પણ અનેકપણું ન માને. અદ્વૈત માને 'અને સર્વવ્યાપક બ્રહ્મમાત્ર વસ્તુ છે,...' એમ માને. 'અન્ય કોઈ પદાર્થ નથી, એમ વર્ણન કરે છે તે શાસ્ત્ર એકાન્તવાદથી દૂષિત હોવાથી કુશાસ્ત્ર છે.' એક જ આત્મા છે, બીજું કાંઈ નથી, સર્વવ્યાપક બધા આત્મા એક જાત છે. એક જાત એટલે સંખ્યાએ એક. એમ માનનારા એના કરેલા શાસ્ત્રો બધા કુશાસ્ત્રો છે. એનો અભ્યાસ પણ કુશાસ્ત્ર છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

'૩. વસ્તુને સર્વથા ક્ષણિક–અનિત્ય,...' બૌદ્ધ માને છે ને ? એ સામે લીધું, ઓલાની સામે. 'અથવા (૪) ગુણ-ગુણી સર્વથા જુદા...' માને. ગુણી ભગવાન અને જ્ઞાન તદ્દન જુદું. જુદો રહ્યો તો ગુણી કહેવાણો શી રીતે ? એમ સર્વથા ગુણી ભગવાન અને એનો જ્ઞાન ગુણ, એ સંયોગે કેટલાક માને છે. કારણ કે ઓલું જ્ઞાન વધારે પ્રગટ થાય છે ને ? વધારે પ્રગટ ક્યાંથી થયું ? ક્યાં હતું ? એમ કહે. માટે બહારથી આવ્યું. પણ અંદરમાં શક્તિરૂપે હતું અને એકાગ્ર થતાં અંદરથી આવ્યું, એ ગુણ-ગુણી એક હતા તો આવ્યું, એમ એને ખ્યાલમાં આવ્યું નહિ. સમજાણું કાંઈ ? પર્યાયમાં વધારે (જ્ઞાન) થાય છે. વધારે થયું ક્યાંથી ? (તો કહે), બહારથી આવ્યું. એટલે ગુણ-ગુણીની અભેદતાનો સ્વીકાર નથી. ભગવાન ગુણી આત્મા, એની શક્તિનું સત્ત્વ આખો ગુણ એની એકાગ્રતાથી પર્યાયમાં દશા આવે છે. એમ અભેદ ન માનતા એકાંત ગુણ-ગુણીનો ભેદ જ માનવો (તે મિથ્યાજ્ઞાન છે).

'કોઈ ગુણના સંયોગથી વસ્તુ છે એમ કથન કરે,...' કોઈ ગુણના સંયોગથી વસ્તુ, એમ. આ કીધું ને ? જ્ઞાનનો સંયોગ, દર્શનનો સંયોગ બહારથી (થાય). 'અથવા (૫) જગતનો કોઈ કર્તા, હર્તા...' માને. એવા શાસ્ત્ર બધા કુશાસ્ત્ર છે. 'અને નિયંતા છે એમ વર્ણન કરે,...' બધી વસ્તુને નિયંત્રિત રાખનાર એક ભગવાન છે. સમજાય છે ? વસ્તુ જ વ્યવસ્થિત નિયંત્રિત છે. એને કોઈ નિયંતા, કર્તા માને. એવા જે શાસ્ત્ર હોય એ બધા કુશાસ્ત્ર છે. એનો ઘણો અભ્યાસ કરવો, ભણાવવું, સાંભળવું–સંભળાવવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધું મિથ્યાજ્ઞાન છે.

મુમુક્ષુ :– છાપવું?

ઉત્તર :– એ બધું એમાં અનુમોદન આવે ને એ અપેક્ષાએ. એને છાપવું (હોય તો) ? એને છાપવાનું આવ્યું, એણે કર્યું છે ને બધું ? એવી ચોપડીઓ બહુ છપાવી છે. એ લૌકિક વાત છે. એ એક વેપારની (વાત છે).

તથા.. જુઓ ! આમાં જરી વાત કરી છે ને ? કુમતિ રચિત શ્રુતનો અભ્યાસ. છે ને એમાં કપિલાદિ ? એમાં બધા આવે છે. જે શાસ્ત્રમાં એકલી પરની દયાથી સંસાર નાશ થાય એમ બતાવ્યું હોય એ શાસ્ત્ર પણ કુશાસ્ત્ર છે. ત્યારે આમાંથી તર્ક કરે કે, આમાં દયાનો ધર્મ બતાવ્યો છે ને ? એ દયાધર્મ વ્યવહારધર્મ બતાવ્યો છે. સમજાય છે ?

સર્વજ્ઞના શાસ્ત્રમાં પરની દયાનો શુભભાવ, નિશ્ચય પોતાનો સ્વભાવ, અરાગીની દશા – શ્રદ્ધા પ્રગટી છે ત્યારે એ શુભભાવને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. વ્યવહારધર્મથી સંસારનો નાશ ન થાય. સમજાય છે કાંઈ ? પરમાર્થધર્મથી સંસારનો નાશ થાય. કેમકે સંસાર એ વિકાર છે, રાગ, ઉદયભાવ (છે). એ સ્વભાવ ચિદાનંદ છે એને આશ્રયે જ સંસારનો અભાવ થાય. એમ ન બતાવતાં ફક્ત પરદ્રવ્યની દયાના ભાવ(થી સંસારનો અભાવ બતાવે તે કુશાસ્ત્ર છે). આવે છે ને ? 'મેઘકુમાર'ના અધિકારમાં આવે છે. શ્વેતાંબરમાં 'જ્ઞાતા સૂત્ર' છે ને ? એમાં આવે છે. હાથીના જીવે જીવની દયા પાળી. હાથી હતો, હાથી. સાંભળ્યું છે ને વર્ણન ? એક 'મેઘકુમાર'નો જીવ હતો. એ પૂર્વ ભવે હાથી હતો. ભગવાનના વખતમાં રાજકુમાર (હતો). એ હાથીના ભવમાં વનમાં હાથી પોતે રહેતો. દાહ લાગ્યો, દાહ. મોટો દાહ લાગ્યો. એટલે એક ઠેકાણે બધા જનાવરો એક જગ્યાએ ભેગા થવા માંડ્યા. ચારે કોર દાહ લાગ્યો. એમાં એ બધા ભેગા થતા થતા ખીચોખીચ થઈ ગયું. એક સસલું ઉપર આવ્યું. ઉપર ધક્કાધક્કી થાય એમાં ક્યાંય જગ્યા ન મળે. એમાં આનો જે પગ હતો ને એને ખરજ લાગ્યો હાથીને. ખીચોખીચ એક જોજનનું માંડવું હતું. એક જોજનનો માંડવું સમજાય છે ? ચકરવો. એ બધા ઝાડ-બાડ સાફ કરીને એ માંડવું હાથીઓએ કરેલું. એમાં બધા ભેગા થયા. એમાં એક સસલું આવ્યું, હવે ક્યાંય જગ્યા ન મળે. આમથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ ઠેલાય. ઠેલમઠેલા ચારે કોરથી. એમાં હાથીએ ખંજાળવા પગ ઊંચો કર્યો. એ જગ્યા મળી તો બેસી ગયો. એ હાથીએ પગ મૂકતાં આમ જરી નજર કરી. ન કરી હોત તો તો બધું (પૂરું થઈ ગયું હોત). કારણ કે ઓલા ઝાઝા ઢોર હતા ને ? એટલે નીચે આમ જોતાં સસલું દેખ્યું. પગ એમ ને એમ અધ્ધર રાખ્યો. અને એમાં પરાનુકંપે એ જીવાણુ, એવો પાઠ છે. ઇ પ્રાણી જીવની અનુકંપાથી સંસાર ઘટાડી દીધો, પરિત કર્યો, ઘટાડ્યો એવું છે. ભાઈ ! સાંભળ્યું છે ને ? સાંભળ્યું છે. એ વાત સાચી નથી. સમજાય છે ?

પર જીવની દયાના ભાવથી સંસાર નાશ થાય (એમ કહે) એ શાસ્ત્ર સાચાં નથી, એમ કહે છે. એમ કહેવાનો આમાં આશય છે. ત્યારે ઓલાએ બીજું લીધું, લ્યો ! આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. પણ ભાઈ ! દિગંબર સત્ શાસ્ત્રો છે, એમાં જેટલી પરદયાનો ભાવ છે એનાથી એને પુણ્યબંધનું કારણ કહ્યું છે. અને પરંપરા મોક્ષનું કારણ કહ્યું એનો અર્થ કે, એ છોડીને સ્થિર થશે. એ રાગ પોતે તે બંધનનું જ કારણ છે. આહા..હા...! અબંધ સ્વભાવ ભગવાનઆત્મા, જેમાં ભવ અને ભવનો ભાવ નથી. એવા આત્મ સ્વભાવના આશ્રયે જ ભવનો અભાવ થાય, બાકી ત્રણકાળમાં બીજે આશ્રયે થાય નહિ. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એક સમયમાં જ્ઞાન ને આનંદનું પુર પ્રભુ આત્મા છે. એના પ્રવાહમાં તો ભવના અભાવનો જ પ્રવાહ હોય. ભવ એમાં છે જ નહિ. ભવનો રાગેય વસ્તુમાં નથી. એવી વસ્તુ ભગવાનઆત્મા એનો આશ્રય કરતાં જ ભવનો અભાવ થાય, એ સિવાય આ રાગ ને પુણ્ય ને આ દયા પાળી માટે ભવ નાશ થઈ ગયો, એ શાસ્ત્રના કથનો સાચાં નથી. સમજાણું કાંઈ ?

દાન. દાનમાં એ અધિકાર આવે છે. શ્વેતાંબરમાં વિપાક અધિકાર છે, વિપાક સૂત્ર. દસ દુઃખ વિપાક, દસ સુખ વિપાક. એ દસ સુખ વિપાક એવા છે કે, મુનિ તો સાચા લીધા છે. લેનારા. સમજ્યા ને ? બાકી તો પાત્રા સહિત લીધા છે. પણ મુનિ સાચાં લીધા છે અને દેનાર છે એ મિથ્યાદષ્ટિ છે. મહા ધનાઢ્ય છે. આમ સિંહાસન ઉપર બેઠા છે, એમાં મુનિ પધારે. હેઠે ઉતરી પગે લાગે, બહુ આદર કરે. આદર કરીને આહાર-પાણી આપે છે. એનાથી એને સંસાર નાશ થયો એમ બતાવે છે. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત સાચી નથી. સમજાય છે કાંઈ ? દસ વિપાક અધિકાર છે. સુખ વિપાકનું આખું વિપાક સૂત્ર છે. એમાં દસેય બોલો મિથ્યાદૃષ્ટિએ મુનિઓને આહાર આપ્યા (અને) સંસાર નાશ કર્યો એવો પાઠ છે. એ વાત જ તત્ત્વની નથી. એ સત્ય તત્ત્વથી વિરુદ્ધ શાસ્ત્ર છે. સમજાણું કાંઈ ? ભાઈ !

એ વાત આમાં કહી હતી. પછી એને ઓલા લઈ ગયા, જુઓ ! આવો ઉપદેશ કર્યો છે. એ બધાને કુશાસ્ત્ર કહે છે. આપણાંમાં પણ એમ આવે છે. ભઈ ! એમ નથી, ભાઈ ! એમ આવતું નથી. બાપા ! તને ખબર નથી. ભાઈ ! સર્વજ્ઞ સંતોના કહેલા મહા મુનિના કહેલા. આવે છે ને ? મહાશ્રમણ. 'પંચાસ્તિકાય'માં પહેલી ગાથામાં એમ આવે છે. મહાશ્રમણે કહેલા કે પછી એમના અનુસારે મહાસંતોએ કહેલા, દિગંબર સંતો 'કુંદકુંદાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી', 'સમંતભદ્રાચાર્ય', 'નેમિચંદ્રાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' વગેરે મહાસંતોએ કહેલા એમાં કોઈ ઠેકાણે સ્વદ્રવ્યના આશ્રય વિના પરથી મોક્ષનો, ધર્મનો લાભ થાય, એમ હોઈ શકે જ નહિ. સમજાય છે કાંઈ ? અને એ શાસ્ત્રને જે કહેવું છે ઇ સમજતો નથી. તો એને પોતાને શાસ્ત્રના અર્થ કરનારને કુશાસ્ત્ર થઈ પડ્યા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! વાંધા તે વાંધા.

કહે છે કે, એવું જે પરને દાન (આપે) એમાં શુભભાવ હોય છે. શુભભાવ હોય છે. કેમકે પરાશ્રિત વ્યવહાર, સ્વઆશ્રિત નિશ્ચય. તો પરાશ્રિત જેટલો ભાવ (થાય), સાક્ષાત્ તીર્થંકર હોય એને આહાર દેવાનો ભાવ પણ શુભ છે, પણ એ જીવ સમકિતી ને એવો જ હોય. એને કારણે મુક્તિને પાત્ર થાય છે. સમજાણું કાંઈ ? મુનિ કે તીર્થંકરો છદ્મસ્થમાં હોય અને એને આહાર દેવાનો ભાવ કોઈ બીજા કરે એટલા ભાવમાત્રથી ભવનો અભાવ (થાય), એ રાગથી ભવનો અભાવ (થાય), એમ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ ? એ રાગને કારણે દાનથી ભવનો અભાવ માને તો એ શાસ્ત્ર જ સત્ય નથી. સત્ય શાસ્ત્ર એને કહીએ કે, જે વસ્તુ સ્વભાવ એક સમયના વિકલ્પ સિવાયની ચીજ, એવી ચીજની દૃષ્ટિ, જ્ઞાન ને એનો આશ્રય કરતાં જ ભવનો અભાવ થાય, એ કથન અનાદિઅનંત સત્ય સર્વજ્ઞના ધરતા છે. એ કથનો શાસ્ત્ર છે. એથી વિરુદ્ધ કથન સમ્યક્ શાસ્ત્રમાં હોય જ નહિ. સમ્યક્ શાસ્ત્રમાં વિરુદ્ધ હોય જ નહિ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યા શાસ્ત્રમાં તો ખુલ્લી વાતો એવી હોય કે, આ પ્રમાણે જુઓ આમ દીધા ને પરિત સંસાર કર્યો. સમજાણું કાંઈ ? પણ કોને એ વિચાર, મંથન કરવા છે ? સત્ય શું છે ? જ્યાં પડ્યા ઇ પડ્યા અને એમાં (રહી ગયા). થઈ રહ્યું. સમજાણું ? એવા દાન (દે), પરને અભયદાન દે તોય શું ? શુભભાવ છે. હવે આ કહે કે, જુઓ ! 'પદ્મનંદિ પંચવિંશતિ'માં અભયદાનમાં ભવનો અભાવ કીધો છે. એવા લેખો આવે છે, લ્યો ! પણ ઇ તો બીજી વાત છે. સમજાણું કાંઈ ? સ્વઆશ્રિત નિશ્ચય એટલે સત્, પરાશ્રિત વ્યવહાર એટલે ઉપચાર. આ સિદ્ધાંતને સમજ્યા વિના બીજી રીતે કથન કર્યા હોય અને એને માને તો એ બધા કુશાસ્ત્રનું જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

'મહાવ્રતાદિના શુભભાવ...' લ્યો ! મહાવ્રત છે એ પણ શુભભાવ પુણ્ય છે. અણુવ્રત ને મહાવ્રત એ આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર–મોક્ષશાસ્ત્ર'માં 'ઉમાસ્વામી'એ કહ્યું છે. 'તત્ત્વાર્થસાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' એમ જ કહ્યું છે કે, હવે અમે પુણ્યની વાત કરીશું કે જે નિમિત્તરૂપે, સહાયરૂપે વ્રત હોય છે. પાપની નહિ. પણ એ પુણ્યભાવ પુણ્યાસ્રવ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ પાંચ ભાવ મહાવ્રત (છે). સમજાય છે ? એ શુભભાવ છે.

જે શાસ્ત્રના સ્વાધ્યાય પર તરફના લક્ષવાળો પણ શુભભાવ છે. એનાથી નિર્જરા અને સંવર કોઈ દિ' સત્શાસ્ત્રમાં કહેલા હોય જ નહિ. સમજાણું કાંઈ ? એના તો આધાર આપે છે. 'ધવલ'માં કહ્યું છે. અરે.. ભગવાન ! બાપુ ! એમ નથી, ભાઈ ! 'જયધવલ'નો દાખલો આપે છે. શુભઉપયોગ અને શુદ્ધઉપયોગ બેથી નિર્જરા છે. એ સિવાય કોઈ આધાર નથી. એનો અર્થ ઇ છે, શુદ્ધઉપયોગથી પુણ્ય-પાપ બેયની નિર્જરા થાય. શુભથી જરી અશુભની નિર્જરા થાય. એમ ગણીને નિમિત્ત કહ્યું છે. વસ્તુ શુદ્ધતાના આશ્રય વિના પુણ્ય-પાપ બેયની નિર્જરા થાય નહિ અને એનું નામ જ ખરી નિર્જરા છે.

નિર્જરાની વ્યાખ્યા – શક્તિની શુદ્ધતાની વૃદ્ધિ. શુદ્ધતાની વૃદ્ધિ ક્યાં શુભભાવને આશ્રયે થાય ? સમજાણું કાંઈ ? એટલે સમ્યક્ શાસ્ત્રોએ, 'ધવલ' આદિ, 'જયધવલ' આદિએ તો યથાર્થપણે જે કહ્યું છે એ કહ્યું છે. એના અર્થોના કરનારને ભૂલ થાય છે. સમજાણું કાંઈ ? અને આ તો જેના શાસ્ત્રમાં ખુલ્લી વાત મૂકી હોય. પાંચ મહાવ્રત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્જરાના સ્થાન છે. 'ઠાણાંગ'માં એવું લખાણ છે. સમજાય છે ? પાંચ મહાવ્રત, પોતે અહિંસા આદિ નિર્જરાના સ્થાન છે. એ વાત જ ખોટી છે. પરાશ્રયે જેટલો વિકલ્પ ઊઠે તે નિર્જરા અને સંવર બિલકુલ હોય જ નહિ. કહ્યું હોય ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં કે, વ્યવહારથી અશુભ નિવૃત્તિ. એ તો વ્યવહારનું કથન છે. અશુભથી નિવૃત્તિ થઈ છે એને વ્યવહાર સંવર કહ્યો છે પણ દૃષ્ટિ સમ્યક્ છે, શુભાશુભ બેય વિકલ્પ તે આસ્રવ છે. એમાંથી જેટલો દૃષ્ટિપૂર્વક અશુભથી નિવર્ત્યો તેને વ્યવહાર સંવર કહ્યો છે. બીજો અર્થ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ ?

એમ જેના શાસ્ત્રમાં ખુલ્લું મૂક્યું છે કે, આ મહાવ્રતાદિ પુણ્યાસ્રવ તેનાથી 'તથા મુનિને આહાર દેવાના શુભભાવથી...' ઓલું અભયદાન આવ્યું અને આ પાત્રદાન. સંસાર ટૂંકો થાય છે અથવા ઓછો થાય છે (એમ જે શાસ્ત્રમાં કહ્યું હોય તે કુશાસ્ત્ર છે). સમજાય છે કાંઈ ? આત્મા... અહીં તો શું કહે છે ? કે, કુમતિ આદિ રચિત શ્રુત કો અભ્યાસ અથવા કપિલાદિ રચિત શ્રુત કો અભ્યાસ, એને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. એટલે જે શાસ્ત્ર આત્માના ચૈતન્યના શુદ્ધભાવના અંતર આલંબન સિવાય જેટલા પુણ્યના વિકલ્પ ઊઠે એ દ્વારા સંસારનો નાશ બતાવે એ શાસ્ત્ર બધા કુમતિના રચાયેલા કુશાસ્ત્ર છે. સમજાય છે કાંઈ ?

આ 'છ ઢાળા' ચાલે છે. કપિલાદિ રચિત શ્રુત કો અભ્યાસ. તેરમું છે, તેરમો. એમાં બે અર્થ છે. કુમતિ આદિ રચિત શ્રુતો કો અભ્યાસ. કોઈ ઠેકાણે કપિલાદિ લખ્યું છે, કોઈ ઠેકાણે કુમતિન લખ્યું છે. કુમતિથી લખાયેલા એટલે કે જેમાં સમ્યગ્જ્ઞાન ચૈતન્યમૂર્તિ ભગવાન, એના આશ્રેય દૃષ્ટિ, એને આશ્રયે જ્ઞાન, એને આશ્રયે ચારિત્ર (થાય), એ સિવાય પરાશ્રય જ્ઞાન, પરાશ્રયે રાગ, વ્રતાદિ અને પરાશ્રયની શ્રદ્ધા, એનાથી જન્મ-મરણનો અંત લાવે, એવી વાત ક્યાંય કહી હોય તો એ સુશાસ્ત્ર નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! ઘણી વાત ગઈ.

'ઉપદેશ દેવાના શુભભાવથી પરમાર્થે ધર્મ થાય વગેરે અન્ય ધર્મીઓના ગ્રન્થોમાં જે વિપરીત કથન છે,...' એ કોણ કહે છે ? એ વર્તમાન એવો એક પંથ છે. ઉપદેશ કરીએ તો આપણને ધર્મ થાય. ઉપદેશ કરવો એ ધર્મ. ઉપદેશ તો વાણી જડ છે. સમજાય છે ? એ તેરાપંથમાં એમ છે. સ્થાનકવાસીનો એક તેરાપંથ ભાગ છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તુલસી. એ લોકોનો એવો અભિપ્રાય છે કે ઉપદેશથી નિર્જરા થાય છે અને ધર્મ થાય છે. એમ. બીજો કોઈ જીવ એને મારતો હોય તો બચાવવો એમ એ ન કહે પણ એને ઉપદેશ દેવો. ભાઈ ! કોઈ જીવ મારવો એ ઠીક નથી, વગેરે. એ ઉપદેશથી ઉપદેશ દેનારને ધર્મ થાય. ખોટી વાત (છે). ઉપદેશ એ વાણીની ક્રિયા છે એનાથી આત્માને ધર્મ બિલકુલ થાય નહિ. ઉપદેશ દેવા કાળે વિકલ્પ જે ઊઠે છે એ પણ પુણ્યબંધ છે, એનાથી પણ સ્વને–આત્માને ધર્મ થાય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ જે કોઈ એમ માને કે, શાસ્ત્રમાં શાસ્ત્રને બહાને મનાવે કે ઉપદેશથી બીજા જીવોને ઘણો લાભ થાય, આત્માને ધર્મનો લાભ થાય. એ બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોને થાય ? એ તો એની પોતાની પર્યાયને લઈને થાય છે. એ ભગવાનનો માર્ગ જુદી જાતનો છે. આ તો સર્વજ્ઞ પરમાત્માના પેટ છે. ઝીણી વાતું છે. સમજાણું કાંઈ ?

વાણી નીકળે એ તો સ્વતંત્ર જડ છે. એનો આત્મા કર્તા છે ? અને વાણી નીકળી એટલે સામાને જ્ઞાન થયું, એમ છે ? એ તો આત્મા જ્ઞાનમૂર્તિ (છે) એને એ સમયની જ્ઞાનપર્યાય થાય છે ત્યારે વાણીને નિમિત્ત કહેવાય છે. વાણીથી જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવની દિવ્યધ્વનિ સાંભળનારા ઘણા હોય છે. બધાને સરખું જ્ઞાન થાય છે ? કેમ ? વાણી તો એક પ્રકારની નીકળે છે. ગણધરને ચૌદ પૂર્વનું, બાર અંગનું જ્ઞાન થાય. બીજાને કંઈક થઈ જાય, લ્યો ! સમજાય છે ? આ શું કહેવાય ?

આ 'પ્રદ્યુમન'. 'રુકમણી'નો પુત્ર. એ જ્યારે ખોવાય ગયો. નારદ ભગવાનને પૂછવા ગયા હતા. 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે, તીર્થંકર પરમેશ્વર અત્યારે બિરાજે છે. કોણ ? 'સીમંધરપ્રભુ' અત્યારે બિરાજે છે. આ ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા. એને દેહ નથી, એ તો સિદ્ધ છે. પણ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે 'સીમંધર' ભગવાન આદિ વીસ તીર્થંકર શરીરપણે મોજૂદ છે. ત્યાં ઇન્દ્રો વાણી સાંભળવા જાય છે. આ સામાયિકમાં આજ્ઞા નથી લેતા ? કોને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખબર છે ક્યાં લેતા લશે ? ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. એ વાણી નીકળે છે એ ઇન્દ્રો સાંભળવા જાય છે. સમજાય છે ? છતાં સાંભળનારને બધાયને સરખું જ્ઞાન થતું નથી. કેમ ? કે, વાણીથી થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. એની પોતાની યોગ્યતા, જેટલી લાયકાત છે એટલું એને જ્ઞાન થાય. ત્યારે એટલા પ્રમાણમાં વાણીને નિમિત્ત કહેવાય. હેં ? આહા..હા...!

વીતરાગ પરમેશ્વરની ધ્વનિ નીકળે છે. ૐ ધ્વનિ ! બાર જાતની સભા છે. નાગ, વાઘ, કરોડો દેવો સભામાં બિરાજે છે. ભગવાન 'મહાવીર' પ્રભુ હતા ત્યારે પણ સભામાં કરોડો દેવ-દેવીઓ આવતા, સાંભળતા. એ બધાને સરખું (જ્ઞાન) થાતું નહોતું. ત્યારે એ વાણીને કારણે જ્ઞાન નથી, એની પોતાની યોગ્યતાને કારણે (જ્ઞાન થાય છે). વાણી તો એક ધોધ નીકળે, એકસાથે આખો. જેને બાર અંગનું જ્ઞાન થયું એને બાર અંગના જ્ઞાનમાં એ નિમિત્ત કહેવાણું. આ શું કહેવાય, આ કીધું ઇ ? 'પ્રદ્યુમન'. 'નારદ' પૂછવા ગયા તો 'નારદ'ને એમ આવ્યું કે, ભગવાન મને એમ કહે છે. ભગવાન એને એમ કહે છે કે, 'રુકમણિ'નો પુત્ર એને ઘરે સોળ વર્ષે આવશે. ભગવાનની વાણીમાં કહ્યું (એ) જુદું નથી આવતું. ભગવાનની વાણી તો એકસાથે ૐ ધ્વનિ ઇચ્છા વિના છૂટે. એ તો વીતરાગ છે. કેવળી છે એને રાગ હોતો નથી. 'નારદ'ને એમ થયું કે 'રુકમણિ'નો પુત્ર સોળ વર્ષે આવશે, એમ ભગવાન કહે છે. એને એ જાતના ઉઘાડમાં એટલું નિમિત્ત થયું. સમજાણું કાંઈ ?

વાણી નિમિત્ત ક્યારે કહેવાય ? કે, જેને જેટલી યોગ્યતા પ્રગટી એટલા જ્ઞાનને એ નિમિત્ત કહેવાય. એ તો આખું પ્રગટ્યું. ગણધરને બાર અંગનું જ્ઞાન (પ્રગટ્યું) તો બાર અંગમાં નિમિત્ત કહેવાણું. ઓલાને આટલું કહ્યું તો ભગવાનની વાણી એટલામાં નિમિત્ત કહેવાણી. એમાં વસ્તુ સ્વતંત્ર સિદ્ધ થાય છે કે આને લઈને થાય એમ સિદ્ધ થાય છે ? સમજાણું કાંઈ ? એટલે કોઈ ઉપદેશના વાણીથી આત્માને લાભ થાય એમ માને અથવા શાસ્ત્રમાં એ બહાને મનાવે એ કુશાસ્ત્ર છે. સમજાણું કાંઈ ? પોતાને તો જેટલો આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં, દૃષ્ટિમાં લીધો છે એની જેટલી એકાગ્રતા વર્તે એ એને લાભનું કારણ છે. વિકલ્પ ઊઠ્યો એ પણ આત્માના ધર્મ ને એકાગ્રતાનું કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહોતું કહ્યું ઇ (સંવત) ૧૯૮૨ની સાલમાં ? તરે તે તારે. એવું સૂત્ર મૂક્યું હતું. ત્યારે ઓલો આવ્યો (અને) કહે, એમ નહિ. એમ લખાવો કે, તારે તે તરે. મેં કીધું, કોને ગોતવા જાવા ? ૧૯૮૨ની સાલમાં 'વઢવાણ'માં (એક મુમુક્ષુ) છે એણે વ્યાખ્યાન ઉપર લખેલું. ૧૯૮૨ની સાલ, ચાલીસ વર્ષ થયા. 'વઢવાણ'માં સ્થાનકવાસીના 'સુંદર વોરા'ના અપાસરામાં વ્યાખ્યાન ચાલતું હતું. તારે તે તરે (એમ) ઓલો કહેવા આવ્યો, તરે તે તારે, લખ્યું હતું. એક વકીલ હતા. 'વઢવાણ'માં કંદોઈ હતા. એ વકીલ આવ્યા. મહારાજ ! એમ નહિ, તારે તે તરે. કીધું, કેટલાને ગોતવા જાવા ? બીજો નહિ તરે તો આત્માનું પોતાનું તરવું ચાલ્યું જાય ? વાણી ન હોય. સમજાય છે કાંઈ ? વકીલ હતા, એક વકીલ હતા. કાંઈક તર્ક કરવો જોઈએ ને ? તર્ક કર્યો. ભાઈ ! અહીં એવા તર્ક ન ચાલે, કીધું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો બિચારા સાધારણ રીતે વાત કરતા હતા. આમ તો અમારા ઉપર પ્રેમ હોય ને ? બધાને પ્રેમ હતો ને ! કોઈને અશ્રદ્ધા નહિ. પણ એમ કે, આમ જાણે કાંઈક વકીલ ખરો ને (એટલે) તર્ક કરવો. એમ. બીજા એક પણ પ્રાણી ન તરે, આત્માર્થી પોતાના જ્ઞાન-ધ્યાનમાં રહીને કેવળ પામીને મોક્ષ ચાલ્યા જાય. કહેવાનો વિકલ્પ પણ ન હોય અને વાણી પણ ન હોય. એથી કરીને લાભ અટકી જાય એમ છે નહિ.

આ બીજાની અપેક્ષાએ વાત કરી છે, હોં ! તેરાપંથી એમ માને છે. ઉપદેશ દેવો એ ધર્મ છે, એમ એ માને છે. નિર્જરા છે એમ માને છે. એ અપેક્ષાએ લખેલું. ત્યારે (કહે), અમારા શાસ્ત્રમાંથી... એમ નથી, ભાઈ ! એમ કહેવું એના માટે કહ્યું છે. વ્યાખ્યાનમાં ઘણી વાર આવ્યું હોય ને ? એમાંથી પછી લખાય ગયું છે. 'જે વિપરીત કથન છે, તે એકાન્ત અને અપ્રશસ્ત હોવાથી કુશાસ્ત્ર છે.' એ સાચા શાસ્ત્ર કહેવાય નહિ. 'કેમકે તેમાં પ્રયોજનભૂત સાત તત્ત્વનું યથાર્થપણું નથી. જ્યાં એક તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ, એમ જ સમજવું.' એક વખત એ વાત ખૂબ સારી કરેલી. એક તત્ત્વની સંવર, નિર્જરાની ભૂલ થાય ત્યાં આસ્રવ કેટલો હોય ? વધારે સંવર હોય તો આસ્રવ થોડો હોય એનું પણ એને ભાન ન હોય. થોડા સંવરથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળ પામે (એમ માને) તો કેવળનું પણ એનું ભાન નથી. એને સાતે તત્ત્વનો ખ્યાલ ન હોય. એક તત્ત્વની ભૂલથી સાતે તત્ત્વનો ખ્યાલ નથી. એવી જરી ઝીણી વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? એવા તત્ત્વના કુશાસ્ત્રો કહેનારાનો અભ્યાસ કરવો, કરાવવો અને કરતાને અનુમોદન કરવું. ભણવું, ભણાવવું, વાંચવું, વંચાવવું એ બધું કુશાસ્ત્ર, કુજ્ઞાન કહેવાય છે. કેવા કુશાસ્ત્ર છે ? 'સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ.' બહુ દેન ત્રાસ – ઘણો ત્રાસ દેવાનું એ મિથ્યાજ્ઞાનનું ફળ છે. માટે ધર્માર્થ જીવોએ કુશાસ્ત્રનું જ્ઞાન છોડી દઈ સુશાસ્ત્રનો અભ્યાસ કરવો. એ વાત અહીંયાં કહેવા માંગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૭, શુક્રવાર
## તા. ૨૮-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૧૩ થી ૧૫, પ્રવચન નંબર–૧૧

'દૌલતરામજી' કૃત 'છ ઢાળા', એની બીજી ઢાળ. તેરમી ગાથા થઈ. કુશાસ્ત્ર એમ આવ્યું ને છેલ્લું ? કુમતિ આદિ અથવા કપિલાદિ રચિત શ્રુત કો અભ્યાસ, 'સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ.' એમ. ચાર ગતિના દુઃખ આપનારા કુશાસ્ત્રોનું જ્ઞાન છે એમાં અનેક પ્રકારના તત્ત્વોની વિરુદ્ધ વાત કરી હોય અને એને પોતે માને તો એ કુશાસ્ત્રની શ્રદ્ધાથી ચાર ગતિમાં રખડવાનું થાય છે. છેલ્લો શબ્દ કહ્યો. 'જ્યાં એક તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ. એમ સમજવું.' એ વાત ઘણી વાર આવી ગઈ છે. સમજાણું ?

જેમ કે મુનિપણું આત્માને ત્રણ કષાયના અભાવરૂપ સંવર દશા હોય ત્યાં એને વિકલ્પ ઘણો જ મંદ (હોય). આહાર-પાણી આદિ લેવાનો વિકલ્પનો આસ્રવ એટલો જ હોય, એને વસ્ત્ર-પાત્ર આદિ લેવાનો વિકલ્પ ન હોય. જેણે વસ્ત્ર-પાત્ર સહિતના રાગવાળું મુનિપણું મનાવ્યું એને નવે તત્ત્વની, સાતે તત્ત્વની ભૂલ થઈ. કેમકે એના પ્રમાણમાં જે ઉગ્ર સંવર જોઈએ એ સંવરનું એને ભાન ન રહ્યું અને ઉગ્ર સંવર હોય ત્યાં આસ્રવ બહુ જ મંદ હોય, વસ્ત્ર-પાત્રનો વિકલ્પ ન હોય, નિર્દોષ આહાર-પાણી લેવાનો, અઠ્યાવીસ મૂળ ગુણ પાળવાનો જ વિકલ્પ હોય તો એને આસ્રવ તત્ત્વની ભૂલ પણ છે. સંવર, નિર્જરા તત્ત્વની ઉગ્રતા હોય ત્યાં આટલો આસ્રવ હોય. અને તીવ્ર આસ્રવ હોય છતાં એ સંવર, નિર્જરા, મોક્ષના કારણરૂપ અહીં સાધુપણું મનાવ્યું એ સંવર, નિર્જરાની પણ ભૂલ છે. અને એ મંદ સંવર, નિર્જરાથી મોક્ષ મનાવ્યો. એ પણ મોક્ષતત્ત્વની ભૂલ (છે). આત્માની પણ ભૂલ (છે). આત્માની શક્તિની વ્યક્તતા છઠ્ઠે ગુણસ્થાને ઘણી ઉગ્રતા જોઈએ, એટલી શક્તિની વ્યક્તતા ન માની તો એને જીવતત્ત્વની પણ ભૂલ (છે). એ આસ્રવમાં તીવ્ર બંધ પડ્યો. એવું એને બંધતત્ત્વ હોઈ શકે નહિ. અને અજીવનો સંયોગ, સંવર દશા જેને ઉગ્ર મુનિપણાની હોય એને અજીવનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્ત્ર-પાત્રનો સંયોગ હોય નહિ. એ અજીવતત્ત્વની પણ ભૂલ (છે). સાતે તત્ત્વની (ભૂલ છે). એક તત્ત્વની ભૂલમાં સાતેની ભૂલ છે. સમજાણું કાંઈ ? એ ઘણી વાર કહેવાય ગયું છે.

એમ સર્વજ્ઞ પરમેશ્વરને પણ જે ન માને અને માને તો ઊલટી રીતે માને તો એક તત્ત્વને ભૂલતા બધા તત્ત્વની ભૂલ થાય છે. સમજાણું કાંઈ ? સર્વજ્ઞને એક સમયે દર્શન અને બીજે સમયે જ્ઞાન (થાય) એમ માનતા ખંડ ખંડ જ્ઞાન થઈ ગયું. અખંડ વીતરાગ દશામાં પૂર્ણ ઉપયોગનો એને ખ્યાલ રહ્યો નહિ તો એના કારણરૂપે ઉગ્ર પુરુષાર્થ જોઈએ તે પુરુષાર્થથી એકરૂપ ઉપયોગ થવો જોઈએ. એ કાળનું પુરુષાર્થનું પણ જ્ઞાન રહ્યું નહિ. એવી દશા જેને હોય એને આહાર-પાણીની ઇચ્છા હોઈ શકે નહિ. આહાર-પાણીનો એને સંયોગ જ ન હોય. એવી દશા વીતરાગ પરમાનંદ ભાવમોક્ષ થઈ ગયો એને આહાર-પાણીની ઇચ્છા નથી અને ઇચ્છા વિના એ આહાર-પાણીનો સંયોગ ન હોય. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. એક એક તત્ત્વમાં ભૂલ થતાં સાતે તત્ત્વમાં ભૂલ થાય છે. માટે શાસ્ત્ર સાચાં શું છે, ખોટા શું છે એને તપાસવા જોઈએ અને વિચારીને નિર્ણય કરવો જોઈએ.

---

## ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪.**

અન્વયાર્થ :– (જો) જે (ખ્યાતિ) પ્રસિદ્ધતા (લાભ) ફાયદો અને (પૂજાદિ) માન્યતા અને આદર વગેરેની (ચાહ ધરિ) ઇચ્છા કરીને (દેહદાહ) શરીરને પીડા કરવાવાળાં (આતમ અનાત્મ કે) આત્મા અને પરવસ્તુઓના (જ્ઞાનહીન) ભેદજ્ઞાનથી રહિત (તન) શરીરને (છીન) ક્ષીણ (કરન) કરવાવાળી (વિવિધ વિધિ) અનેક પ્રકારની (જે જે કરની) જે જે ક્રિયાઓ છે તે બધી (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્ર કહેવાય છે.

ભાવાર્થ :– શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી યશ, ધન, દોલત,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદર-સત્કાર વગેરેની ઇચ્છાથી માન આદિ કષાયને વશીભૂત થઇને શરીરને ક્ષીણ કરવાવાળી અનેક પ્રકારની ક્રિયા કરે છે તેને 'ગૃહીત મિથ્યાચારિત્ર' કહે છે. ૧૪.

---

હવે 'ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ.' એવી મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન સહિત જેના રાગની મંદતા આદિની ભલે ક્રિયા હોય... સમજાય છે ? એ દેહની જીર્ણ કરવાની, આત્માની શાંતિ પ્રગટ કરવાની નહિ, વિકારને ક્ષીણ કરવાની નહિ, પણ દેહને ક્ષીણ કરવાની ક્રિયા એવી આકરી હોય, પંચાગ્નિ આદિ, આ ખીલામાં સૂવે છે ને ? શું કહેવાય ઇ ? બાણ.. બાણ. બાણશય્યામાં સૂવે. પંચાગ્નિ, પાંચ-પાંચ છાણા અગ્નિમાં પડે, પાણીમાં અહીં સુધી બૂડીને આમ હાથ ઊંચા કરીને રહે. છે ને આમાં દાખલો છે, આમાં. દાખલો આમાં છે. આ મૂળ છે ને એમાં છે. આમાં છે. છે ને ? દાખલો છે. પાણીમાં છે ને ? ચૌદમીમાં દાખલો નાખ્યો છે. જુઓ ! પાણીમાં ઊભા રહે. ઠંડું પાણી હોય અને ઊભા રહે. એ તો દેહને કષ્ટ છે. એમાં કંઈ આત્માનો ધર્મ નથી. આત્માના ભાન વિના એવી ક્રિયાઓ કરે એ બધા શરીરને કષ્ટ આપનારા અથવા શરીરને જીર્ણ કરનારા છે. આત્માના વિકાર જીર્ણ થાય કે નાશ થાય એવું ત્યાં છે નહિ. એ ચૌદમી ગાથામાં કહે છે, જુઓ !

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪.**

જુઓ ! આત્મા અને અનાત્મા ભાષા રાખી છે, હોં ! આત્મા અને શરીર એમ નથી રાખી. પછી ભલે અર્થમાં શરીર નાખે, પણ બધું (લીધું). આત્મા, શરીરની ક્રિયા સ્વતંત્ર છે એનું ભાન નથી, પુણ્ય-પાપના પરિણામ બંધના કારણ છે, અનાત્મા છે એની ખબર નથી અને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એની પણ જેને દૃષ્ટિ નથી. આત્માને.. છે ને ?

'જે...' કોઈ 'પ્રસિદ્ધતા...' આત્માનું ભાન નથી. આત્મા જ્ઞાનાનંદમાં આનંદ છે એવી દૃષ્ટિ, રુચિ, અનુભવ નથી. એવા અજ્ઞાની મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન સહિત, ગૃહીત કે અગૃહીત બેય. અહીં ગૃહીતની વાત છે. પ્રસિદ્ધતા – પોતાની પ્રસિદ્ધતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માટે ક્રિયાઓ કરે છે. કેમકે આત્મપ્રસિદ્ધિની ખબર નથી. સમજાણું કાંઈ ? આત્મપ્રસિદ્ધિ. જુઓ ! અહીં પ્રસિદ્ધિ શબ્દ મૂક્યો છે ને ? ખ્યાતિ. આત્મખ્યાતિ આવે છે ને ? ટીકા.

આત્મા જ્ઞાયક ચિદાનંદ અખંડ આનંદમય છે એવી દૃષ્ટિ વિના આત્માની પ્રસિદ્ધિ, ખ્યાતિ ધર્મ થઈ શકતો નથી. સમજાણું કાંઈ ? આત્મા એક સમયમાં અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ (છે), એ પુણ્ય-પાપ, દયા, દાન આદિ વિકલ્પ રાગ રહિત છે. એવી આત્માની પ્રતીતિ અને ભાન વિના એને આત્માની પ્રસિદ્ધિની, ખ્યાતિ–પ્રસિદ્ધિ હોતી નથી. હેં ? (જે) આત્મપ્રસિદ્ધિ માટે નથી કરતો એ પરને માટે, બાહ્ય પ્રસિદ્ધિ માટે કરે છે. દુનિયામાં પ્રસિદ્ધ થાઉં, કાંઈક લાભ મળે, ફાયદો મળે, શિષ્યો થાય, આબરૂ થાય, કીર્તિ થાય એવા હેતુએ કરણી (કરે છે). મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા સહિત આવી જે ક્રિયાઓ કરે એ બધા બહારના કોઈ લાભ માટે કરે છે. અંદરના આત્માના લાભ માટે નથી. કહો, બરાબર છે ? આત્મા જાણ્યો નથી કે આત્મા કોણ છે ? આત્મા રાગ, પુણ્ય-પાપના રાગ રહિત છે એવી દૃષ્ટિ વિના આત્માનો લાભ અજ્ઞાનીને થાય જ નહિ.

અજ્ઞાની મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનમાં બહારના લાભ માટે બધું કરે છે. પૂજા, માન્યતા, બહાર પડવું, પ્રસિદ્ધિ થવી, બીજા લોકો માને અથવા ‘આદર વગેરેની ઇચ્છા કરીને (દેહદાહ) શરીરને પીડા કરવાવાળાં...’ ભાષા તો એમ જ કહેવાય ને ! નહિતર શરીરને પીડા કાંઈ નથી પણ શરીર જીર્ણ થાય છે ને ? એમ. ‘શરીરને પીડા કરવાવાળાં...’ શરીર જીર્ણ થાય છે એમાં કાંઈ આત્માને લાભ નથી. આ પંચાગ્નિ કરે, તપ કરે, આ મહિના-મહિનાના અપવાસ કરે જુઓને ભાન વિનાના જૈનમાં પણ (કરે છે). એને ખબર નથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કોણ ? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર કોણ ? આત્મા-અનાત્મા કોણ ? આત્મા અને અનાત્મામાં બધું આવી ગયું. આસ્રવ, બંધ, અજીવ, પુણ્ય ને પાપ. એ અનાત્મા કોણ છે, કઈ રીતે છે અને આત્મા શું છે એના ભાન વિના અજ્ઞાની ‘શરીરને પીડા કરવાવાળાં...’ સમજાણું કાંઈ ?

જુઓ ! ‘આતમ અનાત્મ કે જ્ઞાનહીન,...’ સિદ્ધાંત અહીં છે. જેને ગૃહીત મિથ્યાદર્શન, ગૃહીત મિથ્યાજ્ઞાન અને ગૃહીત મિથ્યાચારિત્ર છે કે જેને અગૃહીત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાદર્શન, અગૃહીત મિથ્યાજ્ઞાન અને અગૃહીત મિથ્યાચારિત્ર છે એને આત્મા-અનાત્માનું ભાન નથી. આત્મા અને અનાત્મા એટલે પરવસ્તુના ભેદજ્ઞાનથી રહિત એ શરીરની ક્રિયા હું કરી શકું, આહાર-પાણી મેં છોડ્યા, એ અજીવની ક્રિયા મેં કરી, મેં આહાર ન લીધો તો ન લેવાણો, લીધો તો લઈ શકે. એવા જડના પદાર્થનું એને ભાન નથી કે જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. અનાત્માનું ભાન નથી, એને પુણ્ય પરિણામનું ભાન નથી. આ પરના ત્યાગમાં જરી રાગ મંદ થાય છે એ તો શુભ છે, એ કંઈ ધર્મ નથી. ધર્મ તો આત્માના શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિમાં ભાનમાં ઠરવું એને ધર્મ કહેવાય છે. એ ધર્મની અજ્ઞાનીને ખબર નથી. ભલે જૈન સંપ્રદાયમાં પડ્યા હોય. બહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર ન હોય. એ બધા આવી કરણી કરીને હેરાન થાય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ ?

વર્ષીતપને કરે છે ને ? જુઓને ! ખેંચી ખેંચીને કરે. ભાન ન મળે દેવનું, ગુરુનું, શાસ્ત્રનું. ન મળે આત્મા-અનાત્માનું ભાન. જીવ કોણ ? પુણ્ય કોણ ? આસ્રવ કોણ ? બંધ કોણ ? અને અજીવ કોણ ? બહારની ક્રિયામાં દેહને જીર્ણ કરે. 'શરીરને ક્ષીણ કરવાવાળી...' એ બધી ક્રિયાઓ છે. વિકારને નાશ કરવાવાળી એ ક્રિયા નથી. આત્માની પુષ્ટિ કરનારી નથી. એ તો શરીરને ક્ષીણ કરનારી છે. શરીર જીર્ણ થઈ જાય તો લોકો આમ જાણે કે, આ..હા..હા...! શું તપસી ! કેવી તપસ્યા કરી ! ઓ..હો..હો...! વરસી તપ એક દિ' ખાવું ને એક દિ' અપવાસ. ધૂળમાંય નથી. જ્યાં આત્મા-અનાત્માનું જ્ઞાન નથી, સ્વ-પરનો વિવેક નથી, હું ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છું, રાગાદિના પરિણામ ઊઠે એ પણ વિકાર છે અને શરીરાદિની આહાર-પાણીની ક્રિયા એ તો જડની ક્રિયા છે. એવા જેને આત્મા અને અનાત્માનું ભાન નથી એ બધા શરીરને ક્ષીણ કરે છે. ભાઈ !

મુમુક્ષુ :– આંદોલન કરે છે ને ?

ઉત્તર :– અજ્ઞાનનું આંદોલન કરે છે, એમ અહીં કહે છે. આત્મા કોણ ? જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ છે એની ક્રિયામાં રાગ, વિકલ્પ ઊઠે એ પણ એની ક્રિયા નથી.

મુમુક્ષુ :– તપસ્યા કર્યાથી લાભ?

ઉત્તર :– હા, થાય ને, આ તપસ્યાથી તપસ્યા કરે એને મિથ્યાત્વનો લાભ (થાય).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાત્વનો લાભ થાય. કહે છે ને ? અહીં શું વાત ચાલે છે ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ તપસ્યા-બપસ્યા એ બીજી વાત, એ તપસ્યા નથી, અજ્ઞાની માને એ વાત નથી. એ તો અજ્ઞાની માને એ નથી.

એ તો આત્માના આનંદમાં ચૈતન્યનું અતીન્દ્રિય આનંદનું પહેલું સમ્યગ્દર્શન થયું છે એવા આનંદમાં ઠરે તેને તપસ્યા કહે છે. એને તપસ્યા કહેવાય, આ તો બધી લાંઘણું છે. આત્મા તીર્થંકર હોય એને નહીં. અહીં તો સમ્યગ્દર્શનમાં પહેલો આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો. પછી સમ્યગ્જ્ઞાનમાં અંતર શુદ્ધિ વધારી અને પછી શુદ્ધતામાં આનંદમાં અતીન્દ્રિયમાં ગુમ થઈ ગયા કે જેને ઇચ્છા જ આવી નહિ, આહાર ન આવ્યો. એને અતીન્દ્રિય આનંદમાં ગુમ થયેલા, લીન થયેલાને તપસ્યા કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે. સમજાણું કાંઈ ?

આત્મા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભાન વિના જેટલું કાંઈ કરે એ બધું સંસાર પરિભ્રમણ ખાતે છે. હોય જ. અનાદિનો નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર જૈનનો સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા. જિનદીક્ષા લઈને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. એ કેવી દીક્ષા હશે ? હજારો રાણીનો ત્યાગ કરેલો. રાગની મંદતા હતી. આત્મા રાગથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આનંદ છે એના અનુભવની દૃષ્ટિ વિના એ ક્રિયામાં સંસાર ફળ્યો. જન્મ-મરણ મળ્યા. મળ્યા, જન્મ-મરણ ટળ્યા નહિ. વાત એવી છે જરી, ભઈ !

આત્મા અને અનાત્માના ભાન વિના, જુઓને શું છે ? શબ્દ છે કે નહિ ? એ વિકલ્પ ઊઠે છે. આહાર છોડું કે મૂકું, એ પણ વિકલ્પ, રાગ, આસ્રવતત્ત્વ છે, એ આત્મા નથી. આત્મા જ્ઞાનાનંદ તત્ત્વ ભિન્ન છે. દેહની ક્રિયા આહાર મૂકવા, છોડવા એ જડની ક્રિયા (છે), આત્માની નહિ. એવા આત્મા-અનાત્માના 'ભેદજ્ઞાનથી રહિત શરીરને ક્ષીણ કરવાવાળી...' ક્રિયા છે. એ તપસ્યા અજ્ઞાનીની જે છે ઇ. સમજાણું કાંઈ ?

એક બાળતપ અને એક જ્ઞાનતપ. શાસ્ત્રમાં બે પ્રકારના તપ છે. આત્માના ચૈતન્યના શુદ્ધ આનંદકંદના અનુભવ વિના જેટલી ક્રિયાઓ કરે એ બધાને બાળતપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેવામાં આવે છે. મહિના-મહિનાના અપવાસ કરે, બાર-બાર મહિનાના અપવાસ કરે બધા બાળતપ, મૂર્ખાઈ ભરેલા તપ છે. એમાં આત્માને જરીયે લાભ નથી (પણ) નુકસાન અનંતું (છે). મિથ્યાત્વનું નુકસાન (છે). ધર્મ નથી ને ધર્મ માને. નિર્જરા નથી થતી અને બંધ થાય એન નિર્જરા માને. ભાઈ ! હેં ?

મુમુક્ષુ :– ભલાભોળા.

ઉત્તર :– ભલાભોળાના એટલે મૂર્ખાઈના. ભલા-ભોલા કેવા અહીં ? વીતરાગમાર્ગમાં ભલા-ભોલા શું કામ આવે ? અહીં તો નવ તત્ત્વ છે કે નહિ ? તો આત્મા કોને કહેવો ?

મુમુક્ષુ :– ઠરવાનું કામ છે ને?

ઉત્તર :– પણ શેનો તપ ? શેમાં ઠરવું ? હજી ચારિત્ર ન મળે, દર્શન ન મળે, જ્ઞાન ન મળે તો તપ ક્યાંથી આવ્યું એને ? સમ્યગ્દર્શન વિના તપ અને ચારિત્ર ત્રણકાળમાં સાચાં હોય નહિ. એકડા વિનાના મીંડાં હોય, રણમાં પોક મૂકવા જોવા.

આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. અંદર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામ ઊઠે, તપના (પરિણામ આવે કે) આહાર છોડું. એ તો આસ્રવ પુણ્યભાવ છે. દેહાદિની ક્રિયા આહાર-પાણી છૂટ્યા એ તો જડની ક્રિયા છે. એ જડનો ભાવ, વિકારી ભાવ અને અવિકારી ભાવ એના અંતરમાં ભેદજ્ઞાન અને અનુભવ વિના જેટલી તપાદિની ક્રિયા કરવામાં આવે એ શરીરને ક્ષીણ કરવા માટે છે, આત્માના લાભને માટે નથી.

‘ભેદજ્ઞાનથી રહિત શરીરને ક્ષીણ કરવાવાળી (વિવિધ વિધિ)...’ જુઓ ! ‘અનેક પ્રકારની (જે જે કરની) જે જે ક્રિયાઓ છે તે બધી મિથ્યાચારિત્ર કહેવાય છે.’ અજ્ઞાનીનું એ મિથ્યાચારિત્ર છે, જેમાંથી સંસાર વધી જાય છે. ઝીણી વાત છે, બાપુ ! એને નથી અત્યારે સાંભળવા મળ્યું. અનાદિથી રખડ્યારખડ (કરે છે). આ તો હજી ગૃહીત મિથ્યાત્વ, ઓલું તો અગૃહીત (મિથ્યાત્વની) વાત કરી છે. સમજાણું કાંઈ ? સાત તત્ત્વની શ્રદ્ધાની વાત થઈ ગઈ.

ભાવાર્થ :– ‘શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી...’ મૂળ પાઠમાં જ ઇ છે. ત્યાં પર અને આત્મા-અનાત્મા કહ્યું. એટલે અનાત્મામાં બધી આખી વ્યાખ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(આવી જાય છે). આત્મા અને અનાત્મા એટલે પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, અજીવાદિ એમ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ જાણનાર-દેખનાર એ જ એની ચીજ છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ તો આસ્રવતત્ત્વ છે. શુભ-અશુભ ભાવ ઊઠે છે, આ કર્યું, આ મૂક્યું, એ બધું આસ્રવતત્ત્વ છે. જીવતત્ત્વ જુદું, આસ્રવતત્ત્વ જુદું. કર્મ, શરીર, આહાર-પાણી તો અજીવતત્ત્વ, જડ તત્ત્વ છે. એ જડ તત્ત્વને લઈ મૂકી શકું છું એ માન્યતા અજીવની મિથ્યાદૃષ્ટિની છે. જીવ રાગ કરે અને રાગનું કર્તવ્ય એનું છે એ જીવતત્ત્વની ભૂલ છે. રાગ, શુભભાવ મને ધર્મનું કારણ થાય એ શુભ આસ્રવતત્ત્વની ભૂલ છે. એવા જીવ અને અજીવ અથવા આત્મા ને અનાત્માના જ્ઞાન વિના શ્રદ્ધા, અનુભવ અંતર વિના જેટલું કરવામાં આવે એ બધું મિથ્યાચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું ?

જુઓ ! એમાં એક દાખલો આપ્યો છે. બિચારા જુઓને કરણી કરીને સૂકાઈ જાય. અત્યારે તો એવું છે પણ ક્યાં ? આ તો નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તો એટલી ચારિત્રની ક્રિયા એની માનેલી, માનેલી. પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા, નગ્ન દેહ પણ એ રાગની ક્રિયા છે અને શરીરની ક્રિયા જડ છે, એમ એ જાણતો નથી. આ મારો ધર્મ છે, પંચ મહાવ્રતના પરિણામ એ મારો ધર્મ છે એમ માને છે. મૂઢ છે. એ તો રાગ છે. જ્ઞાનાનંદ ચૈતન્ય રાગથી ભિન્ન અખંડાનંદ પ્રભુ, વીતરાગી પિંડ આત્મા છે, એની અંતરમાં સ્વભાવની દૃષ્ટિ, અનુભવ વિના જે કાંઈ કરે તે એને બધે સંસારમાં રખડવાનું (કારણ) છે.

'શરીર અને આત્માનું ભેદજ્ઞાન નહિ હોવાથી...' ભાવાર્થ છે ને ? એ જશ માટે જ કરે છે. આત્માની પ્રસિદ્ધિની ખબર નથી. ઓલી પ્રસિદ્ધિનો અર્થ જશ કર્યો છે. આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સમ્યગ્દર્શન થતાં ધર્મીને સમ્યગ્દૃષ્ટિને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે તો એને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ ? ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ વીતરાગ સમસ્વભાવી સ્વરૂપ એનું છે. જેવું પરમાત્માનું પરમેશ્વર અરિહંતનું પ્રગટ છે, આનું અપ્રગટ આખું શક્તિરૂપ છે. પૂર્ણાનંદનું આખું તત્ત્વ છે એવું જે અંદરમાં ભાન (થયું) એને આત્માના આનંદના સ્વાદ આગળ પુણ્યના, પાપના પરિણામને હેયબુદ્ધિએ માને છે. સમજાણું કાંઈ ? અજ્ઞાનીને એ ખબર નથી. આત્માનો સ્વાદ શું ? પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે છે એનો સ્વાદ બેસ્વાદ છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝેર છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ ?

'શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી યશ,...' બસ ! બહારની પ્રસિદ્ધિનો જ અંતર હેતુ છે. આત્માની પ્રસિદ્ધિની ખબર નથી. 'ધન,...' કાં તો લક્ષ્મી મળશે. આ કરે ને ? આવી ક્રિયા કરીએ તો છોકરા થાય, પૈસા મળે, માંગલિક કરીએ તો આમ થાય એ બધી મિથ્યાદર્શનની ક્રિયાઓ છે. એ સારી રીતે દોલત મળે. ધન અને દોલત (બેમાં) વળી શું ફેર હશે ? પૈસા ખૂબ વધે એમ ને ?

મુમુક્ષુ :– ઝવેરાત દોલતમાં આવે.

ઉત્તર :– દોલતમાં આવતી હશે ? એવું મળે. ઊંડે ઊંડે આત્માની તો ખબર નથી. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ અનુભવમાં આત્માને લઈને અંદર આનંદ પ્રગટ થાય એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો નથી. દોલતને મેળવું. અરે...! દુનિયામાં મોટા કહેવાઈએ. તપસી છે, વ્રતધારી છે, ચારિત્રવંત છે એમ બીજાથી મહંતાઈ લેવા 'આદર-સત્કાર વગેરેની ઇચ્છાથી માન આદિ કષાયને વશીભૂત થઈને...' ઊંડે તો માન જ પડ્યું છે, અંદર આત્માનું ભાન નથી માટે.

'શરીરને ક્ષીણ કરવાવાળી...' ભાઈ ! શરીરને ક્ષીણ કરવાવાળી. આ..હા...! પાછળ છે ને એમાં ? જુઓને ! મૂળ પાઠમાં છે. 'ધરિ કરન વિવિધ વિધ દેહદાહ.' દેહને દાહ કરે છે, દેહ બાળે છે, જીર્ણ (કરે છે), એમાં આત્માને શું ? આત્મા તો ખબર નથી અંદર શું ચીજ છે ? 'છીન' (શબ્દ) છે ને અંદર ? 'જે જે કરની તન કરન છીન.' તે તે કરણીથી તનનું છીન થાય છે, જીર્ણ થાય છે. (એવી) 'અનેક પ્રકારની ક્રિયા કરે છે તેને ગૃહીત મિથ્યાચારિત્ર કહે છે.' મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન સહિત આવા રાગની ક્રિયા કરે એને મિથ્યાચારિત્ર કહે છે. સમજાણું કાંઈ ?

---

## મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ

તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિત પંથ લાગ;
જગજાલ ભ્રમણકો દેહુ ત્યાગ અબ દૌલત! નિજ આતમ સુપાગ. ૧૫.

અન્વયાર્થ :– (તે) તે (સબ) બધાં (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્રને (ત્યાગ) છોડીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**(અબ) હવે (આતમકે) આત્માના (હિત) કલ્યાણના (પંથ) માર્ગે (લાગ) લાગી જાઓ, (જગજાલ) સંસારની જાળમાં (ભ્રમણકો) ભટકવાનો (ત્યાગ દેહુ) ત્યાગ કરો. (દૌલત) હે દૌલતરામ! (નિજઆતમ) પોતાના આત્મામાં (અબ) હવે (સુપાગ) સારી રીતે લીન થાઓ.**

ભાવાર્થ :– **આત્મહિતૈષી જીવે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહણ કરીને, ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર તથા અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્યાગ કરીને, આત્મકલ્યાણના માર્ગમાં લાગવું જોઇએ, પંડિત શ્રી દૌલતરામજી પોતાના આત્માને સંબોધી કહે છે કે, હે આત્મન્ ! પરાશ્રયરૂપ સંસાર અર્થાત્ પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઇ ને સાવધાનીથી આત્મસ્વરૂપમાં લીન થા.**

---

'મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ.' લ્યો ! બીજી ઢાળનો એ છેલ્લો શ્લોક છે.

**તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિત પંથ લાગ;**
**જગજાલ ભ્રમણકો દેહુ ત્યાગ અબ દૌલત! નિજ આતમ સુપાગ. ૧૫.**

આમાં પણ એણે ચિત્ર મૂક્યા છે, હોં ! જગઝાળ છે ન બધી ? આ ચિત્ર મૂક્યા છે. જન્મ, ભ્રમણમાં દેવ, વનસ્પતિ, સર્પ થયો, ફૂદડા થયો, આ થયો, ઢોર થયો, નારકી થયો. ચાર ગતિના ભવો આત્માના સમ્યગ્દર્શન, ભાન વિના અંતરદષ્ટિ, અનુભવ વિના એણે આ બધું કર્યું ઇ ચાર ગતિના ભવમાં રખડવા માટે છે.



'તે બધાં મિથ્યાચારિત્રને છોડીને હવે આત્માના કલ્યાણના માર્ગે લાગી જાઓ,...' જુઓ ! આ શબ્દ. પોતે પોતાને કહે છે અને દુનિયાને બેયને કહે છે. હે આત્મા !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માનું હિત એ દેહાદિ, વાણીની ક્રિયા મારી નહિ, શરીરાદિ પરવસ્તુ મારી નહિ એની દશા થાય એ મારી નહિ, પુણ્ય-પાપના પરિણામ, વિકલ્પ ઊઠે છે, દયા, દાન, વ્રતાદિ એ પણ શુભભાવ (છે), હિંસા, જૂઠું, ચોરી એ પાપભાવ એ પણ મારી ચીજ નહિ. એનાથી મારી ચીજ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ ભિન્ન (છે), એવી શ્રદ્ધા કરીને આત્માના હિતમાં લાગી જાઓ. કહો, સમજાણું ?

અત્યાર સુધી આત્માનું અહિત કરતો એમ થયું ને ? અહિત કરતો (હતો). આ તો ગૃહીત મિથ્યાત્વની વાત છે. અનાદિનું અગૃહીત મિથ્યાત્વ, અગૃહીત જ્ઞાન, અગૃહીત ચારિત્ર એ તો અનાદિના છે. એ ઉપરાંત આ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળ્યા, એમની શ્રદ્ધા આદિ કર્યાં એ તો ગૃહીત મિથ્યાત્વ, ગૃહીત મિથ્યાજ્ઞાન અને ગૃહીત (મિથ્યા) ચારિત્ર થયા. સમજાણું કાંઈ ? છ પ્રકારનું વર્ણન બધું આવી ગયું.

'હવે આત્માના (હિત) કલ્યાણના માર્ગે લાગી જાઓ,...' મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર – બેય પ્રકારના – ગૃહીત અને અગૃહીત છોડી દે. એમ એકસાથે કીધું છે. આત્માના હિતના પંથે લાગી જાઓ. ભગવાનઆત્મા શુદ્ધ અનાકુળ શાંતરસનો પિંડ પ્રભુ, અનંત અનંત પવિત્ર ગુણનો ધામ આત્મા, એવા આત્માની અંતર દૃષ્ટિ કરી અંતર આત્માનું જ્ઞાન કરીને એના હિતના પંથે લાગી જાઓ. લ્યો ! સમજાણું કાંઈ ?

'(જગજાલ) સંસારની જાળમાં ભટકવાનો ત્યાગ કરો.' ચાર ગતિ, ભટકવાના કારણો, મિથ્યાદર્શન આદિ અને પુણ્ય-પાપ ભાવ, એ પુણ્ય-પાપના ભાવ પણ ભટકવાનું કારણ છે. શુભભાવ પણ પરિભ્રમણનું, બંધનું કારણ છે. સમજાણું કાંઈ ? પુણ્યભાવ, પુણ્યભાવ પરિભ્રમણનું કારણ છે. પુણ્યથી બંધન થાય અને બંધનથી સંયોગ મળે, એમાં આત્માને કાંઈ લાભ નથી. પાપભાવથી પ્રતિકૂળ બંધ પાપ થાય અને એનાથી પ્રતિકૂળ સંયોગ મળે એ માટે લાભ (નથી). એવી જગજાલ, 'સંસારની જાળમાં...' એટલે કે મિથ્યાદર્શન, જ્ઞાનમાં અને પુણ્ય-પાપના ભાવમાં ભટકવાનો ત્યાગ કરો, એને છોડો. સમજાણું ?

'હે દૌલતરામ !' હે આત્માના દોલતના રામ, એમ. અંતર અંતર આત્મામાં અનંત જ્ઞાન ને આનંદ પડ્યો છે, અનંત ગુણો પડ્યા છે. જેટલા સિદ્ધને ગુણો છે એટલા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ ગુણો આત્મા અહીં છે. એ દૌલતરામ, હે આત્મારામ ! દૌલતરામ ઇ. કહો, સમજાણું કાંઈ ? ઓલી દોલત છોડીને આ દોલત એમ કીધું ને ? ઓલી દોલત લીધી ને ? લક્ષ્મીની દોલત, એ છોડીને હવે આત્મદોલત જો અંદરમાં. ઇ શું હશે આત્મા ? કોણ જાણે શી ખબર પડે ? એ અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે, શુભાશુભ, એનાથી રહિત તત્ત્વ છે, જેમાં અનંતી દોલત પડી છે. આહા..હા...! કેવળજ્ઞાન પ્રગટ થાય એનું મૂળિયું આત્મા છે. એ આત્મામાંથી કેવળજ્ઞાન થાય છે, કાંઈ બહારથી થતું નથી.

મુમુક્ષુ :– કેવળજ્ઞાનના થર પડ્યા છે.

ઉત્તર :– થર પડ્યા છે, કીધું હતું ને એ તો ? કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન કાંઈ ગુણ નથી. કેવળજ્ઞાન, સિદ્ધદશા પણ એક સમયની દશા છે, પર્યાય છે. એવી એવી એક સમયમાં પર્યાય રહે, બીજે સમયે નાશ થઈ જાય. નવું કેવળજ્ઞાન થાય. બીજે સમયે નવું કેવળજ્ઞાન થાય. બીજા સમયનું થયેલું ત્રીજા સમયે નાશ થઈને નવું કેવળજ્ઞાન થાય. એવું અનંતકાળ કેવળજ્ઞાન નવું નવું થયા કરે. એવા અનંતા કેવળજ્ઞાનનો થર પડ્યો છે આત્મા. કોને ખબર શું હશે આ ? સમજાણું કાંઈ ?

એ કેવળજ્ઞાન ગુણ હશે કે પર્યાય, એની ખબર ન મળે. એ કેવળજ્ઞાનની પર્યાય એટલે થઈ રહ્યું જાણે. કેવળજ્ઞાન એ પર્યાય છે, એ કાંઈ ગુણ નથી, ગુણ તો ત્રિકાળ છે આત્મામાં. નવી અવસ્થા ઉત્પન્ન થાય એ પર્યાય થાય, ગુણ ન થાય. વાંધા ઉઠ્યાને ? ઓલો કહે, સમ્યગ્દર્શન ગુણ છે. મોટી તકરાર ચાલી હતી. સમ્યગ્દર્શન તો પર્યાય છે. ગુણ પ્રગટતા હશે ? આત્મા તો અનંત ગુણનો પિંડ ત્રિકાળ ધ્રુવ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એ ગુણ છે, એ તો ત્રિકાળ પડ્યા છે, ત્રિકાળ ધ્રુવ છે. અંદરમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એ તો પર્યાય છે, હાલત છે, દશા છે. સમજાણું કાંઈ ? એવી અનંતી કેવળજ્ઞાનની દશાઓ, એનો થર, આત્મામાં એ બધી શક્તિ પડી છે. કોને ખબર એ આત્મા કેવો હશે ? ભાઈ ! આત્મા કરે નહિ કાંઈ ? જાણવાનું શું કામ છે ? શું કરે ? મૂઢ કરે. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– ... કામે લાગી જાઓ.

ઉત્તર :– કામે લાગી જાઓ એટલે આત્મામાં લાગી જાઓ, એમ. અનાદિથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહારમાં જ લાગ્યો છે. શુભાશુભ ભાવ તો અનાદિથી કર્યા. સમજાય છે ? બહારના ત્યાગ-ગ્રહણની બુદ્ધિઓ પણ અનંતવાર કરી, પણ આત્મા કોણ છે એનું એણે એક સેકંડ પણ જ્ઞાન કર્યું નથી. એક સેકંડ નથી કર્યું. માટે હવે તો કહે છે, આત્માના હિત ને કલ્યાણ અર્થે લાગી જાઓ. આહા..હા...! પછી ઢાળ ઇ આવે છે ને એટલે ઉપોદ્‌ઘાત ઇ કર્યો. હવે ત્રીજી (ઢાળમાં) મોક્ષમાર્ગ આવશે એટલે હિત અહીં લીધું. આત્માનું હિત મોક્ષમાર્ગ છે. ઇ કહેશે, જુઓ !

'સંસારની જાળમાં ભટકવાનો ત્યાગ કરો. હે દૌલતરામ ! (નિજ આતમ)...' દેખો ! 'પોતાના આત્મામાં...' હોં ! ભગવાનનો આત્મા જુદો, પરમેશ્વરનો આત્મા જુઓ. એ ભગવાન ભગવાનઆત્માને કાંઈ તારી દેતા નથી. એ તો સર્વજ્ઞ પરમેશ્વર છે, એ તો પરવસ્તુ છે. પરઆત્માનું ધ્યાન, વિચાર કરવો એ પણ એક શુભ વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે. આહા..હા...! તેથી કહે છે કે, '(નિજ આતમ)...' પોતાનો અંદર આત્મા અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન, અંતરમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. આત્મામાં અતીન્દ્રિય શાંતિ પૂર્ણ પડી છે. એવા આત્માને ઓળખો અને એવા આત્મામાં હવે, નિજ આત્મામાં એટલે પોતાના આત્મામાં હવે તો લાગો, એમ કહે છે. જોયું ને ? અત્યાર સુધી તો કર્યા ઊંધા (ભાવ). માન્યા ધર્મ અને હતા ઊંધા ભાવ.

'(અબ) હવે (સુપાગ) સારી રીતે લીન થાઓ.' લ્યો ! સુપાગ. સમજ્યા ને ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ નિર્વિકલ્પ આનંદ છે. જેનું સ્વરૂપ પુણ્ય-પાપના રાગ રહિત છે. એક એક રજકણ, દેહ કે કર્મનો જેનામાં નથી. એવો અત્યારે આત્મા છે, એવા આત્માનો અંતર અનુભવ કરો અને એમાં સુપાગ – વિશેષ સ્થિર થાઓ, લીન થાઓ. કહો, સમજાણું આમાં ?

ભાવાર્થ :– 'આત્મહિતૈષી જીવે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહણ કરીને,...' જુઓ ! નિશ્ચય એટલે શું ? આત્મા શુદ્ધ અખંડ પુણ્ય-પાપના રાગ રહિત, દયા, દાનના, વ્રતના વિકલ્પ રહિત આત્મા છે. એ વિકલ્પ ઊઠે એ બધો રાગ ને પુણ્યાસ્રવ છે. એનાથી રહિત શુદ્ધ ચૈતન્ય પિંડ અખંડાનંદ અનંત ગુણનો પિંડ, એનો અનુભવ નિશ્ચય સમ્યગ્દર્શન (છે). એનો અનુભવ, આ આત્મા આનંદકંદ છે એનો અનુભવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું નામ સાચું સમ્યગ્દર્શન છે. સમજાય છે ? અને જ્ઞાન એ આત્માનું જ્ઞાન. શુદ્ધ કેવળજ્ઞાનનો કંદ છું એવું આત્માનું સ્વસંવેદનજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન આદિ પરજ્ઞાન એ મોક્ષમાં કંઈ કામ કરતું નથી. ઝીણી વાત બહુ.

નિશ્ચય એટલે સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન. નિશ્ચય એટલે આત્માનું સાચું જ્ઞાન. અંતર આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગ ને પુણ્ય રહિત છે, એવું સ્વસંવેદનજ્ઞાન. અને ચારિત્ર. એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનના અનુભવમાં સ્વરૂપમાં વીતરાગપણે ઠરવું, આનંદમાં ઠરવું, અતીન્દ્રિય આનંદમાં જામી જવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એનું નામ ભગવાન ચારિત્ર નામા સાચા વ્રત કહે છે. સમજાણું કાંઈ ? એ નિશ્ચય સમ્યગ્દર્શન. (નિશ્ચય શબ્દ) ત્રણેને લાગુ પડે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર ગ્રહણ કરીને, લ્યો ! એ પર્યાય છે ખરીને ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ.

'ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર...' ગૃહીત એટલે જન્મ્યા પછી નવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા કરી હોય. ખોટા જ્ઞાન જન્મ્યા પછી ગ્રહણ કર્યા હોય. ખોટા જ્ઞાન અનાદિના કરેલા એ જુદા. આ તો જન્મ્યા પછી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના જ્ઞાન કર્યા હોય અને મિથ્યાચારિત્ર, એનો ત્યાગ.

'અગૃહીત મિથ્યાદર્શન...' અનાદિની સાત તત્ત્વની ભૂલ. સમજાય છે કાંઈ ? આવી ગઈ ને ? સાતે તત્ત્વની ભૂલ આવી ગઈ છે. જીવને શરીરની ક્રિયાનો કરનાર માનવો. આ પૈસા મારા, સ્ત્રી મારી, કુટુંબ મારું, આ મારા, આ મારા.. એ મારા માનવા એ બધું મિથ્યાદર્શન છે, એ જીવતત્ત્વની ભૂલ છે. જીવમાં એ ચીજ નથી એને (પોતાની) માનવી એ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? એ અગૃહીત અનાદિનું છે. જન્મ્યા પછી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રમાં અવતાર થયા અને એણે મનાવ્યું એ ગૃહીત મિથ્યાદર્શન, નવું (થયું), પુરાણા મિથ્યાત્વની પુષ્ટિ કરનારું (છે). સમજાણું કાંઈ ?

'અગૃહીત મિથ્યાદર્શન...' શરીર ઊપજે ને હું જન્મ્યો, શરીર મરે ને હું મરી ગયો. શરીરની બધી ક્રિયા હું કરું (છું), મારે લઈને થાય. એની ઉપાદાન શક્તિથી થાય છે એમ માનતો નથી. કર્મ બંધન થાય એ રજકણની ક્રિયાથી થાય છે, આ શરીર ચાલે એ જડને કારણે ચાલે છે, આત્માને કારણે નહિ. એમ જે માનતો નથી એ અજીવની ભૂલ. એના ઉપાદાનની ક્રિયા મારાથી થાય એ અજીવની ભૂલ છે. અનાદિની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજીવની ભૂલ મિથ્યાદષ્ટિની (છે). સમજાય છે ?

આસ્રવ – પુણ્ય-પાપના પરિણામ, શુભાશુભ પરિણામ એ દુઃખના દેનારા છે. શુભ હો કે અશુભ હો, બેય વિકાર પરિણામ બંધના કારણ, દુઃખના કારણ (છે) એને સુખના કારણ માને એ આસ્રવતત્ત્વની ભૂલ (છે). શુભ પુણ્યના ફળ શરીરાદિ અનુકૂળ મળે. એમાં પ્રેમ કરવો અને પ્રતિકૂળ અશુભબંધના ફળમાં દ્વેષ કરવો એ બંધના તત્ત્વની ભૂલ (છે). આવી ગઈ છે ને બધી ?

ભગવાનઆત્મા, એનું સમ્યગ્જ્ઞાન અંતરમાં આત્માનું જ્ઞાન કરવું અને આત્માનું ચારિત્ર અંદર સંવર, નિર્જરા, વીતરાગભાવ પ્રગટ કરવો એવા જ્ઞાન અને ચારિત્રને દુઃખદાયક માને, કષ્ટદાયક માને એ સંવર, નિર્જરાની ભૂલ (છે). ઘણા કહે છે ને ? ભઈ ! ચારિત્ર તો વેળુના કોળિયા છે, બાપા ! ચારિત્ર તો આનંદદાયક છે. અંતર આનંદ પ્રગટ થાય એને ચારિત્ર કહે છે. દુઃખદાયક હોય તો એ તો પાપ છે, દુઃખદાયક તો આર્તધ્યાન છે. સમજાણું કાંઈ ? વ્યાખ્યા કરતાં કહે છે ને ? બાપા ! ચારિત્ર તો વેળુના કોળિયા છે. આહા..હા...! ચારિત્રને તું સમજતો નથી. ચારિત્ર તો અંતર આનંદની અનુભવદષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય આનંદના અનુભવની વીતરાગતા પ્રગટે એને ચારિત્ર કહે છે. ત્યારે આ કહે કે, દુઃખદાયક છે. છે સુખદાયક એને દુઃખદાયક માને એને સંવરતત્ત્વની ભૂલ છે.

નિર્જરાની (ભૂલ). આત્માના સ્વભાવ શુદ્ધ ચૈતન્યની શક્તિ ન પ્રગટ કરતો, આત્માના શુદ્ધ સ્વભાવની પરમાનંદની મૂર્તિ, એની તિજોરી ન ખોલતો, એકાગ્ર થઈને ન ખોલતો, એકલી ઇચ્છા ને અભિલાષના વેગમાં જઈને મને નિર્જરા થાય ને લાભ થાય એમ માને એ નિર્જરાતત્ત્વની ભૂલ (છે).

અનાકુળ મોક્ષનો સ્વભાવ છે. મોક્ષમાં તદ્દન અનાકુળતા આત્માના આનંદના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અનુભવથી જે મોક્ષ થાય (એ) અનાકુળ આનંદમય છે. એને દુઃખરૂપ માનવો. મોક્ષમાં શું કોઈનું કરે નહિ ? મોક્ષમાં ઉપર લટકે ? ગાડી, વાડી કાંઈ નહિ ? એમ માનનારા મોક્ષતત્ત્વને સમજતા નથી. શરીર હોય તો જ્ઞાન થાય, ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય. શરીર, ઇન્દ્રિય વિના જ્ઞાન થતા હશે ? ભગવાનઆત્મા ! મોક્ષ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ. એવી અનાકુળ દશાને નથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Vaersion 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓળખતો તેથી એને મોક્ષતત્ત્વની ભૂલ છે. કાં તો કાંઈક આવું જોઈએ, સાધન જોઈએ, કેવળી થાય, પૂર્ણ પરમાત્મા થાય તો દુનિયાનું કરી દ્યે કે નહિ કાંઈ ? અનંતું વીર્ય પ્રગટે એ દુનિયાનું કાંઈ ભલું-બૂરું ન કરે ? અમે આવા સાધારણ (છીએ) તોય કો'કનું ભલું કરી દઈએ. મૂઢ જીવ માને છે. કરી કોને શકે ? પરના (ભલા) કોણ કરે ? એક ફોતરું ફેરવવાની આત્મામાં તાકાત નથી. જડની ક્રિયા જડથી થાય, એને આત્મા (કર્તા છે એમ) માને (તો એ) મૂઢ છે, મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એવા મિથ્યાદષ્ટિને મોક્ષતત્ત્વની પણ ખબર નથી. લ્યો ! શું મોક્ષ એકલું બેસી રહેવું ? એકલું એટલે અનાકુળ આનંદનો અનુભવ એનું નામ મોક્ષ છે. વિકારથી છૂટવું, અશરીરી થવું અને એકલા આત્માની શુદ્ધતા પૂર્ણાનંદ પ્રગટ થાય. એ આત્માના મોક્ષમાર્ગ, અંતરના મોક્ષમાર્ગે પ્રગટ થાય. એનું ભાન નથી તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે, એને અગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે, એવી શ્રદ્ધા સહિતના જેટલા ભણતર હોય એ બધા અનાદિના અગૃહીત મિથ્યાજ્ઞાન (છે). અને મિથ્યાચારિત્ર. એવા અગૃહીત મિથ્યાદર્શન, જ્ઞાન સહિત જેટલા મંદ રાગાદિની ક્રિયા હોય એ બધી મિથ્યાચારિત્ર છે. એનો 'ત્યાગ કરીને,...' લ્યો ! 'આત્મકલ્યાણના માર્ગમાં લાગવું જોઈએ.' સમજાણું ? 'આતમ કે હિત' કીધું છે ને ?

'પંડિત શ્રી દૌલતરામજી પોતાના આત્માને સંબોધી કહે છે કે, હે આત્મન્ ! પરાશ્રયરૂપ સંસાર અર્થાત્ પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઈને...' સ્વઆશ્રય કીધું ને ? આત્મા કીધો એટલે. શરીરાશ્રિતની ક્રિયા અને પુણ્ય-પાપના ભાવની ક્રિયા એ બધી પરાશ્રિત બંધનું કારણ છે. એ પરાશ્રયરૂપ 'સંસાર (અર્થાત્) પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઈને સાવધાનીથી આત્મસ્વરૂપમાં લીન થા.' એ આત્માના હિતનો માર્ગ છે. સમજાણું કાંઈ ? એ બીજી ઢાળ થઈ. બે ઢાળ થઈ. આપણે સાર બધો આવી ગયો છે. આમાં જે કહેવાણું છે ને એ બધું આવી ગયું.

નોંધ :– ત્રીજી તથા ચોથી ઢાળપરના પ્રવચનો બીજા ભાગમાં લેવામાં આવશે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com